દ્રાં

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત

# શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર



ભાગ-૭

અધ્યાય ૧૨૮ થી ૧૪૮

ગદ્યરૂપાંતરકાર :

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# દત્તપ્રણતિ

હંસં તમસઃ પારં સારં નૃભવસ્ય
કાલં કાલાતીતમતીતં વિભવસ્ય ।
ગો-કુક્કુરસમ-દષ્ટિં દષ્ટિં દષ્ટેર્હિ
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

અન્તર્યામી યો બહિરાસ્તે ગુરુરૂપો
વિષ્ણુબ્રહ્મસદાશિવરૂપો બહુરૂપઃ ।
દાનાદિત્રિતયં યચ્છિક્ષા ત્વકહન્ત્રી
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

યં જ્ઞાત્વાઽન્યદ્ જ્ઞાતવ્યં નો ભુવિ કિંચિદ્
યં દૃષ્ટ્વાઽન્યદ્ દૃષ્ટવ્યં નો યદ્ વર્જ્યમ્ ।
દશ્યાતીતં દશ્યવિહીનં દગ્રૂપં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ॥


શુદ્ધં બુદ્ધમનન્તં નિશ્ચલમનવદ્યં
ગેયં ધ્યેયં જ્ઞેયમજસ્રં સમ્રાજમ્ ।
શબ્દામેયં શબ્દસ્ફોટં સન્માત્રં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

ભાવાતીતં ભાવિતભક્તં ભવદાવમ્
વંદ્યં વાદ-વિવર્જિતવેદ્યં વનિ-વર્જ્યમ્ ।
સ્ત્રી-પુંભેદ વિહીનમભેદં સુખરૂપં
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥


જાગર સ્વપ્ન સુષુપ્તિવિહીનો યો નિત્યં
ભક્તાર્તિઘ્નો જાગર્તીહ પ્રત્યક્ષમ્ ।
બાહ્યાભ્યન્તર પૂર્ણ વરેણ્યો વરકીર્તિ-
ર્દત્તાત્રેયં તં હૃદિસન્તં પ્રણતોઽસ્મિ ॥

ત્રીશં તિષ્યે તારકમાદ્યં તત્પદદં
દેહે દેહાતીતમભેદ્યં ભક્તેષ્ટમ્ ।
આદાવન્તે હ્યેકમભંગં વરરંગમ્
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥

પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ



સન્તં નારેશ્વરસ્થં પાંડુરંગં નમામિ



રંગાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ।

દ્રાં

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત

# શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર



ભાગ-૭

અધ્યાય ૧૨૮ થી ૧૪૮

ગદ્યરૂપાંતરકાર :
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

મુદ્રક : હિમાંશુ ટ્રેડર્સ
અમદાવાદ
(૦૭૯-૫૪૫ ૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
**'રાહ' રંગ-પ્રેમની**
'ગુંજન', ૧૭, અક્ષરકુંજ સોસાયટી,
ગોપી-વિદ્યાનગર રોડ.
આણંદ- ૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : પ્રેમજયંતી સમિતિ
'વરેણ્યમ્',
૬/ એ, કલ્પતરુ સોસાયટી,
અંકુર, અમદાવાદ. ૩૮૦ ૦૧૩.
(૦૭૯-૨૭૪૮૦૦૮૮)

આવૃત્તિ : પ્રથમ
ભાદરવા સુદ એકમ, ૨૦૬૦.
બુધવાર, ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૪.

પ્રત : ૧૦૦૦.

શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વરની અનુમતિથી


**શ્રી દિલીપ ર. ભટ્ટના સૌજન્યથી**

**ત્રીસ રૂપિયા**



**શ્રી દત્ત દત્ત ધૃતબાલસુવેષ દત્ત ।**

## બાલ દત્ત


બાલાર્ક પ્રભમિન્દ્રનીલજટિલં ભસ્માંગરાગોજ્જવલં
શાન્તં નાદવિલીન ચિત્ત પવનં શાર્દૂલ ચર્માંમ્બરમ્ ।
બ્રહ્મજ્ઞૈઃ સનકાદિભિઃ પરિવૃતં સિદ્ધૈઃ સમારાધિતં
દત્તાત્રેયમુપાસ્મહે હૃદિ મુદા ધ્યેયં સદા યોગિભિઃ ॥



પ. પ. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ

જ્ઞાને શિવઃ સ્વયં યોગી ગામ્ભીર્યે યાદસાં પતિઃ ।
પર્જન્યશ્ચ દયાયાં યો વાસુદેવ નમોડસ્તુ તે ॥

યત્ પાદપાંસુના જાતં ગરુડેશ્વરમીતિહ્યત્ ।
ભૂવૈકુંઠં સમાખ્યાતં વાસુદેવ નમોડસ્તુ તે ॥




ભગવાન શ્રી રંગાવધૂત (નારેશ્વર)


પાખંડ પ્રિયમર્દનો   દમ-દયા-દાનપ્રદો દેવરાટ્<br>
સાક્ષાત્ દત્ત ઈવ પ્રબોધ કુશલઃ સમ્યક્ સ્થિતો બ્રહ્મણિ ।<br>
સ્વૈરાલાપ સુધા સ્રવતિ યત્ સૌન્દર્ય પૂર્ણાનનાદ્<br>
યો ભક્તિપ્રિય તત્પરઃ સુસરલો રંગાય તસ્મૈ નમઃ ॥


(રચયિતા :શ્રીજયંતીલાલ આચાર્ય)

## પ.પૂ. રંગઅવધૂત મહારાજના હસ્તાક્ષર
## (અધ્યાય : ૧૪૭ દો. ૫૭ થી ૭૨)



પ. પૂ. શ્રી વાસુદેવાનંદસરસ્વતી સ્વામી મહારાજના હસ્તાક્ષરમાં 'ક્ષમાપન સ્તોત્ર'







## આશીર્વચન

દેવની આજ્ઞાથી દેવ પુરુષે સમાધિભાષામાં લખેલો શ્રીગુરુલીલામૃત ગ્રંથ એ દિવ્ય ઔપાસનિક ગ્રંથ છે. જ્ઞાન, કર્મ અને ઉપાસનાના ત્રણે કાંડના ૧૯૦૦૫ દોહરાનું ભક્તો શ્રદ્ધાપૂર્વક પારાયણ કરે છે અને એમને સાત્ત્વિક આનંદ પણ મળે છે. પરંતુ તેઓ ઘણાં દોહરા સમજી શકતા ન હોવાથી એની મૂંઝવણ પણ રહે છે. આ અંગે ઘણાં ભાઇ-બહેનો પ્રશ્નો પૂછે છે પણ ખરાં.

આપણા દેશના ઓછું ભણેલા ભાઇ-બહેનોને આ પ્રશ્ન પજવતો હતો જ, એમાં પરદેશમાં પણ પારાયણ કરનાર ભક્તો મુશ્કેલી અનુભવતાં હતાં. એમનો સમાવેશ થયો. એમનાં કિશોર વયનાં બાળક બાલિકાઓએ પારાયણ કરવામાં રસ દાખવ્યો એટલે આ મૂંઝવણ ઘેરી બની. એમાંથી એવો વિચાર જન્મ્યો કે આ દોહરાનું ગદ્યમાં રૂપાંતર થાય તો સમસ્યા ઘણી હળવી થઇ જાય. આ જ વિચારને મૂર્ત સ્વરૂપ આપવા માટે શું કરવું જોઇએ એ વિચાર્યું.

આવું દેવકાર્ય કરી શકે એવા ભક્તો તેમનાં કાર્યમાંથી આટલો સમય કાઢી શકે કે કેમ? આવો પ્રશ્ન મનમાં થયો. પછી વિચાર્યું કે નિવૃત્ત હોય તેને કહેવું. એટલે કુલીનભાઇ માટે વિચાર આવ્યો. તેમણે નાનાં-મોટાં ઘણાં પ્રકાશનો કર્યાં છે. એટલે તેમને પૂછ્યું. તેમણે હા કહ્યું. આ વાત મેં પરદેશ જતાં કરેલી અને એવું કહેલું કે હું આવું ત્યાં સુધીમાં થઇ જાય તો સારું. તેને છપાવી દઇશું, અને ખાસ તો મારો વિચાર આનું અંગ્રેજી પણ કરાવવાનો છે જેથી પરદેશનાં બાળકો અને મોટાંઓ પણ લાભ લઇ શકે, જે જરૂરનું છે જ.

તેમણે આ દેવકાર્યનું ખૂબ જ પવિત્રતાથી લેખન કર્યું છે. તેમાં ઉપાસનાની દૃષ્ટિ પણ ખરી. એટલે એ જાણી કોને આનંદ ન થાય? એ બધી વિગતો તેઓ એમના નિવેદનમાં લખશે જ. એટલે હું વધુ નહિ લખું.

ગુરુમહારાજ તેમને આવાં કાર્યો કરવાની મતિ, શક્તિ અને રતિ અર્પે એવું ગુરુમહારાજને પ્રાર્થવું રહ્યું. આપણા મૂર્ધન્ય વિદ્વાનોને પૂછીને, સલાહ લઇને, સુધારા વધારા કરાવે તેમ કરજો તેમ પણ કહ્યું અને એ પ્રમાણે આ કાર્ય સંપન્ન થયું છે. ભગવદ્‌કાર્ય દિવ્ય ને ભવ્ય થવું જોઇએ.

આ ગ્રંથ શ્રીદિલીપભાઇ ભટ્ટે (અમેરિકા) વકીલ શ્રીમોતીલાલ વિણની સ્મૃતિમાં અને શ્રીદીપકભાઇ ગાંધીએ એમનાં પિતાની સ્મૃતિમાં પ્રકાશિત કરીને અનુકરણીય કાર્ય કર્યું છે.

ગુરુમહારાજ ભગવાન રંગાવધૂતની કૃપાથી અને પ્રેરણાથી શરૂ થયેલા ગદ્યરૂપાંતર જ્ઞાન-યજ્ઞની હવે સમાપ્તિ થાય છે એ પણ એમની જ અસીમ કૃપાનું ફળ છે. સત્કર્મ સ્વયં આશીર્વાદરૂપ છે એવું પૂ.શ્રીરંગ બાપજીનું સૂત્ર યાદ કરીને એમના ચરણકમળમાં આ ગ્રંથ સમર્પી એમની બધા પર કૃપા વરસે એવી પ્રાર્થના કરું છું.

ગુરુમહારાજના અમોઘ આશીર્વાદ આપણા સર્વ પર ઊતરો તેવી મનીષા સહ.

અમેરિકા
તા. ૧૭ ઓગસ્ટ, ૨૦૦૪.

ૐ
પ્રેમ

## આનંદ છે

## (આવકાર)

પ્રેમ પ્રેરણાનાં પીયૂષ પીને કલમ હાથમાં લેનાર શ્રી પ્રા.કુલીનભાઇ ઉપાધ્યાય દ્વારા લિખિત આ શ્રીગુરુલીલામૃત ગ્રંથનું ગદ્યરૂપાંતર આ સાતમા ભાગના પ્રાગટ્યથી પરિપૂર્ણ થાય છે તેનો આનંદ છે.

સાત દિવસના પારાયણના અંતે ભાવિકને જેવો આનંદ મળે છે તેવો આનંદ થાય છે. પૂ.શ્રીએ લખ્યું છે કે પારાયણના અંતે ગુરુદર્શન થાય છે. સ્થૂલ રીતે નહીં પણ સૂક્ષ્મ રીતે. સ્થૂલ દષ્ટિએ પણ દર્શન થાય છે અને સૂક્ષ્મ દષ્ટિએ પણ દર્શન થાય છે; કારણ કે એ જગન્નિયંતા સર્વત્ર વ્યાપ્ત છે અને સહજતાથી એનું પ્રાગટ્ય થતું રહે છે. જ્યાં જ્યાં સાત્વિકતા છે ત્યાં તરત અને સ્પષ્ટ રીતે તેનું દર્શન થાય છે.

પહેલાં લખ્યું હતું તેમ ગદ્યરૂપાંતરના પ્રયત્નો પહેલાં પણ થયા હતા. પ્રા.કુલીનભાઇ ભાગ્યશાળી છે કે એમના ગદ્યરૂપાંતરે જગતનો પ્રકાશ જોયો, નિર્વિઘ્ને બહાર પડ્યો અને તેઓ અભિનંદનને પાત્ર છે. 'અવધૂતી આનંદ' 'સપ્તશતી સમાનુવાદ', 'પત્રગીતા'ના પણ આ રીતે ગદ્યરૂપાંતરો પરિવારને તેમના તરફથી મળે એવી અભિલાષા અસ્થાને નથી. પૂ.શ્રીના આશીર્વાદ દ્વારા તેમને એ શક્તિ સાંપડો એવી રંગપ્રાર્થના કરતાં હર્ષ થાય છે. ઓગણીસ હજાર ને પાંચ દોહરા ઉપરાંત અંદર આવતા સ્તોત્રાદિને ગદ્યમાં ઉતારનાર માટે એ કાર્ય અઘરૂં નથી.

આ ગ્રંથ સર્વત્ર આવકાર પામો એવી શુભેચ્છા !!

વડોદરા

તા. ૧૩-૮-૨૦૦૪.

**- ધીરુભાઇ જોષી**

◈

# ગદ્યરૂપાંતરકર્તાનું નિવેદન

શ્રીગુરુલીલામૃત ગદ્યરૂપાંતરનો સાતમો અને છેલ્લો ભાગ અધ્યાય ૧૨૮ થી ૧૪૮ પ્રકાશિત કરતાં ભગવાનની લીલાનો અને સદ્ગુરુની કૃપાનો અનુભવ કરું છું. શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર-ભાગ ૧ થી ૬ને જે રીતે આવકાર મળ્યો એ જોતાં આ દેવનું કાર્ય દેવ જ કરી રહ્યો છે એવું લાગે છે.

આ ગ્રંથમાં અધ્યાય ૧૨૮ થી ૧૪૮નું ગદ્યરૂપાંતર, પાદટીપ ઉપરાંત શ્રીગુરુલીલામૃત અને ગીતા, શ્રીગુરુલીલામૃત અને રામાયણ તેમજ ઉપાસનાકાંડની પૂરક માહિતિથી ગ્રંથને સમૃદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે.

આ સમગ્ર ગ્રંથનું મૂળ લખાણ મુ.ડૉ.ધીરુભાઇએ ખૂબ દિલથી અને જહેમત ઊઠાવીને જોયું છે, પ્રૂફ તપાસી આપી છે અને 'આનંદ છે'- આવકાર લખી આપીને ઋણી બનાવ્યો છે. એણે દરેક બાબતમાં માર્ગદર્શન આપી ખૂબ ઉપયોગી સૂચનો કર્યા છે. એ માટે હું એમનો ખૂબ ખૂબ આભારી છું.

પૂ. પ્રેમ અવધૂતજીએ આશીર્વચન લખી આપ્યાં એ માટે હું એમનો ઋણી છું. ઋણ સ્વીકાર કરતા પણ સંકોચ અનુભવુ છું. આ સમગ્ર કાર્યનું પ્રેરણાબળ અને ચાલકબળ તેઓશ્રી જ છે.

આ ગ્રંથના બધા જ પ્રકરણોના પ્રૂફોને ઝીણવટતાથી તપાસીને બધું અંકે કરવામાં દિલથી મદદ કરનાર મુ.શ્રી ટી. આર. જોષીસાહેબનો અને મુ.નવનીતભાઇ પાઠકનો ઋણી છું.

મુ. અનિલભાઇ શ્રોફની મીઠી હૂંફે અને મુ.શાસ્ત્રી ડૉ.જયેન્દ્રભાઇ દવે અને મુ.ડૉ.સુભાષભાઇ દવેનાં માર્ગદર્શને મને સતત કાર્યરત રાખ્યો છે.

આ જ્ઞાનયજ્ઞના પવિત્ર કાર્યમાં અનેક મુરબ્બીઓએ અને મિત્રોએ સહકાર આપ્યો છે. એ ઋણ સ્વીકારનો ભાવ દર્શાવવાનું જરૂરી માનું છું.

આજે જ્યારે આ મહાન કાર્ય સારી રીતે સંપન્ન થઇને પૂર્ણતાને આરે પહોંચ્યું છે ત્યારે મને કૃપાની વર્ષામાં ભીંજવી દેનાર પ.પૂ.સદ્ગુરુ શ્રીરંગ અવધૂતજીના, પૂ.શ્રીપ્રેમ અવધૂતજીના અને મારા માતા-પિતાના ચરણોમાં અનેકાનેક વંદના કરું છું.

આ વંદના કેવળ મારી નથી, મારા સમગ્ર પરિવારની છે. આવાં સત્કાર્યો કરાવીને આશિષ વરસાવતા રહે એવી અભ્યર્થના.

કુલીન ગ. ઉપાધ્યાય.

'વરેણ્યમ્'
૬/એ, કલ્પતરુ,
અંકુર, અ'વાદ. (૩૮૦ ૦૧૩)
(૦૭૯-૨૭૪૮૦૦૮૮).

## ઋણસ્વીકાર

પ.પૂ.સમર્થ સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત મહારાજ વિરચિત વરદગ્રંથ શ્રીગુરુલીલામૃતના ગદ્યરૂપાંતર કાર્યમાં વિવિધ રીતે મદદરૂપ થનારા મહાનુભવોનો ઋણસ્વીકાર કરતાં આનંદ અનુભવું છું. દરેકની પ્રેમભરી આહૂતિને કારણે આ જ્ઞાનયજ્ઞ દિવ્ય અને ભવ્ય રીતે સંપન્ન થયો છે.

- પ.પૂ.શ્રી પ્રેમ અવધૂતજી.
- ડૉ.શ્રી ધીરુભાઇ જોષી - નારેશ્વર.
- શ્રી અનિલભાઇ શ્રોફ - મુંબઇ.
- શ્રી વસંતલાલ અંબાલાલ પટેલ - સુરત-(આંગડીચા).
- શ્રી નવનીતભાઇ પાઠક - ગાંધીનગર.
- શ્રી ત્રિકમજી રામજી જોષી - ગાંધીનગર.
- શાસ્ત્રી ડૉ. જયેન્દ્રભાઇ દવે - વલ્લભ વિદ્યાનગર.
- ડૉ.શ્રી સુભાષભાઇ દવે - વડોદરા.
- ડૉ.શ્રી દેવદત્તભાઇ જોષી - વડોદરા.
- ડૉ.શ્રી ઇન્દુભાઇ દવે - અમદાવાદ.
- શ્રી ધીરુભાઇ મહેતા - પુસ્તક ભંડાર- નારેશ્વર.
- શ્રી વાસુદેવ નંદુરબારકર - અમદાવાદ.
- શ્રી ઇશ્વરભાઇ પટેલ - અમદાવાદ.
- શ્રી અંબાલાલ પટેલ - અમદાવાદ.
- શ્રી નીતિનભાઇ પટેલ - અમદાવાદ.
- સાહિત્ય પુસ્તક ભંડાર - અમદાવાદ.
- શ્રી રંગમંદિર - સોલા.
- શ્રી દત્તમંદિર - સરખેજ.
- શ્રી વિશ્વનાથભાઇ દેસાઇ - લીલોડ.
- શ્રી સર્વદમનભાઇ દેસાઇ - નારેશ્વર.
- ડૉ. દિલિપભાઇ ભટ્ટ - અમેરિકા.

ઋણસ્વીકાર...

- ✣ શ્રી જશુભાઇ પટેલ - અમેરિકા.
- ✣ શ્રી મધુભાઇ દવે - અમેરિકા.
- ✣ શ્રી મહેન્દ્રભાઇ દવે - વડોદરા.
- ✣ શ્રી દીપકભાઇ ગાંધી - અમેરિકા.
- ✣ શ્રી શંભુભાઇ પટેલ - અમદાવાદ.
- ✣ શ્રી જીતુભાઇ ભાવસાર - અમદાવાદ.
- ✣ શ્રી ભરતભાઇ સામરિયા - અમદાવાદ.
- ✣ શ્રી કાન્તિભાઇ દવે - અમદાવાદ.
- ✣ શ્રી જીજ્ઞેશભાઇ જોષી - ગાંધીનગર.
- ✣ શ્રીમતી તારાબેન ભાવસાર - ચાણસ્મા.
- ✣ શ્રી કાન્તિભાઇ ત્રિવેદી - (ઘરડાઘર) અમદાવાદ.
- ✣ શ્રી અનંતભાઇ જોષી - ચલા-વાપી.
- ✣ શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય - ગ્રાફિક્સ - આણંદ.
- ✣ શ્રી ઇન્દ્રવદનભાઇ પટેલ - પ્રેસ - અમદાવાદ.
- ✣ શ્રી રાજેન્દ્ર ઉપાધ્યાય - આણંદ.
- ✣ શ્રી નરવતસિંહ પઢિયાર - કોઠિયાખાડ.
- ✣ શ્રી તુષારભાઇ - શ્રી નિકુંજભાઇ - કુરિયર - આણંદ.
- ✣ શ્રી પ્રકાશભાઇ પટેલ - ઝેરોક્ષ - આણંદ.
- ✣ શ્રી રજનીકાન્ત ઉપાધ્યાય - ડાકોર.
- ✣ શ્રી ઇન્દ્રવદનભાઇ વ્યાસ - અમદાવાદ.
- ✣ શ્રીમતી અંજની ઉપાધ્યાય - અમદાવાદ.

અમદાવાદ — પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય.

ॐ

## શ્રીમદ્‌ભગવદ્‌ગીતા અને શ્રીગુરુલીલામૃત :

ગીતાનો પહેલો અને છેલ્લો શ્લોક નીચે પ્રમાણે છે :

**ધર્મક્ષેત્રે** કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ |
મામકાઃ પાણ્ડવાશ્ચૈવ કિમકુર્વત સંજય || (અ.૧/શ્લોક ૧)

યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ |
તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્**મમ** || (અ.૧૮/શ્લોક ૭૮)

શ્રીગુરુલીલામૃતનો પહેલો અને છેલ્લો દોહરો નીચે પ્રમાણે છે :

ગ્રંથારંભે તુજ નમું ચરણકંજ ગણરાજ;
આપો સન્મતિ મોરયા, જેથી સુધરે કાજ. (અ.૧/દો. ૧)

તત્પદમાં અર્પણ કરું તત્પ્રેરિત આ ગ્રંથ;
શ્રદ્ધાભક્તિથી પઢો સંત એહ નિર્ગ્રંથ !!!

ગીતાનો પહેલો શબ્દ **ધર્મ** છે અને પહેલો અક્ષર **ધર્** છે. ગીતાનો છેલ્લો શબ્દ **મમ** છે અને છેલ્લો અક્ષર **મ** છે. પહેલો અક્ષર ધર્ અને છેલ્લો અક્ષર **મ** સાથે વાંચતાં **ધર્મ** પહેલો શબ્દ જ બને છે.

શ્રીગુરુલીલામૃતનો પહેલો શબ્દ છે **'ગ્રંથ'** અને પહેલો અક્ષર **ગ્રં** છે. શ્રીગુરુલીલામૃતનો છેલ્લો શબ્દ છે **નિર્ગ્રંથ** અને છેલ્લો અક્ષર **થ** છે. આ બન્નેને સાથે વાંચતાં **ગ્રંથ** શબ્દ- પહેલો શબ્દ જ બને છે.

શ્રીગુરુલીલામૃતના ઘણા દોહરા ગીતાના શ્લોકોનું સ્મરણ કરાવે છે. થોડોક પ્રયત્ન કરીને એનો અભ્યાસ કરીશું.

# શ્રીગુરુલીલામૃત અને શ્રીમદ્ ભગવદ્ગીતા

| અધ્યાય<br>દોહરા | શ્રીગુરુલીલામૃત | અધ્યાય<br>શ્લોક | શ્રીમદ્ભગવદ્ગીતા<br>(અનુવાદ * સાથે) |
|---|---|---|---|
| 1<br>૪<br>૧૨<br><br>૧૩<br><br>૩૬<br>૩૬<br><br>૩૭<br><br> | <br><br>ભૂમિભાર ઉતારવા, દેવ મૂળ અરૂપ,<br>ભક્તોદ્ધારણકારણે, થાય બ્રહ્મ સરૂપ.<br>મનુષ્યરૂપે અવતરી, કરે ધર્મપાલન;<br>અધર્મ સંહારી પ્રભુ, કરે ભક્તરક્ષણ.<br><br>અજ અવિકારી હું સદા, નિર્ગુણ નિશ્ચલ જાણ;<br>વિભુ પરાત્પર એક હું, સર્વાધાર પ્રમાણ.<br>રક્ષણ કરવા સાધુનુ, દુષ્ટ દંડવા તેમ;<br>ધર્મસ્થાપવા દેહ આ, ર્યો સુમંગલ એમ. | 1<br>૪<br>૭<br><br>૮<br><br>*<br><br><br> | <br><br>યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત \|<br>અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ \|\|૭\|\|<br>પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ \|<br>ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે \|\|૮\|\|<br>જ્યારે જ્યારે જગે થાય ધર્મની ગ્લાનિ, ભારત,<br>અધર્મ ઉભરે ત્યારે પોતાને સરજાવું હું.(૭)<br>સંતોના રક્ષણાર્થે ને પાપીના નાશ કારણે,<br>ધર્મની સ્થાપના કાજે ઊપજું છું યુગે યુગે.(૮) |
| 2<br>(અ)<br>૪<br>૯૬<br><br>૯૭<br><br>(બ)<br>૯<br>૬૦<br> | <br><br><br>સમદષ્ટિ રાખી બધે, બ્રાહ્મણ અંત્યજ એમ;<br>જ્ઞાની મૂરખ સર્વને, નમે દેવસમ તેમ.<br>ગો કૂતર હય ખર સહુ, વસ્તુ ચરાચર જેહ;<br>દેવભાવથી વંદવી, કરી દૂર સંદેહ.<br><br><br>બ્રાહ્મણ વા ચાંડાલ હો, ભલે ગાય કે શ્વાન;<br>બ્રહ્મરૂપ મને બધાં, માનું સર્વ સમાન. | 2<br>૫<br>૧૮<br><br>* | <br><br>વિદ્યાવિનયસંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ \|<br>શુનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતા: સમદર્શિન: \|\|૧૮\|\|<br>વિદ્વાન વિનયી વિપ્રે, તેમ ચાંડાળને વિશે,<br>ગાયે, ગજેય, શ્વાનેયે જ્ઞાનીને સમદષ્ટિ છે.(૧૮) |
| 3<br>૩૨<br>૮૫<br><br>૮૬<br> | <br><br>કહે સુબાહુ: દીનને કરવી સહાય એમ;<br>શુદ્ધ સનાતન ધર્મ એ, ક્ષાત્રમાત્રનો તેમ.<br>તદ્ધર્મે લડતાં કદિ આવે મૃત્યુ જાણ,<br>મળે સ્વર્ગ શાસ્ત્રે કહ્યું; વિજયે રાજ્ય પ્રમાણ. | 3<br>૨<br>૩૧<br><br>*<br> | <br><br>સ્વધર્મમપિ ચાવેક્ષ્ય ન વિકમ્પિતુમર્હસિ \|<br>ધર્મ્યાદ્ધિ યુદ્ધાચ્છ્રેયોડન્યત્ક્ષત્રિયસ્ય ન વિદ્યતે \|\|૩૧\|\|<br>વળી, સ્વધર્મ જોતાંયે ન તારે ડરવું ઘટે;<br>ધર્મયુદ્ધ થકી બીજું શ્રેય ક્ષત્રિયને નથી.(૩૧) |

| અધ્યાય<br>દોહરા | શ્રીગુરુલીલામૃત | અધ્યાય<br>શ્લોક | શ્રીમદ્‌ભગવદ્‌ગીતા<br>(અનુવાદ * સાથે) |
|---|---|---|---|
| 4<br>૩૪ | | 4<br>૬ | |
| ૩૭ | પૂછે અલર્કઃ- હે ગુરો ! ચંચલ મન અત્યંત;<br>થાય કેમ વશ એ નકી? હારે ઉપાય હંત ! | ૩૪ | ચંચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ્ દૃઢમ્ ।<br>તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્ ॥૩૪॥ |
| ૩૮ | થાએ વેષ્ટન વાયુનું, ખંડન નભનું એમ;<br>તરંગબંધનથાય પણ, ના ઝલાય મન તેમ !! | ૩૫ | અસંશયં મહાબાહો મનો દુર્નિગ્રહં ચલમ્ ।<br>અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે ॥૩૫॥ |
| ૩૯ | સુણી વચન શ્રીદત્ત એ કહેઃ યથાર્થ જાણ<br>વચન તાહરું; મન અતિ દુર્જય ચંચલ માન. | * | મન ચંચળ, મસ્તાની, અતિશે બળવાન તે,<br>તેનો નિગ્રહ તે માનું વાયુ-શો કપરો ઘણો.(૩૪) |
| ૪૦ | જયોપાય વૈરાગ્ય ત્યાં, દઢાભ્યાસ પણ એમ,<br>વૈરાગ્યે મન વશ થઇ, થાએ નિશ્ચલ તેમ. | | મન ચંચળ તો, સાચે, રોકવું કપરું અતિ,<br>તોયે અભ્યાસ-વૈરાગ્યે તેને ઝાલવું શક્ય છે.(૩૫) |
| 5<br>૪૦ | | 5<br>૬ | |
| ૫૯ | જાય વૃથા અભ્યાસ ના, કહે પુકારી વેદ;<br>માટે રાત્રંદિન કરે યોગાભ્યાસ અખેદ. | ૪૦ | પાર્થ નૈવેહ નામુત્ર વિનાશસ્તસ્ય વિદ્યતે ।<br>ન હિ કલ્યાણકૃત્કશ્ચિદ્ દુર્ગતિં તાત ગચ્છતિ॥૪૦॥ |
| ૬૦ | દૈવે જ્ઞાન થયા વિના, થાય મૃત્યુ યદિ જાણ;<br>યોગભ્રષ્ટ થઇ વરે, અન્ય જન્મ નિર્વાણ. | ૪૧ | પ્રાપ્ય પુણ્યકૃતાં લોકાનુષિત્વા શાશ્વતીઃ સમાઃ।<br>શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે ॥૪૧॥ |
| ૬૧ | સંસ્કારોથી પૂર્વના, પુનઃ કરે અભ્યાસ;<br>જયાંથી બાકી હોય તે, ત્યાંથી આગળ ખાસ. | ૪૩ | તત્ર તં બુદ્ધિસંયોગં લભતે પૌર્વદેહિકમ્ ।<br>યતતે ચ તતો ભૂયઃ સંસિદ્ધૌ કુરુનન્દન ॥૪૩॥ |
| ૬૨ | પામી અંતે જ્ઞાન ત્યાં, થાએ મુક્ત સુજાણ;<br>ના પામે દુર્ગતિ કદી, અનુભવ શાસ્ત્ર પ્રમાણ. | * | અહીં કે પરલોકેયે તેનો નાશ નથી કદી;<br>બાપુ, કલ્યાણ માર્ગે કો દુર્ગતિ પામતો નથી.(૪૦)<br>પામી તે પુણ્ય લોકોને, વસીને દીર્ઘકાળ ત્યાં,<br>શુચિ શ્રીમાનને ઘેર જન્મ લે યોગભ્રષ્ટ તે.(૪૧)<br>ત્યાં તે જ બુદ્ધિનો યોગ મેળવે પૂર્વ જન્મનો;<br>ને ફરી **સિદ્ધિને** માટે કરે આગળ યત્ન તે.(૪૩) |
| 6<br>૪૧ | | 6<br>૭ | |
| ૪૯ | જ્ઞાનોત્તર ભક્તિ નકી, સર્વશ્રેષ્ઠ તું જાણ;<br>આર્તાદિક ભકતો મહીં જ્ઞાની વરિષ્ઠ માન. | ૧૬ | ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનોઽર્જુન ।<br>આર્તો જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ ॥૧૬॥ |

| અધ્યાય<br>દોહરા — શ્રીગુરુલીલામૃત | અધ્યાય<br>શ્લોક — શ્રીમદ્ભગવદ્ગીતા (અનુવાદ * સાથે) |
| --- | --- |
| ૪૭<br>૩ ચાર ભક્ત શ્રીદત્તના: અથાર્થી ને આર્ત;<br>ત્રીજો જાણ મુમુક્ષુ તું, ચોથો મુક્ત ઉદાત્ત.<br>૪ પુણ્યવંત ચારે નકી, એમાં ના સંદેહ;<br>તો એ જ્ઞાની મુક્ત જે, શ્રેષ્ઠ સર્વમાં તેહ. | ૧૭ તેષાં જ્ઞાની નિત્યયુક્ત એકભક્તિર્વિશિષ્યતે \|<br>પ્રિયો હિ જ્ઞાનિનોઽત્યર્થમહં સ ચ મમ પ્રિય: \|\|૧૭\|\|<br>* ચાર પ્રકારના ભક્તો પુણ્યશાળી ભજે મને;<br>આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી, ચોથો જ્ઞાની, પરંતપ.(૧૬)<br>તેમાં જ્ઞાની, સદાયોગી, અનન્ય ભક્ત, શ્રેષ્ઠ છે;<br>જ્ઞાનીને હું ઘણો વા'લો, તેયે છે મુજને પ્રિય.(૧૭) |
| 7<br>૪૨<br>૮ સોમવંશી નૃપ તું નકી, શૂરશિરોમણિ જાણ;<br>છોડી ડર મનનો બધો, સાચવ ધર્મ સુજાણ.<br>૧૬ અન્ય સુલભ સાધન નહીં, ક્ષત્રિય માટે જાણ;<br>આવી મળતાં દૈવથી, તત્સમ ભાગ્ય ન માન. | 7<br>૨<br>૩૧ સ્વધર્મમપિ ચાવેક્ષ્ય ન વિકમ્પિતુમર્હસિ \|<br>ધર્મ્યાદ્ધિ યુદ્ધાચ્છ્રેયોઽન્યત્ક્ષત્રિયસ્ય ન વિદ્યતે \|\|૩૧\|\|<br>૩૨ યદચ્છયા ચોપપન્નં સ્વર્ગદ્વારમપાવૃતમ્ \|<br>સુખિન: ક્ષત્રિયા: પાર્થ લભન્તે યુદ્ધમીદશમ્ \|\|૩૨\|\|<br>* વળી, સ્વધર્મ જોતાંયે ન તારે ડરવું ઘટે;<br>ધર્મયુદ્ધ થકી બીજું શ્રેય ક્ષત્રિયને નથી.(૩૧)<br>અનાયાસે ઉઘાડું જ સ્વર્ગનું દ્વાર સાંપડ્યું;<br>ક્ષત્રિયો ભાગ્યશાળી જે તે પામે યુદ્ધ આ સમું.(૩૨) |
| 8<br>૪૨<br>૧૧ મળે વિજય તો ભોગવે રાજ્ય મહી પર એમ;<br>સ્હામે મ્હોંએ જો મરે, સ્વર્ગ નિશ્ચયે તેમ. | 8<br>૨<br>૩૭ હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગં જિત્વા વા ભોક્ષ્યસે મહીમ્ \|<br>તસ્માદુત્તિષ્ઠ કૌન્તેય યુદ્ધાય કૃતનિશ્ચય: \|\|૩૭\|\|<br>* હણાયે પામશે સ્વર્ગ, જીત્યે ભોગવશે મહી;<br>માટે, પાર્થ, ખડો થા તું, યુદ્ધાર્થે દઢનિશ્ચયે.(૩૭) |
| 9<br>૪૩<br>૯૭ જુએ લોક પ્રત્યક્ષ આ, તોએ મોહે એમ;<br>પડે જાણ માયા થકી; માયા દુસ્તર તેમ !<br>૯૮ છોડી અન્ય ભજે મને, તરે તે જ એ જાણ;<br>કરતાં મૈત્રી શેઠની, યથા શુની વશ માન !! | 9<br>૭<br>૧૪ દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા \|<br>મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે \|\|૧૪\|\|<br>* દૈવી ગુણમયી મારી માયા આ અતિ દુસ્તર;<br>મારે જ શરણે આવે, તે આ માયા તરી જતા.(૧૪) |

| અધ્યાય<br>દોહરા | શ્રીગુરુલીલામૃત | અધ્યાય<br>શ્લોક | શ્રીમદ્‌ભગવદ્‌ગીતા<br>(અનુવાદ * સાથે) |
|---|---|---|---|
| 10<br>૪૭<br>૩૧ | <br><br>હોય દુરાચારી કદિ, દુર્વર્તન પણ તેમ<br>થાતાં ઈશકૃપા ફરે; પડે ભક્ત ના એમ. | 10<br>૯<br>૩૦<br><br>* | <br><br>અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્ ।<br>સાધુરેવ સ મન્તવ્ય: સમ્યગ્વ્યવસિતો હિ સ: ॥૩૦॥<br>મોટોયે કો દુરાચારી એકચિત્તે ભજે મને;<br>સાધુ જ તે થયો માનો, કાં જે નિશ્ચયમાં ઠર્યો.(૩૦) |
| 11<br>૪૬<br>૮૪ | <br>કેમ ઉપેક્ષે તે મુને? સતતયુક્ત હું તેમ;<br>સ્વપ્ને દૈન્ય ન ભક્તને, વ્યર્થ વચન શું એમ? | 11<br>૮<br>૧૪<br><br>* | <br><br>અનન્યચેતા: સતતં યો માં સ્મરતિ નિત્યશ: ।<br>તસ્યાહં સુલભ: પાર્થ નિત્યયુક્તસ્ય યોગિન: ॥૧૪॥<br>સતત એક ચિત્તે જે સદા સંભારતો મ’ને<br>તે નિત્ય યુક્ત યોગીને સે’જે હું પ્રાપ્ત થાઉં છું.(૧૪) |
| 12<br>૪૭<br>૨૫ | <br><br>શૂદ્રદેવવત્ ઈશ ના રીઝે સત્વર જાણ;<br>પાપ નાસતાં ભજનથી, દે પોતે વરદાન. | 12<br>૭<br>૨૮<br><br>* | <br><br>યેષાં ત્વન્તગતં પાપં જનાનાં પુણ્યકર્મણામ્ ।<br>તે દ્વન્દ્વમોહનિર્મુક્તા ભજન્તે માં દઢવ્રતા: ॥૨૮॥<br>પણ જે પુણ્યશાળીનાં પાપકર્મ ગળી ગયાં,<br>તે દ્વંદ્વ મોહ છૂટેલા મ’ને દઢ વ્રતે ભજે.(૨૮) |
| 13<br>૪૮<br>૬ | <br><br>જોઈ વર્તન એહનું, વદે તુષ્ટ મુનિ જાણ;<br>ક્ષત્રિય તું, જા વન વિષે માર હિંસ્ર પશુ માન ! | 13<br>૧૮<br>૪૭<br><br>* | <br><br>શ્રેયાન્સ્વધર્મો વિગુણ: પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ।<br>સ્વભાવનિયતં કર્મ કુર્વન્નાપ્નોતિ કિલ્બિષમ્ ॥૪૭॥<br>રૂડો સ્વધર્મ ઊણોયે સુસેવ્યા પરધર્મથી;<br>સ્વભાવે જે ઠરે કર્મ, તે કર્યે દોષ ના થતો.(૪૭) |
| 14<br>૪૧<br>૩ | <br><br>જ્ઞાનાગ્નિ પ્રગટાવીને ચિત્તે એમ સુધન્ય,<br>બાળી કર્મો જન્મનાં, તાર્યો બાળ જઘન્ય. | 14<br>૪<br>૩૭<br><br>* | <br><br>યથૈધાંસિ સમિદ્ધોઽગ્નિર્ભસ્મસાત્કુરુતેઽર્જુન ।<br>જ્ઞાનાગ્નિ: સર્વકર્માણિ ભસ્મસાત્કુરુતે તથા ॥૩૭॥<br>જેમ ભભૂકતો અગ્નિ કરે છે ભસ્મ કાષ્ઠ સૌ,<br>તેમ ચેતેલ જ્ઞાનાગ્નિ કરે છે ભસ્મ કર્મ સૌ.(૩૭) |

| અધ્યાય<br>દોહરા | શ્રીગુરુલીલામૃત | અધ્યાય<br>શ્લોક | શ્રીમદ્ભગવદ્ગીતા<br>(અનુવાદ * સાથે) |
|---|---|---|---|
| 15<br>૧૮ | | 15<br>૬ | |
| ૪૮ | ખાય અતિશય જે સદા, કરે બહુ ઉપવાસ;<br>ઊંઘે અજગર સમ યદિ, કરે જાગરણત્રાસ; | ૧૬ | નાત્યશ્નતસ્તુ યોગોઽસ્તિ ન ચૈકાન્તમનશ્નતઃ ।<br>ન ચાતિ સ્વપ્નશીલસ્ય જાગ્રતો નૈવ ચાર્જુન ॥૧૬॥ |
| ૪૯ | તેને યોગાભ્યાસ આ, દુષ્કર અર્જુન જાણ;<br>યુક્તાહારવિહારથી સુકર સૌખ્યકર માન. | ૧૭ | યુક્તાહારવિહારસ્ય યુક્તચેષ્ટસ્ય કર્મસુ ।<br>યુક્તસ્વપ્નાવબોધસ્ય યોગો ભવતિ દુઃખહા ॥૧૭॥ |
| ૫૨<br>૮૩ | રાખી દૃષ્ટિ ધ્યેયમાં, મિતાહારથી એમ<br>કરવી અખંડ સાધના, જીતી અન્નરસ તેમ. | * | નહીં અત્યંત આહારે, ન તો કેવળ લાંઘણે,<br>ઉંદયે, જાગ્યેય ના ઝાઝે, યોગની સાધના થતી.(૧૬)<br>યોગ્ય વિહાર-આહાર, યોગ્ય પ્રવૃત્તિ કર્મમાં,<br>યોગ્ય જાગૃતિ ને નિદ્રા તો સીધે યોગ દુઃખહા.(૧૭) |
| ૮૪ | ખટપટની બીકે તથા કરવો તયાગ ન જાણ-<br>મુમુક્ષુએ આહારનો, હઠે કદાપિ માન. | | |
| ૮૫ | આવે ગ્લાનિ દેહમાં, રહે ચિત્ત ના સ્થિર;<br>થાએ વિકાર વાણીમાં, અન્ન ત્યાગતાં ધીર ! | | |
| ૮૯ | મુક્તીચ્છા ઉરમાં વસે તેણે નિશ્ચય એમ,<br>યોગ્યાહારવિહારથી કરવો સુયત્ન તેમ. | | |
| ૯૦ | સ્વાદમાત્ર છોડે સદા, અત્યાહાર પ્રમાણ;<br>નહિ તો ચિત્ત ઠરે નહીં, થાએ ધ્યાન ન માન. | | |
| ૯૧ | સ્વાદિષ્ટાન્ને સર્વથા, બહ્વાહારે તેમ;<br>થાય ચિત્ત વિક્ષિપ્ત ને આવે સુસ્તી એમ. | | |
| 16<br>૧૮ | | 16<br>૬ | |
| ૧૧૦ | ઠરે ચિત્ત અભ્યાસથી, ભૂલે ધ્યાતા ધ્યાન;<br>ધ્યેયાકારે મન રહે, નિવાતદીપપ્રમાણ. | ૧૯ | યથા દીપો નિવાતસ્થો નેઙ્ગતે સોપમા સ્મૃતા ।<br>યોગિનો યતચિત્તસ્ય યુંજતો યોગમાત્મનઃ ॥૧૯॥ |
| | | * | વાયુહીન સ્થળે જેમ હાલે ના જ્યોતિ દીપની,<br>સંયમી આત્મયોગીના ચિત્તની ઉપમા કહી.(૧૯) |
| 17<br>૩૪ | | 17<br>૬ | |
| ૬૩ | શાન્ત થાય મન સર્વથા, થતાં વૃત્તિનો રોધ;<br>પામે અનુપમ સુખ અહા ! વહે જ્ઞાનનો ધોધ!! | ૨૭ | પ્રશાન્તમનસં હ્યેનં યોગિનં સુખમુત્તમમ્ ।<br>ઉપૈતિ શાન્તરજસં બ્રહ્મભૂતમકલ્મષમ્ ॥૨૭॥ |
| | | * | પ્રશાંત-મન, નિષ્પાપ, બ્રહ્મરૂપ થયેલ આ<br>શાંતિ-વિકાર યોગીને મળે છે સુખ ઉત્તમ.(૨૭) |

| અધ્યાય દોહરા — શ્રીગુરુલીલામૃત | અધ્યાય શ્લોક — શ્રીમદ્‌ભગવદ્‌ગીતા (અનુવાદ * સાથે) |
|---|---|
| 18<br>૧૮<br>૫૨ કરી સર્વ નિશ્ચિંતતા, સાત્ત્વિકભાવે તેમ<br>વંદી સદ્‌ગુરુ દેવને, બેસે સાધક એમ.<br>૫૩ નીચે દર્ભાસન પછી પહોળું કૃષ્ણાજિન;<br>સૌથી ઉપર પાથરે, મૃદુ વસ્ત્ર અછિન્ન.<br>૫૪ છાતી મસ્તક કેડને રાખી સીધાં તેમ,<br>આમ તેમ જોયા વિના, દૃષ્ટિ નાસાગ્ર એમ; | 18<br>૬<br>૧૧ શુચૌ દેશે પ્રતિષ્ઠાપ્ય સ્થિરમાસનમાત્મનઃ ।<br>નાત્યુચ્છ્રિતં નાતિનીચં ચૈલાજિનકુશોત્તરમ્ ॥૧૧॥<br>૧૨ તત્રૈકાગ્રં મનઃ કૃત્વા યતચિત્તેન્દ્રિયક્રિયઃ ।<br>ઉપવિશ્યાસને યુંજ્યાદ્યોગમાત્મવિશુદ્ધયે ॥૧૨॥<br>૧૩ સમં કાયશિરોગ્રીવં ધારયન્નચલં સ્થિરઃ ।<br>સમ્પ્રેક્ષ્ય નાસિકાગ્રં સ્વં દિશશ્ચાનવલોકયન્ ॥૧૩॥<br>* શુદ્ધ સ્થળે ક્રમે નાખી દર્ભ, ચર્મ અને પટ,<br>ન બહુ ઊંચું કે નીચું સ્થિર આસન વાળવું.(૧૧)<br>કરીને મન એકાગ્ર, રોકી ચિત્તેન્દ્રિયક્રિયા<br>બેસીને આસને યોગ યોજવો આત્મશુદ્ધિનો.(૧૨)<br>કાયા, મસ્તક ને ડોક સીધાં, નિશ્ચળ ને સ્થિર;<br>રાખવી દૃષ્ટિ નાસાગ્રે, આસપાસ ન ભાળવું.(૧૩) |
| 19<br>૨૦<br>૧૦૩ પાણીથી સઘળે ભર્યો પૂર્ણ મહોદધિ તેમ,<br>દેવે નદીઓ આવતાં, ના ધિક્કારે જેમ;<br>૧૦૪ રાખે સ્વોદરમાં સહુ ! તેમ મુકત પણ જાણ,<br>નિરીચ્છ અંતરમાં સદા, પૂર્ણ નિષ્કામ માન.<br>૧૦૫ યથાપ્રાપ્ત પ્રારબ્ધથી વિષય ભોગવ્યે તેમ,<br>થાએ ક્ષુબ્ધ ન ઇંદ્રિયો; પૂર્ણ સમાહિત એમ. | 19<br>૨<br>૭૦ આપૂર્યમાણમચલપ્રતિષ્ઠં<br>સમુદ્રમાપઃ પ્રવિશન્તિ યદ્વત્ ।<br>તદ્વત્કામા યં પ્રવિશન્તિ સર્વે<br>સ શાન્તિમાપ્નોતિ ન કામકામી ॥૭૦॥<br>* સદા ભરાતા અચલપ્રતિષ્ઠ<br>સમુદ્રમાં નીર બધાં પ્રવેશે;<br>જેમાં પ્રવેશે સહુ કામ તેમ,<br>તે શાંતિ પામે નહીં કામકામી.(૭૦) |
| 20<br>૧૮<br>૯૬ અંગ સમેટે કાચબો, નિજાધીન અંદર;<br>ખેંચે યોગી ઇંદ્રિયો, તેમ સ્વવશ સકળ.<br>૯૭ દોડે બહાર જો ફરી, ખેંચે અંદર તેમ;<br>થતાં સ્વવશ ઇન્દ્રિય સહુ, સ્થિતપ્રજ્ઞ નર એમ. | 20<br>૨ યદા સંહરતે ચાયં કૂર્મોઽઙ્ગાનીવ સર્વશઃ ।<br>૫૮ ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૫૮॥<br>* કાચબો જેમ અંગોને, તેમ જે વિષયોથકી,<br>સંકેલે ઇંદ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઇ સ્થિર.(૫૮) |

| અધ્યાય<br>દોહરા    શ્રીગુરુલીલામૃત | અધ્યાય<br>શ્લોક    શ્રીમદ્ભગવદ્ગીતા (અનુવાદ * સાથે) |
|---|---|
| 21<br>૫૨<br>૧૨૩ દેહ સમસ્ત મરે ભલે, મરે ન આત્મા એમ;<br>મારે કોઇ ન એહને, ના કોને એ તેમ. | 21<br>૨<br>૧૯ ય એનં વેત્તિ હન્તારં યશ્ચૈનં મન્યતે હતમ્ ।<br>ઊભૌ તૌ વિજાનીતો નાયં હન્તિ ન હન્યતે ॥૧૯॥<br>૨૦ ન જાયતે મ્રિયતે વા કદાચિ-<br>ન્નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ ।<br>અજો નિત્યઃ શાશ્વતોડયં પુરાણો<br>ન હન્યતે હન્યમાને શરીરે ॥૨૦॥<br>* જે માને, કે હણે છે તે, જે માને તે હણાય છે,<br>બંનેયે તત્ત્વ જાણે ના, હણે ના તે હણાય ના.(૧૯)<br>ન જન્મ પામે, ન કદાપિ મૃત્યુ,<br>ન્હોતો ન તે કે ન હશે ન પાછો;<br>અજન્મ, તે નિત્ય, સદા, પુરાણ,<br>હણ્યે શરીરે ન હણાય તે તો.(૨૦) |
| 22<br>૫૭<br>૭૫ શુદ્ધ સત્ત્વમય એમનું ચિત્ત સર્વથા એમ,<br>વાસુદેવમય વિશ્વ આ દેખે સઘળું તેમ. | 22<br>૭<br>૧૯ બહૂનાં જન્મનાન્તે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે ।<br>વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભઃ ॥૧૯॥<br>* ઘણાયે જન્મને અંતે જ્ઞાની લે શરણું મુજ;<br>'સર્વ આ બ્રહ્મ' જાણે તે મહાત્મા અતિ દુર્લભ.(૧૯) |
| 23<br>૫૭ રાચે ના શુભ શબ્દથી, અપશબ્દોથી તેમ<br>૮૯ ભેદાએ ના અંતરે, શુભાશુભાતિગ એમ. | 23<br>૨ દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ સુખેષુ વિગતસ્પૃહઃ ।<br>૫૬ વીતરાગભયક્રોધઃ સ્થિતધીર્મુનિરુચ્યતે ॥૫૬॥<br>* દુઃખે ઉદ્વેગ ના ચિત્તે, સુખોની ઝંખના ગઇ;<br>ગયા રાગ-ભય-ક્રોધ, મુનિ તે સ્થિરબુદ્ધિનો.(૫૬) |
| 24<br>૫૯<br>૪૬ દુસ્તર માયા તાહરી, ત્વત્કૃપા વિણ તેમ,<br>થાએ દૂર ન સર્વથા; માટે પ્રભુજી એમ.<br>૪૯ માયા તારી આ નકી, તેમ ત્વદધીન જાણ;<br>થાય કૃપા જો તાહરી, ખસે તો જ એ માન. | 24<br>૭ દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।<br>૧૪ મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥૧૪॥<br>* દૈવી ગુણમયી મારી માયા આ અતિ દુસ્તર;<br>મારે જ શરણે આવે, તે આ માયા તરી જતા.(૧૪) |



3

| અધ્યાય<br>દોહરા     શ્રીગુરુલીલામૃત | અધ્યાય     શ્રીમદ્ભગવદ્ગીતા<br>શ્લોક     (અનુવાદ * સાથે) |
|---|---|
| 25<br>૫૮<br>૮૯ જે જે ઇચ્છિત તે સુખે જુઓ સ્વસ્થ થઇ ત્યાંય;<br>આપું દૃષ્ટિ દિવ્ય આ, જેથી દર્શન થાય. | 25<br>૧૧<br>૮ ન તુ માં શકયસે દ્રષ્ટુમનેનૈવ સ્વચક્ષુષા ।<br>દિવ્યં દદામિ તે ચક્ષુ: પશ્ય મે યોગમૈશ્વરમ્ ॥૮॥<br>* મ'ને તારા જ આ નેત્રે નહીં જોઇ શકીશ તું,<br>દિવ્ય દૃષ્ટિ તને આપું, ઇશ્વરી યોગ જો મુજ.(૮) |
| 26<br>૫૮<br>૯૨ એકાદશ રુદ્રો અહા દ્વાદશાદિત્ય જાણ,<br>અષ્ટ વસુ, સાધ્યાદિ એ સુરકિન્નર પણ માન;<br>૯૪ વિશ્વદેવ યક્ષો તથા ગંધર્વાદિક જાણ,<br>પિશાચ દાનવ રાક્ષસો, અગ્નિ મરુદ્ગણ માન. | 26<br>૧૧<br>૨૨ રુદ્રાદિત્યા વસવો યે ચ સાધ્યા<br>વિશ્વેઽશ્વિનૌ મરુતશ્ચોષ્મપાશ્ચ।<br>ગન્ધર્વયક્ષાસુરસિદ્ધસઙ્ઘા<br>વીક્ષન્તે ત્વાં વિસ્મિતાશ્ચૈવ સર્વે ॥૨૨॥<br>* આદિત્ય, રુદ્રો, વસુ, વિશ્વદેવો,<br>સાધ્યો, કુમારો, મરુતોય, પિત્રી,<br>ગંધર્વ, યક્ષો, અસુરોય, સિદ્ધો,<br>આશ્ચર્યથી સૌ તમને નિહાળે.(૨૨) |
| 27<br>૫૯<br>૮૩ પ્રાણિમાત્રમાં માહરી વ્યાપ્તિ પૂર્ણ અભંગ;<br>વાસુદેવ મુજને કહે, તેથી જ્ઞાની અસંગ !<br>૮૪ વસી સર્વમાં સર્વને કરું પ્રકાશિત તેમ;<br>જાણે વિરલા યોગીઓ, અનુભવજ્ઞાને એમ. | 27<br>૧૦<br>૮ અહં સર્વસ્ય પ્રભવો મત્ત: સર્વં પ્રવર્તતે ।<br>ઇતિ મત્વા ભજન્તે માં બુધા ભાવસમન્વિતા:॥૮॥<br>* હું જ છું મૂળ સર્વેનું, પ્રવર્તે મુજથી બધું;<br>એવું જાણી મ'ને જ્ઞાની ભજતા ભક્તિભાવથી.(૮) |
| 28<br>૧૧૫<br>૭૨ પૂર્વભવે જેણે કરી યોગસાધના પૂર્ણ,<br>વિણ અભ્યાસે આ ભવે લભે જ્ઞાન એ તૂર્ણ.<br>૭૩ નહિ તો આ જન્મે કરી સિદ્ધ સાધના એહ,<br>થાએ જ્ઞાની નિશ્ચયે; યોગ વિનાના તેહ. | 28<br>૬<br>૪૩ તત્ર તં બુદ્ધિસંયોગં લભતે પૌર્વદૈહિકમ્ ।<br>યતતે ચ તતો ભૂય: સંસિદ્ધૌ કુરુનન્દન ॥૪૩॥<br>૪૫ પ્રયત્નાદ્યતમાનસ્તુ યોગી સંશુદ્ધકિલ્બિષ: ।<br>અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્ ॥૪૫॥<br>* ત્યાં તે જ બુદ્ધિનો યોગ મેળવે પૂર્વ જન્મનો;<br>ને ફરી સિદ્ધિને માટે કરે આગળ યત્ન તે.(૪૩) |

| અધ્યાય<br>દોહરા | શ્રીગુરુલીલામૃત | અધ્યાય<br>શ્લોક | શ્રીમદ્ભગવદ્ગીતા<br>(અનુવાદ * સાથે) |
|---|---|---|---|
| | | | ખંતથી કરતો યત્ન દોષોથી મુકત તે થઇ,<br>ઘણા જન્મે થઇ સિદ્ધ યોગી પામે પરંગતિ. (૪૫) |
| 29<br>૧૨૦<br>૧૦૨ | <br><br>થાય પ્રાપ્ત સહુ કર્મથી, ના એમાં સંદેહ;<br>અંતે મતિ જેવી રહે તેવી ગતિ ને દેહ ! | 29<br>૮<br>૫<br><br>૬<br><br>* | <br><br>અંતકાલે ચ મામેવ સ્મરન્મુકત્વા કલેવરમ્ ।<br>યઃ પ્રયાતિ સ મદ્ભાવં યાતિ નાસ્ત્યત્ર સંશયઃ ॥૫॥<br>યં યં વાપિ સ્મરન્ભાવં ત્યજત્યન્તે કલેવરમ્ ।<br>તં તમેવૈતિ કૌન્તેય સદા તદ્ભાવભાવિતઃ ॥૬॥<br>મ'ને જ સ્મરતો અંતે છોડી જાય શરીર જે,<br>મારો જ ભાવ તે પામે, તેમાં ના સંશય કશો.(૫)<br>જે જે યે સ્મરતો ભાવ છોડી જાય શરીરને,<br>તેને તેને જ તે પામે સદા તે ભાવથી ભર્યો.(૬) |
| 30<br>૧૨૧<br>૨૧<br><br>૨૨ | <br><br>પુણ્ય સંગ્રહે જ્યાં સુધી ત્યાં લગ સ્વર્ગે વાસ;<br>થતાં પુણ્યક્ષય, પાપથી પુનઃ નરકની ખાસ<br>થાએ પ્રાપ્તિ પ્રાણીને; જન્મમરણદુખ એમ,<br>ટળે ન કલ્પે પણ નકી, આત્મજ્ઞાન વિણ તેમ. | 30<br>૯<br>૨૧<br><br><br><br>* | <br><br>તે તં ભુક્ત્વા સ્વર્ગલોકં વિશાલં<br>ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશન્તિ ।<br>એવં ત્રયીધર્મમનુપ્રપન્ના<br>ગતાગતં કામકામા લભન્તે ॥૨૧॥<br>તે ભોગવી સ્વર્ગ વિશાળ એવું,<br>પુણ્યો ખૂટ્યે મર્ત્ય વિશે પ્રવેશે;<br>સકામ તે વૈદિક કર્મમાર્ગી,<br>આ રીત ફેરા ભવના ફરે છે.(૨૧) |
| 31<br>૧૦૯<br>૯૪ | <br><br>ગીતામાં હરિએ કહ્યું: ભજે જે મને જેહ<br>પામે તેવી તે ગતિ; ના એમાં સંદેહ. | 31<br>૪<br>૧૧<br><br>* | <br><br>યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ।<br>મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ॥૧૧॥<br>જે મ'ને આશરે જેમ, તેને તેમ જ હું ભજું;<br>અનુસરે મનુષ્યો સૌ સર્વથા મુજ માર્ગને.(૧૧) |

## ગીતામાં વપરાયેલા કેટલાક વિશિષ્ટ શબ્દોના અર્થ :

૧. સમત્વ: જે કંઇપણ કર્મ કરવામાં આવે, એ પૂરું થાય કે ન થાય તેમ જ તેનું ફળ અનુકૂળ કે પ્રતિકૂળ મળે, તેમાં સમભાવ રહેવો તેનું નામ સમત્વ છે.

૨. નિષ્ઠા : સાધનની પરિપક્વ અવસ્થા અર્થાત્ પરાકાષ્ઠાનું નામ નિષ્ઠા છે.

૩. જ્ઞાનયોગ : માયાથી જન્મેલા બધા ગુણો જ ગુણોમાં વર્તી રહ્યા છે એમ સમજીને તેમ જ મન, ઇંદ્રિય અને શરીર દ્વારા થતી સમસ્ત ક્રિયાઓમાં કર્તાપણાના અભિમાનથી રહિત થઇને સર્વવ્યાપી સચ્ચિદાનંદઘન પરમાત્મામાં એકાત્મભાવે સ્થિત રહેવું તેનું નામ 'જ્ઞાનયોગ' છે. આને જ 'સંન્યાસ', 'સાંખ્યયોગ' વગેરે નામો અપાયાં છે.

૪. કર્મયોગ : ફળ તેમજ આસક્તિ છોડીને ભગવદાજ્ઞા પ્રમાણે કેવળ ભવગદર્થે સમત્વ બુદ્ધિથી કર્મ કરવું તેનું નામ 'નિષ્કામ કર્મયોગ' છે. આને જ 'સમત્વ યોગ', 'બુદ્ધિયોગ', 'કર્મયોગ', 'તદર્થકર્મ', 'મદર્થકર્મ', 'મત્કર્મ' વગેરે નામો દ્વારા ઓળખાવ્યું છે.

૫. નિષ્કર્મતા : જે સ્થિતિને પામેલા પુરુષનાં કર્મો અકર્મ બની જાય છે એટલે કે તે કર્મો ફળ ઉત્પન્ન નથી કરી શકતાં, એ સ્થિતિનું નામ 'નિષ્કર્મતા' છે.

૬. ગુણવિભાગ અને કર્મવિભાગ : ત્રિગુણાત્મક માયાનાં કાર્ય એવા પાંચ મહાભૂત તથા મન, બુદ્ધિ અને અહંકાર તેમજ પાંચ જ્ઞાનેંદ્રિયો, પાંચ કર્મેંદ્રિયો અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયો- આ બધાના સમૂહનું નામ 'ગુણવિભાગ' છે અને એમની પરસ્પર ચેષ્ટાઓનું નામ 'કર્મવિભાગ' છે.

૭. તત્ત્વજ્ઞાન : ઉપર કહેલા ગુણવિભાગ અને કર્મવિભાગથી આત્માને અળગો એટલે કે નિર્લેપ જાણવો, એ જ એમના તત્ત્વને જાણવું છે.

૮. યજ્ઞનો હોમ કરવો : પરબ્રહ્મ પરમાત્મામાં જ્ઞાનદ્વારા એકાત્મભાવે સ્થિત થવું એને જ બ્રહ્મરૂપી અગ્નિમાં યજ્ઞ દ્વારા 'યજ્ઞનો હોમ કરવો' કહેવાય છે.

૯. હોમવું : સચ્ચિદાનંદઘન પરમાત્મા સિવાય અન્ય કોઇનુંય ચિંતન ન કરવું એ જ તમામને 'હોમી દેવા' એમ કહેવાય છે.

૧૦. કર્મ સંન્યાસ : મન, ઇંદ્રિયો અને શરીર દ્વારા થનારાં સઘળાં કર્મોમાં કર્તાપણાનો ત્યાગ.

૧૧. આત્મભાવ : જે રીતે માણસ પોતાનું માથું, હાથ, પગ અને ગુદા વગેરેની સાથે બ્રાહ્મણ, ક્ષત્રિય, શૂદ્ર અને મ્લેચ્છ જેવી વર્તણૂક કરવા છતાં પણ એમનામાં આત્મભાવ એટલે કે પોતાપણું સમાન હોવાને લીધે સુખ અને દુ:ખને સમાન જ રીતે જુએ છે. એ જ રીતે સઘળાં પ્રાણીઓમાં પોતાની જેમ સમ જોવું એ આત્મભાવ છે.

૧૩. નિયંતા : અંતર્યામીરૂપે સઘળાં પ્રાણીઓનાં શુભ તેમજ અશુભ કર્મો પ્રમાણે શાસન કરનાર.

૧૪. ઉદાસીન : જેનાં બધાં કાર્યો કર્તૃત્વભાવ વિના આપમેળે સત્તામાત્રથી જ થાય છે એનું નામ 'ઉદાસીનની જેમ' રહેવું એવો અર્થ થાય છે.

૧૫. નિધાન : પ્રલયકાળે સમસ્ત ભૂતો સૂક્ષ્મરૂપે જેનામાં લય પામે છે- એનું નામ નિધાન છે.

૧૬. યોગ-ક્ષેમ : ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ થવી એનું નામ 'યોગ' છે અને ભગવત્પ્રાપ્તિ નિમિત્તે કરેલાં સાધનોની રક્ષાનું નામ 'ક્ષેમ' છે.

૧૭. અનાદિ : અનાદિ એને કહેવાય જે આદિ એટલે કે કારણ વિનાનો હોય અને એ સૌનું કારણ હોય.

૧૮. તપ : સ્વધર્મના આચરણ દ્વારા ઇંદ્રિયો આદિને તપાવીને શુદ્ધ કરવાનું નામ 'તપ' છે.

૧૯. પ્રભુ : સૌની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનાર તેમજ અંતર્યામીરૂપે સૌ ઉપર શાસન કરનાર ભગવાનનું નામ 'પ્રભુ' છે.

૨૦.અભ્યાસ : ભગવાનનાં નામ અને ગુણોનું શ્રવણ, કીર્તન, મનન તેમજ શ્વાસ દ્વારા જપ અને ભગવત્પ્રાપ્તિ વિષયક શાસ્ત્રોનું પઠન-પાઠન આદિ પ્રયત્નો ભગવત્પ્રાપ્તિ માટે વારંવાર કરવાનું નામ 'અભ્યાસ' છે.

૨૧. ભગવદર્થ કર્મપરાયણ : સ્વાર્થ છોડીને તથા પરમેશ્વરને જ પરમ આશ્રય અને પરમ ગતિ માનીને, નિષ્કામ પ્રેમભાવે સતીઓમાં ઉત્તમ પતિવ્રતા નારીની પેઠે મન, વાણી અને શરીર દ્વારા-પરમેશ્વરને અર્થે જ યજ્ઞ, દાન અને તપ આદિ સંપૂર્ણ કર્મો કરવાનું નામ 'ભગવદર્થ કર્મ પરાયણ' છે.

૨૨. અમર્ષ : બીજાની ઉન્નતિ જોઇને સંતાપ થવો એનું નામ 'અમર્ષ' છે.

૨૩. ત્યાગી : મન, વાણી અને શરીર દ્વારા પ્રારબ્ધાનુસાર થનારાં સર્વ સ્વાભાવિક કર્મોમાં કર્તાપણાના અભિમાનનો ત્યાગ કરનાર.

૨૪. મનનશીલ : ઇશ્વરના સ્વરૂપનું નિરંતર મનન કરનારો.

૨૫. શ્રદ્ધા : વેદ, શાસ્ત્રો, મહાત્માઓ અને ગુરુજનોનાં તથા પરમેશ્વરનાં વચનોમાં પ્રત્યક્ષ જેવો જે વિશ્વાસ છે, એનું નામ શ્રદ્ધા છે.

૨૬. ચેતના : અંત:કરણમાં રહેલી જ્ઞાનશક્તિ કે જેના વડે સુખ-દુ:ખ વગેરેનો અનુભવ થાય છે.

૨૭. બાહ્યશુદ્ધિ : સચ્ચાઇપૂર્વકના શુદ્ધ વ્યવહારથી ધનની, એ ધનમાંથી મળેલા અન્નથી આહારની, વિવેકપૂર્વકના વર્તનથી આચરણોની અને જળ-માટી વગેરેથી શરીરની થતી શુદ્ધિ.

૨૮. આંતરિક શુદ્ધિ: રાગ-દ્વેષ અને કપટ આદિ વિકારો દૂર થતાં અંત:કરણનું સ્વચ્છ થવું તે જ આંતરિક શુદ્ધિ કહેવાય છે.

૨૯. અવ્યભિચારિણી ભક્તિ : કેવળ એક સર્વશક્તિશાળી પરમેશ્વરને જ પોતાનો સ્વામી સમજીને સ્વાર્થ તેમજ અભિમાનને છોડીને શ્રદ્ધા અને ભાવ સહિત પરમ પ્રેમથી ભગવાનનું નિરંતર ચિંતન કરવું એનું નામ જ 'અવ્યભિચારિણી ભક્તિ' છે.

૩૦. અધ્યાત્મજ્ઞાન: જે જ્ઞાન વડે આત્મવસ્તુ અને અનાત્મવસ્તુના ભેદની સમજણ પડે એ જ્ઞાનનું નામ 'અધ્યાત્મજ્ઞાન' છે.

૩૧. કાર્ય : આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી- એ પાંચેય સૂક્ષ્મભૂતો તથા શબ્દ, સ્પર્શ, રૂપ રસ અને ગંધ-જ્ઞાનેંદ્રિયોના આ પાંચ વિષયો-એમ દસનું નામ 'કાર્ય' છે.

૩૨. કરણ : બુદ્ધિ, અહંકાર અને મન એ ત્રણ અંત:કરણો, શ્રોત્ર, ત્વચા, નેત્ર, રસના અને ઘ્રાણ- એ પાંચ જ્ઞાનેંદ્રિયો અને વાણી, હાથ, પગ, ઉપસ્થ અને ગુદા- એ પાંચ કર્મેંદ્રિયો આમ આ તેરનું નામ 'કરણ' છે.

૩૩. પ્રમાદ : અંત:કરણ અને ઇંદ્રિયોની ફોગટની ચેષ્ટાઓનું તેમ જ શાસ્ત્રવિહિત કર્તવ્યપાલનની અવહેલના કરવાનું નામ 'પ્રમાદ' છે.

૩૪. આળસ : કર્તવ્ય કર્મોને પાછા ઠેલવારૂપી નિરુદ્યમતાનું નામ 'આળસ' છે.

૩૫. પ્રકાશ : શરીર, ઇંદ્રિયો તથા અંત:કરણમાં આળસ અને જડતા દૂર થવાને લીધે જે હલકાપણું, નિર્મળતા અને ચૈતન્ય આવે છે એનું નામ 'પ્રકાશ' છે.

૩૬. મોહ : અંત:કરણની જે મોહમાં નાંખનારી વૃત્તિ છે, જેના કારણે માનવી તંદ્રા, સ્વપ્ન અને ઊંઘ જેવી અવસ્થાઓ પામે છે અને શરીર, ઇંદ્રિયો તથા અંત:કરણમાં સત્ત્વગુણના કાર્ય પ્રકાશનો જાણે અભાવ થઇ જાય છે-એનું નામ 'મોહ' છે.

૩૭.અપોહન : બુદ્ધિમાં રહેનારા સંશય, વિપર્યય આદિ દોષોને વિચાર દ્વારા દૂર કરવાનું નામ 'અપોહન' છે.

૩૮. જ્ઞાનયોગવ્યવસ્થિતિ : પરમાત્માના સ્વરૂપને તત્ત્વથી જાણવા માટે સચ્ચિદાનંદઘન પરમાત્માના સ્વરૂપમાં એકાત્મભાવે ધ્યાનની જે નિરંતરપણે તલ્લીન સ્થિતિ છે તેનું નામ 'જ્ઞાનયોગવ્યવસ્થિતિ' છે.

૩૯. સત્ય : અંત:કરણ અને ઇંદ્રિયો દ્વારા જે કંઇ જોયું, સાંભળ્યું અને અનુભવ્યું હોય, તે બીજા માણસોને તદ્દન એવું જ સમજાવવા માટે કપટ છોડીને બની શકે એટલી પ્રિય અને હિતકર વાણી બોલવી એને 'સત્ય' કહે છે.

૪૦. તેજ : શ્રેષ્ઠ માણસોની એ વિશેષ શક્તિનું નામ 'તેજ' છે, જેના લીધે એમની સામે વિષયાસક્ત અને નીચ પ્રકૃતિના માણસો પણ મોટે ભાગે અન્યાય આચરતાં અટકે છે અને એમના કહેવા પ્રમાણે શ્રેષ્ઠ કર્મોમાં પ્રવૃત્ત થઇ જાય છે.

૪૧. સ્વભાવજા શ્રદ્ધા : જે શ્રદ્ધા શાસ્ત્ર વાંચવાથી કે સાંભળવાથી નહીં પણ પૂર્વેના અનેક જન્મોમાં તેમ જ આ જન્મોમાં કરેલાં કર્મોના સંચિત-સંસ્કારોમાંથી જન્મી છે એશ્રદ્ધાને 'સ્વભાવજા શ્રદ્ધા' કહેવામાં આવે છે.

૪૨. ભૂતસમુદાય : પાંચ મહાભૂત (આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી), મન, બુદ્ધિ, અહંકાર, પાંચ જ્ઞાનેંદ્રિય (કાન, ચામડી, આંખ, જીભ અને ગુદા) અને પાંચ વિષયો (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ) આ ત્રેવીસ તત્ત્વોના સમૂહનું નામ 'ભૂતસમુદાય' છે.

૪૩. કલેશપૂર્વકનું દાન : કોઇનાં ધરણાં કરવાથી, જિદ કરવાથી કે ભય દેખાડવાથી અથવા પ્રતિષ્ઠિત અને પ્રભાવશાળી માણસોના દબાણને વશ થઇને વગર ઇચ્છાએ મનમાં વિષાદ અને દુ:ખ અનુભવતાં નિરુપાય થઇને જે દાન આપવામાં આવે છે, એ 'કલેશપૂર્વક' આપેલું દાન છે.

૪૪. કામ્ય કર્મો : પ્રિય લાગતાં સ્ત્રી, પુત્ર, ધન આદિની પ્રાપ્તિ અર્થે તથા અપ્રિય એવા રોગ, સંકટ વગેરેના નિવારણ અર્થે જે યજ્ઞ, દાન, તપ અને ઉપાસના જેવા કર્મો કરવામાં આવે છે એને 'કામ્ય કર્મો' કહે છે.

૪૫. કર્મફળ ત્યાગ : ઇશ્વરની ભક્તિ, દેવતાઓનું પૂજન, માતા પિતા આદિ વડીલોની સેવા, યજ્ઞ, દાન અને તપ તથા વર્ણાશ્રમ અનુસાર આજીવિકાનાં કર્મો તેમજ શરીર સંબંધી ખાવું-પીવું વગેરે જેટલાં કર્તવ્ય કર્મો છે, એના અનુષ્ઠાનમાં રહેલી ઇહલોક અને પરલોકની સઘળી કામનાઓનો સંપૂર્ણ ત્યાગ કરવો, એનું નામ 'સઘળાંય કર્મોના ફળનો ત્યાગ' છે.

૪૬. બુદ્ધિશાળી: વર્ણાશ્રમ અનુસાર જેના માટે જે કાર્યો કર્તવ્યરૂપે જણાવાયાં છે એ શાસ્ત્રવિહિત કર્મોનું શાસ્ત્રવિધિ અનુસાર અંગ ઉપાંગ સહિત નિષ્કામ ભાવે સારી પેઠે અનુષ્ઠાન કરનારા મુમુક્ષુ માણસોને 'બુદ્ધિશાળી' માણસો કહ્યા છે.

૪૭. અધિષ્ઠાન : જેના આશ્રયે રહીને ક્રિયાઓ થાય છે એને 'અધિષ્ઠાન' કહેવામાં આવે છે.

૪૮. દૈવ : પૂર્વે કરેલાં શુભાશુભ કર્મોના સંસ્કારો કે જે 'પ્રારબ્ધ' કે 'અદષ્ટ' ના નામે ઓળખાય છે એને જ 'દૈવ' કહેવામાં આવે છે. (પ્રારબ્ધ એટલે સંચિત કર્મો પૈકી ફળ આપવા તૈયાર થયેલાં કર્મો.)

૪૯. જ્ઞાતા : કોઇપણ પદાર્થના સ્વરૂપનો નિશ્ચય કરનારને 'જ્ઞાતા' કહે છે.

જ્ઞેય : જ્ઞાતા વસ્તુના સ્વરૂપનો જે નિશ્ચય કરે તેને 'જ્ઞેય' કહે છે.

જ્ઞાન : જ્ઞાતા જે વૃત્તિ દ્વારા વસ્તુના સ્વરૂપનો નિશ્ચય કરે છે એનું નામ 'જ્ઞાન' છે.

૫૦. કર્તા : જોવું, સાંભળવું, સમજવું, સ્મરવું આદિ સઘળી ક્રિયા કરનાર પ્રકૃતિસ્થ પુરુષને 'કર્તા' કહે છે.

૫૧. ક્રિયા : કર્તા કરણો દ્વારા જે કંઇ પણ કરે છે એનું નામ 'ક્રિયા' છે.

૫૨. સ્વધર્મ : પ્રકૃતિ અનુસાર શાસ્ત્રવિધિથી નિયત થયેલા જે વર્ણાશ્રમના ધર્મો અને સામાન્ય ધર્મરૂપી સ્વાભાવિક કર્મો છે એને જ અહીં સ્વધર્મ કહેવામાં આવે છે. સહજકર્મ, સ્વકર્મ, નિયતકર્મ, સ્વભાવજ કર્મ અને સ્વભાવ નિયતકર્મ વગેરે નામોથી પણ એ ઓળખાય છે.

૫૩. શરણભાવ : લજ્જા, ભય, માન, મોટાઇ અને આસક્તિ છોડીને, તેમજ શરીર અને સંસાર પ્રત્યે અહંતા-મમતાથી રહિત થઇને કેવળ એક પરમાત્માને જ પરમ આશ્રય, પરમ ગતિ અને સર્વસ્વ સમજવા તથા અનન્ય ભાવથી ખૂબ શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમભાવે નિરંતર ભગવાનનાં નામ, ગુણ, પ્રભાવ અને સ્વરૂપનું ચિંતન કરતા રહેવું. તેમજ ભગવાનનું ભજન સ્મરણ રાખીને જ, એમની આજ્ઞા અનુસાર કર્તવ્યકર્મોનું તદ્દન નિ:સ્વાર્થ ભાવે, કેવળ પરમેશ્વર કાજે આચરણ કરવું- એ 'સર્વ રીતે પરમાત્માના શરણે રહેવું' એવો શરણભાવ કેળવ્યો કહેવાય.

૫૪. હરિ : જેમનું સ્મરણ કરવાથી પાપો નાશ પામે છે એમનું નામ 'હરિ' છે.

# શ્રીગુરુલીલામૃત અને શ્રીમદ્‌ગોસ્વામી તુલસીદાસજી રચિત શ્રીરામચરિતમાનસ

| અધ્યાય<br>દોહરા | શ્રીગુરુલીલામૃત | દોહા<br>ચોપાઈ | શ્રીરામચરિતમાનસ<br>બાલકાંડ |
|---|---|---|---|
| 1<br>૧૧<br>૧૨૬ | <br><br>પ્રભુપદનખમાણિક્યથી થાય હાર્દતમ નષ્ટ;<br>તન્મયતા સ્વરૂપમાં, ગણે કોણ ત્યાં કષ્ટ? | 1<br>સો.૭<br>૫<br><br>૬ | <br><br>શ્રીગુર પદ નખ મનિ ગન જોતી \|<br>સુમિરત દિવ્ય દૃષ્ટિ હિયં હોતી \|\|<br>દલન મોહ તમ સો સપ્રકાસૂ \|<br>બડે ભાગ ઉર આવઈ જાસૂ \|\| |
| 2<br>૮૩<br>૯૬<br><br>૨૩૪<br><br>૨૩૮ | <br><br>ભસ્મલિપ્ત નર જે ન તે પાપી પણ દંડાર્હ;<br>સ્પર્શે દોષ ન તેમને, શાશ્વત તે સ્વર્ગાર્હ.<br>ગળે માળ રુદ્રાક્ષની, ભાલે ભસ્મ સુહાય;<br>પાપી પણ વંદ્ય એ થાએ ત્રિલોક માંહ્ય.<br>સૌખ્ય અખિલ આ લોકમાં, શતાયુષ્ય પણ તેમ;<br>નાશ સર્વ વ્યાધિ તણો, પામ્યો ભસ્મે એમ. | 2<br>સો.૫<br>૩<br><br>૪ | <br><br>સુકૃતિ સંભુ તન બિમલ બિભૂતી \|<br>મંજુલ મંગલ મોદ પ્રસૂતી \|\|<br>જન મન મંજુ મુકુર મલ હરની \|<br>કિએં તિલક ગુન ગન બસ કરની \|\| |
| 3<br>૧<br>૮૯<br><br>૯૦ | <br><br>ભાંગ્યુંતૂટ્યુંબોબડું બોલે બાળક બોલ;<br>સુણે કૌતુકથી સહુ, માને એ બહુમોલ.<br>બાલવાક્યવત્ ગાણું આ, તેમ સ્વીકારો સંત,<br>મત્સર મૂકી વેગળો; થાશે તુષ્ટ અનંત. | 3<br>દો.૭<br>૯ | <br><br>જૌં બાલક કહ તોતરિ બાતા \|<br>સુનહિં મુદિત મન પિતુ અરુ માતા \|\| |
| 4<br>૧<br>૧૪ | <br><br>મતિહીણો હું નવ લહું, કાવ્યશાસ્ત્રવિચાર;<br>કરો કોડ પૂરા પ્રભો, મનવાંછિત દેનાર. | 4<br>૭<br>૫ | <br><br>કરન ચહઉં રઘુપતિ ગુન ગાહા \|<br>લઘુ મતિ મોરિ ચરિત અવગાહા \|\| |
| 5<br>૧<br>૭૯<br><br>૯૧ | <br><br>નવ જાણું ગુર્જરગિરા, કાવ્યાલંકૃતિ શબ્દ;<br>રચનાપાટવ ના લહું, અપાર એ જ્ઞાનાબ્ધ.<br>કવિત્વરીતિ નવ લહું, નહિ વ્યુત્પત્તિજ્ઞાન; | 5<br>૮<br>૧૧<br><br>૯ | <br><br>કબિત બિબેક એક નહિં મોરેં \|<br>સત્ય કહઉં લિખિ કાગદ કોરેં \|\|<br>જદપિ કબિત રસ એકઉ નાહીં \|<br>રામપ્રતાપ પ્રગટ એહિ માહીં \|\| |



૪

| અધ્યાય<br>દોહરા | શ્રીગુરુલીલામૃત | દોહા<br>ચોપાઇ | શ્રીરામચરિતમાનસ<br>બાલકાંડ |
|---|---|---|---|
| | મૂરખ હું નાદાન પણ સમર્થઘરનું શ્વાન. | ૭ | સોઇ ભરોસ મોરેં મન આવા \|<br>કેહિં ન સુસંગ બડપ્પનુ પાવા \|\| |
| 6<br>૧<br>૭૮<br><br>૮૨ | <br><br>નમું કવીશ્વર વાલ્મીકિ, વ્યાસ પરાશર ધન્ય;<br>સંત મહંત હરિજન સહુ, સુશીલ ભક્તો અન્ય.<br>ઋષિ મુનીશ્વર સંતને વંદી કવિવર એમ,<br>માતપિતાચરણે નમું, જેથી થાયે ક્ષેમ. | 6<br>૧૩<br>૨<br><br>૩<br><br>૪ | <br><br>બ્યાસ આદિ કબિ પુંગવ નાના \|<br>જિન્હ સાદર હરિ સુજસ બખાના \|\|<br>ચરનકમલ બંદઉં તિન્હ કેરે \|<br>પુરવહું સકલ મનોરથ મેરે \|\|<br>કલિ કે કબિન્હિ કરઉં પરનામા \|<br>જિન્હ બરને રઘુપતિ ગુન ગ્રામા \|\| |
| 7<br>૪૭<br>૩<br><br>૪ | <br><br>ચાર ભક્ત શ્રીદત્તના: અર્થાર્થી ને આર્ત;<br>ત્રીજો જાણ મુમુક્ષુ તું, ચોથો મુક્ત ઉદાત્ત.<br>પુણ્યવંત ચારે નકી, એમાં ના સંદેહ;<br>તેઓ જ્ઞાની મુક્ત જે, શ્રેષ્ઠ સર્વમાં તેહ. | 7<br>૨૭<br>૭ | <br><br>ચહૂ ચતુર કહું નામ અધારા \|<br>ગ્યાની પ્રભુહિ બિસેષી પિઆરા \|\| |
| 8<br>૨<br>૧૧૮<br><br>૧૧૯ | <br><br>કષ્ટ ઉઠાવે મરી મરી, અન્ય યુગોમાં લોક;<br>તપોનુષ્ઠાનો થકી પામે સિદ્ધિ કોક.<br>યુગાંતરે આયુષ્ બહુ, કષ્ટ ઘણેરાં ત્યાંય;<br>ભક્તિમાત્રથી તુજ મહીં, સ્વલ્પે સિદ્ધિ થાય. | 8<br>૨૬<br>૩<br><br>૫ | <br><br>ધ્યાનુ પ્રથમ જુગ મખબિધિ દૂજેં \|<br>દ્વાપર પરિતોષત પ્રભુ પૂજેં \|\|<br>નામ કામતરુ કાલ કરાલા \|<br>સુમિરત સમન સકલ જગ જાલા \|\| |
| 9<br>૧<br>૧<br><br>૧૪૨<br><br>૧૦૮ | <br><br>ગ્રંથારંભે તુજ નમું ચરણકંજ ગણરાજ;<br>આપો સન્મતિ મોરયા, જેથી સુધરે કાજ.<br>ભક્તિસુધારસ એ પીએ હોય દેવાંશી જેહ;<br>રંગ અભાગી શું લહે વિષયકીટકો તેહ?<br>માની અલ્પ રખે મુને કરો ગ્રંથ ઉપહાસ;<br>અલ્પ મક્ષિકામુખ થકી, મળે મિષ્ટ મધુ ખાસ ! | 9<br>૧૭<br>૭<br><br>૮<br><br>દોહા<br>૫ | <br><br>જનકસુતા જગ જનનિ જાનકી \|<br>અતિસય પ્રિય કરુનાનિધાન કી \|\|<br>તાકે જુગ પદ કમલ મનાવઉં \|<br>જાસુ કૃપાં નિરમલ મતિ પાવઉં \|\|<br><br>ભલો ભલાઇહિ પૈ લહઇ લહઇ નિચાઇહિ નીચુ \|<br>સુધા સરાહિઅ અમરતાં, ગરલ સરાહિઅ મીચુ \|\| |

| અધ્યાય શ્રીગુરુલીલામૃત<br>દોહરા | દોહા શ્રીરામચરિતમાનસ<br>ચોપાઈ બાલકાંડ |
|---|---|
| 10<br>૧ વિપ્ર નિરંજન એક ત્યાં, ભાવિક ભક્ત સુજાણ;<br>૧૧૫ શાંત દાન્ત ઉપરત કરે ભાવે હરિગુણગાન. | 10<br>૪૩ ભરદ્વાજ મુનિ બસહિં પ્રયાગા \|<br>૧-૨ તિન્હહિ રામ પદ અતિ અનુરાગા \|\|<br>તાપસ સમ દમ દયા નિધાના \|<br>પરમારથ પથ પરમ સુજાના \|\| |
| 11<br>૨૪<br>૪ વસિષ્ઠશાપે બુદ્ધિમાં પડ્યો ફેર તું જાણ;<br>દૈવ બલી ! મુનિ શું કરે? શાપ નિમિત્ત માન.<br>૬ દૈવ ન છોડે કોઈને, ભલે દેવ કે મુક્ત;<br>ઈશનિર્મિત એ નકી, રહે સદા ઉદ્યુક્ત. | 11<br>દોહા<br>૫૧<br>૫ ઈહાં સંભુ અસ મન અનુમાના \|<br>દચ્છસુતા કહું નહિં કલ્યાના \|\|<br>૬ મોરેહુ કહેં ન સંસય જાહીં \|<br>બિધિ બિપરીત ભલાઈ નાહીં \|\|<br>૭ હોઈહિ સોઈ જો રામ રચિ રાખા \|<br>કો કરિ તર્ક બઢાવૈ સાખા \|\|<br>૮ અસ કહિ લગે જપન હરિનામા \|<br>ગઈ સતી જહં પ્રભુ સુખધામા \|\| |
| 12<br>૫<br>૧૩૦ ધન્ય માયા પ્રભુ તણી ! થઈ શક્તિત્રય ખિન્ન;<br>અનસૂયાકીર્તિ સૂણી, થઈ અતિશે દીન.<br>૧૩૧ ઉમા રમા સાવિત્રી એ, ચિંતા કરે સદૈવ;<br>સ્વભાવ એ સ્ત્રીજાતિનો, ન સહે અન્ય સુદૈવ. | 12<br>૫૨<br>૫ સતી કીન્હ ચહ તહંહું દુરાઊ \|<br>દેખહુ નારિ સુભાવ પ્રભાઊ \|\|<br>૬ નિજ માયા બલુ હૃદયં બખાની \|<br>બોલે બિહસિ રામુ મૃદુ બાની \|\| |
| 13<br>૨૧<br>૪૯ પુણ્યવંત રાજા અરે ! સૂઝ્યું અવળું જાણ;<br>મત્ત થયો સિદ્ધિબળે, રાખે વ્યર્થ ગુમાન.<br>૫૦ મત્સમ કોઈ અન્ય ના યોદ્ધો જાણી એમ,<br>થયો દુર્વૃત્ત શું અરે? સાંભળ અર્જુન તેમ. | 13<br>૫૯<br>૭ બડ અધિકાર દચ્છ જબ પાવા \|<br>અતિ અભિમાનુ હૃદયં તબ આવા \|\|<br>૮ નહિં કોઉ અસ જનમા જગ માહીં \|<br>પ્રભુતા પાઈ જાહિ મદ નાહીં \|\| |

| અધ્યાય દોહરા | શ્રીગુરુલીલામૃત | દોહા ચોપાઇ | શ્રીરામચરિતમાનસ બાલકાંડ |
|---|---|---|---|
| 14 | | 14 | |
| ૯ | | ૬૮ | |
| ૧૧૭ | આપે પાન એને પ્રભુ, લે પોતે ઉચ્છિષ્ટ;<br>આપે એને એમ એ, જોઇ ભાગ્યા શિષ્ટ. | ૭ | સુભ અરુ અસુભ સલિલ સબ બહઇ \|<br>સુરસરિ કોઉ અપુનીત ન કહઇ \|\| |
| ૧૧૮ | તેજસ્વીને દોષ ના, માનીને વળી કોક;<br>રહ્યા શિષ્ટ શ્રદ્ધા થકી, થયા તેહ નિ:શોક. | ૮ | સમરથ કહું નહિં દોષુ ગોસાઇં \|<br>રબિ પાવક સુરસરિ કી નાઇં \|\| |
| 15 | | 15 | |
| ૬૦ | | ૭૨ | |
| ૧૫ | નારાયણ વર પામવા, તપશ્ચરણ કર તેમ;<br>થશે કાર્યસિદ્ધિ નકી, તારી તેથી એમ. | ૧ | કરહિ જાઇ તપુ સૈલકુમારી \|<br>નારદ કહા સો સત્ય બિચારી \|\| |
| ૧૬ | ઇચ્છિત વર માટે કર્યું, મેં પણ તપ તું જાણ;<br>પામી વર એ ધૂર્જટિ, શિવ શંકર પ્રિય માન. | ૨ | માતુ પિતહિ પુનિ યહ મત ભાવા \|<br>તપુ સુખપ્રદ દુખ દોષ નસાવા \|\| |
| ૧૭ | સાવિત્રીએ તપ કરી, બ્રહ્મદેવને તેમ<br>કર્યા પ્રાપ્ત પતિ ઇષ્ટ એ; મા શંકા કર એમ. | ૩ | તપબલ રચઇ પ્રપંચુ બિધાતા \|<br>તપબલ બિષ્નુ સકલ જગ ત્રાતા \|\| |
| ૧૮ | સાધ્વી સ્ત્રી જગમાં બધી, કેવળ તપથી જાણ<br>પામી ઇચ્છિત ધવ તથા; માટે તું પણ માન. | ૪ | તપબલ સંભુ કર હિં સંઘારા \|<br>તપબલ સેષુ ધરઇ મહિભારા \|\| |
| ૧૯ | કરી તપસ્યા ખંતથી, પામ ઇષ્ટ વર તેમ;<br>વિના તપસ્યા ના કંઇ, દીઠી સિદ્ધિ એમ. | ૫ | તપ અધાર સબ સૃષ્ટિ ભવાની \|<br>કરહિ જાઇ તપુ અસ જિયં જાની \|\| |
| 16 | | 16 | |
| ૭૦ | સુખ સ્વપ્ને લાભે નહીં, ગુરુદ્રોહી નર જેહ; | ૭૯ | |
| ૩૮ | અજ્ઞાને આવૃત્ત સદા, ન ટળે ભવસંદેહ. | ૭ | નારદ બચન ન મૈં પરિહરઊં \|<br>બસઉ ભવનુ ઉજરઉ નહિં ડરઊં \|\| |
| ૯૪ | | | |
| ૪૬ | સદ્‌ગુરુ યોગ્ય અયોગ્ય વા કરે ન એમ વિચાર;<br>માની બ્રહ્મમય એહને સેવે જન નિર્ધાર. | ૮ | ગુરુ કેં બચન પ્રતીતિ ન જેહી \|<br>સપનેહું સુગમ ન સુખ સિધિ તેહી \|\| |
| ૪૭ | દૃઢ ભક્તિ જેની, લભે ક્ષણમાં સિદ્ધિ તેહ,<br>સાવધાન ગુરુને ભજે, માટે ત્યજી સંદેહ. | | |

| અધ્યાય દોહરા | શ્રીગુરુલીલામૃત | દોહા ચોપાઇ | શ્રીરામચરિતમાનસ બાલકાંડ |
|---|---|---|---|
| 17<br>૮ | | 17<br>૧૧૫ | |
| ૩૯ | જય સચ્ચિત્સુખ શ્રીહરે ! અજ અક્ષય અવિનાશ;<br>આદિ અંતમાં એક તું, મધ્યે એક ઉદાસ ! | ૧ | સગુનહિ અગુનહિ નહિં કછુ ભેદા ।<br>ગાવહિં મુનિ પુરાન બુધ બેદા ॥ |
| ૪૦ | અસંગ નિર્ગુણરૂપ તું, સઘળે સભર અનન્ત;<br>માયાવી પામર અહા ! જાણે શું તુજ અન્ત ! | ૨ | અગુન અરૂપ અલખ અજ જોઇ ।<br>ભગત પ્રેમ બસ સગુન સો હોઇ ॥ |
| ૪૨ | સર્વતંત્રસ્વતંત્ર તું, થાય ભક્તિપરતંત્ર !<br>ભાવભૂખ્યો નાથ હે ! કો જાણે તુજ મંત્ર? | | |
| 18<br>૧૨૨ | | 18<br>૧૧૫ | |
| ૨ | પડે કરા પર્જન્યના જલરૂપી જો આંહ્ય;<br>કઠણ દૃષદ સમ એ નકી; પડતાં પાણી માંહ્ય; | ૩ | જો ગુન રહિત સગુન સોઇ કૈસેં ।<br>જલુ હિમ ઉપલ બિલગ નહિં જૈસેં ॥ |
| ૩ | દિસે ભિન્ન જલથી અહા ! તોએ જલમય એહ;<br>જાણે મોટેરાં બધાં, છેતરાય શિશુ જેહ. | | |
| 19<br>૧૬ | | 19<br>૧૨૭ | |
| ૧૩૨ | અનિર્વચનીય ઇશની માયા શક્તિ જેહ,<br>તેથી થાય સ્વરૂપમાં ભ્રાંતિ સ્વસંદેહ. | ૧ | એહિ બિધિ જગ હરિ આશ્રિત રહઇ ।<br>જદપિ અસત્ય દેત દુખ હોઇ ॥ |
| ૧૩૩ | મિથ્યા રજ્જુસર્પવત્, તોએ દારુણ જાણ;<br>કરે મહા અનર્થ એ, થાય સર્વ હેરાન. | ૨ | જૌં સપનેં સિર કાટૈ કોઇ ।<br>બિનુ જાગેં ન દૂરિ દુખ હોઇ ॥ |
| 20<br>૧૨ | | 20<br>૧૪૨ | |
| ૬૦ | વરસ ચોરાશી હજાર, ગયાં એમ ક્ષણ માંહ્ય;<br>પૂર્વપુણ્યથી ચિત્તમાં, થયો વૈરાગ્ય ત્યાંય. | | હોઇ ન બિષય બિરાગ ભવન બસત ભા ચૌથપન ।<br>હૃદયઁ બહુત દુખ લાગ, જનમ ગયઉ હરિભગતિ બિનુ ॥ |
| ૭૫ | વૃથા ગઇ આયુ બધી, માર્યાં ફાંફાં વ્યર્થ !<br>શરણ ગ્રહી સમર્થનું, સાધ્યો કાંઇ ન અર્થ ! | | |

| અધ્યાય<br>દોહરા શ્રીગુરુલીલામૃત | દોહા શ્રીરામચરિતમાનસ<br>ચોપાઇ બાલકાંડ |
|---|---|
| 21<br>૫૬<br>૪૬ દત્ત વદે : વદ સુંદરી વર ઈપ્સિત મન જેહ;<br>અસાધ્યસાધન દેવ હું, આપીશ નિ:સંદેહ.<br>૫૫ માતાં મનમાં શું વસે, કહે નિ:શંક સુજાણ !<br>દુર્લભ ત્રિભુવનમાં નહીં, મદ્વરદાને જાણ. | 21<br>દોહા<br>૧૪૮ બોલે કૃપાનિધાન પુનિ અતિ પ્રસન્ન મોહિ જાનિ \|\|<br>માગહુ બર જોઇ ભાવ મન મહાદાનિ અનુમાનિ \|\| |
| 22<br>૫૬<br>૫૭ વળતી વિપ્રસતી વદે : જય જય જોગીરાજ !<br>માત કહી બોલાવી એ સાર્થ કરો પદ રાજ !<br>૬૦ આપસમો જગવંદ્ય જો પામું પુત્ર સુજાણ,<br>જ્ઞાનવાન્ દીર્ઘાયુષી, જન્મ સફળ છે જાણ. | 22<br>દોહા<br>૧૪૯ દાનિ સિરોમનિ કૃપાનિધિ નાથ કહઉં સતિભાઉ \|\|<br>ચાહઉં તુમ્હહિ સમાન સુત પ્રભુ સન કવન દુરાઉ \|\| |
| 23<br>૧૨<br>૫૧ એક દિવસ ક્રીડા કરે, સહસ્ર નારી સાથ;<br>સ્વચ્છંદે રેવાતટે, ભૂપ એહ વિખ્યાત.<br>૫૨ રાવણ લંકાધીશ ત્યાં, નારદવાક્યે એમ<br>આવ્યો લઢવા ગર્વથી, દેખે અર્જુન તેમ.<br>૫૩ નેત્રસંકેતે કરી સ્ત્રીહાથે બંધન;<br>આણ્યો બાંધી, પારણે લટકાવ્યો તત્ક્ષણ.<br>◈ | 23<br>૧૯૬<br>૧ પુનિ રાવન આવા તિહિ ઠાંઇ \|<br>સહસબાહુ જહં રાસ બનાઇ \|\|<br>૨ જલક્રીડા જુ કરહિં સબ નારિ \|<br>બિબિધ ભાંતિ શોભા અતિ ભારિ \|\|<br>૧૯૭<br>૫ માયા પ્રબલ મહાબલ ભારી \|<br>લંકેશ્વર કહં ધરિસિ પ્રચારી \|\|<br>૬ લૈ પુનિ બાંધી ગયો તિય પાસા \|<br>ગડનિ દેખિ સબ પરમ હુલાસા \|\|<br>◈ |

# ઉપાસનાકાંડની પૂરક માહિતી

## (૧)
## (અ. ૧૨૮ / દો.- ૫૮ થી ૭૬)

સ્વામી મહારાજનો મુકામ ચિખલદામાં શ્રીનીલકંઠેશ્વર મહાદેવના મંદિરની ઉત્તરે આવેલી ધર્મશાળામાં હતો. નિત્યપૂજા માટે સ્વામી મહારાજ પાસે અંગૂઠા જેવડી એકમુખી અને દ્વિહસ્ત દત્તમૂર્તિ હતી. રાત્રે દત્તમૂર્તિએ સ્વપ્નમાં સ્વામી મહારાજને કહ્યું કે દર વર્ષની જેમ કાલે મને અભ્યંગ સ્નાન કરાવજે. સ્વામી મહારાજે સ્વપ્નમાં જ જણાવ્યું કે સંન્યાસી પાસે અભ્યંગ સ્નાનની કેવી રીતે અપેક્ષા રાખો છો?

બીજા દિવસે શ્રી નર્મદાસ્નાન કરીને સ્વામી મહારાજ નિવાસસ્થાને આવ્યા તો દત્તમૂર્તિ તેના મૂળ સ્થાને ન હતી. એટલે સ્વામી મહારાજને અભ્યંગ સ્નાનની વાત યાદ આવી. ધ્યાનમાં બેઠા તો દત્તમૂર્તિ રિસાઇને નર્મદા કિનારે ગયેલી જણાઇ. સ્વામી મહારાજ બાળાભાઉ વૈદ્ય નામના એક ભકત સાથે નર્મદાના કિનારે ગયા. નર્મદાજળમાં દત્તમૂર્તિ હતી. સ્વામી મહારાજે હાથ ફેલાવતાં તેમના હાથમાં તરત આવી ગઇ.

મૂર્તિ લઇને સ્વામી મહારાજ બાળાભાઉ સાથે મુકામે આવ્યા. શ્રીબાળાભાઉને સ્વપ્નની વાતની ખબર પડતાં તેમના ઘરેથી તેલ, અત્તર, પંચામૃત તથા પ્રસાદ વગેરે લઇ આવ્યા. સ્વામી મહારાજે અતિ પ્રેમથી દત્તમૂર્તિને નવડાવી, અત્તર લગાવી, પુષ્પહાર ચઢાવી, નિવેદ ધરાવીને અંતરના ઉમળકાથી પૂજા કરી. તેમના મુખેથી ‘મિત્ર મિત્ર જરી ભાંડતી’વાળો અભંગ સ્ફુર્યો.

## (૨)
## (અ. ૧૨૯ / દો.- ૧૩૪ થી ૧૪૫)

સિદ્ધપુરમાં સ્વામી મહારાજનો મુકામ હાટકેશ્વરનાં મંદિરમાં હતો. આ હાટકેશ્વરનાં મંદિરમાં એક કર્ણાટકી બ્રહ્મચારીનો પણ મુકામ હતો. આ બ્રહ્મચારીએ ચાર ધામની યાત્રા પૂરી કરી હતી. ગંગોત્રી નારાયણની યાત્રા પણ પૂરી કરી હતી. તે સ્વામી મહારાજનાં પ્રવચનો સાંભળવા રોજ આવતો.

થોડા જ દિવસમાં આ બ્રહ્મચારીને સંગ્રહણીનો રોગ લાગુ પડ્યો. શરીરમાં અશક્તિ આવી ગઇ. સ્વામી મહારાજે જાણ્યું કે બ્રહ્મચારી પૂર્ણિમાના દિવસે દેહત્યાગ કરશે. બીજા લોકોને કહેવા છતાં તેની સાર સંભાળ કોઇએ રાખી નહીં. તેથી પૂ.સ્વામી મહારાજે તેની સેવા ચાકરી કરવાની જવાબદારી ગાંડા મહારાજને સોંપી. ગાંડા મહારાજે ગુરુ આજ્ઞા માથે ચઢાવી અનન્ય ભાવે સેવા કરી.

પૂનમનો દિવસ આવ્યો. બ્રહ્મચારીને શ્વાસની તકલીફ ઊભી થઇ. સ્વામી મહારાજ તેની પાસે ગયા. તેના પર જળ પ્રોક્ષણ કર્યું. બ્રહ્મચારી સાવધ થયો. તેણે આંખો ખોલી. સ્વામી મહારાજે તેને આત્માનુસંધાન સાધી

નામ સ્મરણ કરવા જણાવ્યું. નામ સ્મરણ કરતાં કરતાં તેણે દેહ છોડ્યો. યોગીને પણ દુર્લભ મૃત્યુ એ બ્રહ્મચારીને મળ્યું.

## (૩)
## (અ. ૧૩૧ / દો.- ૭ થી ૧૫)

ખેચરી મુદ્રાના અભ્યાસ માટે સ્વામી મહારાજે શ્રીઅપ્પા નિગડીકર, શ્રીવ્યંકટરાવ તથા શ્રીગાંડાબુવાને ડૉ.વિશ્વનાથ તાટકેને ત્યાં ગુના છાવણીમાં મોકલ્યા. જીભ નીચેની શિરા ખૂબ જ સાવચેતીથી કાપવાની હોય છે. ભૂલ થાય તો પ્રાણ જવાનું જોખમ પણ રહે છે.

શ્રીઅપ્પા નિગડીકર તથા શ્રીવ્યંકટરાવની શિરા કાપવામાં ભૂલ થતાં કોઇ બીજી જ શિરા કપાઇ ગઇ. કોઇ પણ ઉપાયથી લોહી વહેતું બંધ થતું ન હતું. ડૉક્ટર તાટકે ગભરાઇ ગયા. તેમણે સ્વામી મહારાજને સારંગપુર તારથી જણાવ્યું. સારંગપુર ૪૦ માઇલ (૬૦ કિ.મી.) દૂર હતું. ભકતને સંકટમાંથી બચાવવા સ્વામી મહારાજ ૪૦ માઇલ પગપાળા દોડીને હાજર થયા. તેઓશ્રીએ એકંદર પરિસ્થિતિનું નિરીક્ષણ કરી એક વનસ્પતિના રસનો લેપ કરવા જણાવ્યું. તે વનસ્પતિના રસનો લેપ કરતાં જ રકતસ્ત્રાવ બંધ થઇ ગયો.

સ્વામી મહારાજે આ ત્રણેયને યોગાભ્યાસ માટે નર્મદા કિનારે જવા જણાવ્યું. પૂ.ગાંડાબુવાએ આજ્ઞા પાળી. અપ્પા અને વ્યંકટે આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું. તેથી બન્નેનું દુઃખદ મૃત્યુ થયું.

## (૪)
## (અ. ૧૩૧ / દો.- ૨૧ થી ૨૬)

બ્રહ્માવર્તમાં અપ્પા ખાડિલકર નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેને ઝાડા વાટે લોહી પડતું હતું. તે ખૂબ જ અશકત થઇ ગયો. તેની માતાને કોઇકે ઉપાય બતાવ્યો કે રોગી પુત્ર ઉપરથી પાંચ પકવાનવાળી થાળી ઉતારીને કોઇને ખવડાવી દો તો તારો પુત્ર સાજો થશે. અપ્પાની માતા આવો અઘોરી ઉપાય કરવા તૈયાર થઇ.

અપ્પા પરથી પકવાનવાળી થાળી ઉતારીને વ્યંકટને જમવા બોલાવ્યો. તે થાળી વ્યંકટરાવને ભિક્ષા સમયે આપી. આથી અપ્પાનો રોગ દૂર થયો પરંતુ વ્યંકટને લાગુ પડ્યો. તે રોગથી વ્યંકટરાવ ખૂબ જ હેરાન થયો. સ્વામી મહારાજે તેને જણાવ્યું કે રોગી ઉપરથી ઉતારેલું અન્ન તને કોઇએ ખવડાવ્યું છે. આથી તને આ રોગ લાગુ પડ્યો છે. આ રોગમાંથી તું મુકત થાય તેવાં કોઇ ચિહ્ન દેખાતાં નથી.

સાજા થવા વ્યંકટરાવે ઘણા પ્રયત્નો કર્યા. પણ તેમાં સફળતા મળી નહિ. તે રોગમાં જ વ્યંકટરાવનું મૃત્યુ થયું.

વ્યંકટરાવે આમ તો સ્વામી મહારાજ પાસેથી યોગદીક્ષા લીધી હતી. ગાંડા મહારાજ અને અપ્પા નિગડીકર સાથે તે જીભનું છેદન કરાવવા ગુના છાવણીમાં ડૉ.તાટકે પાસે ગયો હતો. અપ્પા અને વ્યંકટરાવ બંનેને નર્મદા કિનારે યોગાભ્યાસ માટે જવા કહ્યું હતું પરંતુ સ્વામી મહારાજનું ન માનવાથી વ્યંકટની આ માઠી દશા થઇ.

## (૫)
## (અ. ૧૩૩ / દો.- ૧ થી ૩)

સ્વામી મહારાજ બ્રહ્માવર્તથી ફાગણ માસના છેલ્લા દિવસોમાં નીકળ્યા. પ્રયાગમાં ત્રિવેણીસંગમમાં સ્નાન કરીને સંવત ૧૯૬૧ના ચૈત્ર સુદ આઠમના રોજ કાશી આવી પહોંચ્યા. મણિકર્ણિકા ઘાટે સ્નાન કરીને વિશ્વેશ્વરનાં દર્શન કર્યાં અને તારકમઠમાં મુકામ કર્યો.

કાશીના વિદ્વાનો તથા સંન્યાસીઓ ઘણાં વર્ષોથી સ્વામી મહારાજની રાહ જોતા હતા. સ્વામી મહારાજ આવતાં જ વિદ્વાનો અને સંન્યાસીઓ તેમનાં દર્શને આવવા લાગ્યા.

જેમના ચાલીસ (૪૦) ચાતુર્માસ થયા છે તેવા એંસી વર્ષના પ્રસિદ્ધ સંન્યાસી શ્રીસ્વયંપ્રકાશ સ્વામીએ તો સ્વામી મહારાજને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને સ્વામી મહારાજની ના હોવા છતાં જાહેરમાં તેમનું ગૌરવ કર્યું.

સ્વામી મહારાજ સ્વયંપ્રકાશ સ્વામીને વંદન કરવા ઊઠ્યા ત્યારે સ્વયંપ્રકાશ સ્વામીએ તેમને હાથ વડે નીચે બેસાડીને કહ્યું કે તેઓ તેમનાં વંદનનો સ્વીકાર નહીં કરે.

આ પછી કાશીના દોઢસોથી બસો સંન્યાસીઓ દર્શને આવ્યા. સ્વામી મહારાજનું જાહેર સન્માન થયું. સ્વામીજી અહીં ઘણું રોકાશે એમ જણાતું હતું. પરંતુ દત્તપ્રભુની આજ્ઞા થતાં ત્રણ રાત્રીનો મુકામ કરીને પંચકોશીની યાત્રાએ ગયા.

શિનોરમાં સ્વામી મહારાજ લીલાનંદ સરસ્વતીને વંદન કરતા. કારણ કે તેમના ચાતુર્માસ વધારે હતા જ્યારે અહીં તો સ્વયંપ્રકાશ સ્વામીના ચાતુર્માસ સૌથી વધુ હોવા છતાં તેઓ નમ્ર થઇને સ્વામી મહારાજને વંદન કરતા.

## (૬)
## (અ. ૧૩૩ દો.- ૨૧ થી ૨૪)

ઇંદોર સંસ્થાનું ગામ બઢવાઇ નર્મદાકિનારા પર આવ્યું છે. અહીં ખેડેઘાટમાં ઇ.સ. ૧૯૦૦માં ધર્મશાળા નજીક એક ઝૂંપડીમાં સ્વામી મહારાજ રહ્યા. ઝૂંપડી ગામથી બે માઇલ દૂર હતી. આ સ્થળ નર્મદાકિનારે એકાંતમાં હતું.

લોકોની ઉપાધિ ન થાય તે માટે એકાંતમાં સ્થળ પસંદ કર્યું હતું. પરંતુ અહીં પણ લોકો ભેગા થયા. "હવે ક્યાં જવું?" એમ ભગવાનને પ્રશ્ન કરતાં ભગવાને કહ્યું કે "તું જ્યાં પણ જઇશ ત્યાં લોકો આવશે જ. આથી ગામની

નજીક નિવાસ કરવો".

બઢવાઇમાં ચાતુર્માસ નક્કી થતાં દૂર દૂરથી ભકતો, વિદ્વાનો અને પંડિતો દર્શન માટે આવવા લાગ્યા. ઇંદોરથી સખારામ શાસ્ત્રી, ટીલ્લુ, હિંગોલીથી હણમંત શાસ્ત્રી, ગુજરાતમાંથી ગાંડાબુવા, પૂર્વાશ્રમના બંધુ સીતારામ મહારાજ, નરસોબા વાડીમાંથી નંદગાંવકર અને બ્રહ્માવર્તથી નાના શાસ્ત્રી આવ્યા હતા.

## (૭)
## કૃષ્ણાલહરી
## (અ. ૧૩૬ / દો.- ૭૯ થી ૮૦)

વાડીના બ્રાહ્મણોએ સ્વામી મહારાજ પાસે ગંગાલહરીની જેમ કૃષ્ણાનદી માટે એક સ્તોત્ર લખવા વિનંતી કરી. પરંતુ ઇશ્વરની આજ્ઞા સિવાય સ્વામી મહારાજ કોઇ સાહિત્ય કૃતિની રચના કરતા નહીં.

ગાણગાપુર જતાં સ્વયં કૃષ્ણામાતાએ દર્શન આપ્યાં અને કૃષ્ણાલહરી લખવા આજ્ઞા કરી. સ્તોત્ર લખતી વખતે સ્વયં કૃષ્ણામાતા ત્યાં હાજર હતાં. તેમનું સ્વરૂપ જોઇને સ્વામી મહારાજે તે કાવ્યની રચના કરી. તેમાં આધિભૌતિક, આધિદૈવિક તથા આધ્યાત્મિક સ્વરૂપનો સમાવેશ થાય છે. એકાવન (૫૧) શ્લોકો પૂરા થતાં કૃષ્ણામાતાએ 'બસ' કહ્યું અને અંતર્ધાન થયાં.

## (૮)
## દ્વિસાહસ્રીનો સ્વાહાકાર
## (અ. ૧૩૮ / દો.- ૮૯ થી ૯૭)

સાવંતવાડીના શ્રીનારાયણ ઉકિડવેને દત્ત ભગવાને દ્વિસાહસ્રીનો સ્વાહાકાર કરવા સ્વપ્નમાં દૃષ્ટાંત (સ્વપ્નમાં આદેશ) આપ્યો. તેઓએ શ્રીગુરુની આજ્ઞા માગી. પ.પ.સ્વામી મહારાજે સ્વાહાકાર કરવાની ના પાડી અને કહ્યું કે એને બદલે તમારી ઇચ્છા હોય તો શ્રીગુરુચરિત્રનાં ૧૦ પારાયણ કરી બ્રહ્મભોજન કરાવો.

શ્રીનારાયણ ઉકિડવેના પત્રના બદલામાં પ.પ.સ્વામી મહારાજે નીચે પ્રમાણે પત્ર લખ્યો.

પવની

શ્રાવણ સુદ-૯

"મંત્રશાસ્ત્રમાં મનુષ્યો દ્વારા રચિત ગ્રંથનું અનુષ્ઠાન ન કરવું તેમ છે. તો પછી સ્વાહાકાર તો ન જ થઇ શકે. વળી આ ગ્રંથ મેં રચ્યો તેવું પણ અભિમાન નથી. શ્રીગુરુની જેમ ઇચ્છા હોય તેમ થાવ. સ્વાહાકાર માટે અનુમોદન આપવા ઇચ્છા થતી નથી. શ્રીગુરુચરિત્ર (ગ્રંથ) સ્વાહાકાર અંગે જાતે નિરાધાર. (તેમાં આ વિશે કશું કહેવામાં નથી આવ્યું.) માટે જ આધારભૂત રીતે કશું કહી શકાય નહીં. માટે જ દેવતા (નિર્વાપ), હવન, પ્રકાર ઇત્યાદિ વિશે અપ્રમાણિક એવું કશું જ કહી ન શકાય".

**નારાયણ.**

## (૯)
## (અ. ૧૩૯)

પવનીમાં ચાતુર્માસ કર્યા પછી સ્વામી મહારાજ બોરી ગાંવ થઇને ગોદાવરીના કિનારે જવાના હતા. ગાંડાબુવા પણ સાથે હતા. ગાંડાબુવાએ પ્રસ્તાવ મૂક્યો કે માહૂરગઢ થઇને જઇએ તો દત્ત દર્શનનો લાભ થશે. જો કે આ માટે સ્વામી મહારાજે ગાંડાબુવાને પૂછ્યું ન હતું. પૂછ્યા વગર ગુરુને સૂચન કરવું એ અવિવેક છે. શું સ્વામી મહારાજને ખબર નહીં હોય કે માહૂરગઢમાં દત્ત મહારાજનો નિવાસ હોય છે?

સ્વામી મહારાજ શરભંગ ઋષિના આશ્રમે દર્શન કરીને ઉનકેશ્વર થઇ માહૂરગઢ આવ્યા. સ્વામી મહારાજ તથા બીજા ભકતો ગઢ ઉપર જઇને અત્રિ ઋષિ, અનસૂયા માતા, શ્રીરેણુકાદેવી તથા દત્ત ભગવાનનાં દર્શન કરી આવ્યા. ગાંડાબુવા બીમાર પડ્યા અને ગઢ ચઢી શક્યા નહીં તથા દત્ત દર્શનથી વંચિત રહ્યા. "દત્ત દર્શનનો લાભ મળશે" એવો પ્રસ્તાવ મૂકનાર ગાંડાબુવા જ દર્શનના લાભથી વંચિત રહ્યા.

## (૧૦)
## (અ. ૧૪૨ / દો.- ૧૦૩ થી ૧૦૮ અને અ. ૧૪૩ / દો.- ૧ થી ૨)

શિરોળ ગામના શ્રી શંકરરાવ કુલકર્ણી શ્રીમંત હોવા છતાં તેમનામાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. જ્ઞાનેશ્વરી, દાસબોધ આદિ ગ્રંથો વાંચીને તેમને યોગાભ્યાસની ઇચ્છા થઇ. કાશીના તારકમઠનિવાસી શ્રીપ્રજ્ઞાનંદ સરસ્વતી સ્વામી મહારાજને પૂછતાં તેઓશ્રીએ બ્રહ્માવર્તમાં નિવાસ કરતા શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ પાસે જવા સલાહ આપી.

સ્વામી મહારાજ પાસે જઇને દંડવત્ પ્રણામ કરીને યોગશિક્ષણ આપવાની વિનંતી કરી. સ્વામી મહારાજે તેમને ષટ્ક્રિયા શીખવાડી. આગળ જતાં સ્વામી મહારાજે જણાવ્યું કે સાચો આનંદ વેદાન્તના અભ્યાસ વિના શક્ય નથી. આથી વેદાન્ત ગ્રંથોના અભ્યાસ માટે તેઓને શ્રીએકસંબેકર શાસ્ત્રી પાસે મોકલ્યા.

શ્રીનારાયણરાવ એકસંબેકર પાસે શાસ્ત્રાભ્યાસ પૂરો થયો. આ પછી સ્વામી મહારાજે સ્વહસ્તે લખેલી બ્રહ્મસૂત્રની પોથી શ્રીશંકરરાવને મોકલાવી. આ શાંકરભાષ્યની પોથી શ્રીશંકરરાવને મળ્યા પછી શૃંગેરી મઠમાં જગદ્ગુરુની પીઠ ઉપર બિરાજવાનો યોગ આવ્યો અને જગદ્ગુરુ થયા. શૃંગેરી મઠના જગદ્ગુરુ ઘણીવાર ભકતોને કહેતા કે ભવિષ્યમાં મારે જગદ્ગુરુની પીઠ પર બેસવાનું છે એવું જાણીને જ સ્વામી મહારાજે મને શાંકરભાષ્યની પોથી આપી હતી અને એ પોથી મળ્યા પછી જ તેઓ શૃંગેરી મઠના જગદ્ગુરુ શંકરાચાર્ય બન્યા હતા.

## (૧૧)
## (અ. ૧૪૩ દો.- ૫૧ થી ૬૦)

સ્વામી મહારાજે ઇ.સ. ૧૯૧૧માં કુરુગડ્ડીનો ચાતુર્માસ કર્યો. સ્વામી મહારાજ ત્યાં પહોંચ્યા તે પહેલાં દુષ્કાળ હતો. સ્વામી મહારાજે ત્યાં આવીને ભકતો પાસે ઋષ્યશૃંગ મંત્રનું અનુષ્ઠાન કરાવ્યું. આથી તે વિસ્તારમાં પુષ્કળ વરસાદ થયો.

સ્વામી મહારાજે પ્રથમ દિવસે ત્યાંના પૂજારીને ત્યાં ભિક્ષા લીધી. ત્યાં પૂજારીનાં બે જ ઘર હોવાથી બીજે દિવસે ભિક્ષા ન કરી. પૂજારીઓનો શૂદ્રવત્ આચાર જોઇને સ્વામી મહારાજ નારાજ થયા. શ્રીપાદશ્રીવલ્લભે સ્વામી મહારાજને દષ્ટાંત (સ્વપ્નમાં આદેશ) આપીને જણાવ્યું, "મારા પ્રિય રજક ભકતે દાનમાં આપેલી જમીનની આવકમાંથી મંદિરનો થાળ તથા નંદાદીપની વ્યવસ્થા થાય છે. મને તે પ્રિય છે, તમને ન ગમવાનું કારણ? અહીં દ્રવ્ય શુદ્ધિ અને ભાવ શુદ્ધિ છે, તેથી અહીં ભિક્ષા લેવામાં વાંધો નથી".

સ્વામી મહારાજ કુરુગડ્ડીમાં રોજ સમાધિ લગાવતા. એક દિવસ સમાધિમાં સ્વામી મહારાજ પર મરેલી ચકલી, પક્ષીઓનાં ઇંડાં તથા વિષ્ટા પડી. સ્વામી મહારાજે આવી ગંદી ચીજો ધ્યાનાવસ્થામાં જ હાથથી દૂર હડસેલી દીધી. દત્ત ભગવાને સ્વામી મહારાજને જણાવ્યું કે તેં તો આવો કચરો દૂર ફેંકી દીધો પરંતુ મારા પર રોજ આવી ગંદકી પડે છે તે હું કયાં ફેંકું? તને આ પરિસ્થિતિની ખબર પડે તે માટે જ મેં આ ગંદી ચીજો તારા પર ફેંકી છે.

સ્વામી મહારાજે જયારે મંદિરમાં જોયું ત્યારે ત્યાં આવી બધી વસ્તુ પડેલી હતી. સ્વામી મહારાજે પછી બધું વ્યવસ્થિત કરાવ્યું.

## (૧૨)
## (અ. ૧૪૪ / દો.- ૧ થી ૩)

પ.પ.વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના પૂર્વાશ્રમના નાનાભાઇ સીતારામના મનમાં એક મોટા યજ્ઞનું આયોજન કરવાની ઇચ્છા હતી. સ્વામી મહારાજની રજા લઇને અને સ્વામી મહારાજ યજ્ઞમાં હાજર રહેશે એવી સંમતિ મેળવીને એમણે રાજૂર ગામે સ્વાહાકારનું આયોજન કર્યું.

રાજૂરમાં સીતારામ મહારાજ (સ્વામી મહારાજના નાનાભાઇ)નો મઠ હતો. મઠની સામે પ્રાંગણમાં મોટો મંડપ રચી તેને ભવ્ય રીતે શણગારવામાં આવ્યો હતો. મંડપની વચમાં યજ્ઞકુંડની રચના કરવામાં આવી. મંડપની બાજુમાં ત્રણ ચાર ઓરડીઓ બાંધવામાં આવી.

યજ્ઞ કેટલા મોટા પાયા પર હતો તેનો થોડોક ખ્યાલ નીચેની વિગત ઉપરથી આવશે :-

રસોઇયા-૫૦, મીઠું (નમક) પીરસનારા-૫૦, ભાત પીરસનારા- ૫૦૦, ઘી પીરસનારા- ૩૦૦, બીજું પીરસનારા-૩૦૦.

દક્ષિણા માટે કોથળાઓ ભરીને નાણાં ઓટલા પર હારબંધ ગોઠવ્યાં હતાં. બ્રાહ્મણો અને સૌભાગ્યવતી સ્ત્રીઓ માટે વસ્ત્રો, સાડીઓ પણ ઘણી સંખ્યામાં હતાં.

સીતારામ મહારાજે શુભમુહૂર્ત પર સ્વામી મહારાજની પૂજા કરીને સ્વાહાકારની શરૂઆત કરી. બપોર સુધી હવન ચાલુ રહેતો. તે પછી શ્રીઅન્નપૂર્ણા દેવીનું પૂજન થતું. પછી સહુ પ્રથમ સ્વામી મહારાજ આદિ સંન્યાસી ત્રિમૂર્તિને ભિક્ષા પીરસાતી. પછી બીજા બ્રાહ્મણો પ્રસાદ ગ્રહણ કરવા પંગતમાં બેસતા.

ટાંકળીના સંત શ્રીદાજી મહારાજ ઉપરાંત બીજા ઘણા સંતો સ્વામી મહારાજ સાથે ભિક્ષા લેતા. અતિથિને ભોજન, દક્ષિણા તથા પાનનાં બીડાં આપવામાં આવતાં.

ભોજન પછી સભામંડપમાં ભજન થતું. ઘી અને તેલની ભવ્ય દીપમાળાઓ થતી. સાત દિવસના સ્વાહાકારમાં લાખથી પણ વધુ બ્રાહ્મણોને ભોજન થયું. અઢળક-દક્ષિણા આપી. ધૂમધામથી થયેલા સ્વાહાકારમાં ધૂમ ખર્ચો કર્યા પછી પણ પહેલાંનાં જેટલું અનાજ અને દ્રવ્ય વધ્યું. શ્રીદાદાપુરાણિક જેવા સત્ શીલવાન, વૈદિક અને આચારનિષ્ઠ બ્રાહ્મણનું દેવું દૂર થાય એ હેતુથી એમને રૂ. ૧૭,૦૦૦ (સત્તર હજાર રૂપિયા)ની દક્ષિણા આપી.

## (૧૩)
## (અ. ૧૪૭ / દો.- ૧ થી ૯)

ઇ.સ. ૧૯૧૪ એટલે કે સંવત ૧૯૭૦ના વૈશાખ મહિનામાં અતિસારના રોગથી સ્વામી મહારાજનું શરીર વધુ ને વધુ ક્ષીણ થતું ગયું. સ્વામી મહારાજનું સ્વાસ્થ્ય સારું થાય તે માટે નરસોબા વાડીના પૂજારીઓએ ભગવાન પર સતતધાર અનુષ્ઠાન શરૂ કર્યું. સ્વામી મહારાજને આ વાતની જાણ થતાં તેમણે ભગવાનને આ રીતે ત્રાસ ન આપવા જણાવ્યું અને કહ્યું કે હવે આ શરીર થોડો સમય જ ટકવાનું છે.

“દત્તમૂર્તિનું શું કરવું?” તેમ ભગવાનને પૂછતાં દત્તપ્રભુએ જણાવ્યું કે “મારે ગરુડેશ્વરમાં જ લીલા કરવી છે”. એટલે પછી ભક્તોએ ભગવાન આગળ મૂકેલા પૈસા નૃસિંહવાડી મોકલવાનું બંધ કર્યું.

સ્વામી મહારાજ છેલ્લો મહિનો પથારીવશ જ રહ્યા. પત્રનો જવાબ પણ બીજા પાસે લખાવતા. ગરુડેશ્વરમાં શ્રીલલિત નામે એક ઉત્તમ જ્યોતિષી આવ્યા હતા. એમણે ભક્તોના પ્રશ્નના જવાબમાં કહ્યું કે સ્વામીજી માટે જેઠ મહિનો અનુકૂળ નથી. જેઠ મહિનો પસાર થઇ જાય તો પછી સ્વામીજીને આરામ થશે.

## (૧૪)
## (અ. ૧૪૭ / દો.- ૩૪ થી ૩૮)

પૂ.ગાંડાબુવાની પ.પ.સ્વામી મહારાજ સાથેની પ્રથમ મુલાકાત-દર્શન.

પૂ.ગાંડાબુવા-ગાંડા મહારાજનું મૂળ નામ કલ્યાણજી ડાહ્યાભાઇ દેસાઇ. મૂળ વતન સુરત પાસેનું તલંગપુર ગામ. સંવત ૧૯૨૪ની દત્તજયંતી એટલે કે તા. ૨૯-૧૧-૧૮૬૮ એ એમનો જન્મ દિવસ. એને લાડમાં ઘરમાં અને ગામમાં બધા ગાંડાના નામે બોલાવતા.

પૂર્વ જન્મના પુણ્યબળે પરમાત્માની શોધની તમન્ના જાગી. સદ્‌ગુરુની શોધ કરવા લાગ્યા. વ્યાસ, શુકદેવ અને અનસૂયાક્ષેત્રમાં નર્મદાસ્નાન કરીને શિનોર આવ્યા. શિનોરમાં તેમને સમાચાર મળ્યા કે શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજનો મુકામ શિનોરમાં માર્કંડેશ્વરના મંદિરમાં છે. એમને એ જાણીને ખૂબ જ આનંદ થયો.

શિનોરમાં માર્કંડેશ્વરના મંદિરમાં સ્વામી મહારાજનો રોજનો ભાષ્યપાઠ ચાલુ હતો. સ્વામી મહારાજે ત્યાંના નિવાસી શ્રીરામ શાસ્ત્રીને જણાવ્યું કે એક-બે દિવસમાં જ આ વિસ્તારમાં ભટકતો રહેતો, ઓછું ભણેલો (અક્ષરશત્રુ) આવશે. રામ શાસ્ત્રીને થયું કે કોઇ પૂર્વ પરિચિત વ્યક્તિ હશે.

દત્ત ભગવાને મુલાકાતના આગલે દિવસે પૂ.સ્વામી મહારાજને કહ્યું હતું કે આવનાર શિષ્ય જીવનની અંતિમ ક્ષણો સુધી તમારી સાથે રહેશે. સ્વામી મહારાજે ગાંડાની આકરી કસોટી કરવાનો નિર્ણય કર્યો.

બે ત્રણ દિવસમાં જ એક મધ્યમ વયનો, સુકલકડી ગુજરાતી બ્રાહ્મણ સ્વામી મહારાજનાં દર્શને આવ્યો. એ ગુજરાતી બ્રાહ્મણ તે બીજો કોઇ નહીં પણ કલ્યાણજી દેસાઇ-ગાંડો. એની સાથે પૂ. સ્વામી મહારાજ આઠ દિવસ બિલકુલ બોલ્યા નહીં. રોજ સવારે તે બ્રાહ્મણ સ્નાન કરીને માર્કંડેશ્વરના મેડા પર સ્વામી મહારાજના નિવાસે આવીને એક ખૂણામાં બેસતો. સ્વામી મહારાજ ભિક્ષા માટે જાય એટલે તે બ્રાહ્મણ ક્યાંક ભોજન કરી લેતો અને સ્વામી મહારાજ ભિક્ષા કરીને પાછા આવે તે પહેલાં આવી જતો. સ્વામી મહારાજ બીજા ભક્તો સાથે વાર્તાલાપ કરતા પણ ગાંડા સાથે બિલકુલ બોલતા નહીં.

આઠ દિવસની ઉપેક્ષા પછી એક દિવસ સ્વામી મહારાજ કલ્યાણજીને ઉદ્દેશીને બોલ્યા, “અહીં આવીને તું કેમ બેસે છે? તારી શી ઇચ્છા છે?” એના જવાબમાં કલ્યાણજી-ગાંડાએ કહ્યું કે “આ સમર્થ ચરણકમળ મને ભવસાગર પાર કરાવશે તે વિશ્વાસે હું આપના શરણે આવ્યો છું”. પોતાના જીવનની વાત કર્યા પછી કહ્યું કે મને નર્મદા તીરે વસતા સંત પાંડુરંગ બાબાએ કહ્યું કે તું નેમાવર જઇને તપસ્યા કર. ત્યાં તને સદ્‌ગુરુની ભાળ મળશે. આમ નેમાવરમાં સિદ્ધનાથ મંદિરમાં જપાનુષ્ઠાન કરી રહ્યો હતો, ત્યાં જ આપના સમાચાર મળ્યા. એટલે હું આપને શરણે આવ્યો છું.

સ્વામી મહારાજે ગાંડાને નિકોરા ગામે યોગદીક્ષા આપી અને કહ્યું કે હવે તું મને દ્વારકામાં ચાતુર્માસ દરમ્યાન મળજે.

## (૧૫)
## (અ. ૧૪૭ / દો.- ૫૩ થી ૫૬)

નિકોરા ગામે ગાંડાને યોગદીક્ષા આપીને સ્વામી મહારાજે એને માતા પિતા પાસે પાછા જવા કહ્યું અને એની માફી માગી, પછી દ્વારકામાં ચાતુર્માસ દરમ્યાન મળવા કહ્યું.

સ્વામી મહારાજે ગરુડેશ્વરમાં સમાધિ લેતાં પહેલાં ફરી પાછા ગાંડાબુવાને બોલાવ્યા. ગરુડેશ્વરમાં ગાંડાબુવા બે-ત્રણ વાર દર્શને ગયા હતા પરંતુ સ્વામી મહારાજ તેમને પિતાની સેવા કરવાનું જણાવી પાછા મોકલતા. પિતા બ્રહ્મલીન થાય પછી સંન્યસ્ત લેજે એમ પણ કહ્યું. ગરુડેશ્વરથી ભરુચ આવીને પિતાની સેવામાં રોકાયા. પિતા ડાહ્યાભાઇ પણ આધ્યાત્મિક પંથના તીવ્ર સાધક હતા. અંત સમય પહેલાં એમણે આતુર સંન્યાસ લીધો. તેમના દેહ વિલય પછી સંન્યાસીને શોભે તેવી સમારાધના કરવામાં આવી. નિર્વાણદિને પ્રસાદ તરીકે એક મણનો શીરો વહેંચ્યો. તેરમાના દિવસે સમારાધનામાં ત્રણ હજાર માણસોએ પ્રસાદ લીધો.

ગાંડાબુવાએ હજી સંન્યાસ લીધો ન હતો. તેમણે સંવત ૧૯૭૫ના માઘ મહિનાના વદ પક્ષમાં ભરુચમાં સંન્યાસ લીધો. પ્રાયશ્ચિત્ત વિધિ શ્રીભાલચંદ્ર શુકલે કરાવી. ડાકોરના શ્રીકૃષ્ણાનંદ સરસ્વતી પાસેથી નામાભિધાન અને દંડદીક્ષા લીધી. તેમનું નામાભિધાન યોગનંદ સરસ્વતી કરવામાં આવ્યું.

ગાંડા મહારાજે મહારાષ્ટ્રમાં ગોદાવરી નદીના કાંઠે આવેલા ગુંજ ગામમાં સમાધિ લીધી. સંવત ૧૯૮૫ના ફાગણ વદ ૧૨ના રોજ એટલે કે તા. ૬-૪-૧૯૨૯ના રોજ ગાંડા મહારાજે સમાધિ લીધી.

ગાંડા મહારાજે સ્વામી મહારાજની લીલાનું મરાઠીમાં ગદ્યમાં વર્ણન કર્યું હતું. એનું એક સજ્જન ભક્તે મરાઠી ઓંવીમાં રૂપાંતર કર્યું. એ ગ્રંથને તપાસી જવા અને જરૂરી સુધારા કરવા સ્વામી મહારાજે પ.પૂ.બાપજીને સ્વપ્નમાં દષ્ટાંત (સ્વપ્નમાં આદેશ) આપી ગાંડા મહારાજ પાસે મોકલ્યા.

આ ગ્રંથને મઠાર્યા પછી એનાં પ્રૂફ જોવાની અને છપાઇને તૈયાર થાય ત્યાં સુધીની બધી જવાબદારી પ.પૂ.ગાંડા મહારાજે પ.પૂ.બાપજીને સોંપી. પ.પૂ. બાપજી આ ગુરુમૂર્તિચરિત્ર ગ્રંથ છપાવવા માટે ભરુચ ગયા અને ત્યાં છએક મહિના રહ્યા અને ગ્રંથ તૈયાર થતાં ભગવાનને ગ્રંથ વાંચી સંભળાવ્યો-પ્રથમ પારાયણ કર્યું. (જુઓ આ જ ગ્રંથનું ટાઇટલ પેજ નં.- ૪)

ગાંડા મહારાજની બહેન જમના બહેનના લગ્ન ભરુચમાં કલ્યાણજી નિછાભાઇ દેસાઇ સાથે થયાં હતાં. પ.પૂ.શ્રીરંગ અવધૂત મહારાજને દત્તપુરાણનો ગ્રંથ એમની પાસેથી જ મળ્યો હતો અને જયારે ગુરુમૂર્તિચરિત્ર ગ્રંથ

છપાવવા માટે ભરુચ રહ્યા ત્યારે એમના ઘરે ભિક્ષા કરવા જતા.

આ ગુરુમૂર્તિચરિત્ર ગ્રંથના આધારે જ ઉપાસનાકાંડ તૈયાર થયો. આ ગુરુમૂર્તિચરિત્ર ગ્રંથમાં ૧૩૫ અધ્યાય અને ૧૪,૮૮૩ ઓંવી છે.

શ્રીગાંડા મહારાજે એમના ગુરુ પ.પૂ.શ્રીકૃષ્ણાનંદજીએ લખેલા 'અજ્ઞાન તિમિર દીપક' નામના ગ્રંથ ઉપર મરાઠીમાં ટીકા લખી છે. આ મરાઠીનું ગુજરાતીમાં ભાષાંતર પણ થયું છે.

## (૧૬)
## (અ. ૧૪૭ / દો.- ૭૦ થી ૭૭)


જેઠ વદ અમાસના રોજ સ્વામી મહારાજનું શરીર વધારે ક્ષીણ થયું. નરસોબા વાડીના પૂજારી શ્રીઅપ્પા શાસ્ત્રી જેરેને પોતાની પાસે બોલાવીને કહ્યું કે પૂર્વે તેઓ ગૃહસ્થાશ્રમમાં હતા ત્યારે કોકે તેમના પર અભિચાર મંત્ર પ્રયોગ કર્યો હતો. તેઓએ ધાર્યું હોત તો તેનું વારણ કરી શકયા હોત. પરંતુ દરેકમાં ઇશ્વર સમાયેલો છે તે ન્યાયે કોઇનું પણ બૂરું ઇચ્છ્યું નથી કે કર્યું નથી. આજે અમાવાસ્યા પૂરી થયે આ સ્થૂળ દેહનો ત્યાગ કરવાનો છે તેમ શ્રીગુરુએ જણાવ્યું.

અમાવાસ્યા પૂરી થઇ અને એકમ શરૂ થતાં ભગવાન સામે બેસી દીર્ઘ પ્રણવોચ્ચાર સાથે દેહનો ત્યાગ કર્યો. આ સમયે આષાઢ સુદ એકમને મંગળવાર હતો. રાત્રીના અગિયાર વાગ્યા હતા.

બીજા દિવસે ગુરુમહારાજના દેહ પર પવમાન, પુરુષ સૂક્ત અને રુદ્રીનો અભિષેક કરવામાં આવ્યો. ષોડશોપચારે પૂજા કરવામાં આવી. ગળામાં બીલી, તુલસી તથા પુષ્પની માળા પહેરાવવામાં આવી.

દેહને પુષ્પાસન પર ગોઠવવામાં આવ્યો. પાર્થિવ દેહને વાજતે ગાજતે નર્મદાતીરે લઇ જવામાં આવ્યો. ત્યાં ફરી પૂજા કરવામાં આવી. નૈવેદ્ય, તાંબૂલ, ફળ, દક્ષિણા સમર્પણ કરવામાં આવ્યાં.

દંડના ત્રણ ટુકડા કરી તે ટુકડાને પલાંઠી પર મૂકવામાં આવ્યા. કમંડલુમાં છિદ્ર પાડવામાં આવ્યું અને તે કમરે બાંધવામાં આવ્યું. પાર્થિવ શરીર નર્મદાને અર્પણ કરવાનું હોવાથી તે શરીર જળસપાટી પર ન આવે તે માટે તેને દોરીથી પથ્થર સાથે બાંધવામાં આવ્યું. છેલ્લે તે અતિ પવિત્ર શરીર નર્મદાને અર્પણ કરવામાં આવ્યું. જળસમાધિ આપ્યા પછી બધા જ ભકતો ગુરુસ્મરણ કરતા અને ગુરુનાં યશોગાન ગાતા સ્વસ્થાને પાછા ફર્યા.



**પૂ. શ્રી પ્રેમઅવધૂતજી** (લીંચ)

નિર્મળ હૈયું નિર્મળ વાણી નયને પ્રેમતણી સરવાણી
વિચાર ઊંચા, જીવન સાદુ, એવું જીવે સાચો સાધુ.


# સ્મરણાંજલિ

## કાયદા-કાનૂનમાં અતિ પ્રવિણ
## પરમ રંગભક્ત મોતીલાલ વીણ



**ભરુચના નામાંકિત વકીલ શ્રીમોતીલાલ વીણ.**

જન્મ : ૨૧-૧૨-૧૮૮૧ ] [ મૃત્યુ : ૩૧-૪-૧૯૬૭



ભગવાન રંગઅવધૂતજીને વંદન કરતા

૧. સંગીત સમ્રાટ પંડિત ઓમકારનાથજી સાથે

૨. મા. શ્રીમોતીલાલ વીણ અને

૩. ડૉ. રણજીતભાઈ ભટ્ટ

ડૉ. દિલીપ ભટ્ટ

સૌ. હર્ષિદા ભટ્ટ

(અમેરિકા)

# વંદનાષ્ટક



આજ્ઞા કરે અવધૂતને જે ગ્રંથ રચવા સ્વપ્નમાં,
ને દે ચરિતામૃત ઘડો જાતે જઈને હાથમાં,
તું પાન કર, પીવાડ જેને હોય તૃષા - વેદના,
એ દત્ત **વાસુદેવના** શ્રીપાદપદ્મે વંદના. .....(૧)



આદેશ ગુરુનો શિર ધરી, જે ગ્રંથની રચના કરે,
ને દોહરા છંદે, છલોછલ બ્રહ્મરસ એમાં ભરે,
જીવન સફળ પારાયણે એ જ્ઞાન, કર્મ, ઉપાસના,
દત્તાવતારી **રંગના** ચરણારવિંદે વંદના. .....(૨)



આ દિવ્યભાષા દોહરાની ના બધા સમજી શકે,
સત્ત્વર રૂપાંતર ગદ્યમાં એનું કરી નાંખો તમે,
આજ્ઞા કરીને જે કરે કૃપા અમીના છાંટણા,
એ સદ્‌ગુરુ **શ્રીપ્રેમ**ના પાદાબ્જે હો મમ વંદના. .....(૩)



અત્રિજ ને સુત અનસૂયાના, જ્ઞાનના અવતાર જે,
અર્જુન આયુ અલર્કને યદુનો કરે ઉદ્ધાર એ,
પ્રહ્‌લાદ પરશુરામને એની કૃપાની ઝંખના,
એ દેવ **દત્તાત્રેય**ના હો ચરણકંજે વંદના. .....(૪)





લીલા કરે કુરવપુરે ને એ જ પાછા અવતરે,
જઈ ગાણગાપુર વાડીમાં કંઈ દિવ્ય લીલા આચરે,
તાર્યા ઘણાં ભક્તો, હર્યા વળી દુઃખડા કંઈ રંકના,
**શ્રીપાદ નૃસિંહ સરસ્વતી**નાં પદસરોજે વંદના. .....(૫)





પાપીગણુ પરિવારના સંકટભર્યા દિવસોમહી,
સુકાન લઈને હાથમાં, જે સાચવે પડખે રહી,
ક્યાંથી ભૂલું હું એ બધા ઉપકાર સાચા સંતના,
**પાગલ પ્રકાશાનંદ**ના આ ચરણકમળે વંદના. .....(૬)





સારાંશ ગ્રંથતણો લખે બે વાર જો **પાપીગણુ,**
એ બીજમાંથી ફૂટતું આ વૃક્ષ ગદ્યાંતર તણુ,
જેણે સિંચ્યા સંસ્કાર એ માતા **જયાની** અર્ચના,
એવા રૂડા માતા-પિતાના ચરણકંજે વંદના. .....(૭)

પરિવાર કેરી હૂંફ ને જ્યાં મદદ કરતી અંજની,
લ્હાવો બન્યો આ કાર્ય જાણે ગાઉં હું શિવરંજની,
'સત્કાર્ય છે આશિષ સ્વયં' ચાલુ રહે એ પ્રાર્થના,
સહુમાં નિહાળી **રંગ**ને, સહુની કરું હું વંદના. .....(૮)

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય.

|| શ્રી ગણેશાય નમઃ ||

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત
શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર.

## અનુક્રમણિકા



| અનુ. નં. | વિગત | દોહરા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | અધ્યાય-૧૨૮ | ૧૨૪ | ૧-૮ |
| ૨. | અધ્યાય-૧૨૯ | ૧૫૦ | ૯-૧૬ |
| ૩. | અધ્યાય-૧૩૦ | ૧૬૦ | ૧૭-૨૪ |
| ૪. | અધ્યાય-૧૩૧ | ૧૨૫ | ૨૫-૩૧ |
| ૫. | અધ્યાય-૧૩૨ | ૧૦૧ | ૩૨-૩૯ |
| ૬. | અધ્યાય-૧૩૩ | ૧૦૫ | ૪૦-૪૬ |
| ૭. | અધ્યાય-૧૩૪ | ૧૪૦ | ૪૭-૫૩ |
| ૮. | અધ્યાય-૧૩૫ | ૯૫ | ૫૪-૫૮ |
| ૯. | અધ્યાય-૧૩૬ | ૧૧૦ | ૫૯-૬૪ |
| ૧૦. | અધ્યાય-૧૩૭ | ૧૦૨ | ૬૫-૭૦ |
| ૧૧. | અધ્યાય-૧૩૮ | ૧૦૫ | ૭૧-૭૬ |
| ૧૨. | અધ્યાય-૧૩૯ | ૬૪ | ૭૭-૮૦ |
| ૧૩. | અધ્યાય-૧૪૦ | ૧૦૫ | ૮૧-૮૬ |
| ૧૪. | અધ્યાય-૧૪૧ | ૯૦ | ૮૭-૯૧ |
| ૧૫. | અધ્યાય-૧૪૨ | ૧૦૮ | ૯૨-૯૮ |
| ૧૬. | અધ્યાય-૧૪૩ | ૯૮ | ૯૯-૧૦૪ |
| ૧૭. | અધ્યાય-૧૪૪ | ૮૫ | ૧૦૫-૧૦૯ |
| ૧૮. | અધ્યાય-૧૪૫ | ૧૧૬ | ૧૧૦-૧૧૬ |
| ૧૯. | અધ્યાય-૧૪૬ | ૧૯૦ | ૧૧૭-૧૨૪ |
| ૨૦. | અધ્યાય-૧૪૭ | ૧૩૦ | ૧૨૫-૧૩૧ |
| ૨૧. | અધ્યાય-૧૪૮ | ૨૭૬ | ૧૩૨-૧૪૬ |

# અધ્યાય : ૧૨૮

આ અધ્યાયનું નામ '**સગુણભક્તિરહસ્યકથન**' છે. આ અધ્યાયમાં **૧૨૪** દોહરા છે.

ફરી પાછો નિરંજન બે હાથ જોડીને બોલ્યો કે બ્રહ્માણીઘાટે શ્રીગુરુરાય આવ્યા અને કેડમાં ચસક ભરાઇ એ પ્રસંગ વિસ્તારથી કહો. ગુરુકથામૃત પીતાં તરસ વધતી જ જાય છે. (૧-૨).

અલખે કહ્યું કે હે નિરંજન ! તું સાંભળ. એક દિવસ શ્રીગુરુ ઘાટ ચડતા હતા ત્યારે ઘાટ લપસણો હોવાથી પગ લપસી ગયો અને કેડમાં ચસક ભરાઇ એટલે માધુકરી માગવા જવાનું શક્ય ના બન્યું. કેડમાં ખૂબ વેદના થતી હતી. આ જોઇને નર્મદા માતા દસ વરસની કુમારિકારૂપે પ્રગટ્યાં અને ભસ્મ અભિમંત્રિત કરી કેડે લગાડી દુખાવો દૂર કર્યો અને પછી અંતર્ધાન થઇ ગયાં. આ જોઇ શ્રીગુરુ મલક મલક હસ્યા અને માધુકરી માટે ગયા. (૩-૧૨).

પૂનાના એક બ્રાહ્મણે પૈસાના લોભે પોતાની દીકરીને પહેલાંનો પતિ જીવતો હોવા છતાં બીજે પરણાવી હતી અને હજી ત્રીજાને પરણાવવાની વેતરણમાં હતો. ત્રીજા પતિ સાથે પૈસાની લાલચે બ્રહ્માણીઘાટે લગ્ન કરાવ્યું. પરંતુ કમનસીબે ત્રીજી વારનો પતિ મૃત્યુ પામ્યો. એટલે સસરાએ વહુના વાળ ઉતરાવ્યા અને એ કન્યા વૈધવ્ય ધર્મ પાળતી હતી. આ સસરાને અને ગણુભૈયાને દુશ્મની હતી એટલે એણે પહેલી વારના પતિને બોલાવીને કન્યા સોંપી. આ બધું જોઇને અને પોતાની સલાહની અવગણના થતી જોઇને બાર વરસની કન્યારૂપે પ્રગટેલાં મા નર્મદાની વાત સ્વીકારીને શ્રીગુરુ નિમાવર ગામમાં ગયા. (૧૩-૩૭). નિમાવરથી ધાવિડીકુંડ ગયા. ત્યાંથી મહાદેવનાં બાણ લીધાં તો ભગવાને ભિલ વેષે આવીને બાણ મુકાવી દીધાં. (૩૮-૪૬). ત્યાંથી શ્રીગુરુ ૐકારેશ્વર આવ્યા અને ત્યાં તેત્રીસ દિવસ રહ્યા અને લોકોને સન્માર્ગે પ્રેર્યા. (૪૭-૫૧). ૐકારેશ્વરથી શ્રીગુરુ ચિખલદા આવ્યા અને ત્યાં વ્યંકટેશ નામના બ્રાહ્મણને યોગની ક્રિયા શીખવી. (૫૨-૫૭). એવામાં કાળીચૌદસ આવી અને ભગવાને કહ્યું કે આજે મને મંગલસ્નાન કરાવ. શ્રીગુરુએ પોતાની અશક્તિ દર્શાવી તો ભગવાન રિસાઇને નર્મદાજળમાં જઇ બેઠા. આખરે શ્રીગુરુએ મંગલસ્નાન માટેની પૂજાસામગ્રી મંગાવી, પૂજા કરી ભગવાનને રાજી કર્યા અને આમ સગુણ ઉપાસનાનું રહસ્ય પ્રગટ કર્યું. ચિખલદા થોડા દિવસ રહીને પછી શ્રીગુરુ તિલકવાડામાં આવ્યા અને ત્યાં ચાતુર્માસ કર્યો. ત્યાં મણિશંકર પાસે પંચમીવ્રત અને નાગબલિ કરાવી તેને સંતતિ આપી. તિલકવાડાથી શ્રીગુરુ પછી અનસૂયામાતાના આશ્રમે આવ્યા. પછી ત્યાંથી સીનોર ગામે આવ્યા. ત્યાં માર્કંડેશ્વર મંદિરમાં રહ્યા. ત્યાં તલંગપુરનો અનાવિલ જ્ઞાતિનો એક બ્રાહ્મણ શરણે આવ્યો. એનું નામ કલ્યાણ હતું પણ લાડમાં એને બધા 'ગાંડો' કહેતા (આ 'ગાંડો' તે જ આપણા પૂ.શ્રીગાંડા મહારાજ). સીનોરથી શ્રીગુરુ અને ગાંડો નિકોરા ગયા. ત્યાં એમને યોગાભ્યાસની (સંન્યસ્ત નહિ) દીક્ષા આપી. ત્યાંથી ઝાડેશ્વર થઇને શ્રીગુરુ ગિરિ ગિરનાર આવ્યા. ગિરનારથી શ્રીગુરુ સોમનાથ-પાટણ થઇ પોરબંદર આવ્યા. પોરબંદરથી દ્વારકા આવી ત્યાં ચાતુર્માસ કર્યો. જગદ્‌ગુરુ શંકરાચાર્યના મઠમાં ચાતુર્માસ કર્યો અને ત્યાં સમશ્લોકી શ્રીગુરુચરિત્રની સંસ્કૃતમાં ટીકા રચી. ચોમાસું પૂરું થતાં દ્વારકાથી રાજકોટ થઇને શ્રીગુરુ સરસ્વતી નદીના કિનારે વસેલાં માતૃગયા એવાં સિદ્ધપુરમાં ગયા. એની વાત હવે પછીના અધ્યાયમાં થશે. (૫૮-૧૨૪).

## અધ્યાય : ૧૨૮

નિરંજન બે હાથ જોડીને ફરી પાછો બોલ્યો કે શ્રીગુરુરાય બ્રહ્માણીઘાટે આવ્યા અને ત્યાં એમને કેડમાં ચસક ભરાઇ એ વાત વિસ્તારથી કહો. કારણ કે આ ગુરુકથામૃતનું પાન કરવાથી મારી તરસ વધતી જ જાય છે. (૧-૨). અલખે કહ્યું કે હે નિરંજન બાળ ! તું સાંભળ. એક દિવસ રેવા નદીના કિનારે શ્રીગુરુ ઘાટ ચઢતા હતા ત્યારે ઘાટ લપસણો હોવાથી પગ લપસી ગયો અને કેડમાં ચસક ભરાઇ ગઇ અને તેથી માધુકરી માટે જવાનું શક્ય બન્યું નહીં. (૩-૪). કમરમાં અતિશય પીડા થવાથી કેટલોક સમય ધ્યાનસ્થ થઇને સ્વસ્થતાથી પડી રહ્યા હતા. (૫). આવું જોઇને ત્યાં તરત જ નર્મદામાતા દસ વરસની કુમારિકારૂપે પ્રગટ્યાં. (૬). આવા સ્વરૂપે દર્શન આપીને તેઓ બોલ્યાં કે હે પ્રભો ! ભિક્ષા માટે જવાનો સમય થયો હોવા છતાં અહીં આપે સ્વસ્થતાપૂર્વક શયન કેમ કર્યું છે? લાવો, તમારી કેડની ચસક હું તરત જ મટાડી દઉં. એમ કહીને પોતાના હાથમાં થોડી ભસ્મ લઇને એને અભિમંત્રિત કરીને શ્રીગુરુની કેડના ભાગમાં ચોળી દીધી અને કહ્યું કે તમારો આ પગ હવે જમીન પર ઠોકો. (૭-૯). શ્રીગુરુએ એ પ્રમાણે કર્યું કે તરત જ ચસકની પીડા બંધ થઇ ગઇ અને કન્યા સ્વરૂપે આવેલાં મા નર્મદા અંતર્ધાન થઇ ગયાં. એ જોઇને ગુરુવર હસવા લાગ્યા અને બોલ્યા કે અહીં શંકા કરવાની કોઇ જરૂર નથી. (૧૦-૧૧). જેની જેવી ભાવના હોય તેને તેવું ફળ અહીં મળે છે એમ બોલીને પછી ભિક્ષા લઇને પાછા ફર્યા. (૧૨).

પૂનાના એક બ્રાહ્મણે પોતાની પુત્રીનું લગ્ન એક વાર કર્યું હતું તો પણ પૈસાની લાલચથી કન્યાને બીજે પરણાવી હતી અને આ પતિ જીવતો હોવા છતાં ફરી ત્રીજી વાર ફરી પાછો વર શોધીને કન્યાને કેવળ પૈસાના લોભે બ્રહ્માણીઘાટે પરણાવતો હતો. (૧૩-૧૫). પ્રારબ્ધવશાત્ એ (ત્રીજી વારનો) પતિ ત્યાં જ મૃત્યુ પામ્યો એટલે એ કન્યાના સસરાએ તરત જ વહુના વાળ ઉતરાવ્યા (વાળ કઢાવી નાંખ્યા) અને તે વિધવા માફક રહેતી હતી. એના પહેલાંના બન્ને પતિએ આ વાત જાણી. એટલે પોતાની પત્નીને લેવા માટે તેઓ બ્રહ્માણીમાં આવ્યા. એટલામાં આ બાજુ શું બન્યું તે હે શિષ્ય ! તું સાંભળ. (૧૬-૧૮).

એ ગામમાં ટોળ જ્ઞાતિનો ગણુભય્યા નામે એક માણસ રહેતો હતો. એને અને આ વહુના સસરાને ખૂબ દુશ્મની હતી. એટલે તોફાન કરીને એ પેલી કન્યાને પોતાના ઘરે લઇ આવ્યો અને એના માથે ફરી વાળ રખાવ્યા. (૧૯-૨૦). એણે તાર કરીને એના પહેલી વારના પતિને બોલાવ્યો અને એને સોંપી દીધી. (૨૧).

જ્યારે શ્રીગુરુએ આ બધી વાત જાણી ત્યારે ત્યાં બધાને બોલાવીને શ્રીગુરુરાયે કહ્યું કે આ કન્યા હવે કોઇના ઉપયોગને લાયક રહી નથી. એ છેક જ પતિત છે એ નિશ્ચિત વાત છે. માટે એને એનાં માતા-પિતા સહિત તરત જ ન્યાત બહાર મૂકો. આમ છતાં લોકોએ ગુરુના કહેવા પ્રમાણે ના જ કર્યું. (૨૨-૨૪). એટલે ભર બપોરે શ્રીગુરુવર ભિક્ષા લીધા વિના ત્યાંથી ઝડપથી ચાલી નીકળ્યા અને રેવા તીરે આવીને રસ્તા વચ્ચે એક વૃક્ષની નીચે વિશ્રાંતિ લેવા માટે પ્રભુ બેઠા. (૨૫-૨૬). ત્યાં પછી બાર વરસની કન્યાનું રૂપ લઇને માતા નર્મદા ખાસ પ્રગટ થયાં અને ગુરુ પાસે આવીને કહેવા લાગ્યાં કે હે પ્રભુ ! આપે બ્રહ્માણીમાં ભિક્ષા કેમ ના લીધી? આવો પ્રશ્ન સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે હે બહેન ! તું સાંભળ. આવી રીતે ભ્રષ્ટ થયેલા બ્રાહ્મણના (બ્રાહ્મણોના) ઘરનું અન્ન લેવા કરતાં તો આ નર્મદાજળ પીને આ શરીરનો ત્યાગ કરવો બહેતર છે. આ વચન સાંભળીને નર્મદા ફરી પાછાં શ્રેષ્ઠ

વચન બોલ્યાં કે હે સ્વામીજી ! તમે મારે ગામ પધારીને રોજ મારા ઘરે ભિક્ષા લો જેથી તમને આવી ઉપાધિ ન થાય.① (૨૭-૩૧).

એના જવાબમાં શ્રીગુરુએ કહ્યું કે હું એક જ ઘરે ભિક્ષા લેતો નથી. એટલે નર્મદા માતાએ કહ્યું કે મારા ગામમાં મહારાષ્ટ્રી-દક્ષિણી-બ્રાહ્મણનાં સત્તર ઘર છે. માટે હે સ્વામી-પ્રભુ ! તમે મારે ગામ ચાલો. આમ પ્રેમપૂર્વક કહીને મા નર્મદા ત્યાં અંતર્ધાન થયાં. શ્રીગુરુ તરત જ તદ્દન પાસે આવેલા નિમાવર નામના ગામમાં આવ્યા. (૩૨-૩૪). એ ગામના એક બ્રાહ્મણને પૂછી જોતાં શ્રીગુરુને ખબર પડી કે એ ગામમાં દક્ષિણી બ્રાહ્મણનાં બરાબર સત્તર ઘર હતાં. શ્રીનર્મદામૈયાની એ આજ્ઞાનો સ્નેહપૂર્વક સ્વીકાર કરીને શ્રીગુરુ ત્યાં નિમાવરમાં થોડો સમય રહ્યા અને બ્રાહ્મણોને શાસ્ત્રોક્ત રીતે સન્માર્ગે પ્રેર્યા. પછી ઝાડીવાળા રસ્તે જઇને, સિદ્ધનાથનાં દર્શન કરીને એ શ્રેષ્ઠ દેહધારી નર્મદા જ્યાંથી પ્રગટ થાય છે ત્યાં આવ્યા. (૩૫-૩૮). આ સ્થળ ધાવિડીકુંડ નામથી બધે જાણીતું છે અને ત્યાંથી મહાદેવનાં સુંદર લિંગ નીકળે છે. (૩૯).

ત્યાં સ્નાન કરીને, સુંદર શિવલિંગો જોઇને ભક્તોને પ્રસાદરૂપે આપવા માટે કેટલાંક શિવલિંગો લીધાં. (૪૦). આ જોઇને ભગવાન શંકર ત્યાં ભિલરૂપે પ્રગટ થયા અને તરત જ કહેવા લાગ્યા કે હે યતિરાય ! તમને ધન્ય છે. તમે સાંભળો. જો આપને પોતાને પૂજા કરવા માટે આ શિવલિંગો જોઇતાં હોય તો તમે ભલે લઇ જાઓ. (૪૧-૪૨). એટલે શ્રીગુરુએ કહ્યું કે શાસ્ત્રમાં તો સંન્યાસીને બીલીપત્ર, પુષ્પો વગેરે તોડવાની મનાઇ છે. માટે મારાથી તો શિવલિંગનું પૂજન થઇ શકશે નહીં. ભિલરૂપે પ્રગટ થયેલા શંકર ભગવાન બોલ્યા કે તો પછી એ લેશો નહીં. (૪૩-૪૪). આ સાંભળીને શ્રીગુરુએ તરત જ બધાં શિવલિંગો કુંડમાં પાછાં ફેંકી દીધાં. આ જોઇને એ ભિલ તરત જ ત્યાં ને ત્યાં જ અદૃશ્ય થઇ ગયા. આ જોઇને શ્રીગુરુ નિજાનંદે હસવા લાગ્યા. દેવ અને ભક્તની જેમ જગતને લીલા બતાવતા બતાવતા શ્રીગુરુ ફરતા ફરતા ત્યાંથી સીધા જ ૐકારેશ્વર આવ્યા. (૪૫-૪૭).

એ ૐકારમમલેશના પ્રસિદ્ધ જ્યોતિર્લિંગને વંદન કરીને ભક્તોનાં દુ:ખ હરતા હરતા શ્રીગુરુ ત્યાં રહ્યા. (૪૮). ત્યાંના રાજાનો બળવંત નામે જે કારભારી હતો તેને આનંદપૂર્વક બ્રહ્મકર્મ શિખવાડીને શ્રીગુરુરાય ત્યાં તેત્રીસ દિવસ રહ્યા અને એ સ્થિતપ્રજ્ઞ શ્રીગુરુએ પોતાની ઇચ્છાથી લોકોને સત્પંથે ચાલવા પ્રેર્યા. આમ અજ્ઞાની લોકોનો ઉદ્ધાર કરવા માટે એ ખરેખર નર્મદાતટે વિહાર કરતા હતા. મહેશ્વર વગેરે સ્થાનમાં ફરીને પછી તરત લોકોનો ઉદ્ધાર કરનાર શ્રીગુરુ ચિખલદા ગામમાં આવ્યા અને દત્તાજ્ઞાનુસાર ત્યાં કેટલાક દિવસો રોકાયા. (૪૯-૫૨).

ત્યાં વ્યંકટેશ નામનો એક સુપાત્ર-લાયક-બ્રાહ્મણ હતો. એની પત્નીનું મૃત્યુ થતાં તે એકદમ ઉદાસીન બનીને નોકરી-ધંધો છોડીને નર્મદાના રમ્ય તટ પર આવેલા કોટેશ્વરમાં રહેતો હતો. (૫૩-૫૪). ગુરુશ્રેષ્ઠ ચિખલદા ગામે આવ્યા છે એવું સાંભળીને અનન્ય ભાવથી શરણે આવીને ત્યાં વંદન કર્યા. (૫૫). એની પ્રાર્થના સાંભળીને અને એનો વિશુદ્ધ ભાવ જોઇને જ્ઞાની ગુરુવરે એને પ્રાણાયામ વગેરે ક્રિયા પ્રેમથી શિખવાડી એને સન્માર્ગે પ્રવૃત્ત કર્યો. ચિખલદામાં શ્રીગુરુ રહેતા હતા તે દરમ્યાન દિવાળીના દિવસો આવ્યા. (૫૬-૫૭).

કાળી ચૌદસ- નરક ચતુર્દશી-ના દિવસે શ્રીગુરુમૂર્તિને દત્તભગવાને કહ્યું કે તું આજે મને મંગલસ્નાન કરાવ. (૫૮). એટલે શ્રીગુરુએ કહ્યું કે હે ભગવાન ! જ્યારે પ્રવાસ માટે આપની મૂર્તિ મેં સાથે રાખી ત્યારે આપે

પોતે જ કહ્યું હતું કે હું રોજ તારી ભસ્મપૂજાથી સંતુષ્ટ રહીશ. એટલે હું તો આજે એ રીતે જ આનંદથી પૂજા કરીશ. (૫૯-૬૦). હું કોઇ પણ સંજોગોમાં કોઇની પાસે પણ મંગલ દ્રવ્યની ભીખ માગીશ નહીં. આ સાંભળીને દત્તમૂર્તિ નર્મદામાં જઇને તરત જ ગુપ્ત (અલોપ) થઇ ગઇ. શ્રીગુરુને આની ખબર પડી નહીં. રોજના નિયમ મુજબ મધ્યાહ્ન થતાં માધુકરી લઇ આવ્યા અને હાથ પગ ધોઇને આચમન કરીને દેવને જ્યાં નૈવેદ્ય અર્પણ કરવા માંડ્યું ત્યાં તોપોની માફક અવાજ ગાજી ઊઠ્યો અને દત્તપ્રભુ બોલ્યા કે તેં આજે મને મંગલ દ્રવ્યોથી સ્નાન નથી કરાવ્યું તેથી તું આ નૈવેદ્ય અર્પણ કરે છે તો પણ હું એ સ્વીકારતો નથી. જો તને છોડીને હું તો અહીં રેવાજળમાં બેઠો છું. (૬૧-૬૫). દત્તપ્રભુનાં વચન સાંભળીને શ્રીગુરુરાય ગભરાયા અને તરત જ ગામના લોકોને બોલાવી લીધા. (૬૬). શ્રીદત્તમૂર્તિનું પ્રેમપૂર્વક ધ્યાન ધરીને અને બે હાથ જોડીને ગદ્‌ગદ્ કંઠે આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યા.② (૬૭).

## અભંગ

મિત્ર મિત્ર જરી ભાંડતી તરી પુન્હાં એક હોતી || ૧ ||
દંપતીચા હો કલહ લવમાત્ર ન તૂટે સ્નેહ || ૨ ||
દેવભકતાચેં ભાંડણેં પરાભક્તિચેં તેં ઠાણેં || ૩ ||
વાસુ મ્હણે હા વિનોદ દેતો દત્તા પરમાનંદ || ૪ ||

## અર્થ :

મિત્ર મિત્ર લડે તો પણ એક થાય છે, પતિપત્નીનો કલહ થાય તો પણ એમનો પ્રેમ જરાયે ઓછો થતો નથી. એવી જ રીતે દેવભકતનો જે ઝઘડો છે તે તો પરાભક્તિનું સ્થાન છે. વાસુદેવ કહે છે કે હે દત્ત ! આ વિનોદથી મને પરમાનંદ થાય છે.

◈

આ રીતે પ્રાર્થના કરીને અને દંડવત્ પ્રણામ કરીને શ્રીગુરુવરે નર્મદામાં ડૂબકી મારી. (૬૮). દત્તપ્રભુની મૂર્તિ હાથમાં આવી જતાં એમને ઘણો જ આનંદ થયો. પ્રભુમૂર્તિને હાથમાં લઇને ઝડપથી પોતાના નિવાસસ્થાનમાં આવ્યા. (૬૯).

ગુલાબ, કેવડો, મોગરો વગેરે અત્તર અને વિવિધ પ્રકારનાં પરિમલ દ્રવ્ય (અબીલ, ગુલાલ, સિંદૂર વગેરે) અને કપૂરમિશ્રિત સુગંધિત જળ સહિત પંચામૃતપૂજાની બધી સામગ્રી મંગાવી. ક્ષણવારમાં મૂર્તિને અત્તર ચોળીને પોતાના હાથે અભ્યંગ સ્નાન કરાવ્યું. (૭૦-૭૨). શ્રીગુરુએ વિધિપુરઃસર ગંધ, પુષ્પ, વસ્ત્ર વગેરેથી તરત જ પંચામૃતપૂજન કર્યું. (૭૩). ભાવપૂર્વક ઉત્તરપૂજા કરીને વિધિસર નૈવેદ્ય અર્પણ કરીને આરતી કરી ગાયન વગેરે અને સ્તવન કરીને બધું યથાસાંગ પૂર્ણ કરી ત્યાં પ્રેમપૂર્વક નમસ્કાર કરીને ભકતના રક્ષણકર્તા શ્રીગુરુએ તે દિવસે ત્યાર

પછી ભિક્ષા લીધી. સગુણભક્તિનો ફેલાવો કરવા માટે ભગવાને સ્વયં આવી લીલા કરી. (૭૪-૭૬).

શરૂઆતથી અંત સુધીનો આ ચમત્કાર જોઇને ગામલોકો પણ આશ્ચર્યચકિત થઇ ગયા. હે મસ્ત નિરંજન ! તું સાંભળ. (૭૭). ભગવાનની સગુણ ભક્તિ પૂર્ણ શ્રદ્ધાથી કરવી અને સગુણ ઈશ્વરનું ધ્યાન સિદ્ધ થતાં તરત જ પ્રભુનો સાક્ષાત્કાર થાય છે એ નિશ્ચિત વાત છે અને એ સર્વેશ્વરની કૃપા થતાં યથાયોગ્ય જ્ઞાન થાય છે. (૭૮-૭૯). ઉપાસના સિદ્ધ કર્યા વિના અનુભવજ્ઞાન થતું નથી અને સત્ય જ્ઞાન વગર કલ્પે પણ કદાપિ મોક્ષ થતો નથી. (૮૦). જેમ રાજાને પોતાના સિક્કાનું અભિમાન હોય છે તેમ ઈશ્વરને પોતાની મૂર્તિનું અભિમાન હોય છે. (૮૧). સિક્કામાં રાજા પોતે પ્રત્યક્ષ દેખાતો નથી પરંતુ એ રાજાનું ચિહ્ન માત્ર જ હોય છે. આમ છતાં આમાં તો રાજા પ્રત્યક્ષ નથી એમ કહીને એ સિક્કાનો કોઇ અનાદર કરતું નથી. જો સિક્કામાં રાજા હોય જ નહીં તો એ સિક્કો ચાલે જ ક્યાંથી? (૮૨-૮૩). રાજાનું મહત્ત્વ અને સત્તા સિક્કા દ્વારા સિદ્ધ થાય છે. એને કારણે રાજાને જડત્વ કે પરિચ્છિન્નતા જેમ ખરેખર કોઇ દિવસ આવતાં નથી તેમ દેવની મૂર્તિ પણ ભગવાનનો નિર્દેશ કરનાર છે એમ તું જાણ. (૮૪-૮૫).

ભગવાનની મૂર્તિથી અહીં એમના મહત્ત્વનું અને સત્તાનું ભાન થાય છે. એમાં તું અનુમાન કરીશ નહીં. (૮૬). રાજાની આજ્ઞાનું પાલન કરવાથી જેમ રાજા પ્રસન્ન થાય છે તેમ વેદની આજ્ઞાનું પાલન કરવાથી ઈશ્વર ચોક્કસ પ્રસન્ન થાય છે. (૮૭). માટે અહીંયાં ભાવપૂર્વક સગુણ ઉપાસના કરવી જોઇએ. ત્યાં એવું રહસ્ય પ્રગટ કરીને શ્રીગુરુ કેટલાક દિવસ ચિખલદા ગામમાં રહ્યા અને પછી નર્મદાને કિનારે ગુજરાતમાં આવ્યા. (૮૮-૮૯). ત્યાં તિલકવાડામાં કેટલાક દિવસો રહ્યા અને તે વરસનો ચાતુર્માસ પણ ત્યાં જ કર્યો. (૯૦).

ત્યાં એમનો મહિમા અપાર વધ્યો અને સ્ત્રી-પુરુષોનાં ટોળેટોળાં દર્શને આવવા લાગ્યાં. (૯૧). એ (તિલકવાડાના) ગામના કેટલાક બ્રાહ્મણોએ પુત્રપ્રાપ્તિની ઇચ્છાથી પ્રશ્ન કર્યો. એટલે શ્રીગુરુએ કહ્યું કે આ સમગ્ર મંડળીમાંથી મણિશંકરને ચોક્કસ એક પુત્ર થશે એ મારી વાત તમે તદ્દન સાચી માનજો. (૯૨-૯૩). આમ છતાં એણે પૂર્વ જન્મમાં એક સાપ માર્યો છે તેથી જ્યાં સુધી એ દોષમાંથી મુકત થઇ નિષ્પાપ નહિ થાય ત્યાં સુધી એને પુત્ર થશે નહિ. એવાં વચન સાંભળીને બે હાથ જોડીને વંદન કરીને મણિશંકર બોલ્યા કે હે ગુરુરાય ! આ દોષમાંથી કેવી રીતે મુકત થવાશે? આપ એ અંગે જે ઉપાય કહેશો તે હું નિશ્ચિતરૂપથી કરીશ. (૯૪-૯૬).

શ્રીગુરુએ એમને નાગપંચમી વ્રત અને નાગબલિ કરવાની તરત જ આજ્ઞા કરી. (૯૭). એમની આજ્ઞાનુસાર વર્તતાં મણિશંકરને યોગ્ય સમય વીતતાં પુત્ર થયો. લોકો માટે આવા તો અનેક ચમત્કારો કરતા કરતા શ્રીગુરુ પોતે બ્રહ્મા, હરિ અને હર હોવા છતાં મનુષ્યના વેશે બધે ફરતા હતા. (૯૮-૯૯). પછી તિલકવાડાથી નીકળીને નર્મદાકિનારે ફરતા ફરતા શ્રીગુરુ ઝડપથી વ્યાસેશ્વર પાસે આવેલા અનસૂયાશ્રમે આવ્યા અને અનસૂયામાતાની પ્રાર્થના કરી. (૧૦૦-૧૦૧).

## સ્તોત્ર

પતિવ્રતાશિરોરત્નભૂતા સુંદરવિગ્રહા |
સુચરિત્રા દિવ્યતેજાઃ સર્વલોકનમસ્કૃતા || ૧ ||
વિષ્ણુપ્રપૌત્રી કપૌત્રી સતી કર્દમપુત્રિકા |
દેવહૂતિસમુત્પન્ના સુમુખી કપિલસ્વસા || ૨ ||
અત્રિપત્ની મહાભાગા દયાક્ષાંત્યાદિભૂષિતા |
અનસૂયા વેદગેયા નિજધર્મજિતાખિલા || ૩ ||
શ્રીદત્તાત્રેયજનની ચંદ્રમાતા મનસ્વિની |
દુર્વાસાજનયિત્રીશા જગત્સંકટવારિણી || ૪ ||
ચતુર્વિંશતિનામાનિ મંગલાનિ પરાણિ ચ |
પાવનાન્યનસૂયાયા દત્તમાતુઃ પઠેન્નરઃ || ૫ ||
ત્રિકાલમેકકાલં વા શ્રદ્ધાભક્તિસમન્વિતઃ |
તસ્ય ધર્મે રુચિર્દત્તભક્તિર્મુક્તિઃ ક્રમાદ્ ભવેત્ || ૬ ||

(૧) પતિવ્રતાઓમાં ઉત્તમ રત્ન સમાન, (૨) સુંદર શરીરવાળી, (૩) સારા ચારિત્ર્યવાળી, (૪) દિવ્ય તેજવાળી, (૫) સર્વ લોકોથી નમસ્કાર કરાતી, (૬) વિષ્ણુની પ્રપૌત્રી[3], (૭) બ્રહ્માની પૌત્રી, (૮) સતી, (૯) કર્દમની પુત્રી, (૧૦) દેવહૂતિથી ઉત્પન્ન, (૧૧) સુંદર મુખવાળી, (૧૨) કપિલમુનિની બહેન, (૧૩) અત્રિની પત્ની, (૧૪) મહાન ભાગ્યશાળી, (૧૫) દયા, ક્ષમા વગેરેથી વિભૂષિત, (૧૬) અનસૂયા, (૧૭) વેદથી ગવાયેલી- વેદ જેનું ગાન કરે છે- (૧૮) પોતાના ધર્મના (પાલનથી) સર્વને જીતનારી, (૧૯) શ્રીદત્તાત્રેયને જન્મ દેનારી, (૨૦) ચંદ્રની માતા, (૨૧) મનસ્વિની, (૨૨) દુર્વાસાને જન્મ આપનારી, (૨૩) ઈશરૂપ, (૨૪) જગતનાં સંકટને વારનારી. દત્તાત્રેયની માતા અનસૂયાનાં આવાં મંગલ અને પરમ પાવનકારી ચોવીસ નામોનો જે મનુષ્ય શ્રદ્ધાપૂર્વક ત્રણ વાર કે એક વાર પાઠ કરે છે તેની ક્રમે કરીને ધર્મમાં રુચિ, દત્તમાં ભક્તિ અને મુક્તિ થાય છે.

◈

એવી પ્રાર્થના કરીને અને અનસૂયા માતાને વંદન કરીને એ સાક્ષાત્ ત્રિમૂર્તિ સ્વરૂપ શ્રીગુરુ પછી સીનોર ગામમાં આવ્યા. (૧૦૨). ત્યાં માર્કંડેશ્વર મંદિરમાં કેટલાક દિવસ રહ્યા. સંસારના ત્રાસથી ત્રાસી ગયેલો ગુજરાતનો એક બ્રાહ્મણ જે તલંગપુરનો રહેનારો હતો અને જેનું નામ ગાંડો હતું તે અનન્ય ભાવથી ત્યાં શ્રીગુરુના શરણે આવ્યો. (૧૦૩-૧૦૪). પછી સીનોરથી બન્ને જણા નિકોરા ગામમાં ગયા અને ત્યાં ગાંડાને યોગાભ્યાસની દીક્ષા આપી. (૧૦૫). તીર્થયાત્રા કરતા કરતા સચ્ચિદ્‌ઘન એવા શ્રીગુરુ ઝાડેશ્વર થઈને ઝડપથી ગિરનાર પર્વત પર આવ્યા. (૧૦૬).

અહીં દત્તપાદુકાને ભાવપૂર્વક વંદન કરીને શ્રીગુરુ સૌરાષ્ટ્રમાં સોમનાથ સ્થાનમાં ગયા. (૧૦૭). લોકોનો ઉદ્ધાર કરનાર શ્રીગુરુ બાળંભટ્ટ પૂજારીની પ્રાર્થનાને સ્વીકારીને ત્યાં કેટલાક દિવસ રોકાયા. (૧૦૮). ત્યાં વડોદરાના સૂબા દેશપાંડે તથા બીજા મોટા મોટા અધિકારીઓ પણ સ્વામી મહારાજનાં દર્શને જતા હતા. (૧૦૯). શ્રીગુરુનાં દર્શનથી એમની નાસ્તિકતા દૂર થઈ અને તેઓ સનાતન ધર્મના ચુસ્ત અનુયાયી થયા. (૧૧૦). પ્રભાસ પાટણથી પછી શ્રીગુરુ પ્રાચી સરસ્વતીના પાવન શ્રેષ્ઠ તીર્થક્ષેત્રમાં ગયા જ્યાં ભગવાન શ્રીકૃષ્ણે દેહ ત્યજ્યો હતો. (૧૧૧). ત્યાં જઈને ભગવાન શ્રીકૃષ્ણનું પ્રેમપૂર્વક સ્તવન કરીને અને સદ્‌ભાવપૂર્વક નમન કરીને

તીર્થયાત્રાએ આગળ ગયા. (૧૧૨).

ત્યાંથી શ્રીગુરુ જેને લોકો સુદામાપુરી કહે છે એવા પોરબંદરમાં આવ્યા. ત્યાંથી પછી એ પુણ્યશ્લોક દ્વારકામાં ગયા. ત્યાં ભગવાન શ્રીકૃષ્ણની પ્રાર્થના કરીને અને સદ્‌ભાવથી વંદન કરીને શ્રીગુરુ જગદ્‌ગુરુ શંકરાચાર્યના મઠમાં ગયા. (૧૧૩-૧૧૪). એ વર્ષનો ચાતુર્માસ પ્રેમપૂર્વક આચાર્યમઠમાં કર્યો. એ વર્ષે વરસાદ નહીં પડવાથી છપ્પનિયા (સંવત ૧૯૫૬)નો ભયંકર દુકાળ પડ્યો જેની આગાહી શ્રીગુરુએ એ પહેલાં કરી જ હતી. (૧૧૫-૧૧૬). શ્રીગુરુચરિત્ર જે મરાઠીમાં છે તેનું સંસ્કૃતમાં સમશ્લોકી ભાષાંતર કરેલું (દ્વિસાહસ્રી) તેના શ્લોકો ઉપર સંસ્કૃતમાં જ ઉત્તમ ટીકા દ્વારકામાં લખી.(૪) (૧૧૭).

ચાતુર્માસ પૂરો કરીને ગાંડા સાથે તીર્થોમાં ફરતા ફરતા શ્રીગુરુ રાજકોટના રસ્તે થઇને જેને લોકો માતૃગયા કહે છે એવા સિદ્ધપુરમાં ઝડપથી આવીને ત્યાં રહ્યા. (૧૧૮-૧૧૯). જ્યાં પાવનકારી નિર્મલ સરસ્વતી નદી વહી રહી છે એવી સરસ્વતી નદીનો મહિમા જાણીને શ્રીગુરુવર ત્યાં રહ્યા. (૧૨૦). આ વાત સાંભળીને નિરંજને ત્યાં પ્રશ્ન કરતાં પૂછ્યું કે આ ક્ષેત્રની ઉત્પત્તિ કેવી રીતે થઇ તે મને કૃપા કરીને કહો. (૧૨૧). અહીં લોકો એને માતૃગયા કેમ કહે છે? શિષ્યનો આ પ્રશ્ન સાંભળીને કેવળ રસની ખાણરૂપ એવું જે અલખે કહ્યું તેનું અનુસંધાન હવે પછીના અધ્યાયમાં છે. શ્રદ્ધાભક્તિથી એનું શ્રવણ કરવાથી બીજા કશાનો ખ્યાલ રહેતો નથી. (૧૨૨-૧૨૩). શેષ પણ ગાતાં થાકી જાય એવી શ્રીગુરુની લીલાનો તો પાર નથી. તો પછી રાંકડા **રંગ**નું શું ગજું? અહંકારનો કલેશ નકામો છે. (૧૨૪).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'સગુણભક્તિરહસ્યકથન'** નામનો **એકસો અઠ્ઠાવીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

## અધ્યાય : ૧૨૮


(૧) મા નર્મદાની આજ્ઞાવશ શ્રીગુરુ નર્મદા કિનારે આવ્યા એટલે મા નર્મદા એમની કેવી કાળજી લે છે તે આ અધ્યાયમાં સ્પષ્ટ થાય છે. દોહરા ૬માં માતાજી દસ વરસની કન્યાના સ્વરૂપમાં અને દોહરા ૨૭માં બાર વરસની કન્યાના રૂપમાં પ્રગટ થઇ પ્રશ્નનો ઉકેલ લાવે છે. આપણા બાપજી પણ નર્મદાને 'માતા' ગણતા એટલે એમણે નદીમાં કદી પણ કોગળા કર્યા નથી. 'રેવાગીત' એ પણ એમનો રેવા સાથેનો સંબંધ સૂચવે છે. નદી, વનસ્પતિ,

પહાડો બધા પ્રત્યે સંતની દૃષ્ટિ જુદા પ્રકારની હોવાથી કુદરત એમની સેવા માટે ખડે પગે ઊભી રહે છે. સમગ્ર વિશ્વ બ્રહ્મમય છે એવી એમની પાકી અને દૃઢ સમજ છે.

(૨) દેવ અને ભક્ત વચ્ચેનો મીઠો ઝઘડો સગુણ ઉપાસનાનું રહસ્ય છતું કરે છે. મૂર્તિપૂજા એ નકામી વસ્તુ નથી. ભગવાન આપણી સાથે વાતો કરે અને આપણી સાથે જરૂર પડે ઝઘડો કરે એ પૂજાનું પરમ ફળ છે. આ બધી કપોળકલ્પિત વાતો નથી. ભક્ત બોડાણાની દ્વારકાધીશ સાથેની વાતચીત, રામકૃષ્ણ પરમહંસની કાલિકામાતા સાથેની વાતચીત કે મીરાંનું મૂર્તિમાં સમાઈ જવું એ કેવળ કલ્પના નથી. ફક્ત આપણા ગળે ન ઊતરે એવું બને પણ તેથી ખોટું છે એમ કેમ કહેવાય? દેવ પ્રત્યે નિષ્ઠા અને ભાવ ઊંચા થાય તો આ બધું શક્ય બને છે.

(૩) કર્દમ ઋષિ અને દેવહૂતિના ઘરે નવ દીકરીઓ જન્મી જે પૈકી અનસૂયામાતા એક હતાં. એમને એક દીકરો જન્મ્યો. તેનું નામ કપિલ. આમ અનસૂયા કપિલની બહેન (સ્વસા) થાય અને કર્દમ તથા દેવહૂતિની પુત્રી થાય.

કર્દમ એ બ્રહ્માના પુત્ર થાય એટલે અનસૂયાજી બ્રહ્મા (કં)નાં પૌત્રી થાય. બ્રહ્માજી વિષ્ણુથકી જન્મ્યા એટલે અનસૂયાજી વિષ્ણુનાં પ્રપૌત્રી થાય. અનસૂયાજીનાં લગ્ન અત્રિ ઋષિ સાથે થયાં તેથી અત્રિપત્ની કહેવાયાં. એમને દત્ત, ચંદ્ર અને દુર્વાસા એમ ત્રણ પુત્રો થયા તેથી દત્તાત્રેયનાં જનની, ચંદ્રનાં જનની, દુર્વાસાનાં જનની ગણાયાં.




(૪) દ્વિસાહસ્રી (શ્રીગુરુચરિત્રનું સંસ્કૃત સમશ્લોકી)નું પુસ્તક પાસે ન હોવા છતાં કેવળ પોતાની યાદશક્તિના જોરે એના ઉપર સંસ્કૃતમાં ટીકા લખી. સ્વામી મહારાજ એ દૈવીપુરુષ હતા એની એ સાબિતી છે.

●

# અધ્યાય : ૧૨૯

આ અધ્યાયનું નામ **'માતૃગયાખ્યાન'** છે. આ અધ્યાયમાં **૧૫૦** દોહરા છે.

અલખ નિરંજનને કહે છે કે હું તને સિદ્ધપુર ક્ષેત્રની ઉત્પત્તિ વિશે કહું છું તે તું સાંભળ. (૧). બ્રહ્માના માનસપુત્ર એવા કર્દમે પિતાની આજ્ઞાથી સરસ્વતી નદીને કિનારે દશ હજાર વરસ સુધી તપ કર્યું. ભગવાને દર્શન આપ્યાં. કર્દમ ઋષિના તપથી અને એણે કરેલી સ્તુતિથી ભગવાનની આંખમાંથી હર્ષનું બિંદુ નીકળી ત્યાં જે જમીન પર પડ્યું તે બિંદુ સરોવર નામથી પ્રસિદ્ધ થયું. (૨-૧૪).

ભગવાને કર્દમને કહ્યું કે મનુ તથા શતરૂપાની પુત્રી દેવહૂતિ સાથે લગ્ન કરો. તમને નવ દીકરી થશે અને દીકરા તરીકે હું અવતરીશ. મનુ અને શતરૂપા દેવહૂતિને લઇને આવ્યાં ત્યારે કર્દમ ઋષિએ કહ્યું કે એને પુત્ર થશે એટલે હું સંન્યસ્ત સ્વીકારીશ. આ મંજૂર હોય તો લગ્ન કરું. મૃત્યુલોકમાં સૌ પ્રથમ આ લગ્ન થયું તેથી એને શ્રીક્ષેત્ર કહે છે અને એ સિદ્ધપુર નામે પ્રખ્યાત થયું. (૧૫-૩૦).

દેવહૂતિની એકનિષ્ઠ સેવાથી પ્રસન્ન થઇને કર્દમ ઋષિ દેવહૂતિ સાથે વિમાનમાં બેસી વિહાર કરવા ગયા. એમને નવ દીકરી અને એક દીકરો એમ સંતાનો થયાં. દીકરાનું નામ કપિલ રાખવામાં આવ્યું. (૩૧-૬૯).

બ્રહ્માજીના કહેવાથી નવેય દીકરીને પરણાવીને પછી સંન્યસ્ત લેવાનો વિચાર કર્યો. ત્યાં દેવહૂતિએ આત્મજ્ઞાનની માગણી કરી. કપિલ (દીકરો) તને આત્મજ્ઞાન આપશે એવું દેવહૂતિને કહ્યું. (૭૦-૯૯). કપિલની પ્રાર્થના કરીને, એમની આજ્ઞા લઇને કર્દમઋષિએ સંન્યસ્ત ગ્રહણ કર્યું. પતિના વિયોગથી અતિ દુઃખી થયેલી દેવહૂતિને કપિલે આત્મજ્ઞાન આપ્યું. એનો અભ્યાસ કરી માતા નિર્વાણ પામ્યાં. સિદ્ધોના પણ સિદ્ધ એવા કપિલ મુનિનું પુર (નગર) તેથી તેનું નામ સિદ્ધપુર પડ્યું. આવાં સિદ્ધપુરમાં શ્રીગુરુએ કર્ણાટકના એક બ્રાહ્મણનું પ્રાણોત્ક્રમણ કરાવ્યું. પછી શ્રીગુરુ ત્યાંથી ડાકોર ગયા. (૧૦૦-૧૫૦).

અલખ કહે છે કે હે (નિરંજન) બાળ ! બધા દોષો હરી લે તેવી આ સિદ્ધપુર ક્ષેત્રની ઉત્પત્તિ હું તને કહું છું તે તું સાંભળ. (૧). સાત પ્રજાપતિ પૈકીના એક એવા કર્દમ નામના બ્રહ્માના માનસ પુત્રે પિતાની આજ્ઞાનુસાર સરસ્વતી નદીના કિનારે આવીને દશ હજાર વર્ષ સુધી તપ કર્યું અને શરીર પણ લાકડા જેવું થઇ ગયું. (૨-૩). શેષનાગ ઉપર શયન કરનાર અને વિશ્વનું ભરણપોષણ કરનાર ભગવાન એના પર પ્રસન્ન થયા. એના તપથી સંતુષ્ટ થઇને ત્યાં પ્રગટ થયા. (૪). અનંત સૂર્ય સમાન તેજથી જે પ્રકાશમાન હતા અને જેના હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ (કમળ) હતાં, જેના માથા ઉપર શેષનાગનું છત્ર શોભતું હતું અને સુંદર મુગટ શોભતો હતો, હૃદય (છાતી) પર કૌસ્તુભ મણિ હતો અને કંઠમાં વનમાળા હતી એવા ભગવાન લક્ષ્મીજી સાથે ગરુડ પર બેસીને પ્રગટ થયા. એ સ્વરૂપનું દર્શન કરીને કર્દમે પ્રેમપૂર્વક સ્તવન કરતાં કહ્યું કે : હે ગોવિંદ ! હે દયાના સાગર ! હે દૈત્યોના કાળરૂપ વિભુ !

હે નાથ ! હે ભકતવત્સલ શ્રી હરિ ! હું આપને બે હાથ જોડીને પ્રણામ કરું છું. (૫-૮). અનંત જન્મોથી યોગીજનો તારાં દર્શન માટે તપ કરીને જે કષ્ટ સહન કરે છે તે તારાં ચરણમાં હું મારી આ જાતને અર્પણ કરું છું. હે વિશ્વેશ ! તારી માયાથી જ હે પ્રભુ ! તું આ જગતની ઉત્પત્તિ કરે છે, એને ટકાવે છે અને એનો લય પણ કરે છે. (૯-૧૦). તું ભકતોનો આધાર છે અને પાપ તેમજ તાપ હરનાર તું એક જ છે એવા હે પ્રભુ ! હું તને પ્રણામ કરું છું. હે વિભુ ! તું જ ગરીબાઇ હરનાર છે. (૧૧).

ઋષિશ્રેષ્ઠનું તપ જોઇને અને એમની પ્રાર્થના સાંભળીને શ્રીહરિની આંખમાંથી આનંદનાં આંસુની ધાર ધરતી પર સરી પડી. આ આંસુઓ જે સ્થળે પડ્યાં તે સ્થળ જગતમાં બિંદુ સરોવર નામથી પ્રસિદ્ધ થયું. (૧૨-૧૩). સિદ્ધપુરમાં જઇને આ બિંદુ સરોવરમાં જે સ્નાન કરે છે તે વ્યક્તિ પતિત હોય તો પણ પાવન થઇ જાય છે. (૧૪). પછી ગરુડવાહનવાળા પ્રભુએ કર્દમ મુનિને કહ્યું કે હે મુનિ ! સ્વયંભૂ મનુનાં પત્ની નામે શતરૂપા છે. તેમની પુત્રી દેવહૂતિ લાવણ્યની ખાણ છે. તેની સાથે લગ્ન કરીને ગૃહસ્થાશ્રમમાં રહો. (૧૫-૧૬). આ દેવહૂતિથી તને નવ દીકરીઓ થશે અને પછી મારો અંશ એવો બ્રહ્મજ્ઞાની દીકરો થશે. (૧૭). આવું કહીને વિષ્ણુ તરત જ અંતર્ધાન થયા. નારદ મુનિએ તરત આવીને મનુને કહ્યું કે હે મનુ ! આ દેવહૂતિને કર્દમ ઋષિ સાથે પરણાવો. આવું કહીને નારદ તરત જતા રહ્યા. (૧૮-૧૯).

પછી પત્ની અને પુત્રી સાથે બ્રહ્માવર્તથી નીકળીને મનુ કર્દમ ઋષિના આશ્રમે જાતે આવીને ઋષિને હાથ જોડીને પ્રણામ કરીને પ્રાર્થના કરવા લાગ્યા. હું આપનાં દર્શનથી કૃતકૃત્ય થઇ ગયો છું. આપની તપસ્યાને ધન્ય છે. હું એનાથી ખાસ સંતુષ્ટ થયો છું. આપનાં ચરણકમળમાં મારી એક પ્રાર્થના છે. (૨૦-૨૨). મારી કન્યા દેવહૂતિ હવે ઉંમર લાયક થઇ છે તો એની સાથે લગ્ન કરી આપ ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરો.① (૨૩).

મનુની આવી પ્રાર્થના સાંભળીને મુનીશ્વર બોલ્યા કે મારી આ વાત સાંભળી લો. આપની દીકરીને પુત્ર થતાં જ હું ગૃહસ્થાશ્રમ છોડી દઇશ અને સંન્યસ્ત લઇને તરત જ જંગલમાં જતો રહીશ એ વાત નક્કી સમજજો. (૨૪-૨૫). જો આ વાત માન્ય હોય તો આપ ભલે કન્યાદાન કરો. મનુએ કહ્યું કે 'કબૂલ' છે. એમ કહીને દેવહૂતિને વિધિસર રીતે કર્દમ સાથે પરણાવી અને પછી કર્દમ ઋષિની રજા લઇને ફરી પાછા બ્રહ્માવર્તમાં આવીને રહેવા લાગ્યા. (૨૬-૨૭). સૃષ્ટિની શરૂઆતમાં મૃત્યુલોકમાં સૌ પ્રથમ લગ્ન આ જ થયું. એને કારણે આ લગ્ન જ્યાં થયું એ સ્થળને 'શ્રી ક્ષેત્ર' કહે છે. આ સ્થળ ગુજરાતમાં સિદ્ધપુર નામથી પ્રસિદ્ધ છે. (૨૮-૨૯).

સરસ્વતી નદીના કિનારે, આબુ પાસે આ સ્થળ આવેલું છે. દેવહૂતિની સાથે મુનિશ્રેષ્ઠ કર્દમ ત્યાં રહ્યા હતા. (૩૦). મનુની પુત્રી દેવહૂતિ કાયા, વાણી અને મનથી પતિની અનન્ય ભાવે સેવા કરતી હતી. (૩૧). રાત દિવસ ખંતપૂર્વક સેવા કરતી હતી. સેવા કરતાં કરતાં શરીરમાં કૃશતા આવી ગઇ હતી. (૩૨). આ રીતે કેટલોક સમય વીતી ગયો અને ઋષિરાય પ્રસન્ન થયા. એક દિવસ એમણે કહ્યું કે "હે પ્રિયે ! રાજ્યસુખ છોડીને તેં મારી જે એકનિષ્ઠ સેવા કરી છે તે તારી પતિ સેવાના તપથી તારી આ કાયા કૃશ થઇ ગઇ છે." (૩૩-૩૪). હું તને હવે દિવ્ય દષ્ટિ આપું જેથી આ સંસારના ભયનો નાશ થઇ તને કોઇ જાતનું દુ:ખ રહેશે નહીં અને તું હંમેશ માટે

પૂર્ણાનંદમાં મગ્ન રહેશે. આ વિશે તું અંતરમાં શંકા લાવીશ નહીં. પતિનાં આવાં વચન સાંભળીને દેવહૂતિ બોલ્યા કે હે નાથ ! લગ્ન વખતે આપે જે પ્રતિજ્ઞા કરી હતી તે હજી પૂરી થઇ નથી. એ સાંભળીને મુનિએ ત્યાં યોગ પ્રભાવથી ક્ષણ વારમાં એક અદ્દભુત વિમાન ઉત્પન્ન કર્યું. આ વિમાન પળવારમાં જે સ્થળે જવાની ઇચ્છા થાય તે સ્થળે જઇ શકે તેમ હતું અને દાસ, દાસી વગેરે બધી સાધનસામગ્રીથી સ્વયં પરિપૂર્ણ હતું. (૩૫-૩૯).

ખાવાની, પીવાની કે મુખવાસમાં પણ કશી ઊણપ ન હતી. હવા ઉજાસથી ભર્યુંભર્યું અને સૂર્ય સમાન પ્રકાશિત હતું. (૪૦). એ જોઇને દેવહૂતિ ત્યાં આશ્ચર્ય પામી ગયાં. પિતાની રાજ્યસંપત્તિને ભૂલી જઇને એ મનોમન બોલ્યાં કે ખરેખર ! આ યોગ સામર્થ્ય કેવું છે? દેવલોક કરતાં પણ શ્રેષ્ઠ એવું યોગીનું આ ઐશ્વર્ય મેં નજરોનજર નિહાળ્યું. (૪૧-૪૨). ઋષિશ્વરે એમને કહ્યું કે હે પ્રિયે ! હવે સ્નાન કરીને બધાં વસ્ત્રો અને અલંકારો જલદીથી પહેરી લે અને પછી દાસ-દાસીઓ સાથે આ દિવ્ય વિમાનમાં બેસ. મુનિના એવાં વચન સાંભળીને દાસીલોકોએ પણ પ્રેમથી દેવહૂતિને સુગંધિત દ્રવ્યો ચોળીને, વાળમાં તેલ નાંખીને સુંદર રીતે ઓળી આપ્યા. (૪૩-૪૫). બધાએ એને ગરમ પાણીથી તરત જ સ્નાન કરાવીને સ્નાન પછી શરીરને ફરી પાછું સુગંધી દ્રવ્યોથી અર્ચા કરીને, કુંકુમ વગરે કરીને દિવ્યાભૂષણ પહેરાવીને જરિયનની સાડી પહેરાવી. સન્માનપૂર્વક હાથ પકડીને દિવ્ય વિમાન મંદિરમાં રત્નજડિત પલંગ પર એ ઉત્તમ દેહધારિણીને બેસાડી. પછી હાથમાં પંખો લઇને બધા પંખો નાંખવા લાગ્યાં. કર્દમ મુનિ પણ ઝડપથી આવીને પલંગ પર બેસીને યોગબળે આજ્ઞા કરતાં એ તેજના ઢગલા સમાન વિમાન એ જ ક્ષણે આકાશમાં ઊડવા લાગ્યું. (૪૬-૫૦).

સરસ્વતી નદીના કિનારેથી ઊડીને ક્ષણવારમાં એ મનની ઝડપે સુમેરુ પર્વત પર આવ્યું. જ્યાં 'ધો ધો' શબ્દથી પાવનકારી ગંગાનો પ્રવાહ પડતો હતો. આવી જગાએ જવા માટે બાપડા મનુષ્યનું તો શું ગજું? (૫૧-૫૨). ઋષિની શક્તિ તો અલૌકિક હતી અને તેથી જ્યાં દેવોનાં અગણિત વિહારસ્થાનો શોભતાં હતાં ત્યાં ક્રીડા કરવા ગયાં હતાં. (૫૩). વૈશ્રંભક, સુરસેન, પુષ્પભદ્રક, નંદન અને ચૈત્રરથ વગેરે દેવોના બધા બાગબગીચા દેવહૂતિને ઋષિએ બતાવ્યા. પતિ અને પત્ની બંને ક્રીડા કરવા માટે ત્યાં સુખપૂર્વક રહ્યાં.[૨] (૫૪-૫૫).

પછી ત્યાંથી માનસરોવરે આવીને પ્રેમથી સ્નાન કર્યું અને પછી વિમાનમાં બેસીને આખી પૃથ્વી ફર્યા. (૫૬). આ રીતે ફરવામાં સો વર્ષ વીતી ગયાં. એટલા સમયમાં દેવહૂતિને સુંદર દેહવાળી નવ દીકરીઓ થઇ. (૫૭). ઋષિના તેજના પ્રભાવથી એ બધી સદ્દગુણની સંપૂર્ણ ભંડાર સમાન હતી. આ રીતે ફરીને એ બન્ને જણાં સરસ્વતી નદીના કિનારે પાછાં આવ્યાં. (૫૮). ત્યાં મુનિશ્રેષ્ઠ સંન્યસ્ત લેવા વિચારતા હતા. એ જોઇને વંદન કરીને દેવહૂતિએ પ્રાર્થના કરતાં કહ્યું કે હે નાથ ! આપે પોતે જે પ્રતિજ્ઞા કરી હતી તેનો વિચાર કરો. એ પૂરી કરીને પછી ભલે સંન્યાસ લો. સૌ પ્રથમ તો આ નવેય દીકરીઓને યોગ્ય વર શોધીને તે સાથે પરણાવો અને પછી મારો શોક દૂર કરે એવો બ્રહ્મજ્ઞાની પુત્ર મને આપો. હે કૃપાળુ ! હું આ જ માગું છું. આ સાંભળીને ઋષિ બોલ્યા કે હે પ્રિયે ! સૌ પ્રથમ તો તું પ્રેમપૂર્વક નિર્ગુણ ઇશ્વરનું ચિંતન કર. એમના કૃપાપ્રસાદે તને ચોક્કસ બ્રહ્મજ્ઞાની પુત્ર થશે. એમાં

બીજી કોઇ શંકા રાખીશ નહીં. આ સાંભળીને દેવહૂતિએ એકનિષ્ઠાથી પરમેશ્વરનું ધ્યાન ધર્યું. એની આ તપસ્યા જોઇને જેના હાથમાં ચક્ર છે એવા મધુ નામના રાક્ષસના શત્રુ- ભગવાન વિષ્ણુ- પ્રસન્ન થયા.③ (૫૯-૬૫).

કર્દમ ઋષિના તેજ દ્વારા શ્રીવિષ્ણુએ તરત જ દેવહૂતિના ગર્ભમાં પ્રવેશ કર્યો. (૬૬). નવ મહિના અને (નવ દિવસ પૂરા થતાં) દશમે દિવસે હૃષીકેશ ભગવાન સાંખ્યશાસ્ત્રના પ્રણેતા રૂપે પ્રગટ થયા. (૬૭). સ્વર્ગમાં દુંદુભિ વાગવા લાગ્યાં અને પુષ્પવૃષ્ટિ થવા લાગી. અપ્સરાઓ પ્રેમથી નૃત્ય કરવા લાગી અને ગંધર્વો ગાન કરવા લાગ્યા. (૬૮). સ્વર્ગમાં મહોત્સવની ઉજવણી થવા લાગી. પોતાના પુત્રના આશ્રમે આવીને ચાર મુખવાળા બ્રહ્મા કર્દમને પ્રેમથી કહેવા લાગ્યા કે માતા પિતાની સેવા એ અહીં મુક્તિનું સાધન છે. શ્રીગુરુનાં ચરણકમળની સેવા કરતાં સંસારનો ભય દૂર થાય છે. (૬૯-૭૦). તેં મારું વચન પાળીને તારો જન્મ સાર્થક કરી દીધો છે. તારી આ બધી દીકરીઓને મરીચિ વગેરે ઋષિઓને કન્યાદાન કરી તારા સારા વંશનો વિસ્તાર કર. હે સન્મતિ ધારણ કરનાર ! તેં મારાં વચનમાં વિશ્વાસ રાખ્યો તેથી જેના પગમાં કમળનું ચિહ્ન છે તે મધુ અને કૈટભના શત્રુ(એવા વિષ્ણુ)એ તારે ઘેર ખાસ અવતાર લીધો છે. બધું મિથ્યા જ્ઞાન હરી લઇને એ આ પૃથ્વી ઉપર અનેક ઋષિઓનો ઉદ્ધાર કરશે. એ વેદાંતના પાયારૂપ સાંખ્ય (જ્ઞાન)નું સ્થાપન ચોક્કસ કરશે અને બધામાં પૂજનીય થશે. (૭૧-૭૪).

એ કપિલદેવ નામથી બધે પ્રસિદ્ધ થશે. આવું કહીને બ્રહ્મા, નારદ તથા સનતકુમાર વગેરે સાથે બ્રહ્મલોકમાં ગયા. પિતાની આજ્ઞાનુસાર કર્દમ ઋષિએ બ્રાહ્મ વિવાહ કરીને બધી દીકરીઓને પરણાવી દીધી. (૭૫-૭૬). કલા નામની પુત્રી મરીચિને, પતિવ્રતામાં ઉત્તમ એવી અનસૂયા અત્રિ ઋષિને, શ્રદ્ધા નામની કન્યા અંગિરા ઋષિને, હવિર્ભૂ પુત્રી પ્રેમપૂર્વક પુલસ્ત્યને, ગતિ પુલહને, સત્ક્રિયા પુત્રી ક્રતુને, ખ્યાતિ દીકરી ભૃગુ ઋષિને, અરુંધતી પ્રેમપૂર્વક વસિષ્ઠ ઋષિને અને શાન્તિ પુત્રી અથર્વાને પરણાવી. આ રીતે વિધિસર કન્યાદાન દેવાઇ જતાં દેવહૂતિને લાગ્યું કે હવે પતિનો વિયોગ થશે. એમણે પ્રતિજ્ઞા પાળી અને મને પણ પુત્ર થયો છે તેથી પતિ જલદીથી સંન્યાસી થશે. (૭૭-૮૧).

હવે આમ જીવવાનો કોઇ અર્થ નથી- ભલીવાર નથી- એમાં કોઇ શંકા નથી. અહીં જે કાંઇ મહેનત કરી તે ખરેખર વ્યર્થ જ છે. (૮૨). આ બધું જે નજરે દેખાય છે તે તો બધું ક્ષણવારમાં નાશ થઇ જશે. આ બધું ખરેખર ક્ષણભંગુર છે અને કેવળ માયાનો વિલાસ છે. (૮૩). અત્યાર સુધીનું જીવન બધું નકામું નીવડ્યું. મેં નકામા ભોગો ભોગવ્યા. આખી જિંદગી એળે જતી રહી. આખરમાં આનો શો અર્થ? (૮૪). એટલે હું પ્રાર્થના કરીને પતિદેવ પાસે આત્મજ્ઞાનની માગણી કરું. જે શુદ્ધ જ્ઞાનને લીધે શોક અને મોહ નડે નહીં. (૮૫).

હૃદયમાં આવો દૃઢ નિશ્ચય કરીને ત્યાં દેવહૂતિએ બે હાથ જોડીને અને મસ્તક નમાવીને પતિને વિનયપૂર્વક પ્રાર્થના કરી કે હે પ્રાણનાથ ! હે જ્ઞાનેશ્વર ! આ દાસી ઉપર અહીં કૃપાદૃષ્ટિ ફેંકો જેથી એ કૃતાર્થ થાય. (૮૬-૮૭). આપ સાક્ષાત્ પરમેશ્વર છો અને કૃપાના સાગર છો. આપ જ આ દાસીના ચિંતા હરનાર ગુરુવર છો. (૮૮). જેમ

પાણી વિના માછલું અને ગાય વગર વાછરડું રહી શકતું નથી તેમ આપના વિયોગથી આ દાસી કેવી રીતે રહેશે? (૮૯). હું ખૂબ દોષવાળી છું જ્યારે આપ તો ચૈતન્યસ્વરૂપ એવા નિર્દોષ છો. આપ તો આનંદના સાગર છો જ્યારે હું તો ભ્રાંતિનો ભંડાર છું. (૯૦).

વૈદ્ય પાસે હોવા છતાં રોગી એને કશું પૂછે નહીં અને રોગથી અતિશય પીડા ભોગવે એવું જ મારે પણ થયું. (૯૧). ભ્રાંતિરૂપ આ સમગ્ર જગત સ્વપ્ન સમાન જણાય એવા સત્ય જ્ઞાનનો હે દેવ ! મારા હૃદયમાં પ્રકાશ પાથરો. જેથી આ સંસારનો ભય ના રહે. આપ તો ત્રિકાળદર્શી છો. હે પ્રભુ ! બધા સંતાપોને દૂર કરીને મારા ઉપર કૃપા કરી મારો ઉદ્ધાર કરો. (૯૨-૯૩). આ સંસારરૂપી જંગલમાં ભમતાં મને અહંકારરૂપી દુષ્ટ સાપ એકાએક કરડવાથી જેમ આંધળાપણું આવે તેવું અહીં વિષયોમાં રમતાં હે દેવ ! મને થયું છે. જ્ઞાન આંજીને મને તરત જ દિવ્ય દૃષ્ટિ આપો. (૯૪-૯૫).

હે પ્રાણનાથ ! આ સંસાર અસાર અને દુ:ખરૂપ છે. દીકરી-દીકરા અને કુટુંબના સ્મરણથી મન ગભરાય છે. (૯૬). માટે હે પ્રભુ ! એ સંસારની ભીતિથી મને છોડાવો. સંતજન તો કલ્પવૃક્ષ સમાન છે એમાં કોઇ સંદેહ નથી. (૯૭). દેવહૂતિનાં આવાં વચન સાંભળીને ત્યાં મુનીશ્વરે કહ્યું કે હે પ્રિયે ! તને જે પુત્ર થયો છે તે વિષ્ણુનો અંશ છે. (૯૮). એ તારા બધા મનોરથો પૂરા પાડશે એવી મારી તને આશિષ છે. આમ કહીને સંન્યસ્ત લેવા માટે પુત્રની મંજૂરી લેવા ગયા. આવીને વિનયપૂર્વક અને પ્રેમથી કપિલ ભગવાનને કહ્યું કે હે ઇશ્વર ! તું મારો પુત્ર છે એવું હું તને કેવી રીતે કહું? આ ભવસાગરમાં તું તો મારા કુળનું દૈવત છે. (૯૯-૧૦૧).

તારાં દર્શન માટે યોગીઓ હજારો વર્ષ ઉગ્ર તપસ્યા કરીને મથતા હોય છે છતાં પણ તેમને તારું દર્શન દુર્લભ છે. એવો તું ભકતનો આધાર અને ભકત ઉપર કૃપા કરનારો મારા ઘરે પુત્ર થઇને આવ્યો !! (૧૦૨-૧૦૩). ભકતોનો ઉદ્ધાર કરવા અને દુષ્ટોને મારવા માટે હે પ્રભુ ! તેં તારાં આપેલાં વચનનું પાલન કરવા માટે આ અવતાર ધારણ કર્યો છે. (૧૦૪). તું મારા ઘરે સગુણરૂપે પ્રગટ થયો છે. ખરેખર ! તને ધન્ય છે. હે રિદ્ધિ અને સિદ્ધિને આપનારા વિભુ ! હું તને અનન્યભાવે પ્રણામ કરું છું. (૧૦૫).

તું સિદ્ધોનો પણ સિદ્ધ છે. તું સાક્ષાત્ પરમેશ્વર છે. હે તાત ! ગરીબોનો ઉદ્ધાર કરવા માટે તેં આ અવતાર ધારણ કર્યો છે. (૧૦૬). હે દેવ ! તું મને સંન્યસ્ત લેવાની આજ્ઞા- મંજૂરી- આપ. હવે મારે આ સંગ ત્યજીને તરત જ સુખે વનમાં જવું છે. (૧૦૭). માતાના મનોરથો પૂરા કરીને તું એની રક્ષા કરજે- એને સંભાળજે. તું રજા આપે એટલે હું જઉં અને તરત જ સંન્યાસ લઉં. (૧૦૮). કર્દમ ઋષિની આવી વિનંતી સાંભળીને કપિલ ભગવાન બોલ્યા કે આપની જ્ઞાનોત્તર શુદ્ધ ભક્તિ જોઇને હું આપને પૂર્ણપણે આધીન થયો છું અને દેવહૂતિ માતાના કૂખેથી પ્રગટ્યો છું. (૧૦૯-૧૧૦).

હું ભકતોનો છું અને ભકતો મારા છે એ શંકા રહિત વાત છે. હે પિતાજી ! આપ સુખેથી સંન્યાસ લો અને ત્યાં નિ:સંગ રહો. (૧૧૧). આપની પ્રતિજ્ઞાને હું ચોક્કસ સત્ય કરીશ. માતાજીને જલદીથી મુક્તિનો માર્ગ બતાવીને

એમને જ્ઞાન આપીને હું ચોક્કસ શોકરહિત કરીશ. પુત્રનાં આવાં વચન સાંભળીને મસ્તક નમાવીને વંદન કરીને પછી પરિક્રમા કરીને જંગલમાં જતા રહ્યા. ત્યાં સંન્યાસીના નિયમો પાળીને, જ્ઞાનને સારી રીતે દૃઢ કરીને વિદેહ મુક્તિને પામ્યા. આ બાજુએ પતિના વિયોગને કારણે દેવહૂતિ માતા અતિશય દુ:ખી થયાં. (૧૧૨-૧૧૫).

આ જોઇને કપિલદેવે એમને સાંત્વન આપ્યું અને સમ્યગ્ જ્ઞાનનો ઉપદેશ કરીને એમની બધી જ શંકાનું સમાધાન કર્યું. (૧૧૬). આ બધી વાતો ભાગવત વગેરે ગ્રંથમાં વિસ્તારપૂર્વક કહેવાઇ છે. અહીં એનું વર્ણન કરવા જતાં આ ગ્રંથ ખૂબ મોટો થઇ જાય. (૧૧૭). આ જ્ઞાન એટલે બીજું કોઇ જ્ઞાન નહીં પરંતુ પેલું જ જ્ઞાન જેનો જ્ઞાનકાંડમાં ભગવાને અર્જુન વગેરે ભક્તોને ઉપદેશ કર્યો હતો. (૧૧૮). દેવહૂતિએ પોતાના પુત્રના મુખે એ જ્ઞાન સાંભળીને અને ત્યાં એનો લાંબા સમય સુધી નિરંતર અભ્યાસ કરીને પોતાના જ સ્વરૂપમાં સમગ્ર વિશ્વને જોવા લાગ્યાં અને ચિત્તનો નિરોધ કરીને પછી નિર્વાણ પામ્યાં. (૧૧૯-૧૨૦).

જેની કાયા અત્યંત પાવનકારી હતી એવાં દેવહૂતિનું શરીર અંતે સરસ્વતી નદીનાં જળમાં અહીં એકરૂપ થઇ ગયું. (૧૨૧). જગતની જનની એવાં એ દેવહૂતિને ધન્ય છે ! એમના દેહનું વિસર્જન આ શ્રીસ્થળે થયું. (૧૨૨). સિદ્ધોના પણ સિદ્ધ એવા કપિલ ભગવાનનું પુર-નગર-એટલે એનું નામ સિદ્ધપુર પડ્યું. (૧૨૩). એનો મહિમા તો શેષ વગેરે પણ સમજી શકતા નથી. કપિલ ભગવાને જાતે પ્રેમપૂર્વક દેવહૂતિની ઔર્ધ્વદૈહિક-મરણોત્તર-ક્રિયા વિધિસર ત્યાં કરી ત્યારથી એ સ્થળ માતૃગયા નામે પ્રસિદ્ધ થયું. (૧૨૪-૧૨૫). આ સ્થાનને પછી કપિલ મુનિએ વરદાન આપ્યું કે જે કોઇ આ તીર્થમાં આવીને બિંદુસરોવરમાં અને સરસ્વતી નદીમાં ભક્તિભાવથી સ્નાન કરશે તેમજ માતાનું વિધિપૂર્વક શ્રાદ્ધ કરશે તેની માતાની ત્રણ પેઢી બ્રહ્મલોકમાં જઇને પિતાની ત્રણ પેઢી સાથે અક્ષયસુખ ભોગવશે. (૧૨૬-૧૨૮). એના બધા પિતૃઓ સદ્‌ગતિ પામશે. આ રીતે યોગ્ય વિધિસર માતાનું શ્રાદ્ધ કર્યા વગર વ્યક્તિ પોતાની માતાના ઋણમાંથી મુકત થતી નથી. ત્યારે આવું વરદાન સ્વયં કપિલ ભગવાને આપ્યું હતું. (૧૨૯-૧૩૦).

માતા-પિતાની અને કર્દમપુત્ર કપિલ ભગવાનની પ્રેમપૂર્વક મંત્રાભિષેકથી જે કોઇ પૂજા કરે અને બ્રાહ્મણોને આદરપૂર્વક ભોજન આપીને દક્ષિણા આપે છે તેને અનંત પુણ્ય મળે છે એમાં શંકા કરીશ નહીં. (૧૩૧-૧૩૨). આ ક્ષેત્રમાં જે કોઇ જપ તપ કરશે કે અનુષ્ઠાન કરશે તો એ તરત જ સિદ્ધ થશે એવું આ ક્ષેત્રનું માહાત્મ્ય છે. (૧૩૩). આવાં પવિત્ર ક્ષેત્ર સિદ્ધપુરમાં કુલીનકુળના શ્રીગુરુ થોડા દિવસ હાટકેશ્વરના શિવાલયમાં પ્રેમથી રહ્યા ત્યારે ત્યાં કર્ણાટકનો એક બ્રહ્મચારી તીર્થયાત્રા માટે આવ્યો હતો. (૧૩૪-૧૩૫).

પ્રારબ્ધવશ એ બ્રહ્મચારી યુવાન રોગમાં સપડાયો. એની ખાવા પીવાની યોગ્ય વ્યવસ્થા કરવા માટે શ્રીગુરુએ ખરેખર કહ્યું તો પણ કોઇએ સાંભળ્યુ નહીં. એની દુર્દશા જોઇને કૃપાસાગર શ્રીગુરુએ તરત જ ગાંડાને કહ્યું કે હે બાળ ! તું જ આની પંદર દિવસ સુધી ખાવા પીવાની બધી વ્યવસ્થા સંભાળ. અહીં તો કોઇ ધ્યાન આપતું નથી. આવાં વચન સાંભળીને ગાંડાએ બધી વ્યવસ્થા કરી. (૧૩૬-૧૩૯).

પંદર દિવસ થતાં બ્રહ્મચારીનું દેહાવસાન થવાનું છે એવું જાણીને શ્રીગુરુ પોતે પોતાના સ્થાનેથી ઊઠીને એની પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે આ પ્રાણનું હવે ઉત્ક્રમણ થવા લાગ્યું છે તો હવે તું સાવધાન થઇ જઇને ઇશ્વરનું ધ્યાન કર. શ્રીગુરુનાં એ વચન સાંભળીને એ બ્રહ્મચારીએ પણ સ્વસ્થતાપૂર્વક અને આનંદપૂર્વક હરિના નામનો જયઘોષ કર્યો અને ઇશ્વરના ધ્યાનમાં જ પ્રાણનો ત્યાગ કર્યો. (૧૪૦-૧૪૩). એનાં ભાગ્યને ધન્ય છે કે જેના અંતકાળમાં ત્રિમૂર્તિસ્વરૂપ શ્રીસદ્‌ગુરુ જાતે પાસે આવ્યા અને જેને શ્રીગુરુવરે ક્રમમુક્તિ આપી.

આ રીતે સિદ્ધપુરમાં કેટલાક દિવસ પ્રેમપૂર્વક રહીને શ્રીગુરુ ડાકોર આવ્યા જ્યાં ભક્તોનો ઉદ્ધાર કરનાર શ્રીરણછોડરાય વસી રહ્યા છે અને જેનાં દર્શનથી પાપ ટળી જાય છે. (૧૪૪-૧૪૬). બોડાણાનો ભાવ જોઇને સ્વયં દ્વારકાનાથ ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકા છોડીને ત્યાં (ડાકોર) આવીને સાક્ષાત્ બિરાજી રહ્યા છે. (૧૪૭).

આ સાંભળીને નિરંજન બોલ્યો કે દ્વારકા છોડીને શ્રીકૃષ્ણ પ્રેમથી ત્યાં (ડાકોર) કેમ આવ્યા તે સવિસ્તર કહો. (૧૪૮). બોડાણો એ વળી કોણ છે? એના નામને ધન્ય છે. એનું પૂરેપૂરું આખ્યાન આપ કૃપા કરીને કહો. (૧૪૯). શિષ્યનાં એવાં વચન સાંભળીને અલખે જે જવાબ આપ્યો તેનો અપૂર્વ એવો **રંગ** આગળ ઉપર જણાશે જે સાંભળતાં સંસારની વ્યથા દૂર થશે. (૧૫૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'માતૃગયાખ્યાન'** નામનો **એકસો ઓગણત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૧૨૯

(૧) મનુ એ રાજા છે અને એની કન્યા દેવહૂતિ બ્રાહ્મણ ઋષિને પરણે તો એ ઊંચા કુળમાં જાય છે તેથી આ લગ્ન શાસ્ત્રને સ્વીકાર્ય છે. જ્યારે મનુ અને શતરૂપા દેવહૂતિને લઇને કર્દમ ઋષિના આશ્રમમાં ગયાં ત્યારે ઋષિએ બધાને બેસવા માટે આસન પાથર્યાં. મનુ અને શતરૂપા આસન પર બેઠાં. દેવહૂતિએ વિચાર્યું કે જો ઋષિ લગ્ન કરવાનું સ્વીકારે તો એ મારા પતિ થાય. તો હું પતિની સેવા કરું કે પતિની સેવા લઉં? માટે એમણે મૂકેલા આસન પર બેસાય નહીં. એમની સેવા લેવાય નહીં. પરંતુ જો એના પર ના બેસું તો પણ અવિવેક કહેવાય.



૮

એમનો અનાદર કર્યો એમ ગણાય. તો શું કરવું? દેવહૂતિ જમીન પર બેસી ગયાં અને એનો જમણો હાથ આસન પર મૂકીને બન્ને વસ્તુ સંભાળી લીધી.

(૨) દોહરા ૩૮ થી ૫૫ યોગીની શક્તિ સૂચવે છે. યોગીનું જીવન વસ્તુનો અભાવ હતો તેથી સાદું ન હતું. એમને સાદાઇથી જ જીવવું હતું તેથી સાદું હતું. ઉપભોગ માટે બધું મળે એમ હોવા છતાં ન ભોગવવું તે જ તપ છે.

(૩) દોહરા ૬૧ થી ૬૪ ધ્યાનથી વાંચવા જેવા છે. પુત્ર જન્મ પછી તેનામાં સંસ્કારનું સિંચન એ એક વાત. ગર્ભમાં હોય ત્યારે સંસ્કારનું સિંચન કરવું એ બીજી વાત, પરંતુ પોતાની ઇચ્છા મુજબનો પુત્ર મેળવવા માટે અનુષ્ઠાન કરવું અને એ પ્રમાણેનું સંતાન મેળવવું એ તો નવાઇ પમાડે તેવી વાત છે. ગર્ભાધાન થાય તે પહેલાં અમુક અનુષ્ઠાન કરવું અને ઇચ્છિત ફળ મેળવવું એમાં તો હજી વિજ્ઞાને પણ પ્રગતિ કરવાની બાકી છે.

●

## માતૃભક્તિ

(સોલા ભાગવત વિદ્યાપીઠના ખાતમુહૂર્તના સંદર્ભમાં)

પૂજ્ય શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીએ પ.પૂ. શ્રીરંગ અવધૂત મહારાજને તા. ૧૩-૩-૬૯ના રોજ ખાત મુહૂર્ત માટે સોલા પધારવાનું નિમંત્રણ આપ્યું હતું. એ સંદર્ભમાં પૂ.શ્રીએ પત્ર દ્વારા જણાવ્યું :

"કાર્ય ભગવાનનું છે, ભગવાન કરશે માટે ચિંતા ન કરશો. માતાજીની પ્રકૃતિ નાજુક છે. માતાજીની આજ્ઞા છે કે રાત્રી આશ્રમમાં જ ગાળવી. વાટ લાંબી છે. મોટરની યાત્રા શક્ય નથી તો મારી ઉપસ્થિતિ ત્યાં જ સ્વીકારશો. **માતૃવશ હું નિરુપાય છું**".

પૂ.શ્રી શાસ્ત્રીજીએ પ્રત્યુતરમાં જણાવ્યું :

**"આપ સમર્થ નિરુપાય છો, હું સામાન્ય નિરાધાર છું."**

આના જવાબમાં પૂ.શ્રીએ મુ. મોદીકાકાને પત્ર સાથે રૂબરૂ મોકલ્યા. સંદેશો હતો :

"યોગીજનોની રાત્રી ત્રણ વાગ્યા સુધીની પૂ.માતાજીની આજ્ઞાનું પાલન કરીશ. ત્રણ વાગ્યે નિકળીશ. મોટરમાં નિકળીશ. રસ્તામાં ઊલટીઓ થશે તો લીંબુનો રસ રાખી મૂકીશ. ખાતમુહૂર્ત પ્રભુનું કાર્ય છે. અવશ્ય આવીશ. નીકળતા પહેલાં જો માતાજીનો દેહ છૂટી જશે તો હું નિરુપાય છું. પરંતુ દ્વારથી બહાર નિકળ્યા બાદ જો માતાજી દેહ વિસર્જન કરશે તો પ્રથમ શ્રીભાગવત વિદ્યાપીઠનું ખાતમુહૂર્ત કરીશ. બાદ પરત માતાજીને અંજલિ આપીશ- જો કે માતાજી કૃપાળુ છે એટલે કાળને પણ રોકી મૂકશે. વિઘ્ન નહીં આવે. અવશ્ય આવીશ."

(શ્રીરુકમાઇ મંડળ, કાંદિવલી દ્વારા પ્રકાશિત સ્મરણિકામાંથી)


❀

# નારેશ્વર વિભૂતિ મા રુકમામ્બા



માતૃદેવ પદે વંદી, અનુજ્ઞા મેળવી સદા;
રંગદેવે કર્યાં કાર્ય રુકમામ્બાને નમું નમું.


# ગોપાલ - વેશધારી અવધૂત



૬૧મી રંગજયંતી, ડાકોર.

**કારતક સુદ ૯, ૨૦૧૫. બુધવાર. તા. ૧૯-૧૧-૧૯૫૮.**

વેષધરે ગોપાલનો રંગ ડાકોર માંહ્ય,
નારેશ્વરના નાથનો જન્મ દિવસ ઉજવાય;
ડાકોરનો ઠાકોર પણ ગાંડો ઘેલો થાય,
ચોરે ટોપી પ્રેમથી રંગની રણછોડરાય.



વંશી વિભૂષિત કરાન્નવનીરદાભાત્
પીતાંબરાદરુણબિમ્બ ફલાધરોષ્ઠાત્ ।
પૂર્ણેન્દુ સુંદર મુખાદરવિંદનેત્રાત્
કૃષ્ણાત્ પરં કિમપિ તત્ત્વમહં ન જાને ॥

દેવ એહ ઋણથી કરે મુક્ત ભક્તને આંહ્ય • માટે એને પ્રીતથી કહે રણછોડરાય.




વાતો કરી પ્રેમે કરે ભક્ત સારથ્ય એમ!
સુધન્ય બોડાણો નકી અર્જુનથી પણ તેમ



બોડાણો અનલ્પ મન નિઃસંકલ્પ
સમાધિ સકલ્પ ગંગાબાઈ

# અધ્યાય : ૧૩૦

આ અધ્યાયનું નામ **'ડાકોરમાહાત્મ્યવર્ણન'** છે. આ અધ્યાયમાં ૧૬૦ દોહરા છે.

અલખે કહ્યું કે હે બાળ નિરંજન ! તું સાંભળ. આજે જ્યાં ડાકોર છે ત્યાં પહેલાં વાઘ વગેરે હિંસક પ્રાણીવાળું જંગલ હતું. (૧). ડંક ઋષિની તપસ્યાથી પ્રસન્ન થયેલા શિવે વરદાન આપ્યું અને ત્યાં ડાકોર ગામ વસ્યું. (૨-૩).

સાતસો વર્ષ પહેલાં વિજયસિંહ નામનો એક રાજપૂત હતો જેને લોકો બોડાણો કહેતા હતા. સોળ વર્ષની ઉંમરે એને એક સંન્યાસીએ કૃષ્ણમંત્ર આપીને કહ્યું કે આ મંત્રનો જપ કરજે અને ભગવાન લક્ષ્મીપતિની તુલસીદળથી પૂજા કરજે. બોડાણાએ ડાકોરથી દ્વારકા ચાલતાં જઇ તુલસીદળ ચઢાવવાનું વિચાર્યું. મંત્ર જાપ કરતો જાય અને વર્ષમાં બે વાર ડાકોરથી દ્વારકા ચાલતો જાય. (૪-૧૫).

એની અનન્ય નિષ્ઠા જોઇને ભગવાન દ્વારકાધીશે બોડાણાને કહ્યું કે તારી સદ્‌ભક્તિથી પ્રસન્ન થયો છું. મારે ડાકોર આવવું છે. તું વાહન લઇ આવ. બોડાણો ભાંગ્યુ તૂટ્યું ગાડું અને ઘરડા બળદ લઇને આવ્યો ત્યારે પૂજારીઓ શયન આરતી કરીને, મંદિરને તાળું મારીને ઘરે ગયા હતા. (૧૬-૩૦).

બોડાણો રાત્રે આવ્યો એટલે મંદિરનું બારણું ખૂલી ગયું અને બોડાણાના હાથ ઉપર બેસી દ્વારકાધીશ ગાડામાં બેઠા. મળસ્કા સુધી તો ગાડું દ્વારકા ગામની બહાર પણ નો'તું નીકળ્યું એટલે બળદનાં અછોડા હાથમાં લઇને પળવારમાં ભગવાન ડાકોરમાં સરોવર પાસે ડંકનાથ મહાદેવના મંદિરે આવ્યા. (૩૧-૬૦).

આ બાજુ દ્વારકામાં સવારે મંદિર ખૂલતાં ભગવાનની મૂર્તિ ન જોતાં હાહાકાર અને હોહા થઇ ગઇ. જગદ્‌ગુરુ શંકરાચાર્યે કહ્યું કે ભગવાન બોડાણા સાથે ડાકોર ગયા છે. બધા ગૂગળી ડાકોર ગયા એટલે ભગવાન સરોવરમાં સંતાઇ ગયા. જગદ્‌ગુરુના કહેવાથી સરોવરમાં તપાસ કરતાં પૂજારીને ભગવાનની મૂર્તિ મળી. ભગવાનની આજ્ઞાથી બોડાણાએ કહ્યું કે ભગવાન હવે દ્વારકા નહીં આવે. એના બદલામાં જે જોઇએ તે માગો. પૂજારીઓએ મૂર્તિના વજન જેટલું સોનું માગ્યું તો ભગવાન બોડાણાના પત્ની ગંગાબાઇના નાકની વાળીના વજનથી પણ વધુ હલકા થયા. દુઃખી બ્રાહ્મણોને રાજી કરવા કહ્યું કે દ્વારકા પાસે સાવિત્રી વાવ છે તેમાં મારી મૂર્તિ છે તે સ્થાપજો. એટલે પૂજારીઓએ એ પ્રમાણે કર્યું છે. પંઢરપુર સમાન ડાકોરનું મહત્ત્વ છે. શરદપૂનમે આવેલી મૂર્તિની સ્થાપના કાર્તિકી પૂનમે થઇ. તાંબેકરે મંદિર બંધાવી સ્થાપના કરી. (૬૧-૧૬૦).

અલખે કહ્યું કે હે બાળ નિરંજન ! તું સાંભળ. અત્યારે જ્યાં ડાકોર આવેલું છે ત્યાં પહેલાં જંગલ હતું અને ત્યાં વાઘ વગેરેનો વાસ હતો. (૧). ત્યાં ડંક ઋષિ નામે એક તપસ્વી તપ કરતા હતા. એમની તપશ્ચર્યા જોઇને ભગવાન શંકર પ્રસન્ન થયા. (૨). શિવજીના વરદાને કરીને આજનું ડાકોર ગામ ત્યાં વસ્યું. આજે પણ ત્યાં ડંકનાથ

શિવજી હાજરાહજૂર છે. (૩).

સાતસો વર્ષ ઉપર ત્યાં રાજપૂત જ્ઞાતિનો વિજયસિંહ નામનો એક મહાન ભકત થઇ ગયો. (૪). લોકો એને બોડાણો કહેતા. એ શાંત (મન પર કાબૂ ધરાવનાર) અને દાંત (ઇંદ્રિયો પર કાબૂ ધરાવનાર) હતો અને બાળપણથી જ એ હંમેશાં સન્માર્ગે ચાલતો હતો. (૫). એની અનન્ય ભક્તિ જોઇને દ્વારકાધીશ ભગવાન કૃષ્ણચંદ્ર જાતે ડાકોર પધાર્યા હતા. (૬). હું તને એ બધી વાત કહું છું તે તું ધ્યાન આપીને સાંભળ. જ્યારે બોડાણો સોળ વરસનો હતો ત્યારે તેને એક સંન્યાસીએ કૃષ્ણમંત્રનો ઉપદેશ આપીને કહ્યું કે તું એકનિષ્ઠાથી આ મંત્રનો નિરંતર જપ કરજે અને ભગવાન લક્ષ્મીપતિનું તુલસીદળ-તુલસીની માંજર-થી ભક્તિભાવથી પૂજન કરજે. (૭-૯).

પોતાની અંત:સ્ફુરણાથી જમણા હાથે તુલસી વાવીને એને માંજર આવે એટલે વરસમાં બે વાર દ્વારકા પગે ચાલીને જઇને એ (માંજર) ભાવપૂર્વક અર્પણ કરતો. (૧૦-૧૧). નિયમસર કૃષ્ણમંત્રનો જાપ કરતો અને હાથમાં તુલસી વાવીને હરિની અર્ચા કરતો. (૧૨). સોળ વરસની ઉંમરથી આવી અનન્ય ભાવથી ભક્તિ કરતાં કરતાં એ ભકત ખૂબ જ ઘરડો થયો. (૧૩). ચાલવાની શક્તિ રહી નહીં. શરીર ધ્રૂજતું હતું. તેમ છતાં નિયમ પ્રમાણે વર્ષમાં બે વાર ડાકોરથી દ્વારકા બસો ગાઉ પગે ચાલીને જતો અને દર વર્ષનો જે નિયમ હતો તે કદી ચૂકતો નહીં. (૧૪-૧૫).

એની અનન્ય નિષ્ઠા અને બેહદ ભક્તિ જોઇને દ્વારકાધીશે મનોમન વિચાર્યું કે આ ભકત ખૂબ જ ઘરડો થઇ ગયો છે એટલે એને પડતો ત્રાસ દૂર કરવા હું વિના વિલંબે કોઇ ખાસ યોજના બનાવું. (૧૬-૧૭). ત્યાં તો દર વર્ષના નિયમાનુસાર હાથમાં તુલસી વાવીને ધીમે ધીમે રસ્તો કાપતો બોડાણો શરદ ઋતુમાં આસો મહિનામાં મંદિરે આવી પહોંચ્યો. (૧૮-૧૯). ભગવાન કૃષ્ણનાં ચરણકમળમાં તરત જ ભાવપૂર્વક તુલસી અર્પણ કરી અને દંડવત્ પ્રણામ કરીને ખરેખર જ્યાં વૃત્તિ સ્થિર કરી ત્યાં કૃષ્ણચંદ્રની પથ્થરની મૂર્તિ પ્રત્યક્ષ થઇને બોલી કે હે ભકત ! હું તારી સદ્‌ભક્તિથી પ્રસન્ન થયો છું. ચાલ, હું તારી સાથે ડાકોર આવું અને ત્યાં આપણે બન્ને સુખેથી સાથે રહીએ.① (૨૦-૨૨). તું વાર કર્યા વગર મને બેસવા માટેનું વાહન જલદી જલદી લઇ આવ. હરિનાં આવાં વચન સાંભળીને ભકતે વંદન કર્યાં અને પછી એ બોડાણો આસપાસના ગામમાં ફરી વળ્યો અને પ્રયત્ન કરીને ખૂબ મથામણ પછી એક ખખડધજ એવું ગાડું માગી લાવ્યો. બળદ પણ ખૂબ ખખડી ગયેલા અને એકદમ દુબળા હતા. (૨૩-૨૫).

બળદ એવા મરવા જેવા હતા કે રાત દિવસ ચાલ્યા કરે તો પણ એક યોજનનું અંતર પણ કાપી શકે નહીં. (૨૬). એ બિચારા ગરીબ એવા ભકતને કોણ સરસ મઝાના બળદ આપે? ગાડું પણ એકદમ નકામા જેવું હતું. (૨૭). આ બળદ અને ગાડું ઉપયોગ વગરનાં છે એવું જાણીને કોઇએ બોડાણાને આપ્યાં. ભકતને એ બળદ ગાડું લઇને આવતાં પણ ખૂબ જ હેરાનગતિ થઇ. (૨૮). આ બળદ ગાડું હાંકીને મંદિર પાસે જેમ તેમ કરીને મધ્યરાત્રીના સમયે આવ્યો. (૨૯). પૂજારીવૃંદ તો ભગવાનની શયન આરતી કરીને મંદિરને તાળાકુંચીથી ચોક્કસપણે બંધ કરીને પોત પોતાના ઘરે ગયું હતું- એવે વખતે એ બોડાણો મંદિર પાસે આવ્યો. (૩૦-૩૧).

એ ભકત જયાં મંદિરમાં ગયો ત્યાં જ અચાનક તરત જ મંદિરનું બારણું ખૂલી ગયું. (૩૨). એ તો એકદમ આનંદમાં આવી જઇને મૂર્તિની પાસે દોડી ગયો. ત્યાં તો ભગવાન કૃષ્ણની મૂર્તિએ મંદહાસ્ય કરીને ખાસ કહ્યું કે હે ભકતરાજ ! હવે તું ઉતાવળ કર અને ઝટપટ ચાલવા માંડ. આમ કહીને ભગવાનની એ મૂર્તિ ઝટપટ બોડાણાના હાથ ઉપર પ્રેમથી બેસી ગઇ. એટલે એને આનંદપૂર્વક લઇને ભકતરાજ ગાડાં પાસે આવ્યો અને એ મૂર્તિને તરત જ ગાડાંમાં પધરાવી દીધી. ભગવાનની એ મૂર્તિ ફરી પાછી બોલી કે હે ભકતશ્રેષ્ઠ ! હવે તું સાચે જ જલદી જલદી તારું ગાડું ચલાવ કારણ કે પ્રાત:કાળ થતાં જ પૂજારીઓ તથા બ્રાહ્મણો અને પ્રેમાળ ભકતો વગરે મંગળા આરતી માટે મંદિરમાં જશે અને ત્યાં મારી મૂર્તિને ના જોતાં તેઓ ગભરાઇ જઇને આમતેમ શોધખોળ કરવા માટે લોકો દોડાદોડ કરશે અને તું પકડાઇ જઇશ તો એ લોકો તને ચોક્કસ મારશે, માટે તું ઉતાવળ કરીને ગાડું હાંક. આ સાંભળીને ભકતે હાંકવાનું કામ ખંતપૂર્વક કર્યું તેમ છતાં બળદ ઝડપથી ચાલતા ન હતા. ભોળો અને ભાવિક એ ભકત જેમ તેમ કરીને મધ્યરાત્રિથી માંડીને મરઘો બોલે ત્યાં સુધીમાં-બ્રાહ્મ મુહૂર્ત સુધીમાં- માંડ દ્વારકાની બહાર ગાડું લાવી શકયો. હવે પ્રાત:કાળ નજીકમાં છે એમ જાણીને દ્વારકાનાથ બોલ્યા કે હે ભકતરાજ ! હે તાત ! હવે તું ઘડીભર પાછળ બેસ. (૩૩-૪૩).

હવે જો હું જ ગાડું હાંકું છું. તું જો કે મારાથી ગાડું કેવું ચાલે છે. એમ કહીને હરિ આગળ બેઠા અને ડાબા હાથમાં પ્રેમથી બળદના અછોડા (લગામ) લઇને અને જમણા હાથે ચાબુક લઇને બળદોને હાંકવા લાગ્યા. (૪૪-૪૫). કુરુક્ષેત્રના યુદ્ધમાં આ પહેલાં શ્રીહરિએ અર્જુનના રથમાં બેસીને જે રીતે સારથિપણું કર્યું હતું તે જ રીતે ઘરડા બળદિયા અને ખખડધજ ગાડાંને ભકતના પ્રેમને વશ થઇને રણછોડરાય હાંકતા હતા. ધન્ય છે એમને. (૪૬-૪૭). અર્જુનની માફક ભગવાન કૃષ્ણ જેના સારથિ થયા એવા બોડાણાના ભાગ્યનું તો કોણ વર્ણન કરી શકે એમ છે? (૪૮). ખરેખર ! અર્જુન કરતાં પણ એનો અધિકાર વધારે હતો. કારણ કે અર્જુનના કિસ્સામાં તો શ્રીહરિ તે સમયે પૃથ્વીનો ભાર ઉતારવા માટે અને પોતાના ભકતોનું રક્ષણ કરવા માટે પૃથ્વી ઉપર મનુષ્યરૂપે અવતર્યા હતા. જયારે આ તો એકદમ ન મનાય એવી અપૂર્વ વાત હતી. (૪૯-૫૦). આમ જુઓ તો પથ્થરની એ મૂર્તિ તો કેવળ જડ જ હતી. પરંતુ બોડાણાની ભક્તિથી પ્રસન્ન થઇને જીવતા માણસની જેમ વાતો કરીને પ્રેમથી ભકતનું સારથિપણું કરે ! ખરેખર ! બોડાણો તો અર્જુન કરતાં પણ વધુ ભાગ્યશાળી હતો. (૫૧-૫૨).

શ્રીહરિએ જેવા હાથમાં અછોડા લીધા કે તરત જ બળદો પવનવેગે દોડવા લાગ્યા. (૫૩). ડાકોરના લોકો જાગે તે પહેલાં તો ગાડું હાંકીને વૈકુંઠનાથ ગામની પાસેનાં સુંદર અને વિશાળ એવાં સરોવરની પાસે આવી પહોંચ્યા. સરોવર પાસેના શિવમંદિરમાં તરત જ દાખલ થઇને ભગવાન વિષ્ણુએ-કૃષ્ણે ડંકનાથને પ્રેમથી સાક્ષાત્ નમન કર્યાં. ત્યાં તો ગણેશના પિતા-ભગવાન શિવ શંકર ત્યાં પ્રત્યક્ષ પ્રગટ થયા અને બન્ને એકબીજાને પ્રેમથી ભેટ્યા. એકબીજાની સ્તુતિ કરીને અદ્વૈતાત્મ તત્ત્વનું દર્શન કરાવ્યું. આ અગમ્ય લીલાનું વર્ણન કોણ કરી શકે એમ છે? (૫૪-૫૮).

ત્યાર પછી મહાદેવે એ કૃષ્ણમૂર્તિને પોતાની પાસે બેસાડી. આમ બોડાણાની ભક્તિથી પ્રસન્ન થઇને રણછોડરાય પોતે જાતે પ્રેમથી ડાકોર આવ્યા. આ સાંભળીને નિરંજને પૂછ્યું કે હે ગુરુજી ! પછી ત્યાં દ્વારકામાં શું

બન્યું એ વાત મને કૃપા કરીને કહો. એટલે તરત જ અલખજી બોલ્યા કે મંદિરમાંથી ભગવાન કૃષ્ણની મૂર્તિ જતી રહી, પછી ઉષ:કાળમાં રોજની જેમ પૂજારીઓ અને ભકતો ત્યાં આવ્યા તો મંદિરનું બારણું ખુલ્લું જોયું અને મૂર્તિ દેખાઇ નહીં. (૫૯-૬૩). શોકમાં આક્રંદ કરતાં બધા કહેવા લાગ્યા કે અરેરે ! એક રાતની અંદર આ ન બનવાનું બધું શું બની ગયું? (૬૪).

અમે મંદિરનાં બારણાં તાળાકુંચીથી બરાબર બંધ કર્યાં હતાં અને બારણે તો અખંડ પહેરો હતો. અરેરે ! તો પણ કોઇ ચોર બારણાં ખોલીને મૂર્તિને ઊઠાવી ગયો છે. કુંચી તો આપણી પાસે જ છે પછી એણે તાળું ખોલ્યું કેવી રીતે? (૬૫-૬૬). દશમણથી પણ વધારે વજનવાળી એ મૂર્તિ હતી તો એને કોણ ઊંચકી શકે? આ કોઇ માનવીનું કામ લાગતું નથી. (૬૭). આ કેવી રીતે બન્યું? અને આવું અનુચિત કામ કોણે કર્યું હશે? આ રીતે પૂજારી અને ભકતો આક્રોશ કરીને ચિંતા કરતા હતા. (૬૮). ક્ષણવારમાં બધે બૂમાબૂમ થઇ ગઇ અને લોકો દોડાદોડી કરવા લાગ્યા. જૂએ છે તો મંદિરમાં મૂર્તિ જ નથી. બધા ખૂબ દુ:ખ વ્યકત કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે ખરેખર ભગવાન આપણા પર રૂઠ્યા જણાય છે. આપણાથી કોઇ મોટો અપરાધ થયો લાગે છે. નહિ તો આવું થાય નહીં. આમાં તો કોઇ તર્ક પણ ચાલે એમ નથી. (૬૯-૭૦).

આમ બધા ચિંતા કરવા લાગ્યા. આ વાત જગદ્‌ગુરુ શંકરાચાર્યે જાણી ત્યારે એમણે મનોમન વિચાર્યું કે આવી અઘટિત ઘટના કેમ ઘટી હશે? માટે માનો યા ના માનો પણ ખરેખર કોઇ ભાવિક હરિભકત જ પ્રેમપૂર્વક કૃષ્ણમૂર્તિ લઇ ગયો હશે. આવું વિચારીને જ્યાં ધ્યાન ધરીને જોયું તો એ ભગવાનની મૂર્તિ ડાકોરમાં સરોવર પાસેના ડંકનાથના શિવાલયમાં જોઇ અને એની પાસે ભકત બોડાણાને બેઠેલો જોયો. (૭૧-૭૪). ધ્યાનમાં શ્રીહરિની અઘટિત લીલા જોઇને જગદ્‌ગુરુએ લોકોને કહ્યું કે તમે આમ ચિંતા કરો નહીં.② (૭૫). ભગવાન તો બોડાણા સાથે જઇને ડાકોરમાં સરોવર પાસે ડંકનાથની પાસે બેઠા છે. (૭૬).

આ સાંભળીને દ્વારકાના બધા ભકતજનોએ જગદ્‌ગુરુને પોતાની સાથે આવવા માટે વિનંતી કરી. (૭૭). પછી તરત જ બધા ડાકોર જવા ઉપડ્યા અને થોડા દિવસોમાં ડાકોર ગામની પાસે આવી પહોંચ્યા. (૭૮). આ વાત જાણીને ઋણમાંથી મુકત કરાવનારી એ મૂર્તિએ ડંકનાથને કહ્યું કે હે ઉમાકાન્ત ! ખરેખર દ્વારકાના લોકો મારી શોધ કરવા માટે જગદ્‌ગુરુ અને ગુગળી બ્રાહ્મણો સાથે અહીં આવે છે માટે હું આ સરોવરના જળમાં જઇને સંતાવું છું- બેસું છું. આવું કહીને તરત જ શ્રીરણછોડરાય ભગવાન સરોવરના ઊંડા જળમાં જઇને સ્વસ્થતાપૂર્વક જ્યાં બેઠા ત્યાં જ પેલા દ્વારકાનગરમાં રહેનારા લોકો આવી પહોંચ્યા. (૭૯-૮૨).

શિવમંદિરમાં જોયું તો ક્યાંય પણ મૂર્તિ દેખાઇ નહીં. ત્યાં બોડાણાને એકલો બેઠેલો જોઇને પૂછ્યું કે દ્વારકાથી તારી સાથે જે ભગવાન આવ્યા હતા તે ક્યાં ગયા તે સાચું બોલ. જો તું વાત છૂપાવીશ તો તારી વાત તું જાણે. પછી તારું કાંઇ ખરાબ થશે. એટલે હાથ જોડીને નમ્ર પણે બોડાણો બોલ્યો કે હે બ્રાહ્મણો ! મારા પર ક્રોધ કરશો નહીં. શ્રીહરિ મારી સાથે આવીને અહીં બેઠા હતા તે વાત તદ્દન સાચી છે અને આ શિવલિંગની પાસે અત્યાર સુધી બેઠા હતા. પરંતુ તમને જોતાં જ એ તરત ક્યાં જતા રહ્યા એની મને બિલકુલ ખબર નથી. એનાં એવાં વચન સાંભળીને લોકોએ આજુબાજુ શોધખોળ ચલાવી પરંતુ એ મૂર્તિ જડી નહીં. (૮૩-૮૮).

એટલે તેઓ એકબીજાને કહેવા લાગ્યા કે ચોક્કસ આજુબાજુમાં આટલામાં જ શ્રીદ્વારકાધીશ ક્યાંક હોવા જોઇએ. પરંતુ તેમ છતાં જડતા કેમ નથી? (૮૯). ત્યાં જગદ્ગુરુએ કહ્યું કે અરે ! તમે નિરાશ કેમ થઇ જાવ છો? આ સરોવરજળમાં શોધ કરો. તમને જરૂરથી પત્તો લાગી જશે. (૯૦). જગદ્ગુરુનાં એ વચનો સાંભળતાં જ હાથમાં ભાલા લઇને બધા સરોવરમાં ધસી ગયા અને ત્યાં ડૂબકીઓ મારીને ભાલાથી પાણીમાં પ્રયત્નપૂર્વક શોધવા લાગ્યા. એવામાં શ્રીહરિની મૂર્તિને એક ભાલો વાગ્યો. ત્યાં જ લોહીની ધાર છૂટી અને બધું જળ લાલ લાલ થઇ ગયું. એ જોઇને બ્રાહ્મણે તરત જ બૂમ પાડીને કહ્યું કે વધાઇ લાવો. રણછોડરાય તો અહીંયાં આ રહ્યા. મેં એ માખણચોરને ખરેખર કેવા શોધી કાઢ્યા? (૯૧-૯૪).

આ સાંભળીને બધા ત્યાં દોડ્યા અને ચકાસીને જોયું તો મૂર્તિ હાથમાં તો આવી પરંતુ ત્યાંથી બિલકુલ ખસતી ન હતી. (૯૫). પાણીની બહાર લાવવા માટે બધાએ અથાક પ્રયત્નો કર્યા અને પાંચ-પચ્ચીસ જણા કામે વળગ્યા તો પણ એ બિલકુલ હાલતી ન હતી. (૯૬). બધા ત્યાં પરસેવે રેબ ઝેબ થઇ ગયા અને આખરે પાછા નિરાશ થઇ ગયા. એ જોઇને જગદ્ગુરુએ દ્વારકાના લોકોને કહ્યું કે અરે ! એ ભગવાન તમારા દ્વારા બહાર નહીં આવે. માટે તાત્કાલિક જઇને એ સદ્ભકતને પ્રાર્થના કરો. એ તમારું કામ કરી આપશે. એના વિના શ્રીહરિ જળની બહાર કોઇ પણ સંજોગોમાં આવશે નહીં. (૯૭-૯૯). આ સાંભળીને એ મંડળીના બધા લોકો બોડાણાની પાસે આવીને એને બન્ને હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યા. (૧૦૦).

બ્રાહ્મણોને પગે લાગતા જોઇને ગળગળા થઇ જઇને એ ભકતે નમન કરીને કહ્યું કે આપ તો બધી વર્ણોના ગુરુ છો અને તમે બ્રાહ્મણો તો આ પૃથ્વી(ભૂ) ઉપરના સાક્ષાત્ દેવો છો. તમે આ રીતે મને હાથ જોડીને આવું અયોગ્ય વર્તન કેમ કરો છો? (૧૦૧-૧૦૨). આનાથી તો હું પાપમાં પડું છું. આપ બધા તો ગુરુના સ્થાને છો. મારે મન તો તમે પૂજ્ય છો. મારામાં અભિમાન વધે એવું કશું કરશો નહિ. (૧૦૩). તમારા બધાની સેવા કરવાથી પરમેશ્વરની આ કૃપા થઇ છે. તમે તો પરમેશ્વરનું મુખ છો. હું આપને પગે લાગું છું. (૧૦૪). સદ્ધર્મની મર્યાદા બતાવવાને માટે તમને પરમેશ્વરે ઉત્પન્ન કર્યા છે એમાં મને કોઇ શંકા નથી. (૧૦૫). હું તો સદાનો તમારો દાસ છું. મારે માટે તમારી શી આજ્ઞા છે? એનાં એવાં નમ્ર વચન સાંભળીને બધા લોકો ત્યાં બોલ્યા કે શ્રીહરિ અહીં સરોવરમાં ખરેખર બેઠા છે. અમારી સાથે આવીને તું એમને બહાર લઇ આવ. (૧૦૬-૧૦૭).

એ તારા વિના બહાર આવે એમ નથી, માટે તું જલદી જલદી ચાલ. આ સાંભળીને બોડાણાએ ત્યાં જઇને પ્રેમપૂર્વક કહ્યું કે હે પ્રભુ ! કૃપા કરીને આપ જળની બહાર આવો. આ ભકતની કારમી કસોટી કેમ કરો છો? ભકતની એ વાતનો સાર સાંભળીને ભગવાનની મૂર્તિ ક્ષણવારમાં બહાર આવી અને ડંકનાથના મંદિરમાં પહેલાં જ્યાં હતી તે જ જગ્યાએ શિવલિંગની પાસે બોડાણાએ મૂકી દીધી. એ વખતે એના કાનમાં વનમાળીએ કહ્યું કે હે ભકત ! તું દ્વારકાના લોકોને એમ કહે કે હું હવે પાછો દ્વારકામાં આવવાનો નથી. (૧૦૮-૧૧૨). આજથી હું હવે હંમેશ માટે ડાકોરમાં જ રહીશ. આ ડાકોરને હંમેશ માટે દ્વારકા જ જાણવું. (૧૧૩). ત્યાં-દ્વારકામાં-જેવું ગોમતી તીર્થ છે તેવું જ આ સરોવર છે. જે આજથી ગોમતી સરોવરના નામથી પ્રસિદ્ધ થશે. (૧૧૪). હે ભકતરાજ ! માટે તું જલદીથી એમને કહી દે કે ભગવાન સિવાય બીજી જે કાંઇ સદ્ધર વસ્તુ જોઇતી હોય તે માગી લો. (૧૧૫).

## અધ્યાય : ૧૩૦

ભગવાનનાં આવાં વચન સાંભળીને ભકતે દ્વારકાના એ ગુગળી (વિપ્રો)ને આ વાત કરી. એ સાંભળીને બધા લોકો અંતરમાં એમ વિચારવા લાગ્યા કે ખરેખર ! ભગવાન રિસાયા છે. હવે આ કામદેવ(પ્રધુમન)ના પિતા દ્વારકામાં પાછા નહિ આવે. (૧૧૬-૧૧૭). આપણી જીવિકા જતી રહી. માટે કોઇ ઉપાય વિચારો. મૂર્તિના વજન બરોબર સો ટચનું સોનું માગો. (૧૧૮). આ મૂર્તિનું વજન તો દશમણથી પણ વધારે છે. આ ગરીબ ભકત એટલું સોનું કયાંથી લાવશે? (૧૧૯). એટલે દેવ દ્વારકામાં ચોક્કસ પાછા આવશે. અથવા એટલું સોનું મળશે તો આપણું કામ થઇ જશે. (૧૨૦).

આવું વિચારીને એમણે બોડાણાને ત્યાં કહ્યું કે જો દેવને કાયમને માટે અહીંયાં જ રાખવા હોય તો તું મૂર્તિના વજન જેટલું સોનું હાલ ને હાલ આપી દે. નહિ તો પછી દેવને અમારી સાથે તું જરૂર મોકલી આપ. (૧૨૧-૧૨૨). બ્રાહ્મણો લોભમાં પડ્યા અને ભગવાનની દૈવી લીલાને ના સમજી શકયા. એટલે તેમણે મોહમાં પડીને સોનું માગ્યું. (૧૨૩). દ્વારકાવાસી લોકોનાં આવાં વચન સાંભળીને બોડાણો તો પોતાના મનમાં ગભરાઇ જ ગયો અને ભગવાનને ભાવપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યો કે હે જગતમાં નિવાસ કરનાર શ્રીહરિ ! મારી પાસે જરા સરખું પણ સોનું નથી. તારી લીલા તું જાણે. હું કયાંથી આટલું સોનું લાવું? મારા ગરીબની લાજ હવે તારા હાથમાં છે. (૧૨૪-૧૨૬).

ભકતની આવી પ્રાર્થના સાંભળીને પોતાના ભકતનું હંમેશ માટે આમ સદા અભિમાન રાખનાર ભગવાન બોલ્યા કે હે ભકતશ્રેષ્ઠ ! આમ મનમાં ગભરાય છે કેમ? હું તને એક યુક્તિ બતાવીશ એટલે તું તે પ્રમાણે કરજે. (૧૨૭-૧૨૮). તારી પત્નીના નાકમાં સવા વાલના વજનની સોનાની વાળી છે. તે તું ત્રાજવામાં એક બાજુ બેધડક મૂકજે અને બીજી બાજુએ મારી મૂર્તિ મૂકીને પછી એનું કૌતુક તું ખાસ જોજે. (૧૨૯-૧૩૦).

ભગવાનનાં એવાં વચનો આનંદથી સાંભળીને પછી પોતાની પત્ની ગંગાબાઇની સવા વાલની નથણી લાવીને તુલા-ત્રાજવાંની એક બાજુએ મૂકી અને તુલાની બીજી બાજુ દેવની મૂર્તિ મૂકી તો સવા વાલ સોનાની વાળીવાળું પલ્લું નીચે ગયું અને તે જ ક્ષણે મૂર્તિનું પલ્લું ઊંચું ગયું. (૧૩૧-૧૩૩). આવો અપૂર્વ ચમત્કાર જોઇને દ્વારકાની મંડળીના લોકો ત્યાં નીચા મોંઢે અને દુ:ખી ચહેરે રડવા લાગ્યા. (૧૩૪). હાથથી પોતાની છાતી કૂટીને ખૂબ દુ:ખ કરવા લાગ્યા અને અન્નજળનો ત્યાગ કરીને મરણપથારી પર પડ્યા. (૧૩૫).

એમની ખરાબ દશા જોઇને અને પશ્ચાતાપયુકત અંત:કરણ જોઇને બોડાણાના મનમાં અત્યંત દયા આવી. (૧૩૬). એણે બે હાથ જોડીને ભગવાનની પ્રાર્થના કરતાં કહ્યું કે હે ગોવિંદ ! હે દયાના સાગર ! હે જગતને જીવાડનાર ! હું જેમ આપનો દાસ છું તેમ આ દ્વારકાના બધા બ્રાહ્મણો પણ તારાં ભકત જ છે. માટે ઋણમાંથી છોડાવનાર હે શ્રીહરિ ! જલદીથી કૃપા કરીને એ બધાની મનોવૃત્તિને હવે હે પ્રભુજી ! કૃપાકટાક્ષે તરત જ શાંત કરી દો. ભકતની આવી પ્રાર્થના સાંભળીને દ્વારકાનાથ બોડાણાને કહેવા લાગ્યા કે હે ભકત ! તું એ લોકોને કહે કે દ્વારકા પાસેની સાવિત્રી વાવમાં મારી એક મૂર્તિ છે. એ મૂર્તિને ત્યાંથી કાઢીને ત્યાં મારા સ્થાને સ્થાપજો એટલે એનો મહિમા પણ અગાઉના જેવો જ કાયમ માટે રહેશે. (૧૩૭-૧૪૨). એ જ રીતે આ ડાકોરનું ધામ પણ દ્વારકા સમાન ચોક્કસ પ્રસિદ્ધ થશે એમાં જરા પણ શંકા કરીશ નહીં. (૧૪૩). બન્નેમાં કોઇ પણ જાતનો તફાવત-ભેદ નથી માટે હવે જાઓ

અને કહ્યા મુજબ એ મૂર્તિની સેવા કરવાથી તમે કૃતાર્થ થશો. (૧૪૪).

દેવનો આ સંદેશો તરત જ બોડાણાએ દ્વારકાવાસીઓને કહી સંભળાવ્યો. ભગવાનનો એ આખરી નિર્ણય સાંભળીને ભગવાનનાં ચરણકમળમાં દંડવત્ પ્રણામ કરીને પછી બે હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યા કે હે માધવ ! હે સુંદર શરીરધારી ! હે ભકતોના પ્રિય એવા ગોવિંદ ! હે પતિતને પાવન કરનાર નાથ ! હે બ્રહ્માજીના તાત ! અમે તારાં અજ્ઞાની બાળકો છીએ. (૧૪૫-૧૪૭). આજ સુધી તેં અમારું જે રીતે પાલનપોષણ કર્યું છે તે જ રીતે અમારું રક્ષણ કરીને અમારું યોગક્ષેમ સંભાળજે. (૧૪૮). આવું કહીને એ બધા લોકો જગદ્ગુરુ સાથે ઝડપથી દ્વારકામાં આવ્યા અને સુમુહૂર્ત જોઇને સાવિત્રી વાવમાંથી મૂર્તિ કાઢી એની મૂળ સ્થાને વિધિપૂર્વક સ્થાપના કરી. (૧૪૯-૧૫૦).

ત્યાં દ્વારકામાં આ પ્રમાણે બધું બન્યું. ડાકોરને તું દ્વારકાના જેવું જ યાત્રાધામ જાણજે. (૧૫૧). એ ભગવાને ભકતને ઋણમાંથી મુકત કર્યો તેથી લોકો એને પ્રેમથી રણછોડરાયના નામે બોલાવે છે. (૧૫૨). શરદપૂનમના રોજ આ મૂર્તિ દ્વારકાથી ડાકોર આવી હતી અને કારતક મહિનાની પૂર્ણિમાના શુભ દિવસે એની સારી રીતે સ્થાપના કરી હતી તેથી બન્ને પૂનમોને યાત્રાનાં પર્વો ગણીને આશ્વિન તેમજ કાર્તિક માસની પૂર્ણિમાએ અસંખ્ય લોકો (દર્શને) આવે છે અને દર માસની પૂનમે પણ બહુ લોકો ડાકોર જાય છે. (૧૫૩-૧૫૫).

તાંબેકર નામના એક મહારાષ્ટ્રના બ્રાહ્મણે આગળ જતાં મંદિર બાંધીને દેવની એમાં પધરામણી કરી હતી. (૧૫૬). જેની ભાવના શુદ્ધ હોય છે તેને આજે કળિકાળમાં પણ અહીં ઇશ્વર હાજરાહજૂર હોય છે એ શંકા વગરની વાત છે. (૧૫૭). આ સ્થાન આવું અનુપમ-બેજોડ- છે એમ જાણીને શ્રીગુરુરાય અહીં આવ્યા અને પ્રેમથી રણછોડરાયને પગે લાગ્યા. (૧૫૮).

ઇશ્વર અને ભકતની એ બધી લીલાને કોણ જાણી શકયું છે? હું તો એ જેમ બોલાવરાવે તેમ બોલું છું. નાહકનો ગર્વ નથી કરતો. (૧૫૯). આ સાંભળીને નિરંજન જે બોલ્યો એ અપૂર્વ **રંગ**નું આગળ ઉપર વર્ણન થશે જે શ્રદ્ધાભક્તિથી સાંભળવાથી માયિક સંગ વિઘ્નરૂપ બનશે નહીં. (૧૬૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ડાકોરમાહાત્મ્યવર્ણન'** નામનો **એકસો ત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●



૯

# પાદટીપ

## અધ્યાય : ૧૩૦

(૧) પૂ.શ્રીની અનોખી ચિંતનધારાનો અહીં પરચો મળે છે. બીજી બધી દંતકથામાં બોડાણાએ ભગવાનને કહ્યું કે હવે હું વૃદ્ધ થયો છું અને હવે મારાથી આવી શકાય એમ નથી તો આપ મારી સાથે ચાલો. પૂ.શ્રીએ વિચાર્યું હશે કે સાચો ભક્ત આવું કહે જ નહીં. ભગવાન સામેથી બોલે તો જ સાચી ભક્તિ કરી ગણાય. ભક્તની ફરજ તો વૃત્તિ સ્થિર કરવાની છે. ભક્ત પોતાની વૃત્તિ સ્થિર કરે એટલે પછી ભગવાન જ સામેથી બોલે. ભગવાનમાં અનન્ય પ્રેમ એ જ સાચી ભક્તિ છે અને અનન્ય પ્રેમી પોતાનું દુ:ખ કોઈને કહે નહીં.

(૨) ચાલી આવતી દંતકથામાં પૂ.શ્રીએ કરેલો આ મંડનાત્મક ફેરફાર છે. બીજી દંતકથામાં જગદ્‌ગુરુનો ઉલ્લેખ નથી આવતો. આ અધ્યાયમાં ત્રણ વાર જગદ્‌ગુરુ દ્વારકાના પૂજારીને મદદરૂપ બને છે. કોઈ ભક્તે પૂ.શ્રીને કહ્યું કે અમે તો જે કથા વાંચી છે તેમાં તો જગદ્‌ગુરુની વાત જ નથી આવતી. પૂ.શ્રીએ કહ્યું કે કવિને/લેખકને ફેરફાર કરવાનો અધિકાર છે અને આપણા આ ફેરફારથી જગદ્‌ગુરુ વિશે લોકોનો સદ્‌ભાવ વધશે કે નહીં? પેલા ભક્તે કહ્યું કે લોકોનો સદ્‌ભાવ વધશે જ. એટલે પૂ.શ્રીએ કહ્યું કે બસ ! ત્યારે ! આપણે મંડનાત્મક ફેરફારો કરવાના, ખંડનાત્મક નહીં. કેવી વિધાયક દૃષ્ટિ !

**ટીપ્પણી :**

આ અધ્યાયમાં આવતી વાતની બીજી બાજુ પણ સમજવા જેવી છે. પૂ.શ્રીનું એક ભજન (‘દેહ તે ડાકોર આત્મા શ્રીરણછોડ’) આ વાતનું રૂપક સમજાવે છે.

ડાકોર = આ શરીર, આ દેહ
શ્રીરણછોડરાય = આત્મા
ગોમતી = ધર્મમાં સ્થિર મતિ
બોડાણો = નિ:સંકલ્પ મન
ગંગાબાઈ = સકલ્પ સમાધિ
કૂંડું = સત્કર્મ
તુલસીમાંજર = ભક્તિથી પુષ્ટ થયેલાં જ્ઞાન-નિષ્ઠાંકુર
સ્વર્ણવાળી દાન = સર્વસમર્પણ અને અન્યવિસ્મરણ
દ્વારકા = સહસ્રાર કમળ

●

## અધ્યાય : ૧૩૧

આ અધ્યાયનું નામ **'નૃસિંહસરસ્વત્યુદ્ધારાદિવર્ણન'** છે. આ અધ્યાયમાં **૧૨૫** દોહરા છે.

હાથ જોડીને ફરી નિરંજન બોલ્યો કે ડાકોરમાં શ્રીગુરુ આવ્યા પછી શું થયું તે કહો, કારણ કે એ સાંભળવા માટે મારું મન તલસે છે. મારું મન હજી પણ તૃપ્ત થયું નથી. એટલે અલખે તરત જ વાત શરૂ કરી. (૧-૨).

ડાકોરથી શ્રીગુરુ મહત્પુરમાં આવ્યા અને ત્યાં ચાતુર્માસ કર્યો. તે દરમ્યાન સંસ્કૃતમાં દત્તપુરાણ અને મરાઠીમાં દત્તમાહાત્મ્યની રચના કરી. અહીંથી ગાંડા મહારાજને તથા વ્યંકટરાવ અને આપ્પાને જીભ છેદન માટે તાટકે વૈદ્ય પાસે મોકલ્યા. જીભ છેદાવીને આવ્યા પછી શ્રીગુરુએ ત્રણેને યોગાભ્યાસ માટે નર્મદાતટે જવા કહ્યું. શ્રીગુરુની આજ્ઞાનુસાર ગાંડા મહારાજ ભરૂચ ગયા અને અભ્યાસ કરવા લાગ્યા જ્યારે વ્યંકટ અને આપ્પા આજ્ઞા ન માનીને શ્રીગુરુ પાસે બ્રહ્માવર્તમાં ગયા. પરંતુ બંને દુ:ખી થઇને મૃત્યુ પામ્યા. શ્રીગુરુની આજ્ઞાનું કદી ઉલ્લંઘન કરવું નહીં. (૩-૨૯).

બ્રહ્માવર્તમાં વસતા સૂબેદાર નામના ગૃહસ્થનાં સાધુ સાથેનાં તોછડાં વર્તનથી કેવું ખરાબ પરિણામ આવ્યું એની કથા અલખે કહી. શ્રીગુરુના કહેવા છતાં યોગ્ય રીતે ન વર્તતાં સૂબેદાર અને એનું કુટુંબ દુ:ખી દુ:ખી થઇ ગયું. સંત સાથે છળકપટ અને ઘરમાં કલહ કંકાસ એ વિપત્તિનાં મૂળ છે. (૩૦-૬૦).

કોંકણદેશમાં પાલઘરમાં રહેતા વિષ્ણુબુવા નામના બ્રાહ્મણની પત્ની મૃત્યુ પામતાં સ્મશાનવૈરાગ્યને લીધે ઘરબાર છોડીને એ શ્રીગુરુ પાસે બ્રહ્માવર્ત પહોંચ્યો. સુંદર સ્ત્રીને જોતાં તેને કામ જાગ્યો તેથી આંખમાં આકડાનું દૂધ નાંખી દીધું. શ્રીગુરુએ આંખ સાજી કરાવી. શ્રીગુરુએ કહ્યું કે મન સ્થિર ન થાય ત્યાં સુધી ઇંદ્રિય ઉપર દમન કરવાથી ફાયદો થતો નથી. (૬૧-૭૬).

દત્ત પ્રભુની આજ્ઞા થતાં બ્રહ્માવર્ત છોડીને શ્રીગુરુ વાડી ગયા. પૂજારીઓને દેવની બરોબર પૂજા કરવા માટેના નિયમો ઘડી આપ્યા. ઘણા પૂજારીઓને આ ગમ્યું નહીં. વાડીમાં રહેતા નારાયણ દીક્ષિતને ભિક્ષાવૃત્તિથી જીવવાની શ્રીગુરુએ રજા આપી અને લોકોની નિંદા સહેવાની શિખામણ આપી. પત્ની તથા પુત્રના મૃત્યુ બાદ દીક્ષિતે સંન્યાસ લીધો. શ્રીગુરુએ એને દંડ અને યોગપટ્ટ આપીને 'નૃસિંહસરસ્વતી દેવ' એવું નામ રાખ્યું. એમણે સરયૂતીરે સ્વેચ્છાએ સમાધિ લીધી. (૭૭-૧૨૫).

બે હાથ જોડીને શિષ્ય નિરંજન ફરી પાછો બોલ્યો કે શ્રીગુરુ આ રીતે ડાકોર ક્ષેત્રમાં આવ્યા તે પછી શું થયું તે સાંભળવા માટે હે પ્રભુ ! મારું મન તલસે છે. મારા મનને હજી પણ તૃપ્તિ થતી નથી એટલે અલખજી તરત જ બોલ્યા કે શ્રીગુરુની લીલાનો તો પાર નથી. હું તને એમાંથી કેટલું કહું? તો પણ હે શિષ્ય તું સાંભળ. ડાકોરમાં

કેટલોક સમય પ્રેમથી રહીને ત્યાંથી શ્રીગુરુવર મહત્પુરમાં આવ્યા અને ત્યાં એમણે ચાતુર્માસ કર્યો. (૧-૪). ભગવાન દત્તની આજ્ઞાથી અહીં એમણે બે અદ્‌ભુત ગ્રંથોની રચના કરી. એક તો સંસ્કૃતમાં દત્તપુરાણ રચ્યું અને બીજું મરાઠીમાં દત્તમાહાત્મ્યની રચના કરી.① (૫). આ ગ્રંથો એકદમ ઉત્કૃષ્ટ છે જેનું શ્રવણ અને પારાયણ કરવાથી ઇચ્છેલું કાર્ય તરત જ ચોક્કસ સિદ્ધ થઇ જાય છે. (૬).

પછી ખેચરી મુદ્રાનો અભ્યાસ કરવા માટે ગાંડા મહારાજને અહીંથી સહુ પ્રથમ શ્રીગુરુએ ગુણાછાવણીમાં રહેતા [illegible]કે વૈદ્ય પાસે જીભનું છેદન કરાવવા ખાસ મોકલ્યા. શસ્ત્રથી જીભ છેદન કરવાની એમની પારંગતતા જાણીને બીજા બે શિષ્યોને પણ ત્યાં પ્રેમથી મોકલી આપ્યા. (૭-૯). એમાં એક વ્યંકટરાવ અને બીજો આપ્પા એમ બન્ને શિષ્યોએ ગાંડા મહારાજ સાથે તરત જ જીભનું છેદન કરાવ્યું. (૧૦). છેદન વિધિ પૂરી થતાં શ્રીગુરુરાયે ત્યાં આવીને બધાના હિતમાં એવી આજ્ઞા કરી કે જલદીથી નર્મદાના કિનારે જઇને ધીરે ધીરે અભ્યાસ કરો. કારણ કે યોગાભ્યાસ માટે નર્મદાતટનાં હવાપાણી બધી રીતે હંમેશાં ખાસ અનુકૂળ છે. આવું બીજું કોઇ સ્થળ છે નહિ. (૧૧-૧૩).

શ્રીગુરુની આજ્ઞાનુસાર ગાંડા મહારાજે તરત જ ભરૂચ જઇને યોગાભ્યાસ શરૂ કરી દીધો. (૧૪). શ્રીગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને આપ્પા અને વ્યંકટ બ્રહ્માવર્તમાં જ્યાં શ્રીગુરુ હતા ત્યાં એમની પાસે દોડી ગયા. (૧૫). નસીબજોગે આપ્પા રોગમાં સપડાયો. હવે એના પ્રાણ નહીં રહે એમ જાણીને એની પાસે જઇને શ્રીગુરુરાયે એને આતુર સંન્યાસ લેવા જણાવ્યું. શ્રીગુરુની આજ્ઞાનુસાર એણે આતુર સંન્યાસ લીધો. (૧૬-૧૭). એનું મરણ નજીક જણાતાં દયાના સાગર શ્રીગુરુએ એને સિદ્ધાસન પર બેસવા કહ્યું. (૧૮). એને સિદ્ધાસન પર સ્વસ્થ રીતે બેસાડીને, એની પાસે ૐકારનો ઉચ્ચાર કરાવીને પરમકૃપાળ શ્રીગુરુએ જાતે પ્રાણોત્ક્રમણ કરાવીને એને ક્રમમુક્તિ આપી. આમ અંતકાળે આવીને શ્રીગુરુ પોતાના ભકતનો ઉદ્ધાર કરે છે. (૧૯-૨૦).

બીજો જે વ્યંકટ હતો તેને સંગ્રહણી લાગુ પડી અને તેથી એ સુકુમાર એવો બ્રાહ્મણ ખૂબ કૃશ-નબળો થઇ ગયો. (૨૧). એની એવી દશા જોઇને શ્રીગુરુએ કહ્યું કે વ્યંકટ ! તને કોઇએ રોગી પરથી અન્ન ઓવારીને એ અન્ન ખાવા આપ્યું હોય એમ લાગે છે. એને કારણે તને આ ભયંકર વ્યથા થઇ હોય એમ જણાય છે. (૨૨-૨૩). હવે તું નર્મદા કિનારે જઇને તારું શેષ જીવન ગાળ. ખરેખર ! પ્રારબ્ધ જ બળવાન છે. એમાં તું પણ શું કરે? આવું સાંભળીને વ્યંકટે બીજે જઇને રોગ મટાડવા માટે બહુ ખટપટ કરી પરંતુ એ બધી મહેતન નિરર્થક નીવડી. (૨૪-૨૫). પછી આગળ ઉપર જતાં એને દમ અને ઉધરસ થયાં અને એમાં આખરે એ મૃત્યુ પામ્યો. ગુરુની આજ્ઞા નહીં માનવાથી એ બ્રાહ્મણ આફતમાં આવી પડ્યો અને એ વ્યંકટ દૂષિત અન્નને કારણે મૃત્યુ પામ્યો. (૨૬-૨૭). આમ અન્નની અંદર અનેક દોષો હોય છે માટે સૂક્ષ્મતાથી વિચારીને પવિત્ર અન્નનું જ સેવન કરવું. (૨૮). ડાહ્યા માણસે ગુરુનાં વચનનું પ્રાણના ભોગે પણ ઉલ્લંઘન કરવું નહીં અને એમના કહ્યા પ્રમાણે જ વર્તવું.② (૨૯).

બ્રહ્માવર્તમાં સૂબેદાર નામે એક ગૃહસ્થ રહેતા હતા. એના ઘરમાં સાધુ સંતોને રોજ નિયમસર સદાવ્રત અપાતું હતું. એક દિવસ એના ઘરે પાંચ સાત વૈરાગી સાધુઓ સદાવ્રત માટે આવ્યા અને સદાવ્રતમાં કોરું સીધું લઇ

જતાં રસોઇ કરવા માટે કોઇને પૂછ્યા વગર તરત થોડાંક લાકડાં પણ લઇ ગયા. આ જોઇને સૂબેદારને ખૂબ ગુસ્સો આવ્યો. ત્યારે પોલીસચોકીમાં જઇને એણે ફરિયાદ કરી અને બે ચાર સાધુને જેલમાં પુરાવી દીધાં. (૩૦-૩૪). એ સાધુઓ પૈકીના જે બે ત્રણ સાધુઓ બાકી રહ્યા હતા તેઓ તરત જ સૂબેદાર પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે તું ખરેખર દુષ્ટ છે એ નક્કી છે. તું બ્રાહ્મણ હોવા છતાં તને આ સાધુના વેષની-ભગવાં કપડાંની-શરમ કેમ ના નડી? (૩૫-૩૬). આ નાનાં અમસ્તાં કારણ માટે તેં આવું અવિચારી પગલું ભર્યું? તારા દુષ્કૃત્યનું તારે ફળ ભોગવવું પડશે એ તું જો જે. (૩૭).

સાધુના શાપને કારણે થોડા જ સમયમાં સૂબેદાર ઉપર અપાર સંકટો આવવાં લાગ્યાં. (૩૮). થોડા જ દિવસમાં એનો મોટો ભાઇ મરી ગયો. થોડા દિવસો વીતતાં એક દિવસ મધ્યરાત્રિએ એના ઘરમાંથી એક દિવ્ય સ્ત્રી કે જે વસ્ત્ર અને આભૂષણથી વીજળીના જેવી શોભતી હતી તે રડતી રડતી ગંગાકાંઠે ગઇ. એનો રડવાનો અવાજ સાંભળીને ધીરગંભીર શ્રીગુરુવરે વિચાર્યું કે સૂબેદારના ઘરમાંથી આવા સમયે રડતી રડતી જનારી આ દિવ્ય સ્ત્રી કોણ હશે? આવી શંકા જતાં અંતર્દષ્ટિથી શ્રીગુરુએ જોયું તો જાણ્યું કે સૂબેદારના ઘરમાંથી સાક્ષાત્ લક્ષ્મી માતા ગુસ્સે ભરાઇને ચાલ્યાં જતાં હતાં. (૩૯-૪૪).

બીજે દિવસે વહેલી સવારે જ્યારે સૂબેદારનો માધવ નામનો ભત્રીજો દર્શન માટે ગયો અને શ્રીગુરુને દંડવત્ પ્રણામ કરીને શ્રીગુરુનાં ચરણ પાસે બેઠો ત્યારે શ્રીગુરુએ એને જે બન્યું હતું તે બધું કહ્યું. (૪૫-૪૬). દયાઘન શ્રીગુરુએ કહ્યું કે મેં તારા ઘરમાંથી લક્ષ્મીજીને રડતાં રડતાં જતાં જોયાં એ સાચું માન. માટે આજથી તમે બધા સાવધાનીપૂર્વક રહેજો અને બધાં કામકાજમાં સંભાળીને ચાલજો. (૪૭-૪૮).

ત્યાર પછી ગામમાં પ્લેગનો રોગ નજીકના ભવિષ્યમાં ચોક્કસ શરૂ થશે એવું જાણીને એક દિવસ શ્રીગુરુએ ગામના બધા લોકોને બોલાવીને કહ્યું કે આ ગામમાં ચારે બાજુ પ્લેગ ઉદ્‌ભવશે અને તરત જ એની અમુક ઘરેથી શરૂઆત થશે માટે તમે બધા ગામ છોડીને બીજા કોઇ સ્થળે જઇને રહો. (૪૯-૫૧).

શ્રીગુરુની આજ્ઞા માનીને બધા ગામની બહાર જતા રહ્યા. પરંતુ સૂબેદારનો ભત્રીજો માધવ રાત્રે ગામમાં આવીને ઘરમાં જ સૂતો હતો. પરિણામે એને પ્લેગ થયો અને પ્લેગમાં મૃત્યુ પામ્યો. (૫૨-૫૩). એની (માધવની) નિ:સંતાન વિધવા પત્ની તથા મોટી કાકી જે પણ પુત્ર વગરની અને વિધવા હતી તે સૂબેદારની મિલકતમાંથી સરખો ભાગ માગતી હતી અને લોકલાજ છોડીને એણે રાજદરબારમાં જઇને દાવો કર્યો. (૫૪-૫૫). કોરટની એ વઢવાડમાં સૂબેદારનો પૈસો ખર્ચાઇ ગયો અને એ ખૂબ જ આપત્તિમાં આવી પડ્યો. (૫૬).

ઇશ્વરના ઘરનો એ નિયમ છે કે જ્યાં સુધી કુટુંબમાં સંપ રહે છે ત્યાં સુધી જ ઘરની ચઢતી રહે છે. (૫૭). ઘરમાં અંદરોઅંદર ઝઘડો-ટંટો પેસતાં ખરેખર દારુણ દુ:ખો ચોક્કસ તૂટી પડે છે.[૩] (૫૮). સાધુના શાપથી સૂબેદારની આવી દુર્દશા થઇ એમાં શંકાને કોઇ કારણ જ નથી. (૫૯). માટે કોઇ દિવસ સંત સાથે છળકપટ કરવું નહીં. તેમજ કુટુંબમાં કલહ થવા દેવો નહીં. (૬૦).

આગળ વાત સાંભળ. કોંકણમાં આવેલા પાલઘર નામના ગામમાં વિષ્ણુબુવા નામે એક બ્રાહ્મણ રહેતો હતો. (૬૧). એની સ્ત્રી મરી જતાં, આ બધું અસાર છે એવું માનીને સ્મશાનવૈરાગ્યમાં ઘરબાર છોડીને બધે ફરતો

હતો. (૬૨). પોતાની ઇચ્છા મુજબ ફરતાં ફરતાં શ્રીગુરુ જ્યારે બ્રહ્માવર્તમાં હતા ત્યારે એ ત્યાં આવી પહોંચ્યો. (૬૩). એક દિવસ એક સુંદર નવજુવાન સ્ત્રીને જોઇને એના મનમાં કામવૃત્તિ જાગી એટલે એણે વિચાર્યું કે મેં આ સુંદર સ્ત્રીને મારી આંખોથી જોઇ એટલે જ મારામાં કામવૃત્તિ વ્યાપી ગઇ છે એ વાત નક્કી છે. (૬૪-૬૫). એટલે આવી અધમ આંખોને હું સખત સજા કરું એમ વિચારીને એણે પોતાની આંખમાં આકડાનું દૂધ નાંખી દીધું અને પરિણામે એ વિષ્ણુબુવાને તરત જ દેખાતું બંધ થયું. (૬૬-૬૭).

શ્રીગુરુવરને આ વાતની ખબર પડી ત્યારે એ દયાના સાગર ત્રિમૂર્તિ મનમાં અતિશય દ્રવી ઊઠ્યા. (૬૮). પોતાની પાસે તરત જ એ બ્રાહ્મણને બોલાવ્યો અને વૈદ પાસે એની આંખ ધોવરાવીને આંખમાં દિવ્ય ઔષધી અંજાવી. આંખમાં દિવ્ય ઔષધી આંજતાં તરત જ આંખો પહેલાંના જેવી નિર્મળ થઇ ગઇ. (૬૯-૭૦).

પછી ત્યાં આવીને વિષ્ણુબુવાએ શ્રીગુરુનાં ચરણમાં વંદન કર્યાં. આ પહેલાં એક વાર પંઢરપુરમાં કોઇની સાથે ઝઘડો થતાં એણે જીભ કાપી નાંખી હતી તેથી એ બ્રાહ્મણ તોતડું બોલતો હતો. (૭૧-૭૨). આમ છતાં એની દુષ્ટ વૃત્તિ શાંત થઇ નહીં. આ બધું જાણીને શ્રીગુરુએ એક વાર તદ્દન એકાંત સાધીને એને ઉપદેશ આપીને એના પર કૃપાદષ્ટિ કરીને એને સુસ્થિર કરી દીધો. હે શિષ્ય ! શ્રીગુરુની વાતનો સાર એ હતો કે જ્યાં સુધી સત્યજ્ઞાનથી મન સ્વાધીન થતું નથી ત્યાં સુધી તમે ઇંદ્રિયોને ભલેને ગમે તેટલી શિક્ષા કરો તો પણ એનાથી તમને કાંઇ ફાયદો થતો નથી. આ રીતે શ્રીગુરુ બ્રહ્માવર્તમાં રહેતા હતા ત્યાં જ બ્રહ્માવર્તને છોડીને વાડી જવા માટે દત્તપ્રભુની આજ્ઞા થઇ.(૪) (૭૩-૭૭).

ગંગા કિનારો છોડીને શ્રીગુરુવર ઝડપથી નૃસિંહવાડીમાં આવ્યા અને દત્તપાદુકાને સદ્‌ભાવપૂર્વક વંદન કરીને ત્યાં મઠમાં નિવાસ કર્યો અને તરત જ પૂજારીઓને બોલાવીને કહ્યું કે તમારા પૂર્વજો જે રીતે નિષ્કપટ ભાવે અને પ્રેમપૂર્વક દેવની સેવા કરતા હતા તે રીતે તમે સેવા કરતા નથી. તમારી મનમાનીથી દેવ તમારા પર રોષે ભરાયા છે એ વાતમાં કોઇ શંકા નથી. (૭૮-૮૧). તમને ભગવાન ચોક્કસ સખત શિક્ષા કરશે માટે દેવની આજ્ઞાથી હું તમને ચેતવવા માટે અહીં દોડી આવ્યો છું. આ સાંભળીને એ પૂજારીઓએ વિનયપૂર્વક પ્રાર્થના કરીને કહ્યું કે આપશ્રી જે નિયમો કરી આપશો તે પ્રમાણે અમે બધા વર્તીશું. અમે બધા આપના શરણે આવ્યા છીએ. હે ચિદ્‌ઘન ! અમારા પર કૃપા કરો. (૮૨-૮૪).

એમની આવી પ્રાર્થના સાંભળીને શ્રીગુરુએ પૂજારીઓને પ્રેમથી સ્પષ્ટ નિયમો કરી આપ્યા અને કહ્યું કે આ નિયમ પ્રમાણે દેવની સેવા કરતાં એ રાજી થઇને બધાને નિર્ભય કરશે. (૮૫-૮૬). દત્ત ભગવાનની સેવાના એ નિયમો ઉત્તમોત્તમ હતા તો પણ કેટલાક પૂજારીઓને એ નિયમો ગમ્યા નહીં. તુકારામ, બંડુ વગેરે જે દુષ્ટ પૂજારીઓ હતા તેઓ તો આ નિયમનો તિરસ્કાર કરીને, દત્તપાદુકા પાસે બેસીને શ્રીગુરુની નિંદા કરીને વિતંડાવાદ કરતા હતા. આ સાંભળવા છતાં પણ સાક્ષાત્ ત્રિમૂર્તિસ્વરૂપ શ્રીગુરુ શાંત રહ્યા.(૫) (૮૭-૮૯). આગળ જતાં એ બધા દુઃખી દુઃખી થઇ ગયા અને આજે પણ એમનાં દુઃખનો પાર નથી. (૯૦).

નારાયણ દીક્ષિત નામે એક પ્રામાણિક બ્રાહ્મણ એના કુટુંબ સાથે વાડીમાં રહેતો હતો. (૯૧). એક દિવસ એના મનમાં એવો વિચાર આવ્યો કે આજ સુધી આ જિંદગી નકામી વેડફાઇ ગઇ એ તદ્દન સાચી વાત છે.

કૂતરાની જેમ પેટ ભરીને નકામો સમય વેડફી માર્યો. જો હજી પણ જાગૃત ના થાઉં- સુધરું નહીં- તો મને કાળ પછાડશે. (૯૨-૯૩). માટે આજથી હવે બ્રાહ્મણધર્મ પ્રમાણે સદ્‌વર્તન કરીને ભિક્ષાવૃત્તિથી જીવન જીવું અને બધો સમય ભગવાનના ભજનમાં ગાળું. એ વિના જીવન સાર્થક થશે નહીં અને જન્મમરણ ટળશે નહીં. (૯૪-૯૫). મનમાં આવો નિશ્ચય કરીને આ નિર્ણય શ્રીગુરુમૂર્તિને પત્ર દ્વારા લખી જણાવ્યો. (૯૬).

એ બધું વાંચીને કૃપાસાગર શ્રીગુરુરાયે દીક્ષિતને પત્ર લખીને જણાવ્યું કે 'શુભસ્ય શીઘ્રમ્'-સારી વાતમાં વાર કેવી? તમારો વિચાર સાચે જ ઉત્તમ છે. આમ છતાં તમારાં સગાંસંબંધીને આ નિર્ણય ગમશે નહીં. (૯૭-૯૮). તમારી ભિક્ષાવૃત્તિ જોઇને એ બધા તમારી ચોક્કસ આકરી નિંદા કરશે ત્યારે હે દીક્ષિત ! તમે મનમાં ખૂબ દુ:ખી થશો. માટે જો ટીકા-ટિપ્પણી સહન કરવાની પૂરી શક્તિ- તૈયારી હોય તો જ આ ભિક્ષાવૃત્તિનો અહીં સ્વીકાર કરશો. આવી લોકનિંદાની ઉપાધિ શરૂઆતના છ મહિના સુધી તો કલ્પના બહારની અને મોટા પ્રમાણમાં જ થશે એ નક્કી છે. શાંતિથી એ સહન કરી લેતાં, ધીરે ધીરે ભજનના પ્રતાપે એ કલેશ સર્વ પ્રકારે શમી જશે અને એક વરસ થતાં તો તમારા સ્વજન- સગાં બધાં તમારાં મુક્ત કંઠે વખાણ કરવા માંડશે. આ કામમાં મારા તમને આશીર્વાદ છે. આમાં બિલકુલ શંકા કરશો નહીં.[૬] (૯૯-૧૦૪).

શ્રીગુરુનો આવો કાગળ વાંચીને નારાયણ દીક્ષિત તરત જ પોતાની સ્ત્રી સાથે ઝડપથી કૃષ્ણાવેણીના ઘાટ પર આવી ગયા અને ધર્મશાળામાં કુટુંબ સાથે પ્રેમપૂર્વક રહેવા લાગ્યા. (૧૦૫-૧૦૬). ભરણપોષણ માટે એ હોંશથી ભિક્ષા માગતા હતા. એ (ભિક્ષા માગતા) જોઇને લોકો એની મોઢા પર જ નિંદા કરતા હતા. (૧૦૭). આમ છતાં દીક્ષિત મનમાં દુ:ખ કરતા ન હતા અને બધા કલેશો (ટીકા/મહેણાં) હસતે મોંએ સહન કરતા હતા. (૧૦૮). આ રીતે છ મહિના વીતી ગયા. એમની ઇશ્વરભક્તિમાં લીન થઇને રહેવાની વૃત્તિ અને તપશ્ચર્યા જોઇને બધા લોકોએ પૂરો સંતોષ વ્યક્ત કર્યો અને એમની પ્રફુલ્લ મનોવૃત્તિ જોઇને માન આપવા લાગ્યા. (૧૦૯-૧૧૦).

આ રીતે એક વર્ષ વીતી જતાં પોતાનાં સગાં-વહાલાં વગેરે એમની સુદૃઢ વૃત્તિ જોઇને પ્રસંશા કરવા લાગ્યા. (૧૧૧). ઇશ્વરચિંતનમાં સમાધાનવૃત્તિ રાખીને નારાયણ દીક્ષિત હંમેશાં સમય પસાર કરતા હતા. (૧૧૨). કેટલાક દિવસો પછી એમની પત્ની અને પુત્ર મૃત્યુ પામ્યાં તો પણ દીક્ષિતે મનમાં જરા પણ દુ:ખ થવા દીધું નહીં. એને ભગવાનની કૃપા ગણીને હવે ઉપાધિ વિનાના થઇને દરેક રીતે ઇશ્વર ભજનમાં આનંદથી સમય પસાર કરવા લાગ્યા. એવામાં એ પોતે બીમાર પડ્યા. મૃત્યુ ચોક્કસ પાસે છે એવું જાણીને શાસ્ત્રોક્ત રીતે આતુર સંન્યાસ લીધો. થોડા દિવસો વીતતાં એમની તબિયત નસીબજોગે સારી થઇ. (૧૧૩-૧૧૬).

એ અરસામાં શ્રીગુરુરાય વાડીમાં આવ્યા. દત્તપ્રભુની આજ્ઞાથી તે વખતે દીક્ષિતને દંડ આપીને અને નૃસિંહસરસ્વતી દેવ એવો શુભયોગપટ્ટ આપીને એમને આજ્ઞા કરી કે તમારે અહીં વાડીમાં રહીને ઉત્સવમૂર્તિનું તમારે રોજ જ ભાવથી ખાસ પૂજન કરવું. (૧૧૭-૧૧૯). આત્મા-અનાત્માના વિચાર કરવામાં સમય પસાર કરવો. એમ નિર્લેપ થઇને કરવાથી તમે જીવન્મુક્ત થઇ જશો. (૧૨૦).

શ્રીગુરુની આજ્ઞાનુસાર વર્તીને નૃસિંહસરસ્વતી સમય જતાં બધી રીતે કૃતકૃત્ય થઇ ગયા. (૧૨૧). લોકોનો ઉદ્ધાર કરવાના હેતુથી દેશમાં બધે ફરીને અને ધર્મની સારી રીતે સંસ્થાપના કરીને પ્રખ્યાતિ પામ્યા. (૧૨૨).

અયોધ્યાપુરીમાં જઇ ત્યાં સરયૂ નદીના કિનારે પોતાની ઇચ્છાનુસાર સમાધિ લીધી. (૧૨૩). શ્રીગુરુ વાડીમાં રહેતા હતા ત્યારે અનેક કૌતુકો થયાં. એ બધાનું વર્ણન કોણ કરી શકે અને કેવી રીતે કરી શકે? (૧૨૪). આ સાંભળીને નિરંજન જે બોલ્યો એનું આગળના અધ્યાયનું વર્ણન હૃદયના ભાવથી સાંભળવાથી એના ઉપર સચ્ચિદ્‌ઘન પ્રસન્ન થાય છે એમ **શ્રીરંગ** કહે છે. (૧૨૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'નૃસિંહસરસ્વત્યુદ્ધારાદિવર્ણન'** નામનો **એકસો એકત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

•

## પાદટીપ :

### અધ્યાય : ૧૩૧

(૧) દત્તપુરાણની રચના બ્રહ્માવર્તમાં કરી છે એવું પ.પૂ.સ્વામી મહારાજનું વિધાન છે. ગુરુમૂર્તિચરિત્રમાં એ મહત્પુરમાં રચાયું એવો ઉલ્લેખ છે. એને આધારે શ્રીગુરુલીલામૃતમાં પૂ.શ્રીએ એની રચના મહત્પુરમાં થઇ છે એવું જણાવ્યું હશે એવું અનુમાન કરી શકાય.

(૨) 'કરિષ્યે વચનં તવ' (ગીતા-૧૮/૭૩) એ આદર્શ ધ્યાનમાં રાખીને શિષ્યે સદ્‌ગુરુ સાથે જીવવું જોઇએ. 'કરિષ્યે વચનં તવ' અથવા સંપૂર્ણ શરણાગતિ કેળવવામાં અહંકાર નાશ પામતો જાય છે એટલે શિષ્યનું કલ્યાણ જ છે. પ્રાણાંતે પણ ગુરુના વચનનું ઉલ્લંઘન ન કરવું એવું સમજીને જીવનારને ધન્ય છે.

(૩) દોહરા ૫૭ થી ૬૦ દ્વારા ગુરુ મહારાજે આપણને સાવધાન કરી દીધા છે. ઘરમાં (અને સંસ્થા કે સમાજમાં પણ) સંપ હોય ત્યાં સુધી જંપ હોય. United we stand, divided we fall. એ ન્યાયે હળીમળીને સાથે રહેવાની વૃત્તિથી આપણે મજબૂત બનશું, આપણી ઉન્નતિ થશે.

(૪) દોહરા ૭૩ અને ૭૪ સમજવા જેવા છે. વિષ્ણુબુવાને સ્વામી મહારાજ શિખામણ આપે છે પણ 'તદ્દન એકાંત સાધી'ને કહે છે. આ વાત વડીલોએ અમલમાં મૂકવી રહી. ક્યારે કહેવું, કેવી રીતે કહેવું અને શું કહેવું એમાં જ સાચી વડીલાઇ છે. એની અસર પણ ગાઢ થાય છે. સ્વામી મહારાજ કેવળ શિખામણ જ નથી આપતા, કૃપાદષ્ટિથી એની વૃત્તિને સુસ્થિર પણ કરે છે. આમ અંકુશ ટીકાખોરીથી આ રીતે જુદો પડે છે. ખોટું કરનારને ખોટું ન કરવાનું કહેવું અને પછી સાચું શું તે કહી તે કેવી રીતે કરવું તેનું માર્ગદર્શન પણ આપે છે.

આવી રચનાત્મક ટીકા 'constructive criticism'ને બધા આવકારે છે. ટીકામાં અને ટક ટક કરવામાં આ ફેર છે.

(૫) પ.પ.સ્વામી મહારાજની તિતિક્ષાવૃત્તિનું સરસ દર્શન છે. ભગવાનની આજ્ઞાથી પૂજાના ઉત્કૃષ્ટ નિયમો જણાવતી વખતે દત્ત ભગવાન તમારા પર ગુસ્સે ભરાયા છે એવી સ્પષ્ટતા કરી અને હવે જો નહિ ચેતો તો તમને શિક્ષા થશે એવું પણ કહ્યું. આમ છતાં કેટલાક પૂજારીઓએ એમણે આપેલા નિયમો વિશે ટીકા કરી અને તે પણ ભગવાન પાસે બેસીને અને સ્વામી મહારાજને સંભળાય એવી રીતે. આખરે પૂજારી પણ માણસ છે અને દરેકે એનું પ્રારબ્ધ ભોગવવું પડે છે તે આનું નામ. પછી એ પૂજારીઓ દુ:ખી થયા તે ભૂલવાનું નથી. સંત તો સાવધાન કરે પછી બાકીનું જે તે વ્યક્તિના પ્રારબ્ધ પર છોડી દે.

(૬) નારાયણ દીક્ષિતને આપેલી સલાહ મનનીય છે. સારી અને સાચી પ્રવૃત્તિ વિશેના ત્રણ તબક્કા ધ્યાનમાં રાખીને દ્દઢતાથી એ પ્રવૃત્તિ કરતા રહેવું.

પહેલો તબક્કો 'ઉપેક્ષા'નો છે. કોઇ તમારી સારી અને સાચી પ્રવૃત્તિની નોંધ જ ના લે. બીજો તબક્કો છે 'ટીકા' કરવાનો. એ ઉપેક્ષા કરે અને છતાં તમે તમારી સાચી અને સારી પ્રવૃત્તિ ચાલુ જ રાખો એટલે પછી એ ટીકા કરવાનું શરૂ કરે. આમ છતાં પણ પ્રવૃત્તિ ચાલુ રહે અને મજબૂત બને એટલે ત્રીજો તબક્કો છે 'પ્રવૃત્તિમાં જોડાઇ જવાનો'. અને ઘણી વાર તો એ ટીકાકારો જ અગ્રેસર બની જતા હોય છે. આ માનવસહજ વૃત્તિ છે. આવું ન કરે અને સીધો સ્વીકાર કરે અથવા તો કાયમની ઉપેક્ષા રાખે તે મોટો માણસ.

●

# અધ્યાય : ૧૩૨

આ અધ્યાયનું નામ '**વંધ્યાપુત્રપ્રદાનાદિવર્ણન**' છે. આ અધ્યાયમાં **૧૦૧** દોહરા છે.

શિષ્ય નિરંજને બે હાથ જોડીને કહ્યું કે મારું મન અધીરૂં થયું છે. વાડીમાં ત્યાર પછી ગુરુમહારાજે જે લીલા કરી તે મને કહો. એ સાંભળીને અલખજીએ કહ્યું કે શ્રીગુરુ તો સાક્ષાત્ ચિદ્‌ઘનસ્વરૂપ છે. એની લીલાનો તો પાર નથી. છતાં એમાંથી અલ્પમાત્ર કહું છું. (૧-૩).

જ્યારે શ્રીગુરુ વાડીમાં રહેતા હતા ત્યારે કૌઠાગુલંદ ગામનો તાત્યા સાહેબ નામનો એક જાગીરદાર એની પત્ની સાથે દર્શને આવ્યો. વંદન કરીને કહ્યું કે પ્રભુ ! આપના કહેવાથી મેં આ સ્ત્રી સાથે વગર વિચાર્યે લગ્ન કર્યાં પરંતુ આ સ્ત્રી બેતાળીસ વર્ષની થઇ છતાં એને કોઇ સંતતિ થઇ નથી. એની પત્નીની કુંડળી જોઇને શ્રીગુરુએ કહ્યું કે આ સ્ત્રીના તો ગ્રહ જ એવા છે કે એને સંતતિ થાય જ નહીં. જાગીરદારે કહ્યું કે તો પછી એની સાથે મને કેમ પરણાવ્યો? શ્રીગુરુ હસી પડ્યા. એને વંધ્યા દોષ નિવારણનું અનુષ્ઠાન આપ્યું અને નાળિયેરનો પ્રસાદ આપી આખરે એ જાગીરદારને કન્યા અને પુત્રરત્નની પ્રાપ્તિ કરાવી આપી. (૪-૩૨).

શ્રીગુરુ વાડીમાંથી ગાણગાપુર સંગમસ્થાને ગયા અને દત્તાજ્ઞાથી ત્યાંથી કયાધૂતીરે નરસીગામમાં આવ્યા. આ બાજુ નરસોબા વાડીમાં શનિવારે પાલખી ફેરવતા હતા ત્યારે પાલખીમાંથી ઉત્સવમૂર્તિ નીચે જમીન પર પડી ગઇ. શ્રીગુરુને શોધતા પૂજારીઓ નરસીગામે આવ્યા. ભગવાન દત્ત પૂજારીઓ પ્રત્યે અતિ ક્રોધીત થયા હતા. એમને શાંત કરવા શ્રીગુરુએ કરુણાત્રિપદીની રચના કરી. દત્ત ભગવાને પૂજારીના સ્વચ્છંદી વર્તન વિશે કહ્યું. દયાળુ શ્રીગુરુએ પૂજારીઓને શિખામણ આપી 'દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા' મંત્રથી દેવનું ભજન કરવા કહ્યું. એમ કરવાથી પૂજારીઓ સુખી થયા. (૩૩-૬૬).

નરસીગામે કયાધૂતીરે દત્ત ભગવાન બાળક બનીને શ્રીગુરુના ખોળામાં બેસી રમતા એ દૃશ્ય એક હરિજન બાઇએ જોયું અને એને ના કહેવા છતાં ગામમાં બધાંને વાત કરી એટલે શ્રીગુરુ નરસીગામ છોડી બ્રહ્માવર્તમાં આવ્યા. કુશોબા નામના એક સદાચારી બ્રાહ્મણને દુ:ખમુકત કરી સદ્‌ગતિ આપી. અહીં એમણે સંસ્કૃતમાં 'ગુરુસંહિતા' નામનો ગ્રંથ રચ્યો અને પછી **દેવાજ્ઞાથી** પ્રયાગક્ષેત્રમાં ગયા. (૬૭-૧૦૧).

બે હાથ જોડીને શિષ્ય નિરંજન ફરી બોલ્યો કે શ્રીગુરુ જ્યારે વાડીમાં રહેતા હતા ત્યારે જે લીલા કરી હતી તે વાત મને આગળ કહો. મારું મન ખૂબ અધીરું થઇ ગયું છે. અલખે કહ્યું કે હે સદ્‌બુદ્ધિવાળા નિરંજન ! તું સાંભળ. શ્રીગુરુ તો સાક્ષાત્ ચિદ્‌ઘનસ્વરૂપ છે. (૧-૨). એની લીલાનો તો કોઇ પાર જ નથી. આમ છતાં એ પૈકી થોડીકનું વર્ણન કરું છું. જ્યારે શ્રીગુરુ વાડીમાં રહેતા હતા ત્યારે કૌઠાગુલંદ ગામનો તાત્યા સાહેબ નામનો એક જાગીરદાર પોતાની પત્નીને લઇને વાડીમાં શ્રીગુરુનાં દર્શને આવ્યો અને દંડવત્ પ્રણામ કરીને કહેવા લાગ્યો કે હે ગુરુશ્રેષ્ઠ !

આપના કહેવાથી મેં વગર વિચાર્યે આ સ્ત્રી સાથે લગ્ન કર્યું. આ સ્ત્રી હવે બેતાળીસ વર્ષની થઇ છે છતાં હે દેવ ! હજી સુધી એને સંતાનપ્રાપ્તિ થઇ નથી. એવું કહીને તરત જ એણે શ્રીગુરુને એની પત્નીની જન્મકુંડળી (જન્માક્ષર) બતાવી. એ કુંડળી જોઇને શ્રીગુરુ બોલ્યા કે આ સ્ત્રી તો નિશ્ચિતરૂપે વંધ્યા જ છે. માટે એને સંતતિ થાય જ નહીં એવું આ કુંડળી કહે છે. એ સાંભળીને તાત્યા બોલ્યો કે હે ગુરુરાય ! આ જાણવા છતાં પણ તમે આ દાસને આ વંધ્યા સાથે કેમ પરણાવ્યો? એનાં આવાં વચન સાંભળીને શ્રીગુરુરાય ખડખડાટ હસવા લાગ્યા.① (૩-૧૦).

એના વંધ્યાપણાના દોષને દૂર કરવા માટેનું અનુષ્ઠાન બતાવીને શ્રીગુરુએ પ્રસન્નતાપૂર્વક શ્રીફળનો પ્રસાદ આપ્યો. તરત જ એ પ્રસાદ લઇને બન્ને જણાં પગે લાગીને ઊઠ્યાં. (૧૧-૧૨). બન્ને જણાં પોતાના ગામે જતાં હતાં ત્યારે રસ્તામાં બજારમાં શ્રીગુરુની છબીઓ વેચાતી જોઇ એટલે પૂજા કરવાના હેતુથી પોતાના પુરોહિતને મોકલીને પ્રેમપૂર્વક એક છબી મંગાવી. એ સાદી તસવીર (છબી) જોઇ પણ એમની આંખને ના ગમી એટલે એને બદલાવીને બીજી લાવવા માટે એ દંપતીએ ગોરને ફરીથી મોકલ્યો. બીજી નવી છબી આનંદપૂર્વક લઇને બન્ને જણાં ઘેર ગયાં. (૧૩-૧૬). એ જ રાત્રે બન્ને જણાને દૃષ્ટાંત (સ્વપ્નમાં આદેશ) થયો કે તમોને મારું પેલું રૂપ કેમ ના ગમ્યું? (જો એ રૂપ નથી ગમ્યું) તો પછી મારો આ પ્રસાદ તમને ગમશે કે? એ પાછો આપી દો. સ્વપ્નમાં એમ કહીને બન્ને પાસેથી પ્રસાદ તરીકે આપેલા નાળિયેર શ્રીગુરુદેવે ખૂંચવી લીધાં. આવું સ્વપ્ન જોઇને બન્ને જણાં તરત જ દુ:ખી થઇ ગયાં. (૧૭-૧૯). જાગીને જોયું તો પ્રસાદમાં આપેલું નાળિયેર હતું જ નહીં. આવો ચમત્કાર જોઇને બન્ને જણાં શોક કરવા લાગ્યાં. (૨૦).

સવાર થતાં નવી આણેલી છબી પાછી મોકલી આપી અને પહેલાંની છબી પ્રેમપૂર્વક પાછી મંગાવી લીધી. (૨૧). મનને શંકારહિત કરીને, શ્રીગુરુ પાસે ખાસ આવીને તાત્યાએ પત્ની સાથે દંડવત્ પ્રણામ કર્યા. (૨૨). વારે વારે પગે પડીને, પછી પતિપત્નીએ જે દૃષ્ટાંત (સ્વપ્નમાં આદેશ) થયો હતો તે દૃષ્ટાંતનું શ્રીગુરુનાં ચરણે નિવેદન કર્યું. (૨૩). પોતાના અપરાધની ક્ષમા માગીને કહ્યું કે અમે તો અજ્ઞાની છીએ. હે દયાના સાગર સમા ભગવાન ! તમે આ રીતે અમને તરછોડશો નહીં. (૨૪). અમને આપનો એ અમોઘ-નિષ્ફળ ન જાય એવો-પ્રસાદ પાછો આપો. એમની આવી પ્રાર્થના સાંભળીને શરણે આવેલા માટે નિશ્ચિતરૂપથી વજ્રના પિંજર સમાન અને સ્મરણમાત્રથી તરત જ ઇષ્ટ ફળ આપવાવાળા કરુણાના સાગર એવા એ શ્રીગુરુએ બન્નેની અનન્ય શ્રદ્ધા જોઇને એ શૂદ્ર દંપતીને પ્રસાદ પાછો આપ્યો.② (૨૫-૨૭).

શ્રીગુરુની કૃપાના પ્રસાદથી શૂદ્ર સ્ત્રીનું વંધ્યત્વ દૂર થયું અને ત્યારે એ ગર્ભવતી થઇ. પિસ્તાળીસ વર્ષની ઉંમરે એને એક કન્યા જન્મી અને હે નિરંજન ! સમય જતાં એને એક પુત્ર પણ થયો. (૨૮-૨૯). દીકરી અને દીકરાને લઇને પતિ-પત્ની બન્ને જણાં હરખભેર આવીને શ્રીગુરુનાં ચરણકમળમાં પ્રેમથી આળોટવા લાગ્યાં. (૩૦). વંધ્યા સ્ત્રીએ બાળકને જન્મ આપ્યો એ વાત લોકોમાં બધે ફેલાઇ ગઇ અને એ જોઇને લોકો શ્રીગુરુનો જયજયકાર કરવા લાગ્યા. (૩૧). શ્રીગુરુ તો સાક્ષાત્ દત્તના અવતાર હતા. એમની આવી કલ્પનામાં પણ ન આવે એવી લીલાનું કોણ વર્ણન કરી શકે? (૩૨).

આમ વાડીમાં કેટલાક દિવસો રહ્યા પછી દેવની આજ્ઞાથી શ્રીગુરુ ભીમા અને અમરજા નદીના સંગમે ગાણગાપુર ગયા. (૩૩). ગાણગાપુરમાં સંગમસ્થાને આવીને, ત્યાં ઊભા રહીને શ્રીદત્તપ્રભુનું પ્રેમથી ધ્યાન કરવા લાગ્યા. (૩૪). દયાઘન દત્ત ભગવાને ત્યાં આનંદપૂર્વક પ્રગટ થઇને શ્રીગુરુને સ્નેહપૂર્વક દર્શન આપ્યાં. (૩૫). શ્રીગુરુએ તેમને ભાવનાપૂર્વક વંદન કર્યા અને પછી ભગવાન અને ભકત બન્ને વાતો કરવા લાગ્યા. (૩૬). દત્તપ્રભુએ શ્રીગુરુમૂર્તિને કહ્યું કે આપ હવે અહીંયાં રહેશો નહિ. આવું કહીને એ જગત્પિતા તરત જ અંતર્ધાન થઇ ગયા. (૩૭).

ત્યાંથી તરત જ નીકળીને કયાધૂતીરે આવેલા નરસીગામમાં ભકતપ્રિય શ્રીગુરુએ આવીને ચાતુર્માસ કર્યો. આ બાજુ વાડીમાં રોજના નિયમ પ્રમાણે શનિવારે દત્ત ભગવાનની ઉત્સવમૂર્તિને પાલખીમાં બેસાડીને વાદ્યઘોષથી ફેરવતા હતા ત્યાં તો લોકોની ગિરદીમાં પાલખીમાંથી મૂર્તિ એકાએક નીચે જમીન પર પડી. એ જોઇને પૂજારી મનમાં ગભરાઇ ગયા અને શ્રીગુરુને શોધતાં શોધતાં મહામહેનતે નરસીગામે આવી પહોંચ્યા. (૩૮-૪૨). ત્યાં શ્રીગુરુને જોઇને એમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને બનેલી બધી વાત વિગતે કહી સંભળાવી. આ સાંભળીને દયાથી ભરેલી દૃષ્ટિવાળા શ્રીગુરુએ ભગવાન શ્રીદત્તનું સ્મરણ કર્યું અને પૂછ્યું કે હે પ્રભુ ! પાલખીમાંથી આમ કેમ કૂદી પડ્યા? (૪૩-૪૪). ત્યાં તો દત્તપ્રભુ ગ્રીષ્મ ઋતુ-ઉનાળા-ના સૂર્યની જેમ ક્રોધથી તપેલા (લાલ લાલ) દેખાયા. ભગવાનને આવા સંતપ્ત જોઇને શ્રીગુરુએ બે હાથ જોડીને ગળગળા થઇને કરુણાત્રિપદીથી ભગવાનની પ્રાર્થના કરી. (૪૫-૪૬).

## કરુણાત્રિપદી

(૧)

શાંત હો શ્રીગુરુદત્તા મમ ચિત્તા શમવી આતાં... ||ધ્રુવ૦||
તૂં કેવળ માતાજનિતા સર્વથા તૂં હિતકર્તા- ||
તૂં આપ્ત સ્વજન ભ્રાતા સર્વથા તૂં ચિ ત્રાતા ||
ચાલ૦ ભયકર્તા તૂં ભયહર્તા || દંડધર્તા તૂં પરિપાતા ||
તુજ વાંચુની ન દૂજી વાર્તા, તૂં આર્તા આશ્રયદાતા || શાંત૦ || ૧ ||

અપરાધાસ્તવ ગુરુનાથા, જરી દંડા ધરિસી યથાર્થા ||
તરી આમ્હીં ગાઉની ગાથા, તવ ચરણીં નમવું માથા ||
ચાલ૦ તૂં તથાપિ દંડિસી દેવા || કોણા ચા મગ કરું ધાંવા ||
સોડવિતા દુસરા તેવ્હાં || કોણ દત્તા આમ્હાં ત્રાતા || શાંત૦ || ૨ ||

તું નટસા હોઉની કોપિ દંડિતાહીં આમ્હીં પાપી ||
પુનરપિહી ચુકતાં તથાપિ, આમ્હાં વરી ન ચ સંતાપી ||
ચાલ૦ ગચ્છત: સ્ખલનં કવાપિ || અસેં માનુની ન ચ હો કોપી ||

નિજ કૃપાલેશા ઓપીં || આમ્હાં વરી તું ભગવંતા || શાંત૦ || ૩ ||

તવ પદરી અસતાં તાતા આડમાર્ગી પાઊલ પડતાં ||
સાંભાળુની માર્ગા વરતા આણિતા ન દૂજા ત્રાતા ||
ચાલ૦ નિજ બિરુદા આણુની ચિત્તા || તૂં પતિત પાવન દત્તા ||
વળે આતાં આમ્હાં વરતા || કરુણાઘન તૂં ગુરુનાથા || શાંત૦ || ૪ ||

સહ કુટુંબ સહ પરિવાર દાસ આમ્હીં હેં ઘરદાર ||
તવ પદીં અર્પું અસાર, સંસારાહિત હા ભાર ||
ચાલ૦ પરિહરિસી કરુણાસિંધો || તૂં દીનાનાથ સુબંધો ||
આમ્હાં અઘલેશ ન બાધો || **વાસુદેવ** પ્રાર્થીત દત્તા || શાંત૦ || ૫ ||

## અર્થ :

શ્રીગુરુદત્ત ! તમે શાંત થાવ ! શાંત થાવ ! મારા ચિત્તને હવે શાંતિ આપો. તું જ કેવળ માતા છે અને તું જ પિતા છે. બધા પ્રકારે હિત કરનાર પણ તું જ છે. તું જ આપ્ત છે, તું જ સ્વજન છે. તું ભાઇ છે, તું જ સર્વથા તારણહાર છે. તું જ (દુષ્ટોને) ભયકર્તા છે. તું જ (ભકતોનો) ભયહર્તા છે. દુષ્ટોનું શાસન કરનાર અને ભકતોનું રક્ષણ કરનાર તું જ છે. તારા વિના બીજી કોઇ વાત જ નથી. હે દત્તા ! તું જ દુખિયારાનો એક માત્ર બેલી છે. (૧).

હે ગુરુનાથ ! અમારાથી કોઇ અપરાધ થાય અને એ માટે તું અમને યોગ્ય દંડ પણ કરે તો પણ અમે તો તારાં ગાન ગાઇને તારે ચરણે અનન્યભાવે મસ્તક નમાવીશું અને તેમ છતાં પણ અમારી સામે દયાની દષ્ટિથી ન જોતાં તું શિક્ષા જ કર્યા કરે તો પછી હે દેવ ! અમારે કોની સામે જોવું? હે દત્ત ! એવે સંકટને સમયે અમને છોડાવનારો બીજો કોણ હોય? (૨).

અમે જાણીએ છીએ કે તારામાં ક્રોધ નથી. પણ અમને પાપીઓને પાપના ગર્તમાંથી- ખાડામાંથી- પાછા વાળવા માટે તું કોઇ નટના જેવો મિથ્યા ક્રોધ કરે છે અને છતાં પણ અમે ફરીથી ભૂલ કરીએ તો પણ હે દેવ ! તું અમારા પર કોપાયમાન ના થઇશ. ચાલતાં ચાલતાં માણસ કયારેક પડે પણ ખરો એમ માનીને હે દેવ ! ક્રોધ ન કરીશ. હે ભગવંત ! અમારા તરફ તારી થોડી કૃપાદષ્ટિ પણ ફેંક !! (૩).

તારે ખોળે હોવા છતાં હે તાત ! અમે આડે માર્ગે જઇએ તો અમારી સંભાળ લઇ, સુરક્ષિતપણે ફરીથી શ્રેય-કલ્યાણને માર્ગે લાવનાર બીજો કોઇ નથી. માટે હે પ્રભો ! હે દત્ત ! હે પતિતને પાવન કરનાર ! તારા બાનાનું સ્મરણ કરી હે ગુરુનાથ ! હે દયાના મેઘ ! હવે તો અમારી તરફ વળ. (૪).

સહકુટુંબ, સહપરિવાર આ ઘરબાર અમે બધાં તારાં દાસ છીએ. આ અસાર સંસારમાં અમારા કલ્યાણનો આ સર્વ ભાર તારા ચરણે અર્પણ હો ! હે દયાસિંધુ ! હે સુબંધુ ! હે ગરીબનવાજ ! શું તું અમને દૂર કરીશ? ના, હે દત્ત ! આ વાસુદેવ યાચે છે કે અમને કલેશ લેશ પણ ન નડે. (૫).

(૨)

શ્રીગુરુદત્તા જય ભગવંતા તેં મન નિષ્ઠુર ન કરી આતાં ||ધ્રુ૦||
ચોરેં દ્વિજાસી મારિતાં મન જેં, કળકળલેં તે કળકળો આતાં || ૧ ||
પોટશૂળાને દ્વિજ તડફડતાં, કળકળલેં તેં કળકળો આતાં || ૨ ||
દ્વિજ સુત મરતાં વળલેં તે મન, હોકીં ઉદાસીન ન વળે આતાં || ૩ ||
સતીપતિ મરતાં કાકુળતી યેતાં, વળલેં તે મન ન વળે કીં આતાં || ૪ ||
શ્રીગુરુદત્તા ત્યજી નિષ્ઠુરતા, કોમળ ચિત્તા વળવીં આતાં || ૫ ||

## અર્થ :

હે શ્રીગુરુદત્ત ! હે ભગવન્ ! તારો જયજયકાર હો ! આ જ વખતે એ મન નિષ્ઠુર કરીશ નહીં. ચોરોએ બ્રાહ્મણને મારી નાખતાં જે મન કકળી ઊઠ્યું હતું તે આજે પણ દયાથી દ્રવો. પેટમાં શૂળ ઊઠવાને લીધે તરફડી ઊઠતાં બ્રાહ્મણ માટે જે મન દયાથી ભીંજાઇ ગયું તે આજે પણ દયાર્દ્ર થાઓ. દ્વિજપુત્ર મરણ પામતાં જે મન દયાથી એના તરફ વળેલું તે ઉદાસીન બન્યું હોય તેમ (આજે) કેમ નથી વળતું? સતીનો પતિ મરણ પામતાં, એના કાલાવાલા- કાકલૂદી- જોઇને જે મન એના તરફ વળ્યું હતું તે અરેરે ! આજે નથી વળતું !!! હે ગુરુ દત્તાત્રેય ! તું નિષ્ઠુરતાનો ત્યાગ કર અને તારાં કોમળ ચિત્તને આ તરફ વાળ.

(૩)

જય કરુણાઘન નિજજનજીવન, અનસૂયાનંદન પાહિ જનાર્દન ||ધ્રુ૦||
નિજ અપરાધેં ઉફરાટી દૃષ્ટિ, હોઊની પોટીં ભય ધરું પાવન || ૧ ||
તૂં કરુણાકર કધીં આમ્હાં વર, રુસસી ન કિંકરવરદ કૃપાઘન || ૨ ||
વારીં અપરાધ તૂં માયબાપ, તવ મનીં કોપ લેશ ન વામન || ૩ ||
બાલકાપરાધાં ગણે જરી માતા, તરી કોણ ત્રાતા દેઇલ જીવન || ૪ ||
પ્રાર્થી વાસુદેવ પદીં ઠેવી ભાવ, પદીં દેવો ઠાવ દેવ અત્રિનંદન || ૫ ||

## અર્થ :

હે કરુણાના મેઘ ! હે ભક્તજનોના જીવન ! તારો જયજયકાર હો ! દુષ્ટજનોને શિક્ષા કરનાર હે અનસૂયાનંદન ! મારું રક્ષણ કર. પોતાના જ અપરાધથી દૃષ્ટિ અવળી થતાં, જગતને પાવન કરનાર હે પરમાત્મા ! મારા ચિત્તમાં ભય લાગે છે. તું કરુણાનો સાગર છે. દાસને વરદાન આપનાર હે કૃપાઘન ! અમારા પર તું કદીયે રિસાતો નથી. હે માબાપ ! અમારા અપરાધ ક્ષમા કર. વામન અવતાર ધારણ કરનાર હે પ્રભુ ! તારા મનમાં લેશ પણ ક્રોધ નથી. બાળકોના અપરાધ જો મા ગણવા બેસે તો એમનું રક્ષણ કરી એમને જીવન કોણ આપશે? તારા ચરણમાં ભાવ રાખીને વાસુદેવ પ્રાર્થના કરે છે કે હે દેવ ! હે અત્રિનંદન !! તારાં ચરણમાં સ્થાન આપ !!!

◈

શ્રીગુરુમૂર્તિનું આવું સ્તવન સાંભળીને પોતાની ક્રોધમુદ્રા છોડીને, ક્ષણવારમાં શાંત થઇને પ્રભુ બોલ્યા કે વાડીના એ દુષ્ટ પૂજારીઓ આપના નિયમ પ્રમાણે તલમાત્ર વર્તતા નથી. એટલું જ નહીં પણ તેઓ સદ્‌વર્તન છોડીને એમને મન ફાવે તેમ ભ્રષ્ટાચાર કરે છે અને વગર વિચાર્યે મારી પાદુકા ઉપર અપવિત્ર વસ્તુ પણ અર્પણ કરે છે અને એ દુર્જનો ઊલટાની આપની નિંદા કરે છે. માટે એમને અત્યારે શિક્ષા થવી જ જોઇએ. એવું કહીને દત્તપ્રભુ ત્યાં ગુપ્ત થઇ ગયા. (૪૭-૫૧).

શ્રીગુરુએ ત્યારે પૂજારીઓને પ્રેમથી કહ્યું કે તમારા પર ભગવાન શ્રીદત્તની નારાજગી થઇ છે. (૫૨). મેં તમને દેવસેવાના જે નિયમો આપ્યા છે તેનું ઉલ્લંઘન કરીને તમે તમારા સ્વૈર વર્તને ચઢી ગયા છો તેથી મૂર્તિ પાલખીમાંથી નીચે જમીન પર કૂદી પડી છે. (૫૩-૫૪). માટે જો તમને તમારા પોતાના કલ્યાણની સદિચ્છા હોય તો બધું દુર્વર્તન છોડી દઇને મેં ત્યાં જે નિયમો કહ્યા છે તે પ્રમાણે તમે બધા ભાવથી દત્તની સેવા કરશો તો જ સુખી થશો નહિ તો તમારે રડવાના દિવસો આવશે. (૫૫-૫૬). આ તમારા દેવ છે અને એની સાથે તમે ગમે તે રીતે વર્તો એમાં મારે વચ્ચે નકામું શું કામ બોલવું જોઇએ? (૫૭).

શ્રીગુરુનાં વચન સાંભળીને, બે હાથ જોડીને બધા પૂજારીઓ બોલ્યા કે આપ તો સાક્ષાત્ દત્ત જ છો. (૫૮). હવે અમે આપના કહેલા નિયમ પ્રમાણે જ ત્યાં વર્તીશું. અમારા ઉપર ભગવાન શ્રીદત્તની હંમેશાં કૃપા રહે એટલી જ વિનંતી આપનાં ચરણમાં વંદન કરીને કરીએ છીએ. એવાં કરુણ વચન સાંભળીને યોગીશ્રેષ્ઠ શ્રીગુરુ બોલ્યા કે દેવની પાસે કરેલા અપરાધની માફી માગી હંમેશાં આ કરુણાત્રિપદીથી પ્રાર્થના અવશ્ય કરો. (૫૯-૬૧). આ નામમંત્રથી દેવનું ભજન કરો. એનાથી દેવની ચોક્કસ કૃપા થશે એમાં શંકા કરશો નહીં. (૬૨).

**મંત્ર**

**દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા**

આ રીતે શ્રી દત્તનું ભજન કરતાં ખરેખર કોઇ દિવસ વિઘ્ન પાસે નહીં આવે એવું મારું ખાસ (અભય) વચન છે.③ (૬૩). શ્રીગુરુનાં એવાં વચન સાંભળીને એમને પ્રેમથી વંદન કરીને ત્યાંથી વાડીમાં આવીને પૂજારીઓ શ્રીગુરુની આજ્ઞાનુસાર સદ્‌વર્તન કરીને કરુણાત્રિપદીથી રોજ શ્રીદત્તનું સ્તવન કરવાં લાગ્યા. (૬૪-૬૫). હૃદયમાં શ્રદ્ધા રાખીને અનન્ય ભાવથી સ્તવન કરતા એ ભક્ત પૂજારીઓ સર્વ સુખને પામ્યા. (૬૬).

આ રીતે શ્રીગુરુવર નરસીગામે રહેતા હતા ત્યારે રોજ સ્નાન કરવા માટે કયાધૂ નદીના તીરે જતા હતા. (૬૭). જ્યાં માણસોની અવર જવર ના હોય એવા એકાંત સ્થળે દૂર દૂર તેઓ સ્નાન માટે જતા. ત્યાં દત્ત ભગવાન પ્રેમપૂર્વક બાળકના સ્વરૂપે હંમેશાં આવતા. એ સ્વરૂપને પાસે લઇને શ્રીગુરુ એને પોતાના ખોળામાં કૌતુકપૂર્વક બેસાડતા. (૬૮-૬૯). એમને વારે વારે ચૂમી ભરીને રોજ રમાડતા હતા અને આ રીતે ખરેખર ભગવાન અને ભક્ત હંમેશાં રમતા હતા. (૭૦). એમની આવી અકલ્પ્ય લીલા એક દિવસ નરસીગામની ભોળી હરિજન સ્ત્રી જોઇ ગઇ. (૭૧). બાળસ્વરૂપ શ્રીદત્તને પોતાના ખોળામાં બેસાડીને રમાડતાં રમાડતાં શ્રીગુરુમૂર્તિ પણ એ દત્ત સ્વરૂપમાં તલ્લીન થઇ જતા. હરિજન સ્ત્રી આ દશ્ય દૂર ઊભી રહીને આશ્ચર્યચકિત થઇને જોતી હતી. (૭૨-૭૩). થોડો સમય વીત્યા પછી જ્યારે શ્રીગુરુવરે પાછળ જોયું ત્યારે એમણે દૂર ઊભેલી હરિજન સ્ત્રીને તે જ ક્ષણે જોઇ. એણે આપણી

બધી લીલા જોઇ છે એવું જાણી જતાં શ્રીગુરુરાયે મનમાં વિચાર્યું કે આ સ્ત્રી ખરેખર ભાગ્યશાળી છે. એમ વિચારી એને તરત જ કહ્યું કે હે માત ! તેં મને બાળકને રમાડતાં જોયું છે તે વાત તું ક્યારેય પણ કોઇને પણ કહીશ નહિ. (૭૪-૭૭). આ વાત જો તું બીજાને કહીશ તો તારું પુણ્ય જતું રહેશે. એટલે પેલી હરિજન સ્ત્રીએ કહ્યું કે હે પ્રભુ ! હું આ વાત કોઇને પણ કહીશ નહીં. (૭૮). ત્યાં બાળક સ્વરૂપી શ્રીદત્તપ્રભુ તરત જ અંતર્ધાન થઇ ગયા. આ ચમત્કાર જોઇને પેલી હરિજન સ્ત્રી ગામમાં આવી. (૭૯). આખરે એ સ્ત્રી હતીને ! એના પેટમાં આ વાત છાની કેવી રીતે રહે? એણે બધાને કહેવા માંડ્યું કે આ સ્વામી નદીમાંથી પ્રેમથી નાનાં નાનાં બાળકો કાઢીને ત્યાં એની સાથે હંમેશાં રમે છે. આ વાત ગામમાં જાહેર થતાં શ્રીગુરુમૂર્તિએ એ ગામમાં રહેવાનું છોડી દીધું અને નરસીગામ છોડીને બ્રહ્માવર્તમાં આવી પહોંચ્યા.⑦ (૮૦-૮૨).

ત્યાં કુશોબા નામનો સત્પાત્ર એવો એક બ્રાહ્મણ રહેતો હતો. એ હંમેશાં પોતાના ધર્મમાં રચ્યોપચ્યો રહેતો હતો અને આમ સદાચારી પણ હતો. (૮૩). આમ છતાં પૂર્વ જન્મના કર્માનુસાર એનો એક હાથ ભયંકર 'ઘા' (વ્રણ)થી સડી ગયો હતો અને એ પીડાથી એકદમ ત્રાસી જઇને તે મનમાં ને મનમાં કહેતો હતો કે હે પ્રભુ ! મને મોત કેમ આવતું નથી? એનાં થોડાં ઘણાં બચેલાં પુણ્યના પ્રભાવે એક દિવસ શ્રીગુરુરાય એના ઘરે ભિક્ષા માટે ગયા. (એમને ભિક્ષાર્થે આવેલા જોઇને) એ બ્રાહ્મણે અતિશય દુ:ખ વ્યકત કર્યું. એ જોઇને શ્રીગુરુવરે એને સાંત્વન આપીને કહ્યું કે હવે ખૂબ જલદીથી તારો દેહ પડશે. એટલે તું ગભરાઇશ નહીં. હે બ્રાહ્મણ ! તું પ્રેમથી દત્તનું મનમાં સ્મરણ કર. (૮૪-૮૮). એનાથી તને દૃષ્ટાંત થશે અને દૃષ્ટાંત પ્રમાણે વર્તતાં તું દુ:ખમાંથી મુકત થશે એમાં તું શંકા કરીશ નહીં. (૮૯). આવું કહીને શ્રીગુરુવર એમના મુકામ ઉપર ગયા. એ જ રાત્રે કુશોબા બ્રાહ્મણને દત્તનો સ્વપ્નમાં દૃષ્ટાંત થયો કે હે નાદાન ! તેં ગયા જન્મમાં ગોવિંદ ભટ્ટનું દેવું કર્યું હતું તે પૈકી વ્યાજ સાથે રૂપિયા પાંત્રીસ આપવાના બાકી છે. માટે એટલા રૂપિયા લાવીને તું તરત જ જઇને ગોવિંદ ભટ્ટને આપી આવ; તો જ તું આ દુ:ખમાંથી છુટકારો મેળવીશ અને તો જ તારો આ દેહ પડશે-તારું મૃત્યુ થશે. (૯૦-૯૩).

બીજે દિવસે એ બ્રાહ્મણે ગોવિંદ ભટ્ટને બોલાવીને દેવામાંથી મુકત થવાનો સંકલ્પ મૂકીને વ્યાજ સાથે પાંત્રીસ રૂપિયા આપી દીધા. એ દેવામાંથી કુશોબા બ્રાહ્મણ મુકત થતાં જ એ દુ:ખમાંથી મુકત થઇને શાંતિથી મૃત્યુ પામ્યો. માટે દેવું ચૂકવ્યા વિના સ્વપ્નમાં પણ મુક્તિ મળતી નથી. (૯૪-૯૬). આમ બ્રહ્માવર્તમાં શ્રીગુરુ રહેતા હતા ત્યારે સંસ્કૃત ભાષામાં 'ગુરુ સંહિતા' નામનો એક ગ્રંથ લોકોને શિક્ષણ આપવાના હેતુથી રચ્યો. ત્યાં થોડો સમય રહીને દત્ત પ્રભુની આજ્ઞાથી બ્રહ્માવર્ત છોડીને શ્રીગુરુ પ્રયાગ ક્ષેત્રમાં ગયા. ત્યાં ત્રિવેણી સંગમમાં સ્નાન કરીને, ત્યાંથી કાશીમાં આવી પ્રેમપૂર્વક તારકમઠમાં વાસો કર્યો. આગળ ઉપરનો અપૂર્વ **રંગ** કહી શકવાને અસમર્થ સમાન છે. (૯૭-૧૦૦). જે દત્તના અવતાર છે અને જેની લીલા ગાતાં જ્યાં દેવો પણ થાકી જાય છે ત્યાં માનવીનું તો શું ગજું? એમ **રંગ** કહે છે. (૧૦૧).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'વંધ્યાપુત્રપ્રદાનાદિવર્ણન'** નામનો **એકસો બત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૧૩૨

(૧) વિધાતાના લેખ ઉપર મેખ મારવાની શક્તિ સંતમાં હોય છે. દોહરા ૯માં આ સ્ત્રીને સંતતિ નહીં થાય એવું **કુંડલી કહે છે** એમ લખ્યું છે. પણ કુંડલીમાં જણાવ્યું હોય તેને ઉલટાવવાની તાકાત સંતમાં હોય છે અને ભગવાન પણ સંતના આશીર્વાદની વિરુદ્ધ જતા નથી. ભગવાન ભકતને માટે બધું જ કરવા તૈયાર હોય છે.

(૨) દોહરા ૨૬ શરણાગતભાવનું મહત્ત્વ દર્શાવે છે અને સાથે સાથે સાચી સમજ આપે છે. ભગવાન કે સદ્‌ગુરુનું અનન્ય ભાવે શરણું લેનાર માટે ભગવાન કે સદ્‌ગુરુ વજ્રનું પાંજરું બને છે એટલે એનું સદૈવ રક્ષણ કરે છે. સદ્‌ગુરુનું અનન્યભાવે શરણું લઇ એનું સ્મરણ કરનારને ગુરુ સ્મરતાંની સાથે એનું જેમાં કલ્યાણ હોય એવું ફળ-ઇષ્ટફળ-આપે છે. શરણે આવેલો જે માગે તે ભગવાન તેને નથી આપતો. પરંતુ એનું જેમાં કલ્યાણ હોય તેવું આપે છે.

(૩) દોહરા ૪૭ થી ૬૩ અભ્યાસ માંગે છે. પૂજારીના દુર્વતનથી ભગવાન ક્રોધે ભરાયા છે અને પૂજારીને શિક્ષા કરવા માગે છે. સંત ભગવાન અને પૂજારી વચ્ચે સેતુ બને છે. પૂજારીને કહેવાનું બધું કહે છે પણ એનું મન ખિન્ન ન થાય એ રીતે અને છેલ્લે દુ:ખી પૂજારીની વિનંતીનો સ્વીકાર કરીને એમને એક મંત્ર આપે છે અને કરુણા ત્રિપદીથી ભગવાનને રીઝવવાનું સૂચવે છે. આમ સંત અશકયને શકય બનાવી આપે છે.

(૪) સ્ત્રીનો સ્વભાવ જ એવો હોય છે કે એના પેટમાં વાત ગુપ્ત રહેતી જ નથી. સ્ત્રીને આવો શાપ છે. કુંતીએ મહાભારતના યુદ્ધમાં પાંડવોને બચાવવાના હેતુથી કર્ણની મુલાકાત લીધી અને એણે કહ્યું કે એ કર્ણ પણ પોતાનો જ દીકરો છે. આ વાત સાંભળીને કર્ણને દુ:ખ થયું. આવી મોટી વાત કુંતીએ છુપાવી તેથી કર્ણએ શાપ આપ્યો કે હવે સ્ત્રીના પેટમાં કોઇ વાત છાની નહીં રહે.

●

## અધ્યાય : ૧૩૩

આ અધ્યાયનું નામ **'રૂપત્રયધારણાદિકથન'** છે. આ અધ્યાયમાં **૧૦૫** દોહરા છે.

અલખે કહ્યું કે શિષ્ય નિરંજન ! આગળ ઉપરની રસભરી કથા સાંભળ. શ્રીગુરુ તારકમઠમાં આવ્યા ત્યારે ત્યાં સ્વયંપ્રકાશ નામના એક સંન્યાસી રહેતા હતા. શ્રીગુરુને જોઇને એ તો હરખથી ગાંડા ગાંડા થઇ ગયા. (૧-૨). શ્રીગુરુની આત્મૈક્ય ભાવનાથી પૂજા કરીને એમને પોતાની પાસે રાખ્યા. (૩).

રામેશ્વર નામના શંકરના લિંગ પાસે આવતાં ભગવાનની આજ્ઞા થતાં શ્રાદ્ધ અન્નનો ત્યાગ કરીને ભિક્ષા માગી લાવ્યા અને દત્તાજ્ઞાવશ વાડીનો રસ્તો પકડ્યો. વાડી જતાં પ્રયાગમાં રોકાયા. ત્યાંથી ઇંદોર પાસેના બડવાયા ગામે ચાતુર્માસ કર્યો. ત્યાં બ્રહ્માવર્તથી આવેલા નાનાશાસ્ત્રીને કોલેરા થતાં તેમને સુખે ઘરે પહોંચાડવાની ભગવાનને પ્રાર્થના કરી. ચાતુર્માસ પૂરો થતાં શ્રીગુરુ વાડી જવા નીકળ્યા. નાનાશાસ્ત્રી પોતાના ઘરે આવ્યા પછી મૃત્યુ પામ્યા. ત્યાં સુધી એનું મૃત્યુ શ્રીગુરુએ થંભાવી રાખ્યું. (૪-૩૩).

આસો માસમાં વાડી આવી શ્રીગુરુ બ્રહ્માનંદ સ્વામીના મઠમાં ઊતર્યા. ત્યાં દત્ત ભગવાને એમને વાડી છોડી રામેશ્વર બાજુ જવાની સૂચના આપી. શ્રીગુરુ વાડી છોડીને ના જાય એટલા માટે પૂજારીઓએ પાદુકા ઉપર સતત ધારા (અભિષેક)નો સંકલ્પ કર્યો. શ્રીગુરુએ એકી સાથે ત્રણ રૂપ લઇને લોકોને આશ્ચર્યમાં ડૂબાડી દીધા. દત્ત ભગવાને ભકતોનો ભાવ જોઇ શ્રીગુરુને વાડીમાં જ રહેવાનું જણાવ્યું. (૩૪-૫૯).

સ્માર્ત અને ભાગવત બે એકાદશી પૈકી ભાગવત એકાદશીએ ઉત્સવ થયો હતો. શ્રીગુરુ બીજી એકાદશી કરતા હતા પણ ભગવાનની આજ્ઞાથી પ્રસાદ લીધો. (૬૦-૬૮). ગુરુદ્વાદશીએ એક બ્રાહ્મણની સ્ત્રીએ નૈવેદ્યમાંથી અનસૂયા માતાનાં પૂજન પહેલાં ચોરી કરી તે સ્ત્રીને શિક્ષા કરનાર રામાસોન ભટ્ટને પરચો આપ્યો. શ્રીગુરુએ રામાસોનભટ્ટને એમાંથી મુકત કર્યો. (૬૯-૮૬). કાળી ચૌદસે બધાએ શ્રીગુરુને સુગંધી દ્રવ્યો ચોળી સ્નાન કરાવી તેમનું સ્તવન કર્યું અને આરતી કરી. પૂજારીઓ પાદુકા ઉપર ગરમ જળ ચઢાવતા હતા તેની શિક્ષા શ્રીગુરુને થઇ અને પેશાબમાં લોહી પડવા લાગ્યું. બધાને જાણ થતાં અપરાધની માફી માગી. (૮૭-૧૦૫).

અલખે કહ્યું કે હે શિષ્ય ! તું રસ પડે તેવી કથા આગળ સાંભળ. શ્રીગુરુશ્રેષ્ઠ ત્યાં તારકમઠમાં આવ્યા. ત્યાં સ્વયંપ્રકાશ નામે એક શ્રેષ્ઠ સંન્યાસી રહેતા હતા. શ્રીગુરુને જોઇને એ હર્ષથી ગાંડા-ઘેલા થઇ ગયા. (૧-૨). ત્યારે આત્મૈક્ય ભાવે પૂજન કરીને એમણે શ્રીગુરુવરને પ્રેમથી પોતાની પાસે મઠમાં ખાસ મુકામ કરાવ્યો. (૩). લોકોના અતિ આગ્રહને વશ થઇને શ્રીગુરુ ત્યાંથી લોકો સાથે પંચક્રોશીની યાત્રાએ જતા હતા ત્યારે રસ્તામાં રામેશ્વર નામે શિવલિંગ છે ત્યાં આવ્યા. તો ત્યાં તેમને દષ્ટાંત થયો કે શું અહીં શ્રાદ્ધનું ભ્રષ્ટ અન્ન ખાવા આવ્યા છો? ભગવાન દત્તના એવા શબ્દો સાંભળીને શ્રીગુરુ હેરાન પરેશાન થઇ ગયા. (૪-૬).

આશ્ચર્યની વાત તો એ હતી કે જ્યારે ભિક્ષા અંગે તપાસ કરાવી ત્યારે શ્રીગુરુને ખબર પડી કે સાથેના જે લોકો હતા તે લોકો મનમાં વિચાર કરતા હતા કે પંચક્રોશીમાં જો શ્રાદ્ધ કરીશું તો શ્રીગુરુ આપણી સાથે ભિક્ષા નહીં લે. આવું વિચારીને એ લોકોએ શ્રાદ્ધ કર્યા વિના જ શ્રીગુરુને ભિક્ષા આપી. આ વાત જાણીને શ્રીગુરુરાયે ભિક્ષાન્નની જુદી વ્યવસ્થા કરાવી. માધુકરી માગીને જ્યાં પ્રેમથી ભિક્ષા કરવા બેઠા ત્યાં જ ત્યાંની પથ્થરની દત્તમૂર્તિ બોલી કે હવે મઠમાં ગયા વિના જ તમે અહીંથી સીધો વાડીનો રસ્તો પકડો. એવી આજ્ઞા થતાં તરત જ દંડ લઇને શ્રીગુરુ તે જ ક્ષણે એકદમ ઝડપથી ઊઠીને પ્રયાગમાં આવીને ત્રિવેણી સંગમે રહ્યા. આ બાજુ મઠમાં યતિરાય શ્રીસ્વયંપ્રકાશે જાણ્યું કે શ્રીગુરુ બારોબાર પંચક્રોશીમાંથી પ્રયાગમાં ગયા છે. એટલે મંડળીના બધા લોકો સાથે પ્રયાગમાં આવીને યતિવર સ્વયંપ્રકાશ શ્રીગુરુને ભેટ્યા. (૭-૧૫).

બધા લોકોએ પગે લાગીને કહ્યું કે આપે કહ્યું હતું કે હું પંચક્રોશી કરીને મઠમાં પાછો આવું છું તો હે પ્રભુ ! પછી તમે પાછા કેમ ન આવ્યા? અને અરેરે ! અમારા પર આવી કેમ અવકૃપા કરી? એ સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે મારો તો પંથ જ ન્યારો છે. (૧૬-૧૭).

હું ભગવાન દત્તની આજ્ઞાનુસાર વર્તું છું. એવો દષ્ટાંત થયો એટલે હું જલદીથી પ્રેમપૂર્વક અહીં-આ ક્ષેત્રમાં આવી પહોંચ્યો. આ સાંભળીને લોકો મનમાં ને મનમાં બોલ્યા કે સાચે જ આ પોતે દત્ત જ છે અને એમની લીલા કલ્પના બહારની છે. (૧૮-૧૯). આવું વિચારીને દંડવત્ પ્રણામ કરીને તેઓ બધા પાછા ફર્યા. પ્રયાગથી શ્રીગુરુમૂર્તિ નર્મદા કિનારે ઇંદોર પાસેના બડવાયા નામના ગામે આવ્યા અને તે સમયે ત્યાં ચાતુર્માસ કર્યો. (૨૦-૨૧).

ત્યારે એ ચોમાસામાં દૂર દૂરથી ગરીબ અને શ્રીમંત એવા ઘણા લોકો ત્યાં આવ્યા હતા. (૨૨). ત્યાં ઘણા શાસ્ત્રી, પંડિત અને શ્રેષ્ઠ સંન્યાસીઓ આવ્યા હતા. તેમાં બ્રહ્માવર્તથી નાના શાસ્ત્રી નામના એક ખૂબ જ વિદ્વાન પંડિત પણ આવ્યા હતા. તેમને બડવાયામાં કોલેરાની બીમારી લાગુ પડી. (૨૩-૨૪). ભાદરવા સુદ અગિયારસને દિવસે એ આ રોગમાં પટકાયા. આ જાણીને શ્રીગુરુવરે દત્ત ભગવાનને પ્રાર્થના કરી કે હે દીનદયાળ ! આ બધાં તારાં બાળકો દર્શનાર્થે અહીં આવ્યાં છે માટે એ બધાને તું પોતપોતાના ઘરે સુખપૂર્વક પહોંચતાં કરજે. પૂનમ થતાં હું પણ અહીંથી તરત જ નીકળી જઇશ. (૨૫-૨૭). દત્ત ભગવાનનાં ચરણોમાં એવી પ્રાર્થના કરતાં નાના શાસ્ત્રીની એ વ્યથા દૂર થઇ. (૨૮). એ પવિત્ર બ્રાહ્મણ રોગમાંથી સંપૂર્ણપણે મુક્ત થઇ ગયો. ચોમાસું પૂરુ થતાં (સંન્યાસીનું ચાતુર્માસ ભાદરવા સુદ-૧૫ પૂરું થાય) શ્રીગુરુમૂર્તિ તરત જ વાડીમાં જવા નીકળ્યા અને નાના શાસ્ત્રી પણ ફરતા ફરતા દોઢ મહિને પોતાના ઘરે બ્રહ્માવર્તમાં પાછા આવ્યા ત્યાં જ કોલેરાની બીમારી ફરી લાગુ પડી અને એમાં એમનું મૃત્યુ થયું. (૨૯-૩૧). આટલા દિવસ એમનું મૃત્યુ શ્રીગુરુએ અટકાવી રાખ્યુ હતું. આ સાંભળીને બધા લોકો આશ્ચર્યચકિત થઇ ગયા. (૩૨). તેઓ અંદરોઅંદર કહેવા લાગ્યા કે આ પૃથ્વી ઉપર ગરીબોનો ઉદ્ધાર કરવા માટે દત્ત ભગવાન જ શ્રીગુરુના સ્વરૂપે અવતર્યા છે. (૩૩).

આસો મહિનામાં વાડીમાં આવીને શ્રીગુરુ બ્રહ્માનંદ સ્વામીના મઠમાં ઊતર્યા. (૩૪). ત્યારે આસો વદ દશમના રોજ પંચગંગામાં સ્નાન કરીને ઘાટ ઉપર આવતાં જ સ્વયં દત્ત ભગવાને દર્શન આપીને ત્યાં કહ્યું કે

(ગુરુદ્વાદશીના) ઉત્સવ પહેલાં જ વાડી છોડીને હે બુદ્ધિવાન પંડિત ! અહીંથી રામેશ્વર તરફ જવા માટે જલદીથી નીકળી જાવ. આમ કહીને દત્તમૂર્તિ તરત જ ત્યાં અદૃશ્ય થઇ ગઇ. (૩૫-૩૭).

આ વાત જાણીને ત્યાંના બધા બ્રાહ્મણોએ શ્રીગુરુને જતા રોકવા માટે એકમતે દત્ત પાદુકા ઉપર સંકલ્પ મૂકીને સતત ધારાનો અભિષેક શરૂ કર્યો. આ બાજુ શ્રીગુરુવર તો તે દિવસે પ્રાત:કાલથી જ (સૂર્ય) નારાયણનો અસ્ત થયો ત્યાં સુધી સમાધિમાં બેઠા હતા. (૩૮-૪૦). આ વાત બધા જ જાણતા હતા. એ જ દિવસે બપોરના સમયે અન્યરૂપ લઇને ભિક્ષા માટે શ્રીગુરુ બેલગામથી આવીને વાડીમાં ગોખલેની ચાલીમાં રહેતા ધોંડોપંત કાલકુંદરીકર નામના બ્રાહ્મણ શ્રેષ્ઠને ઘરે આવ્યા. (૪૧-૪૩). ધોંડોપંતના હાથે માધુકરી લઇને એમને પાછા જતાં ઘણાએ જોયા એટલે આશ્ચર્યથી એમની પાછળ પાછળ જતાં તે સ્થળેથી એ મૂર્તિ ખૂબ ઝડપથી ચાલવા લાગી અને જ્યાં રામચંદ્ર યોગીની જીવત્સમાધિ છે તે સ્થળે એ સ્વરૂપ અદૃશ્ય થઇ ગયું. (૪૪-૪૬). એ જ રીતે એ જ સમયે ગામની બહાર કેટલાક લોકોને અન્યરૂપે દર્શન આપીને શ્રીગુરુએ એમને ખરેખર પ્રસાદ પણ આપ્યો. એ બધા લોકો જ્યારે ગામમાં આવ્યા ત્યારે એમણે જાણ્યું કે શ્રીગુરુવર તો હજી પણ સમાધિમાં જ બેઠેલા છે. આવું જાણીને આશ્ચર્યચકિત થઇને એ લોકો કહેવા લાગ્યા કે આ યતિવરની લીલાને કોણ જાણી શકે એમ છે? ગામની બહાર અમને દર્શન આપીને જુઓ, એમણે અમને આ પ્રસાદ પણ આપ્યો. આવું કહીને બધા લોકોને એમણે નમ્ર બનીને પ્રસાદ બતાડ્યો. (૪૭-૫૧).

એ જોઇને આશ્ચર્યચકિત થઇને લોકો કહેવા લાગ્યા કે આ ખરેખર સ્વયં દત્ત જ છે અને ભક્તોને માટે મનુષ્યરૂપ ધરીને પૃથ્વી ઉપર અવતર્યા છે એમાં કોઇ શંકાને સ્થાન નથી. એમણે એકી સાથે ત્રણ રૂપ ધારણ કર્યાં. (૫૨-૫૩). એક રૂપથી તેઓ અહીં ધ્યાનમાં બેઠા છે. બીજા રૂપે ધોંડોપંતના ઘરે ભિક્ષા ગ્રહણ કરે છે અને ત્રીજું રૂપ લઇને ગામની બહાર દર્શન આપે છે. ખરેખર શ્રીગુરુ એ ત્રિમૂર્તિ જ છે. એમાં શંકા કેવી રીતે કરી શકાય? (૫૪-૫૫). જે કોઇ એને સામાન્ય માનવી સમજશે તે સાચે જ નરકમાં જશે. આવું બોલતાં બોલતાં લોકો સાંજે ઘરે ગયા. (૫૬).

એ જ રાત્રે પ્રભુએ શ્રીગુરુને આજ્ઞા કરી કે અહીં રહેવા માટે આ પૂજારીઓનો અતિશય આગ્રહ છે તો મારી ફરી પાછી આજ્ઞા ન થાય ત્યાં સુધી અહીંયાં જ રહો. પછીથી રામેશ્વર સુખેથી જજો. દત્તપ્રભુની આજ્ઞાનુસાર રામેશ્વર ન જતાં શ્રીગુરુ ત્યાં જ રહ્યા.① (૫૭-૫૯). તે વખતે સ્માર્ત (શિવપંથીની) અને ભાગવત (વૈષ્ણવોની) એમ ત્યાં બે અગિયારસ હતી. તે વર્ષે ગુરુદ્વાદશીનો ઉત્સવ ભાગવત એકાદશીના રોજ થવાનો હતો. એટલે શ્રીગુરુએ પોતાના મનમાં વિચાર્યું કે હું હંમેશાં ભાવગત એકાદશી જ કરતો આવ્યો છું. હવે શ્રીપાદશ્રીવલ્લભ ગુરુવરનો તે જ દિવસે મહાપ્રસાદ સાથેનો ઉત્સવ છે. તો મારાથી કેવી રીતે પ્રસાદ લેવાશે? એટલે તરત જ ત્યાં પ્રગટ થઇને દત્તપ્રભુ બોલ્યા કે તું મનમાં શંકા કેમ કરે છે? તું જ કહે કે હું અહીંયાં કોણ છું? હું સ્માર્ત છું કે ભાગવત? એટલે ત્યાં શ્રીગુરુરાયે કહ્યું કે આપ તો બન્ને સ્વરૂપ છો. એ સાંભળીને દત્ત ભગવાન બોલ્યા કે ગમે તે એક અગિયારસ કરીને તારે બધી શંકા છોડીને મારો પ્રસાદ લેવો. આવું કહીને દત્તપ્રભુ ત્યાં અલોપ થઇ ગયા. (૬૦-૬૬).

તે દિવસથી શ્રીગુરુમૂર્તિએ દત્તની આજ્ઞા પ્રમાણે બીજી અગિયારસ કરવાનું છોડીને પહેલી અગિયારસ કરવા માંડી. (૬૭). બીજે દિવસે પારણાં કરીને પ્રસાદ ગ્રહણ કરવાનું રાખ્યું. લોકોને આવું શિક્ષણ આપવા માટે એમ વર્તતા હતા. બાકી પોતે તો નિર્લેપ જ હતા. (૬૮).

વાડીમાં ત્યારે ગુરુદ્વાદશીના ઉત્સવને દિવસે ગામને જમાડવા માટે જે રસોઇ તૈયાર કરી હતી તેમાંથી દેવ માટેનું નૈવેદ્ય જુદુ રાખ્યું હતું. અન્નપૂર્ણા માતાનું પૂજન થાય તે પહેલાં એ નૈવેદ્યમાંથી એક બ્રાહ્મણની સ્ત્રી થોડું અન્ન છાનીમાની ચોરી ગઇ. (૬૯-૭૧). રામાસોનભટ્ટે ત્યારે એ સ્ત્રીને પકડી અને એને ધોલ ધપાટ કરીને અને અપશબ્દો (ગાળો) બોલીને એને પોલીસ ચોકીએ લઇ જઇને પોલીસોને સોંપી દીધી. દત્તપ્રભુને એનું આ વર્તન બિલકુલ ગમ્યું નહીં. એટલે દેવે તરત જ નાના બાળક (બટુક)નું સ્વરૂપ લઇને રામાસોનભટ્ટને સોટીથી માર માર્યો. (૭૨-૭૪). એ મૂર્છિત થઇને ત્યાં ધરતી પર ઢળી પડ્યો. બધાની વચ્ચે એને આ રીતે માર માર્યો હોવા છતાં રામાસોનભટ્ટ સિવાય એ નાના બાળકને કોઇએ ક્ષણ પૂરતો પણ જોયો નહીં.② (૭૫-૭૬).

જ્યારે એ મૂર્છા ખાઇને બધાની વચ્ચે પડ્યો ત્યારે પૂજારીઓએ એને ઊંચકીને તરત જ એના ઘરે પહોંચતો કર્યો. કોઇએ આ વાત શ્રીગુરુને કરી નહીં. રામાસોનભટ્ટ પોતાના ઘરે એક દિવસ સુધી તો મરેલા માણસની જેમ બેભાન અવસ્થામાં પડી રહ્યો. એટલે એનાં સગાં સંબંધીઓ એકદમ ગભરાઇ ગયાં અને તરત જ રાત્રે ગુરુ પાસે આવીને દંડવત્ પ્રણામ કરીને હાથ જોડીને પ્રેમપૂર્વક બનેલી બધી વાતો કહી સંભળાવી. (૭૭-૮૦).

દયાના સાગર એવા શ્રીગુરુ બોલ્યા કે દત્તપાદુકા પાસે અપરાધની ક્ષમા માગીને દેવની ખાસ ભભૂતી અને તીર્થ ભટ્ટને લગાડવાથી તરત જ એ ચોક્કસપણે સ્વસ્થ થઇ જશે. શ્રીગુરુનાં એવાં નિર્ણાયક વચનો સાંભળીને એ લોકોએ એ પ્રમાણે કર્યું. પરિણામે રામાસોનભટ્ટ સાજો થઇ ગયો અને આવીને સ્નેહપૂર્વક શ્રીગુરુનાં ચરણોમાં વંદન કર્યા. (૮૧-૮૩). આમ છતાં સોટીના સોળ એની પીઠ ઉપર સ્પષ્ટપણે દેખાતા હતા અને કોઇ પણ રીતે એક મહિના સુધી એ સોળ ગયા નહીં. રામભટ્ટે જ્યારે એ નાના બાળક-બટુક-ની વાત કરી ત્યારે એ સાંભળીને બધા લોકો એને દત્તનો ચમત્કાર સમજીને વિસ્મય પામી ગયા. આવી લીલા વાડીમાં નિશ્ચિતરૂપે થઇ. (૮૪-૮૬).

કાળી ચૌદસને દિવસે બધાએ ત્યાં શ્રીગુરુને સુગંધી દ્રવ્યો ચોળીને અને અત્તરથી અભ્યંગ સ્નાન કરાવીને પછી પ્રેમથી અને ભક્તિભાવથી ષોડશ-સોળ-ઉપચારે પૂજન કરીને, તેમને દંડવત્ પ્રણામ કરીને, માથું નમાવીને પછી વાદ્યઘોષ સાથે આરતી કરી. (૮૭-૮૯).

## સ્તોત્ર

નમ: શ્રીગુરો મેશધીશા દયાબ્ધે ભયાર્તિઘ્ન તે સ્વાત્મદોં વાસુદેવ |
યતીટ્સેવિતાનંદપાદાબ્જયુગ્મં સદા મે હૃદિ સ્યાત્સ્તુતં યાતુદેવ ||૧||
ભક્તિશ્રદ્ધે દેહિ મે તે દયાલો દાસો દીનો ભાવતાપેન તપ્ત : |
સર્વૈસ્ત્યક્તો દ્વારિ તેડત્ર પ્રસંસ્થોડહં માં માત: પાલયાદ્ય સ્વબાલમ્ ||૨||

આલોક્ય મામચ્યુત ઈશ્વરોઽપિ ભીતોઽગમત્સાગરસપ્તશૈલાન્ |
સત્યં ચ તે હૃત્કમલે સ્થિતો યઃ શ્રાન્તં ચ માં દર્શય વાસુદેવ ||૩||
શ્રીસદ્‌ગુરું ચ યતિરૂપધરં હ્યનંતં સચ્ચિત્સુખં વિધિહરીશમયં દયાબ્ધિમ્ |
ભક્તિપ્રિયં ભજકદુઃખહરં ત્ર્યધીશં શ્રીવાસુદેવગુરુદત્તમહં નમામિ ||૪||
પ્રસીદ મે સાગસમાર્તબંધો કારુણ્યસિંધોઽનુપમાસ્તબંધો |
બંધો મૃષાઽપિ વ્યથયત્યયં માં સ્વપ્નોપમં છિંદ્ધિ હિ સર્વતો મામ્ ||૫||

## અર્થ :

હે શંકર સ્વરૂપ ! બુદ્ધિના ઈશ ! દયાના સાગર, ભય અને દુઃખને હણનાર ! સ્વાત્મ (જ્ઞાન) દેનાર ૐ સ્વરૂપ વાસુદેવ ! તને નમસ્કાર હો ! યતિસ્વરોથી આપના અખંડ સ્વરૂપ પદદ્વંદ્વ સેવાય છે. એવા હે દેવ ! સ્તુતિ કરાયેલ આપ મારા હૃદયમાં સદા રહો. (૧).

હે દયાળુ ! તારો આ દીન દાસ પ્રકૃતિ (ભાવ)ના તાપથી તપ્ત છે તેને (મને) ભક્તિ અને શ્રદ્ધા આપ ! બધાથી ત્યજાયેલો અહીં તારા દ્વાર પર હું ઊભો છું. હે માતા ! તારા પોતાના બાળક એવા મારું હવે પાલન કર. (૨).

મને (આવો) જોઇને હે અચ્યુત ! ઈશ્વર પણ ભયભીત થઇને સાગર પર સપ્ત શૈલોમાં (છુપાઇ) ગયો છે. તારા હૃદયકમળમાં જે ખરેખર થાકેલો ખડો છે તેવા મને હે વાસુદેવ ! દર્શન આપ. (૩).

સદ્‌ગુરુ, યતિનું રૂપ ધારણ કરનાર, અનંત, સચ્ચિત્સુખરૂપ, વિધિ, હર અને ઈશ સ્વરૂપ, દયાના સાગર, ભક્તિપ્રિય, ભજનારાના દુઃખને હરનાર, ત્રણે (લોક, ઇશ)ના ઇશ એવા શ્રીવાસુદેવ ગુરુદત્તને હું નમસ્કાર કરું છું. (૪).

હે દુઃખીઓના બંધુ ! કારુણ્યના (દયાના) સાગર, અનુપમ, નિરાધારો (અસ્ત)ના બંધુ, પાપી એવા મારા પર પ્રસન્ન થાવ. સ્વપ્ન સમાન આ આભાસી (મૃષા) બંધન મને વ્યથા આપે છે તેને છેદી નાખ અને મને બધી બાજુથી રક્ષ. (૫).

◈

## આરતી

જય જય શ્રીમદ્ ગુરુવર સ્વામિન્ પરમાત્મન્ હંસા |
વાસુદેવાનંદસરસ્વતી આરતી તદ્‌હંસા || ધ્રુવ ||
સોહં હંસઃ પક્ષાભ્યાં સંચરસિ હ્યાકાશે |
વાસસ્તે ખલુ લોકે સત્યે ક્રીડા તવ માનસે ||જય.|| || ૧ ||
મુક્તાહારો બ્રહ્મવાહકો વૈરાડ્‌રૂપધર |
ભક્તરાજહૃદ્‌ધ્વાંતતમોહૃત્ સ્વીકુરુ માં ચ હર ||જય.|| ૨ ||
પક્ષસ્યૈકે વાતેનૈતે ભીતાઃ કાકાદ્યાઃ |
પલાયિતાસ્તે દ્રુતં પ્રભાવાદ્ ભવન્તિ ચાદશ્યાઃ ||જય.|| || ૩ ||

એવં સતિ ખલુ બાલસ્તેઽહં ગ્રસિત: કામાદ્યૈ: |
માતસ્ત્વરયા ચોદ્ધર કૃપયા પ્રેષિતશાન્ત્યાદ્યૈ: ||જય.|| || ૪ ||
દાસસ્તે નરસિંહસરસ્વતી યાચે શ્રીચરણમ્ |
ભક્તિશ્રદ્ધે વાસસ્તે હૃદિ સતતં મે શરણમ્ ||જય.|| || ૫ ||

## અર્થ :

હે હંસ સ્વરૂપ પરમાત્મા ગુરુવરા ! હે શ્રીમદ્ સ્વામી તારો જયજયકાર હો ! હે વાસુદેવાનંદ સરસ્વતી ! તે હંસ સ્વરૂપની આરતી (ગાઇએ છીએ) (તદ્હંસા). પાઠભેદમાં તદહંસા એટલે તે ઉત્તમ હંસ સ્વરૂપની આરતી ગાઇએ છીએ. (હંસા-આ-કારાન્ત ગુરુને માતૃરૂપે જોવાથી છે.)③

સોહં (શ્વાસ) અને હંસ: (ઉચ્છ્વાસ) સ્વરૂપની બે પાંખોથી આપ આકાશમાં સંચાર કરો છો. આપનો નિવાસ ખરેખર સત્યલોકમાં છે અને માનસ (સરોવર)માં તારી ક્રીડા થાય છે. (૧).

મોતીનો આહાર (મુક્ત પુરુષોનો સંગ) એ જ તારો આહાર છે, બ્રહ્મને વહન કરનાર, વિરાટરૂપધારી હે ભક્તરાજના હૃદયના અંધકાર રૂપ તમસ્ ને હરનાર હે હર ! મારો સ્વીકાર કર. (૨).

આ બે પાંખોની એક પાંખના (ફડ ફડાટથી) થતા પવનથી કાગડા વગેરે (કામ, ક્રોધાદિ) ભયભીત થાય છે અને તેના પ્રભાવથી તે જલદીથી પલાયન કરી જાય છે અને અદૃશ્ય થાય છે. (૩).

એવું હોવાથી ખરેખર આ તારો બાળક એવો હું કામ વગેરેથી ગ્રસિત થયો છું. તેનો શાંતિ વગેરે મોકલીને કૃપા કરીને હે માતા ! જલદીથી ઉદ્ધાર કર. (૪).

તારો દાસ, નૃસિંહસરસ્વતી (આપ)શ્રીના ચરણની યાચના કરે છે. શરણે આવેલા મારા હૃદયમાં હે ભક્તિ અને શ્રદ્ધા સ્વરૂપ ! તારો સતત નિવાસ હો ! (૫).

◈

તે જ દિવસે પૂજારીઓએ પૂજાના સમયે પાદુકાજી ઉપર ખૂબ જ ગરમ જળ ચઢાવ્યું તેથી જગત્પતિ દત્ત ભગવાને ત્યાં શ્રીગુરુને કહ્યું કે આ પૂજારીઓ મને રોજ જ ખૂબ જ ગરમ પાણીથી સ્નાન કરાવે છે તો પણ તું એમને કશું કેમ કહેતો નથી? એટલે હવે હું તારા શરીરમાં ઉપાધિ કરું છું. (૯૦-૯૨). એવું કહીને ક્ષણવારમાં દત્ત ભગવાને શ્રીગુરુના પેટમાં ભયંકર ગરમી ઉત્પન્ન કરી. (૯૩). પરિણામે શ્રીગુરુને તરત જ ત્યાં મૂત્ર દ્વાર-પેશાબ દ્વાર-થી લોહી પડવા લાગ્યું. એ જોઇને ખરેખર પૂજારીઓએ નમ્રતાપૂર્વક પૂછ્યું કે હે પ્રભુ ! તમને આમ લોહી કેમ પડે છે? (૯૪-૯૫). શ્રીગુરુએ કહ્યું કે હું તમને શું કહું? તમે નાદાન પૂજારીઓ દત્ત પાદુકા ઉપર ખૂબ જ ગરમ જળની ધાર કરો છો તેથી દેવ મને આવી ઉપાધિ કરે છે. એ સાંભળીને પૂજારીઓ પાદુકા પાસે જઇને અપરાધની ક્ષમા માગીને પ્રેમથી પ્રાર્થના કરવા લાગ્યા કે હે ભક્તોના પ્રતિપાળ ! અમે બાળકો હવેથી અમારી ભૂલ સુધારીશું. અમારો અપરાધ માફ કર. એવું બોલીને બે હાથથી બે કાન પકડીને માફી માગી.④ (૯૬-૯૯). પૂજારીઓએ આમ

કર્યું એટલે તરત જ શ્રીગુરુની એ ઉપાધિ દૂર થઇ. તે દિવસથી સાચે જ પૂજારીઓ દત્ત પાદુકાને ખૂબ જ ગરમ જળથી ક્યારેય પણ સ્નાન કરાવતા ન હતા. (૧૦૦-૧૦૧). પોતે સહી શકે એવું ગરમ જળ ત્યાં દેવના સ્નાનમાં તેઓ રોજ વાપરવા લાગ્યા. (૧૦૨).

શ્રીગુરુ જ્યારે વાડીમાં હતા ત્યારે આવા અનેક ચમત્કારો ત્યાં બન્યે જતા હતા. આ બધા કોણ કેવી રીતે કહી શકે? (૧૦૩). વૈજનાથને નિમિત્ત બનાવીને આઠ રૂપિયામાં શ્રીગુરુરાયે હજારો લોકોને ત્યાં જમાડ્યા. (૧૦૪).

એનો વિસ્તાર કોણ કરી શકે એમ છે? એ સાંભળીને હવે નિરંજને જે પ્રશ્ન કર્યો તેનો અલૌકિક **રંગ** હવે આગળના અધ્યાયમાં કહેવાશે. (૧૦૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'રૂપત્રયધારણાદિકથન'** નામનો **એકસો તેત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

## અધ્યાય : ૧૩૩

(૧) ભગવાનને પોતાના ભક્તો તરફ કેવી લાગણી હોય છે કે ભક્તોની ઇચ્છા સામે તે પોતાની આજ્ઞાને પાછી ખેંચી લે છે. શ્રીગુરુને રામેશ્વર જવાની આજ્ઞા તો કરી પણ વાડીના લોકોનો શ્રીગુરુ પ્રત્યેનો નિર્મળ ભાવ જોયો એટલે એમના પ્રેમનો સ્વીકાર કરી એમણે પોતાનો આદેશ બદલી નાંખ્યો. ભગવાન ભક્તના પ્રેમને આધીન છે, ભક્તને વશ છે એની આ સાબિતી છે.

(૨) માનવતાભર્યા વર્તનનો અર્થ એ છે કે સામાનું માન જાળવીને એને વિવેક અને વિનયપૂર્વક સમજાવીને સુધારવાનો પ્રયત્ન કરવો. પોતાની સત્તાના જોરે અભિમાનમાં આવીને ખોટું કરનારને સજા કરવાનો આપણને અધિકાર નથી. ભગવાનનું નૈવેદ્ય ચોરી જનાર સ્ત્રી સાથેનો રામાસોનભટ્ટનો વ્યવહાર માનવતાભર્યો ન હતો. 'અવધૂત મહા દ્વારે સ્વતંત્ર: સર્વ જન્તવ:' એવું પૂ.મણિશંકર શાસ્ત્રીનું વાક્ય વિચારવા જેવું છે.

(૩) આ આરતીમાં પાઠભેદ છે. (૧) આરતી તદ્હંસા. (૨) અને આરતી તદહંસા. બંનેના અર્થ બતાવ્યા છે.

(૪) ભગવાન જેને પોતાનો માને છે તેની પાસે કેટલી ઊંચી અપેક્ષા રાખે છે ! પૂજારીઓ ગરમ જળ ચઢાવે તેની સજા ભગવાન પૂજારીને નથી કરતા પણ શ્રીગુરુને કરે છે. ભગવાન સાથે નિકટનો સંબંધ બાંધીએ એટલે બધું ધ્યાન રાખવું પડે અથવા શિક્ષા સહન કરવા તૈયાર રહેવું પડે.

●

# અધ્યાય : ૧૩૪

આ અધ્યાયનું નામ **'વૈજનાથોપાખ્યાનાદિવર્ણન'** છે. આ અધ્યાયમાં **૧૪૦** દોહરા છે.

નિરંજન બોલ્યો કે હે ગુરુ ! ગ્રંથ વિશાળ થતો જાય છે તો પણ આ મનને સંતોષ થતો નથી. ભક્તાધાર શ્રીગુરુએ વૈજનાથને નિમિત્ત કરીને વાડીમાં જે લીલા કરી તે કહો જેથી મને શાંતિ થાય. (૧-૨). અલખે કહ્યું કે વાડીમાં વૈજનાથ નામનો એક બ્રાહ્મણ હતો જે અક્કલકોટના સ્વામીનો શિષ્ય હતો. બે પહોર સુધી ગાંડાની માફક ફરી ફરી માટી ચોળવી અને સ્નાન કરવું એ જ એનો ક્રમ રહેતો. દત્ત પાદુકા પર જળ પણ ચઢાવતો નહીં અને કોઈ એનું કારણ પૂછે તો એમ કહે કે મને ઝોડ વળગ્યું છે. (૩-૧૫).

એને શ્રીદત્તનો સાક્ષાત્કાર હતો. તેથી આ રીતે રહેતો હતો. કોઈ જમવા બોલાવે તો જાય અને દક્ષિણાનો પૈસો મળે તે વાડીની શાળાના શ્રીનંદગાંવકર નામના શિક્ષકને રાખવા આપતો. આ રીતે પચ્ચીસ વર્ષમાં આઠ રૂપિયા ભેગા થયા હતા. એક દિવસ ગાંડાબુવાએ સ્વામી મહારાજને કહ્યું કે આ વૈજનાથ પાસે મહાપૂજા કરાવો. એ ભગવાન માટે કશું જ કરતો નથી અને એકઠા કરેલા પૈસા તો ભાઈને મળવા જવા માટે છે એમ કહે છે. શ્રીગુરુએ એનું રહસ્ય સમજાવી, વૈજનાથને પૂજા માટે તૈયાર કરી મહાપૂજા કરાવી અને આઠ રૂપિયામાં ત્રણ હજાર માણસોને જમાડવાની લીલા કરી. (૧૬-૬૮).

ગોઠસ નામના ગામમાં સીતારામ બુવાનો ભાણેજ રહેતો હતો. એ પિશાચબાધાથી અતિશય હેરાન પરેશાન થતો હતો. એની બધી વાત સાંભળીને શ્રીગુરુએ ભૂતને બોલાવીને બધું પૂછ્યું. એની વાત સાંભળીને શ્રીગુરુએ ભાણેજ પાસે નારાયણ બલિ કરાવ્યો. જનાર્દને નારાયણ બલિ કરી અને તે પિશાચ પીડામાંથી મુક્ત થયો. (૬૯-૧૧૪).

શ્રીગુરુ જ્યારે વાડીમાં રહેતા હતા ત્યારે શિરોળ ગામનો એક બ્રાહ્મણ આવ્યો હતો. એનુ નામ તાત્યા મહાબળ ગણેશવાડીકર હતું. વગર વિચાર્યે એ ગુરુની પરીક્ષા કરવા આવ્યો. હાથમાં રોગ ન હતો છતાં કંપવાતથી હાથ કંપે છે એમ કહીને ઉપાય પૂછ્યો એટલે શ્રીગુરુએ એને ઉપાય બતાવ્યો. ગુરુની ટીકા કરતાં એ ગમે તેમ બોલ્યો પણ થોડા દિવસ પછી એ જ હાથે ગલત્કુષ્ઠ થયો અને એમાં મરી ગયો. (૧૧૫-૧૨૬). વાડીમાં થોડા દિવસો રહ્યા પછી કર્ણાટકમાં ગુર્લાહસોર આવ્યા ત્યાંથી કિષ્કિંધા આવ્યા. ત્યાંથી શેષાચલ આવી ફરતાં ફરતાં ચિદંબરે આવ્યા. (૧૨૭-૧૪૦).

નિરંજન બોલ્યો કે હે ગુરુજી ! આ ગ્રંથનો વિસ્તાર વધતો જ જાય છે. તો પણ મારા આ મનને હજી સંતોષ થતો નથી. ભક્તોના આધાર એવા શ્રીગુરુએ વૈજનાથને નિમિત્ત બનાવીને વાડીમાં જે લીલા કરી તે મને કહો જેથી મારા મનને શાંતિ થાય. (૧-૨). હું જેમ જેમ કથા સાંભળતો જાઉં છું તેમ તેમ સાંભળવાની ઈચ્છા-તરસ-

વધતી જ જાય છે. તમારા વગર મનને શાંતિ કોણ આપે? એમ કહીને પ્રેમપૂર્વક વારે વારે વંદન કરવા લાગ્યો. એનો ભાવ જોઇને અલખ બોલ્યા કે હે બાળ ! તું સાંભળ જેથી જન્મ મરણનો તાવ (ભય) મટી જાય. (૩-૪).

વાડીમાં વૈજનાથ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. એ અક્કલકોટના સ્વામીનો શિષ્ય હતો. (૫). એનો રોજનો એવો નિયમ હતો કે સવાર થતાં જ ઊઠીને, લોટો લઇને પંચગંગાના કિનારે જતો અને રોજની શૌચાદિ ક્રિયાથી પરવારીને બે પ્રહર (છ કલાક) સુધી ગાંડાની જેમ ફર્યા કરતો. (૬-૭). ત્યાર પછી શરીર પર માટી ચોળીને કૃષ્ણામાં સ્નાન કરતો. સ્નાન કરીને ફરી પાછો શરીર પર માટી ચોળતો અને વળી પાછો સ્નાન કરતો. આ રીતે વારે વારે માટી ચોળીને નહાયા કરવું એ જ જાણે વૈજનાથનું પૂજા, સંધ્યા વગેરે જે માનો તે બધું હતું. વર્ષ દરમ્યાન દત્તની પાદુકા ઉપર સ્વપ્નમાં પણ કયારેય આચમનીભર જળ પણ ચઢાવતો નહીં. જો કોઇ એને પૂછે કે વૈજનાથ ! તું અહીં સંધ્યા-પૂજા વગેરે કોઇ કર્મ કેમ કરતો નથી? અને ફકત માટી ચોળીને માત્ર વારંવાર સ્નાન જ કેમ કર્યા કરે છે? અને તું દત્ત પાદુકા પર જળ પણ કેમ ચઢાવતો નથી? ત્યારે લોકોને એ એમ કહેતો કે મને કોઇ માર્ગ જ સૂઝતો નથી. (૮-૧૩). મને અહીંયાં એક ભયંકર ઝોડ વળગ્યું છે અને એ મને કાંઇ સૂઝવા દેતું નથી એટલે હું ખરેખર સાવ જ લાચાર બની ગયો છું. તમે મને પરેશાન ના કરો. આમ એ બધા લોકોને ત્યાં હંમેશાં કહેતો હતો. (૧૪-૧૫).

એને દત્ત ભગવાનનો સાક્ષાત્કાર થયો હતો. એટલે એ જાણી જોઇને બાળકની જેમ ચેષ્ટા (વર્તન) કરતો હતો. (૧૬). હાથ જેટલું નાનું ધોતિયું પહેરી અને ખભા પર એક વસ્ત્ર રાખતો. એ સિવાય અન્ય કોઇ વસ્ત્ર શરીર પર ધારણ કરતો નહીં. જો કોઇ એને જમવા બોલાવે તો જ એના ઘરે જમવા જતો અને જો કોઇ ભોજન નિમિત્તે દક્ષિણામાં એક પૈસો આપે તો એ પ્રેમથી લેતો. પરંતુ એ સિવાય કોઇ ચાંદીનો રૂપિયો કે એવું બીજું કાંઇ દ્રવ્ય આપે તો સ્વપ્ને પણ સ્વીકારતો નહીં. દક્ષિણાના આ થોડા ઘણા જે પૈસા મળે તે વાડીની શાળાના શિક્ષક શ્રીનંદગાંવકર નામના વિદ્વાન બ્રાહ્મણને આપી રાખતો અને એનો હિસાબ રાખતો. જયારે વસ્ત્ર ફાટી જાય ત્યારે બચાવેલા પૈસામાંથી થોડા પૈસા ખર્ચીને પોતે જાતે અન્ય વસ્ત્ર લેતો. વસ્ત્ર સિવાય બીજી કોઇ વસ્તુમાં એ એક પાઇ પણ ખર્ચતો નહીં. (૧૭-૨૪). આ રીતે પૈસા બચાવતાં બચાવતાં પચ્ચીસ વર્ષમાં આઠ રૂપિયા ભેગા થયા હતા!! (૨૫).

એક દિવસ એને ગાંડાબુવાએ કહ્યું કે વૈજનાથ ! તું વાડીમાં પચ્ચીસ વર્ષથી રહે છે છતાં પણ તેં પાદુકા પર એક આચમની જળ પણ કેમ નથી ચઢાવ્યું? અને દેવની મહાપૂજા વગેરે કેમ કોઇ દિવસ નથી કરી? ત્યારે વૈજનાથ એમ કહેતો કે હું આ બધું કેવી રીતે કરું? (૨૬-૨૮). મને પહેલેથી જ એક ભયંકર ઝોડ વળગ્યું છે. એ મને કાંઇ સૂઝવા દેતું નથી. એ મારી લાચારી છે. (૨૯). ગાંડાબુવાએ પાછું કહ્યું કે તારી પાસે જે આઠ રૂપિયા બચ્યા છે તે તું દત્તભંડારમાં વહેલી તકે આપી દે જેથી એમાંથી મહાપૂજન કરીએ. એ સાંભળીને વૈજનાથે તરત જ કહ્યું કે મારે મારા ભાઇને મળવા માટે ખાસ જવાનું છે એટલે રસ્તામાં ખર્ચના પૈસા (વાટખર્ચી) જોઇશે માટે મેં એ પૈસા બચાવીને રાખ્યા છે અને તેથી એ રકમ હું કોઇને આપી શકું નહીં. એ સાંભળીને પાસે ઊભેલા લોકોએ તરત જ કહ્યું કે મારે મારા ભાઇને મળવા જવું છે એવું તો એ કેટલાંયે વર્ષોથી કહ્યા કરે છે પણ હજી મળવા જતો નથી. માટે હે બ્રહ્મચારીબુવા ! તમે એના વચનમાં જરા પણ વિશ્વાસ રાખશો નહીં. એના બચાવેલા પૈસા લઇને તમે દત્તપાદુકાનું

ખાસ મહાપૂજન કરાવો. તમે આ સારી યોજના શોધી કાઢી છે. (૩૦-૩૬).

લોકોની આ વાત સાંભળીને ગાંડાબુવાએ વૈજનાથને એ પૈસા લાવવાનું પ્રેમથી કહ્યું પણ વૈજનાથ માન્યો નહીં. માટે તરત જ શ્રીગુરુ પાસે જઇને ગાંડાબુવાએ બે હાથ જોડીને ભારપૂર્વક કહ્યું કે આ વૈજનાથ પચ્ચીસ વરસથી વાડીમાં રહેવા છતાં પણ દત્ત ભગવાન પર કોઇ દિવસ એક આચમની જળ પણ ચઢાવતો નથી. દત્તની મહાપૂજા માટે મેં એની પાસે આઠ રૂપિયા માગ્યા તો એ અમને એમ કહે છે કે મારે મારા ભાઇને મળવા માટે ખાસ જવાનું છે ત્યારે રસ્તામાં વાટ ખરચી માટે મેં આ દ્રવ્ય રાખી મૂક્યું છે. આ તો કેવળ બહાનું બતાવે છે. આ સાંભળીને શ્રીગુરુએ પ્રેમથી કહ્યું કે અરે ગાંડા ! એ તને જે વાત કરે છે તેનું રહસ્ય સહેજ પણ તને સમજાયું લાગતું નથી. (૩૭-૪૩).

વૈજનાથને જે ભયંકર ઝોડ વળગ્યું છે, એમ કહે છે તે ઝોડ એટલે જે વિભુ બધે પૂર્ણરૂપે ભર્યો ભર્યો રહ્યો છે તે દત્ત છે એવું તું સમજ. (૪૪). એનાથી એ સદાય જોડાયેલો રહે છે. એટલે હું ઝોડગ્રસ્ત છું એ અર્થમાં એ મસ્ત વૈજનાથ કહે છે. (૪૫). "ભાઇને મળવા જવું છે" એનું રહસ્ય એવું છે કે આ સ્થૂળ શરીર છોડીને મૃત્યુ થતાં આત્મ સ્વરૂપમાં આખરે ભળી જવું છે. આમ શાસ્ત્રમાં જેને વિદેહમુક્તિ કહી છે તેને પ્રેમથી પામવું છે એવો એનો અર્થ છે. ①(૪૬-૪૭). અંતે મૃતદેહની અંતિમ વ્યવસ્થા કરવાની કોઇને તકલીફ ન પડે એવું વિચારીને એ પોતાની પાસે એટલા પૈસા બચાવી રાખે છે. એવાં વચન સાંભળીને ગાંડાબુવાએ વિનયપૂર્વક કહ્યું કે ગમે તેમ કરીને પણ હે પ્રભુ ! તમે વૈજનાથ પાસે દત્ત ભગવાનની મહાપૂજા ખાસ કરાવો જ . કદાચ આઠ રૂપિયામાં આ બધું પૂરું ન થાય તો બાકીનો ખર્ચ હું પ્રેમથી ભોગવીશ. (૪૮-૫૧).

ગાંડાનાં એવાં વચન સાંભળીને શ્રીગુરુએ વૈજનાથને પાસે બોલાવીને ખાસ કહ્યું કે વૈજનાથ ! આ ગાંડો ખરેખર સાચું જ કહે છે. માટે એનું કહ્યું માનીને તું અહીં મહાપૂજા કરાવ. (૫૨-૫૩). શ્રીગુરુનાં વચન સાંભળીને બે હાથ જોડીને વૈજનાથ બોલ્યો કે ભલે. માસ્તરની પાસે જે આઠ રૂપિયા પડ્યા છે તે રૂપિયા હું અહીં આપું છું. એ બધી રકમ લઇને એમાંથી દત્તની મહાપૂજા કરાવો. તો પણ અહીં મારી એક વિનંતી સાંભળો. હું ઝોડથી હંમેશાં ગ્રસ્ત રહેતો હોવાથી મારાથી ત્યાં પૂજનમાં બેસાશે નહીં તેથી આપ દયાળુ મારા વતીથી એ બધી પૂજા કરી લેજો. (૫૪-૫૭).

શ્રીગુરુએ એને કહ્યું કે પૂજા માટે તારે અવશ્ય આવવું જ પડશે. એમ માનીને તું એટલું જ બોલ કે હે પ્રભુ ! તારી પૂજા કરવા માટે અમુક વાગતાં જ હું જાતે આવીશ. એટલે તારું ઝોડ તને પૂજા માટે મંદિરમાં ચોક્કસ આવવા દેશે. (૫૮-૬૦). શ્રીગુરુએ એને આમ અનેક રીતે સમજાવતાં વૈજનાથે તરત જ આવવાનું કબૂલ્યું. (૬૧). માગસર સુદ બારસના દિવસે એણે શ્રીદત્તની મહાપૂજા કરવી એવું બધાંએ નક્કી કર્યું. (૬૨). નક્કી કર્યા મુજબ તે દિવસે વૈજનાથ બ્રાહ્મણે હર્ષથી એકાગ્ર મને યથાસાંગ પૂજન કર્યું. (૬૩). ત્યાં એની પાસે જે આઠ રૂપિયા બચાવેલા હતા તેમાંથી જ બ્રાહ્મણથી માંડીને ચાંડાળ સુધીના વાડીના બધા લોકો જમ્યા. તેમ છતાં અન્ન ખૂટ્યું નહીં. વધેલી રસોઇ- અન્ન કૃષ્ણાનાં જળ (જીવન)માં નાંખીને બધાં જળચર પ્રાણીઓને તૃપ્ત કર્યાં. આમ શ્રીગુરુએ વાડીમાં વૈજનાથને નિમિત્ત બનાવીને આઠ રૂપિયામાં ત્રણ હજાર માણસો જમાડવાની લીલા કરી. (એ જોઇને) બધા

લોકો એમનાં યશોગાન ગાતા હતા. (૬૪-૬૭). જે સ્વયં દત્તના અવતાર છે એ શું ન કરી શકે? એમની લીલા તર્ક બહારની છે. એનું વર્ણન કોણ કરી શકે એમ છે? (૬૮).

ગોઠસ નામના ગામમાં એક સાત્ત્વિક બ્રાહ્મણ રહેતો હતો. એ સીતારામબુવાનો ભાણેજ થતો હતો. (૬૯). પિશાચપીડાથી અતિશય હેરાન-પરેશાન થઇને તે નૃસિંહવાડીમાં શ્રીગુરુ પાસે આવ્યો. (૭૦). શ્રીગુરુનાં ચરણોમાં દંડવત્ પ્રણામ કરીને પોતાની બધી હકીકત જણાવતાં તેણે કહ્યું કે હે સદ્ગુરુવર્ય ! હું ખરેખર ખૂબ જ દુ:ખી છું. (૭૧). હે પ્રભો ! એક વાર અમારા ઘરે કોઇ એક અજાણ્યો બ્રાહ્મણ ભરબપોરે આવ્યો હતો. મારા દાદાએ ગૃહસ્થ ધર્માનુસાર એનો યોગ્ય સત્કાર કરીને એને જમાડ્યો હતો. જતાં જતાં એણે પોતાની પાસે જે બત્રીસ રૂપિયા હતાં તે બધા દાદાજીને આપ્યા અને એણે કહ્યું કે હું અહીં પાછો આવું ત્યાં સુધી આ ધન તમારી પાસે રાખો. એમ કહીને દાદાજીને એ દ્રવ્ય આપીને એ બ્રાહ્મણ બીજે ગામ ગયો. ત્યાં કેટલાક દિવસો રહીને એ બ્રાહ્મણ ફરી પાછો અમારા ઘરે આવ્યો. (૭૨-૭૬). એ વખતે દાદાજીએ એને એનું ધન પાછું લઇ જવા કહ્યું ત્યારે એ સાંભળીને એ બ્રાહ્મણ બોલ્યો કે આ જ પ્રાંતમાં મારું લગ્ન થવાનું છે અને એટલા ધનથી એ લગ્નકાર્ય સંપૂર્ણ થાય એવું નથી. એટલે બીજી ખૂટતી રકમ તત્કાળ લઇ આવીને પછી આ ધન જરૂરથી લઇ જઇશ. (૭૭-૭૯). આમ કહીને એ બ્રાહ્મણ જતો રહ્યો. હે ગુરુજી ! એનું નામ અને ગામ પૂછવાનું દાદાજી ભૂલી ગયા. (૮૦).

એનું એ દ્રવ્ય દાદાજીએ પોતાની પાસે એવું ને એવું રાખી મૂક્યું. એ વાતને ઘણાં વરસો વીતી ગયાં. (૮૧). આમ છતાં એ બ્રાહ્મણ આવ્યો નહીં. એટલે દાદાજી વિચારમાં પડી ગયા અને મારા પિતાને કહેવા લાગ્યા કે મેં પેલા બ્રાહ્મણનું નામ કે ગામ પૂછ્યા વિના એનું ધન અહીં રાખી મૂક્યું છે પરંતુ ઘણો સમય થવા છતાં એ બ્રાહ્મણ દેખાતો નથી, તો હવે મારે શું કરવું? અંતકાળના સમયે આખરે મારા દાદાએ મારા પિતાજીને કહ્યું કે જો એ બ્રાહ્મણ આવે કે એનું નજીકનું કોઇ સગુંવહાલું આવે તો તું એને તરત જ બત્રીસ રૂપિયા આપી દેજે. આવું કહીને દાદાએ પોતાનો દેહ મૂકી દીધો- મૃત્યુ પામ્યા. દાદાજીના કહ્યા મુજબ મારા પિતાજીએ એ ધન ખરેખર ઘરમાં સાચવીને રાખી મૂક્યું હતું. કેટલોક સમય જતાં એ બ્રાહ્મણ ભૂત થઇને અનેક રીતે મારા પિતાશ્રીને હેરાન-પરેશાન કરતું હતું અને ધૂણીને નિશ્ચિતરૂપથી કહેતું હતું કે 'હું જ્યારે બ્રાહ્મણ હતો ત્યારે તમારી પાસે મેં જે બત્રીસ રૂપિયા મૂક્યા હતા તે મારા બધા રૂપિયા મને પાછા આપો, હું જાતે આવીને એ લઇ જાત પરંતુ હું વચ્ચે મૃત્યુ પામ્યો તેથી એ તમારી પાસે રહી ગયા છે'. (૮૨-૯૦).

એના કહ્યા પ્રમાણે મારા પિતાએ એનું બધું જ દ્રવ્ય ખરચીને નારાયણ બલિ કરાવી. (૯૧). આમ છતાં એ પિશાચ મારા પિતાને કાયમ ખૂબ હેરાન કરતું હતું. એટલું જ નહીં પણ ઘરનાં કેટલાંયે માણસોને એણે અહીં માર્યાં હતાં. તેથી એને જ્યારે પૂછ્યું કે અલ્યા ! હજી તું અમને ફરી ફરીને કેમ હેરાન કરે છે? ત્યારે એ પિશાચ બોલ્યું કે તમને નારાયણ બલિ કરવાનું કોણે કહ્યું હતું? તમે ભલે નારાયણ બલિ કરી પરંતુ મને એનાથી મુક્તિ મળી નથી. એટલે તમારી એ બધી ક્રિયા નિષ્ફળ ગઇ છે. પરંતુ હવે પાછી નારાયણ બલિ કરો. પછી હું તમને હેરાન નહીં કરું. આ તમને સાચું કહું છું. (૯૨-૯૬). મારા પિતાશ્રીએ ફરી પાછી પચ્ચીસ રૂપિયા વાપરીને નારાયણ બલિ કરાવી તો પણ હે પ્રભુ ! એ પિશાચે અતિશય ત્રાસ આપીને મારા પિતાને મારી નાંખ્યા અને હે ગુરુજી ! હવે એ મારી પાછળ

પડ્યું છે અને મને રાતદિવસ હેરાન-પરેશાન કરે છે. એટલે હું આપના શરણે આવ્યો છું. આપ કૃપા કરીને મને એ ભૂતના ત્રાસમાંથી ખરેખર છોડાવો. એમ કહીને એ જનાર્દને ગુરુનાં ચરણોમાં તરત લાંબા થઇને પ્રણામ કર્યા. (૯૭-૧૦૦).

આ સાંભળીને શ્રીગુરુએ ભૂતને બોલાવીને પૂછ્યું કે આ જનાર્દન જે કહે છે તે સાચું છે કે જૂઠું? (૧૦૧). ભૂતે કહ્યું કે હે કૃપાના ભંડાર ! એ તદ્દન સાચું જ કહે છે. આમ છતાં હે શ્રુતિતાત ! મને સદ્‌ગતિ મળી નથી. (૧૦૨). માટે દયાના સાગર એવા આપ હવે એની પાસે રહીને ખાસ નારાયણ બલિ કરાવો. (૧૦૩). એ પછી હું એને કોઇ દિવસ હેરાન નહીં કરું. હે દેવ ! મારા વંશમાં એવું કોઇ રહ્યું નથી કે જે મને સદ્‌ગતિ અપાવે. માટે હે નાથ ! હું આપને શરણે આવીને પ્રાર્થના કરું છું કે હે તાત ! મને મુક્તિ અપાવો. (૧૦૪-૧૦૫).

ભૂતની વિનંતી સાંભળીને ગુરુરાયને દયા આવી અને એ બ્રાહ્મણને વાડીમાં નારાયણ બલિ કરવાની આજ્ઞા કરી. એ સાંભળીને જનાર્દને નારાયણબલિ કરવા માટેનાં જરૂરી સાધન-સામગ્રી-સાહિત્યનો હિસાબ કરી જોયો તો એની પાસે બરાબર બત્રીસ રૂપિયા ખૂટતા હતા. એ જ રાત્રિએ વાડીમાં રહેતા શાળાના શ્રીનંદગાંવકર નામના બ્રાહ્મણ શિક્ષકને એ ભૂતે એકદમ કહ્યું કે હું તારી પાસે પૂર્વજન્મના બત્રીસ રૂપિયા માગું છું તો તું ખાસ જઇને એ રકમ જનાર્દનને આપી દે.(૨) (૧૦૬-૧૧૦).

સવારના પહોરમાં જ શ્રીગુરુ પાસે આવીને એ શિક્ષકે પગે લાગીને પોતાને આવેલા સ્વપ્નની વિનયપૂર્વક વાત કરી. (૧૧૧). શ્રીગુરુને પગે પડીને પછી તેમની હાજરીમાં જ પિશાચના કહેવા મુજબ તેમણે જનાર્દનને બત્રીસ રૂપિયા આપી દીધા. (૧૧૨). આ રીતે પૈસા આવી મળતાં જનાર્દને તે જ દિવસે વિધિસર નારાયણ બલિ કરાવી. (૧૧૩). આ રીતે એ બ્રાહ્મણ પિશાચના ત્રાસમાંથી છૂટ્યો અને શ્રીગુરુને દંડવત્ પ્રણામ કરીને પછી પોતાને ગામ ગયો. (૧૧૪).

આમ જ્યારે શ્રીગુરુ વાડીમાં હતા ત્યારે આવા નવા નવા ચમત્કારો રોજ બન્યા કરતા હતા. (૧૧૫). શિરોળ ગામમાં ગણેશવાડીકર તાત્યા મહાબળ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. (૧૧૬). વગર વિચાર્યે મૂરખાઓની સોબતે ચઢીને શ્રીગુરુની પરીક્ષા કરવા એ વાડીમાં આવ્યો અને શ્રીગુરુ પાસે એમની પરીક્ષા કરવાના હેતુથી ગયો અને એના હાથમાં કોઇ જાતનો રોગ ન હતો તો પણ ખોટો ખોટો હાથ હલાવીને ત્યાં બોલ્યો કે હે પ્રભુ ! મારો આ હાથ કંપવાતને કારણે ધ્રૂજ્યા કરે છે તો એનો કાંઇ ઉપાય બતાવો. (૧૧૭-૧૧૯). એ સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે અમુક દવા કરો. એટલે બહાર આવીને ખડખડાટ હસીને બધાને કહેવા લાગ્યો કે આ સ્વામીજી કશું જાણતા નથી અને અહીંયાં એમણે કેવળ નાહકનું ધતિંગ મચાવ્યું છે એમાં કોઇ શંકા નથી. (૧૨૦-૧૨૧). અને એમના ફંદામાં આવા ઘણા મૂરખાઓ મફતમાં ફસાતા હોય છે. આ રીતે તેણે શ્રીગુરુની અનેક પ્રકારે નિંદા કરી. (૧૨૨).

થોડા દિવસો પછી એવો ચમત્કાર થયો કે તાત્યાએ જે હાથ ગુરુમૂર્તિને બતાવ્યો હતો તે જ હાથે ભયંકર ગલત્કુષ્ઠ નીકળ્યો અને ધીરે ધીરે એ આખા શરીરે ફેલાઇ ગયો. (૧૨૩-૧૨૪). થોડા જ દિવસમાં તાત્યાના હાથ પગ ગળાઇ ગયા અને આખા શરીરે જીવડા પડી ઊઠ્યા. એટલે શરીર સડી ગયું અને અસહ્ય ત્રાસ પામીને આખરે

મૃત્યુ પામ્યો. માટે સંતોની પરીક્ષા કરવાનો કોઇ દિવસ પ્રયત્ન કરવો નહિ તેમજ કોઇ દિવસ સંતની નિંદા કરવી નહીં. (૧૨૫-૧૨૭). નહિતર ઇશ્વર આવી મુશ્કેલીમાં પાડીને અંતે ચોક્કસ નરકમાં નાંખે છે.③ (૧૨૮). આવાં તો કંઇક દ્દષ્ટાંતો પહેલાં પણ બન્યાં હતાં જેનો કહેતાં પાર પણ આવે એમ નથી. સાચે જ શ્રીગુરુ સાક્ષાત્ દત્તાત્રેય ભગવાન છે. (૧૨૯).

આમ કેટલાક દિવસો વાડીમાં જ રહીને શ્રીગુરુએ પસાર કર્યા અને પછી દત્તની આજ્ઞા મુજબ દક્ષિણમાં જવા નીકળ્યા. (૧૩૦). પોતાની ઇચ્છા પ્રમાણે ફરતાં ફરતાં કર્ણાટકમાં ગુર્લાહસોર ગામની પાસે આવેલા પર્વત પર જ્યાં એલંમા નામનું રેણુકા માતાનું સ્થાન છે કે જ્યાં રેણુકા માતા જન્મ્યાં હતાં ત્યાં જઇને સદ્ભાવથી દેવીનાં દર્શન કરીને પછી તરત જ કિષ્કિંધામાં આવ્યા અને ત્યાં પંપાસરોવરમાં પ્રેમપૂર્વક સ્નાન કરીને ત્યાંથી શ્રીગુરુ શેષાચલ આવ્યા. (૧૩૧-૧૩૪). ત્યાં કાર્તિક સ્વામીનાં દર્શન કરી દીનદયાળ શ્રીગુરુ ત્રણ દિવસ રહ્યા અને ત્યાં એક રસસભર ગ્રંથની રચના કરી. (૧૩૫). અજ્ઞાની લોકોને ઉપદેશ આપવાના હેતુથી અતિ ઉત્તમ ગ્રંથ રચ્યો જે 'કુમારશિક્ષા' નામથી બધે પ્રસિદ્ધ થયો છે. (૧૩૬). ખરેખર ! ભક્તો ઉપરની એમની આવી કરુણાનું કોણ વર્ણન કરી શકે? ભક્તોનો ઉદ્ધાર કરવા માટે શ્રીગુરુ નિરંતર આમ હંમેશાં કાર્યરત રહે છે. (૧૩૭).

શેષાચલથી નીકળીને વ્યંકટેશ ભગવાનનાં દર્શન કરીને તરત જ શ્રીગુરુ કાલહસ્તી અને શિવકાંચી ગયા. પછી ત્યાંથી પક્ષીતીર્થ થઇને શ્રીચિદંબરમાં આવ્યા અને ત્યાં કેટલાક દિવસો પ્રેમથી રહ્યા. (૧૩૮-૧૩૯). આગળ ઉપરની લીલાનો **રંગ** તો અપૂર્વ છે અને તેનું વર્ણન જ થઇ શકે એમ નથી. જે સ્વયં દત્ત ભગવાન છે એની લીલાને કોણ જાણી શકે એમ છે? (૧૪૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'વૈજનાથોપાખ્યાનાદિવર્ણન'** નામનો **એકસો ચોત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

•

## પાદટીપ :

### અધ્યાય : ૧૩૪

(૧) ખોટી સમજ (misunderstanding) અને ખોટાં અર્થઘટન (misinterpretation)ને કારણે મોટા ભાગના પ્રશ્નો ઊભા થાય છે અને ગૂંચવાય છે. વૈજનાથ પોતાની રીતે જીવે છે. એની કક્ષા સમજવી અઘરી છે. પરંતુ સંસારી તો એની દ્દષ્ટિથી જ વિચારે છે. અરે ! ખુદ ગાંડાબુવા પણ હઠ લે છે કે એ કેમ પૂજા ન કરે?

'જો જીસને માના, મના રહા હૈ' એ ઝઘડાનું મૂળ છે. દરેક વ્યક્તિને પોતાનું મંતવ્ય જાળવવાનો અધિકાર છે. પણ પોતે જે માને તે જ સાચું એવું વિચારીને આગળ વધવું એ ઝઘડાને નોતરે છે. શ્રીગુરુએ વૈજનાથના વર્તનનું રહસ્ય છતું કર્યું ત્યારે આપણને ખબર પડી કે એ તો મુક્ત પુરુષ છે.

(૨) દોહરા ૬૯ થી ૧૧૪ સુધીનો પ્રસંગ આપણને સાવધાનીપૂર્વક જીવન જીવવાનું સૂચવે છે. કોઇનું મફત લેવું નહીં, કોઇ પાસે માગવું નહીં એવી બધી સદ્‌વૃત્તિ કેળવવી એ જ સાચી સાધના છે. કોઇનું ધન ચોરી છૂપીથી તો ન જ લેવાય પણ સામી વ્યક્તિ આપણને એનું ધન સાચવવા આપી જાય અને આપણે પ્રામાણિકપણે એ ધન સાચવીને રાખી મૂકીએ તો પણ કેવી તકલીફ આવી પડે છે એનું આ ઉત્તમ ઉદાહરણ છે.

જેનું ધન હતું તે માણસ મૃત્યુ પામ્યો. જેણે એનું ધન સાચવીને જુદું રાખી મૂક્યું હતું તેનો તો કોઇ જ અપરાધ નથી ને ! તેમ છતાં મરનાર પિશાચ થઇને એને પીડે છે ! નાણાકીય વ્યવહારમાં અતિ સાવધ રહેવાનું છે. 'અર્થ જ સર્વ અનર્થનું મૂળ છે' એવો અર્થ આ પ્રસંગમાંથી તારવવાનો છે.

(૩) 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' એ કહેવત અહીં ચરિતાર્થ થાય છે. એમ કહેવાય છે કે જ્યારે માણસના ગ્રહ સીધા હોય છે ત્યારે એ વાંકો ચાલે છે અને ગ્રહ વાંકા હોય ત્યારે એ સીધો ચાલે છે ! ગણેશવાડીકરે શા માટે શ્રીગુરુની પરીક્ષા કરવી જોઇએ? શા માટે જૂઠું બોલવું જોઇએ? પરંતુ જેમ ઉંદર કરંડિયો કાતરીને એ કરંડિયામાં પુરાયેલા સાપ માટે સામે ચાલીને ખોરાક બને છે એમ આપણે પણ હાથે કરીને ઉપાધિ વહોરી લઇએ છીએ. 'આપો સન્મતિ મોરિયા'નો અર્થ જ આ છે કે હે ભગવાન ! આવાં બધાં અવળાં કાર્યો કરવાની ઇચ્છા ન થાય એવી બુદ્ધિ આપજે.

ઘણી વાર આપણે નજીવા સ્વાર્થ માટે જૂઠું બોલી દેતા હોઇએ છીએ પણ પછી એ વાત ભવિષ્યમાં સાચી પડે ત્યારે પસ્તાઇએ છીએ. નોકરીમાંથી રજા મંજૂર કરાવવા માટે ન હોય એવો રોગ દર્શાવીએ તો રજા તો મળી જાય પરંતુ ભવિષ્યમાં એ રોગ ખરેખર લાગુ પડે ત્યારે?

●

# અધ્યાય : ૧૩૫

આ અધ્યાયનું નામ '**શૃંગેરીપીઠાચાર્યમિલન**' છે. આ અધ્યાયમાં **૯૫** દોહરા છે.

અલખે કહ્યું કે શ્રીગુરુ ચિદંબરમાં સુંદરશાસ્ત્રી નામના એક બ્રાહ્મણને ઘરે આવ્યા. શ્રીગુરુ ત્યાં હતા ત્યારે કોઇ મૂરખે શ્રીગુરુ સમાધિસ્થ થયા છે એવી અફવા ફેલાવી. આ વાત એક કાનથી બીજે કાન એમ વાડી ક્ષેત્ર સુધી પહોંચી. (૧-૪).

વાડીના શ્રદ્ધાળુ લોકો દુ:ખી દુ:ખી થઇ ગયા અને નૃસિંહસરસ્વતીની આજ્ઞા લઇને રામેશ્વરને માર્ગે તપાસ કરતાં કરતાં તંજાવરમાં આવી પહોંચ્યા પણ શ્રીગુરુના કોઇ સમાચાર ન મળતાં ચિંતામાં ડૂબી ગયા. (૫-૯).

એ ભકતોએ મનોમન નક્કી કર્યું કે જો હવે શ્રીગુરુ ના મળે તો આપણે પ્રાણ ત્યાગ કરવો. શ્રીગુરુએ આ વાત જાણી તેથી સુંદરશાસ્ત્રીને કહીને સામેથી શંકાનુ સમાધાન કરવા માયાવરંના બજારમાં આવ્યા અને વાડીના લોકો પૈકી અંતોબાને બૂમ પાડીને બધાને બોલાવ્યા. લોકોએ સ્તુતિ કરીને બધી વાત કરી ત્યારે શ્રીગુરુએ કહ્યું કે આવી વાત પર વિશ્વાસ કરવો નહીં. આ દેહ પડશે ત્યારે બધાને વ્યવસ્થિત રીતે સમાચાર મળશે. વાડીના લોકો પાછા વાડીમાં જવા નીકળ્યા. (૧૦-૨૫).

પછી શ્રીગુરુ શ્વેતારણ્ય, કુંભકોણ, મદુરા, મીનાક્ષી થઇને રામેશ્વર આવ્યા. સેતુદર્શન કરી દક્ષિણ સાગરમાં વિધિપૂર્વક સ્નાન કર્યું. સંધ્યામંડપમાં ચાતુર્માસ કર્યો. ત્યાં મરાઠી ગુરુચરિત્રનું સંસ્કૃતમાં સમશ્લોકી કર્યું અને દત્તાજ્ઞાથી તેની ટીકા પણ લખી. તંજાવર ગામની એક વિધવા સ્ત્રીની દમની બીમારી દૂર કરી. (૨૬-૪૩). ચોમાસું પૂરું થતાં ફરતાં ફરતાં ઇરોળ ગામ પાસે શૃંગેરીમઠના શંકરાચાર્યનો મુકામ હતો ત્યાં જઇ તેમને મળ્યા. બન્નેએ એક બીજાની પ્રેમથી સ્તુતિ કરી. બન્નેની પ્રાર્થના સાંભળીને લોકોએ જયજયકાર કર્યો. (૪૪-૮૯).

શ્રીગુરુ ત્યાંથી નીકળીને સદાશિવેંદ્ર સ્વામીની જ્યાં જીવત્સમાધિ છે ત્યાં ગયા. આ સાંભળીને નિરંજને પૂછ્યું કે એ સદાશિવેંદ્ર સ્વામી કોણ હતા? એના સંદર્ભમાં અલખે જે કથા વર્ણવી તેનું અનુસંધાન હવે પછીના અધ્યાયમાં છે. (૯૦-૯૫).

અલખે કહ્યું કે શ્રીગુરુ ચિદંબરમાં આવ્યા ત્યારે ત્યાં સુંદરશાસ્ત્રી નામના એક બ્રાહ્મણ રહેતા હતા. (૧). શ્રીગુરુ વિદ્વાન સંન્યાસી છે એમ જાણીને અતિશય માન આપીને શ્રીગુરુને તેઓ પોતાના ઘરે લઇ આવ્યા. (૨). દીનદયાળુ શ્રીગુરુ જયારે ત્યાં હતા ત્યારે કોઇ મૂરખે એવી તદ્દન જૂઠી વાત ફેલાવી કે શ્રીગુરુ સમાધિસ્થ થયા છે. આ વાત એક કાનેથી બીજે કાને એમ વાડી સુધી પહોંચી. (૩-૪). આ વાત વાડી સુધી પહોંચતાં જ શ્રદ્ધાળુ ભકતો પોતાના અંતરમાં દુ:ખી દુ:ખી થઇ ગયા અને ખૂબ ગભરાઇ ગયા. (૫). નૃસિંહસરસ્વતીની આજ્ઞા લઇને વાડીના

કેટલાક લોકો દરેક તીર્થમાં તપાસ કરતાં કરતાં રામેશ્વર આવ્યા અને ત્યાં ઉતાવળે ચારેબાજુ તપાસ કરવા લાગ્યા. આમ છતાં શ્રીગુરુનો કોઇ પત્તો લાગ્યો નહીં. (૬-૮). ત્યાંથી તંજાવર આવ્યા તો ત્યાં પણ કોઇ ઠેકાણેથી શ્રીગુરુની ભાળ મળી નહીં એટલે બધા ચિંતામાં ડૂબી ગયા અને વિચાર કર્યો કે જો હવે શ્રીગુરુ નહીં મળે તો અહીંયાં જ પ્રાણનો ત્યાગ કરવો પણ વાડી પાછા જવું નહીં. (૯-૧૦).

શ્રીગુરુએ આ વાત અંતર્દષ્ટિથી જાણી એટલે સુંદરશાસ્ત્રીને કહ્યું કે નરસોબા વાડીના કેટલાક લોકો મને મળવા માટે ખાસ આ તરફ આવ્યા છે. એટલે હું અહીં રોકાઇ શકીશ નહીં. (૧૧-૧૨). હું સામે જઇને એમનું ઝટપટ સમાધાન કરું. શાસ્ત્રીને આવું કહીને શ્રીગુરુવર તરત જ ત્યાંથી ઊઠ્યા. (૧૩). ભકતોના મા-બાપ સમા શ્રીગુરુ મનોવેગે માયાવરંના બજારમાં પ્રેમપૂર્વક આવી પહોંચ્યા. (૧૪). ત્યાં વાડીના લોકો પણ આવ્યા હતા એટલે એમને જોઇને શ્રીગુરુએ અંતોબાને બૂમ પાડીને કહ્યું કે અરે ! તમે લોકો અહીં કયારે આવ્યા? ત્યાં એમનો અવાજ ઓળખી જઇને વાડીના બધા લોકો એકદમ દોડ્યા અને શ્રીગુરુને જોઇને પ્રેમથી ગળગળા થઇ જઇને આનંદથી દંડવત્ પ્રણામ કર્યા. (૧૫-૧૭). વારે વારે પગે લાગીને ત્યાં સ્તવન કરીને કહેવા લાગ્યા કે હે ગુરુરાય ! આજે અમે તમારાં દર્શન કરીને ધન્ય થઇ ગયા છીએ. (૧૮). શ્રીગુરુવરે એમને પૂછ્યું કે તમે આ બાજુ કયાંથી આવ્યા? એ સાંભળીને વાડીના લોકોએ બધી સાચી વાત કહીં સંભળાવી. (૧૯). એ બધું સાંભળીને એ દીનદયાળુ (શ્રીગુરુ) બોલ્યા કે આવી ભળતી અને ખોટી વાતો કોઇ ફેલાવે તો પણ એના પર તમારે હવે પછી કોઇ દિવસ વિશ્વાસ કરવો નહીં. વળી આ શરીર જ્યારે પણ પડશે ત્યારે આખરે એવા સ્થળમાં પડશે કે ત્યાંથી બધાને તરત જ ખબર મળશે. (૨૦-૨૨). આવું કહીને પછી શ્રીગુરુએ વાડીના લોકોને સાથે લઇને તે દિવસ કાવેરી નદીના કિનારે ગાળ્યો. (૨૩). એમના મનને શાંતિ આપીને બીજે દિવસે એમણે બધાને તરત જ વાડીમાં પાછા ફરવા જણાવ્યું.① (૨૪). બધા લોકો ગળગળા થઇ ગયા અને ગુરુનાં ચરણે વંદન કરીને પ્રેમથી સ્તવન કરીને પછી વાડીએ જવા માટે નીકળ્યા. (૨૫).

ત્યાંથી ચાલતા ચાલતા શ્રીગુરુ શ્વેતારણ્ય આવ્યા. ત્યાંથી ઉદયાચળ અને અસ્તાચળ થઇને કુંભકોણમાં આવીને શ્રીરંગાદિક તેમજ મદુરા, મીનાક્ષી અને નવપાષાણ થઇને સેતુબંધનું પ્રેમપૂર્વક દર્શન કરીને દક્ષિણ સાગરમાં વિધિસર સ્નાન કર્યું અને પછી રામેશ્વર જ્યોતિર્લિંગને વંદન કરીને તેઓ તરત જ કાવેરી નદીના કિનારે આવ્યા. (૨૬-૨૯). સંધ્યામંડપં ગામમાં આવીને મુકામ કર્યો અને તે સાલનો ચાતુર્માસ પણ ત્યાં જ કર્યો. (૩૦).

મરાઠી ભાષામાં રસપ્રદ શૈલીમાં શ્રીગુરુચરિત્રની જે રચના હતી તેમનું એમણે ત્યાં સંસ્કૃતભાષામાં સમશ્લોકી-શ્રીગુરુચરિત્ર-શ્રીગુરુસંહિતા-ની રચના કરી અને દત્ત ભગવાનની આજ્ઞાથી તેના પર ચૂર્ણિકા પણ લખી. આ બોધાત્મક અને શ્રેષ્ઠ કક્ષાના ગ્રંથો છે. (૩૧-૩૨). દત્તપ્રભુની આજ્ઞાથી જે નાનું મોટું કંઇ શ્રીગુરુએ સ્વયં લખ્યું તે બધું એ કારણે જ ઉત્તમ હતું. (૩૩).

હે સુજ્ઞ ! તંજાવર ગામમાં દેશસ્થ જ્ઞાતિની એક અતિ ધાર્મિક એવી વિધવા બ્રાહ્મણ સ્ત્રી રહેતી હતી. (૩૪). પ્રારબ્ધવશાત્ એને કફ સાથેના ઉધરસ-દમ-ની ખૂબ જ ભયંકર બીમારી થઇ. એને કારણે છેલ્લા

એકવીસ વર્ષથી રાત દિવસ એ હંમેશનું દુ:ખ ભોગવતી હતી. એ રોગને મટાડવા જાતજાતના ને ભાતભાતના અનેક ઉપાયો કર્યા અને ઔષધિઓ લીધી તો પણ એ રોગ મટતો ન હતો અને ખૂબ પીડા આપતો હતો. (૩૫-૩૭). તન, મન અને વાણીથી ઇશ્વરની સેવા કરીને એ દિવસો વીતાવતી હતી. ત્યાં જ શ્રીગુરુવર સંધ્યામંડપંમાં આવ્યા છે એમ જાણીને તરત જ ગુરુપૂર્ણિમાએ ત્યાં દર્શન માટે આવી. (૩૮-૩૯). એના મનનો ભાવ જોઇને સુજ્ઞ શિષ્ય ગાંડાબુવાએ શ્રીગુરુનું ચરણામૃત આપ્યું. (૪૦). એણે તરત જ એનું સદ્‌ભાવપૂર્વક સેવન કર્યું અને એને માટે એ ઔષધ બની ગયું. શ્રીગુરુનાં ચરણમાં પ્રેમથી દંડવત્ પ્રણામ કરીને જ્યાં ઘરે જવા તૈયાર થઇ ત્યાં જ એને ઊલટી થઇ અને મોં વાટે બધો જ કફ નીકળી ગયો. (૪૧-૪૨). તે જ ક્ષણે ઉધરસ સાથેની કફની તકલીફ દૂર થઇ ગઇ. આમ વ્યક્તિની શ્રદ્ધા જોઇને શ્રીગુરુ ફળ આપે છે.② (૪૩).

ચોમાસું પૂરું થતાં સંધ્યામંડપં ગામ છોડીને શ્રીગુરુ જંબુકેશ્વર થઇને શ્રીરંગ ગયા. (૪૪). ત્યાંથી કાવેરી નદીના કિનારે ફરતાં ફરતાં ઇરોળ ગામની બાજુમાં જ્યાં શૃંગેરીમઠના તે સમયના શ્રીમન્નૃસિંહભારતી નામના જગદ્‌ગુરુ શંકરાચાર્ય શ્રીસચ્ચિદાનંદ શિવાભિનવનો સઘળી સવારી સહ મુકામ હતો ત્યાં શ્રીગુરુ આવ્યા. (૪૫-૪૭).

ત્યાં જગદ્‌ગુરુને મળીને તેમનાં ચરણમાં વંદન કર્યાં. એ જોઇને શ્રીગુરુ દત્તનો અવતાર છે એવું જાણીને શંકરાચાર્યે પરમાનંદથી અને સ્નેહપૂર્ણ હાસ્ય કરીને શ્રીગુરુને પોતાની પાસે આસન મૂકીને સન્માનપૂર્વક બેસાડ્યા અને એમણે પોતે માધુકરીની વ્યવસ્થા કરી. પછી ભિક્ષા થઇ ગયા પછી જગદ્‌ગુરુએ ત્યાં લોકોને કહ્યું કે જેમનું દર્શન દુર્લભ છે એવા વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીજી પધાર્યા છે. હે ભકતો તમે એમનું સાચું સ્વરૂપ જાણતા નથી. (૪૮-૫૨).

એમનાં માતા પિતાના અનંત કરોડો જન્મોનાં પુણ્ય ફળ્યાં છે તેથી એમના ઘરમાં દત્ત ભગવાન પોતે આ રૂપે જગતનો ઉદ્ધાર કરવા માટે ખરેખર અવતર્યા છે. તેથી જ એમનાં માતા-પિતાનો આખી દુનિયા પર મહાન ઉપકાર છે. હે સમજુ ભકતો ! તમે સમજી લો કે તેઓ શ્રીઆદિ જગદ્‌ગુરુ શંકરાચાર્ય સમાન જ છે. એ જગદ્‌ગુરુ શંકરાચાર્ય પૃથ્વી પર પ્રગટ સ્વરૂપે જેમ ધર્મની સ્થાપના કરી ગયા તેમ આ યતિશ્રેષ્ઠ પણ કોઇ ન જાણે એમ અપ્રગટરૂપે ધર્મની સંસ્થાપના કરે છે અને આ ઘોર કળિયુગમાં સંન્યાસ ધર્મનું વિધિવત્ પાલન કરે છે. આ રીતે પાલન કરનાર બીજું કોઇ નથી. (૫૩-૫૮). જે કોઇ એને શરણે જાય છે તેને હંમેશાં સન્માર્ગે ચાલવાનો ઉપદેશ કરીને અત્યારના સમયમાં શંકરાચાર્યની પ્રણાલિકાની અખંડ જ્યોત જલતી રાખે છે અને એમનાં દર્શન કરીને કંઇ કેટલાયે નાસ્તિકો આસ્તિક થઇ ગયા- સુધરી ગયા. (૫૯-૬૦).

દર્શન માત્રે એ ભકતની મનોકામના પૂર્ણ કરે છે અને દુખિયારાનાં દુ:ખો, એની પાસે શાસ્ત્રાનુષ્ઠાન કરાવીને કાયમ માટે દૂર કરે છે. (૬૧). એટલું જ નહીં પણ હે ભકતો ! કેટલાયે કિસ્સામાં એમનાં દર્શનના પ્રતાપે અહીં મડદાં પણ જીવતાં થયાં છે. (૬૨). એમનાં દર્શનથી પાપી પણ પાવન થઇ જાય છે અને હીન તેમજ દીનનો ઉદ્ધાર કરવા માટે જ એ પગે ચાલીને બધે ફરે છે. (૬૩). આ યતિવરના સંગથી આર્યાવર્તમાં લાખો લોકો ધર્મ તરફ

વળ્યા છે એ વાતમાં શંકાને કોઇ સ્થાન નથી. (૬૪). આવા કપરા સમયમાં એમણે ખરેખર શંકરાચાર્યનું નામ ફરી પાછું ચારેય દિશામાં ગાજતું કરી દીધું છે અને સનાતન ધર્મની ધજા પૃથ્વી ઉપર ઊંચે ને ઊંચે ફરકાવી છે. એ રીતે તો એ પણ નિશ્ચિતરૂપથી આચાર્ય જ છે અને સ્વયં પ્રત્યક્ષ દત્ત છે. જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર રહે ત્યાં સુધી આ યતીશ્વર સ્વસ્થ શરીરથી જીવો એવી ઈશ્વર પાસે મારી પ્રાર્થના છે. મારી આ વાત તદ્દન સાચી માનજો. (૬૫-૬૮).

શંકરાચાર્યનું એ ભાષણ સાંભળીને બધા લોકોના હૃદયમાં ખૂબ આનંદ થયો અને શ્રીગુરુનાં ચરણમાં સદ્‌ભાવનાથી તરત જ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. શ્રીજગદ્‌ગુરુએ વળી પાછું શ્રીગુરુવરને કહ્યું કે હે દત્તાવતારી વિભુ ! આપત્તિના આ સમયમાં આપ નાસ્તિક માણસોને સન્માર્ગે પ્રેરવા માટેના ધર્મસ્થાપનકાર્યમાં અહીં સુદક્ષ રહેશો. હું પણ જગદ્‌ગુરુ શંકરાચાર્યની મૂર્તિ લઇને જલદીથી કાલટી ગામમાં જઇને તેની સ્થાપના કરીને એ મૂર્તિને અનન્ય ભાવથી પ્રાર્થના કરીશ કે હે શંકરાચાર્ય પ્રભુ ! આ કાલટી ગામ એ આપનું જન્મસ્થાન છે માટે મેં આ મૂર્તિ અહીં સ્થાપી છે. હે જગદ્‌ગુરુ ! હું એવી પ્રાર્થના કરું છું કે આ બધો જ આર્યાવર્ત આપનો જ છે. તેથી આપની કાયમની કૃપાદષ્ટિ એના પર રહો અને હે ઇશ્વર ! સદ્ધર્મની મર્યાદાનું રક્ષણ કરો. (૬૯-૭૬). આ પ્રમાણે ત્યાં પ્રાર્થના કરીને એ મૂર્તિની સ્થાપના કરીશ અને મારી આ વિનંતી આપ પણ સ્વીકારશો. (૭૭).

જગદ્‌ગુરુનાં આવાં ભાવપૂર્ણ વચનો સાંભળીને શંકરાચાર્યનું ગૌરવ વધે એ રીતે શ્રીગુરુરાયે બોલતાં જણાવ્યું કે હે આચાર્ય ! ખરેખર આપને ધન્ય છે. આપ સર્વગુણસંપન્ન છો અને જગદ્‌ગુરુની પીઠ પર આનંદથી શોભો છો. (૭૮-૭૯). હે પ્રભુ ! આપના હૃદયકમળમાં ધર્મજાગૃતિના જે વિચારો વસી રહ્યા છે તે સત્ય સંકલ્પો સ્મર્તૃગામી શ્રીદત્ત ભગવાને કોઇ નિમિત્તે અહીં પૂર્ણ કરવા પડશે એમાં મને લેશમાત્ર શંકા નથી.② (૮૦-૮૧). મારામાં યોગ્યતા ન હોવા છતાં પણ આપે મને અહીંયાં ઘણું મહત્ત્વ આપ્યું છે. આમ છતાં તમારી આજ્ઞાનો હું સર્વથા સ્વીકાર કરું છું. બન્ને સ્વામીનાં આવાં પ્રેમયુક્ત સંભાષણો સાંભળીને ત્યાં આવેલા બધા લોકોએ બે હાથ જોડીને 'જય જય' શબ્દથી બન્ને યતિશ્રેષ્ઠને પ્રેમપૂર્વક દંડવત્ પ્રણામ કર્યા અને કહ્યું કે હે દયાળુ ! આપ જ આપની બધી ગતિવિધિ જાણી શકો એમ છો. અમે મંદબુદ્ધિવાળા માણસો તો કંઇ જ સમજી શકતા નથી. (૮૨-૮૫).

બહારથી આપનાં બન્નેનાં શરીર જુદાં જુદાં દેખાય છે પરંતુ આપનાં ભાષણો સાંભળ્યા પછી એ શંકા દૂર થઇ ગઇ છે. (૮૬). આપ બન્નેનું મન તો એકરૂપ જ છે. કેવળ લોકોનું કલ્યાણ કરવા માટે જ આપ બન્ને પૃથ્વી પર અવતર્યા છો. આપની શક્તિનું વર્ણન કરવાની અમારી પાસે બુદ્ધિ નથી. (૮૭-૮૮). આવું બોલીને એ લોકોએ ફરીથી દંડવત્ પ્રણામ કર્યા. પછી આચાર્યની રજા લઇને ત્રિમૂર્તિરૂપ નર દેહધારી શ્રીગુરુરાય કાવેરીના કિનારા પાસે આવેલા નેરોર ગામે ઝડપથી આવી પહોંચ્યા. (૮૯-૯૦).

તે ગામમાં શ્રીમત્ સદાશિવેંદ્ર સ્વામીની જીવત્સમાધિ છે ત્યાં શ્રીગુરુવર એમનાં દર્શન માટે પ્રેમથી ગયા. એ સાંભળીને નિરંજને પૂછ્યું કે એ ઉત્તમ દેહધારી સદાશિવેંદ્ર સ્વામી કોણ હતા કે જેની સમાધિનાં દર્શન માટે સમર્થ એવા શ્રીગુરુ જાતે ઇચ્છીને નેરોર ગામે ગયા? શિષ્યનો એવો પ્રશ્ન સાંભળીને અલખે જે જવાબ આપ્યો તેનું અનુસંધાન

આગળ ઉપર છે જે કેવળ રસની ખાણ સમાન જીવન્મુક્તિ અપાવનારું વૃત્તાંત છે. (૯૧-૯૪). મુક્તિના ભાથા સમાન આ **શ્રીગુરુલીલામૃત**ને વખાણવા યોગ્ય(ધન્ય) છે. શ્રદ્ધા અને ભાવપૂર્વક એનું સેવન કરતાં અધન્ય પણ તરી જાય છે એમ **રંગ** કહે છે. (૯૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'શૃંગેરીપીઠાચાર્યમિલન'** નામનો **એકસો પાંત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૧૩૫

(૧) દોહરા ૫ થી ૨૪ અભ્યાસ કરવા જેવા છે. શ્રીગુરુએ સમાધિ લીધી એવું માત્ર સાંભળીને શોધ કરવા નીકળેલા ભક્તોએ જ્યારે એમ નક્કી કર્યું કે જો શ્રીગુરુ હવે અહીં ન મળે તો બહેતર છે કે મરી જવું પણ વાડી તો પાછા ન જ જવું. આ ગુરુભક્તિની પરાકાષ્ટા છે. એનો તરત જ પડઘો પડે છે. શ્રીગુરુ અંતર્દષ્ટિથી આ વાત જાણી સામે પગલે મળવા જાય છે અને છેલ્લે ખાતરી આપે છે કે દેહ પડશે ત્યારે સમાચાર મળશે. પણ સૌથી મહત્ત્વની વાત તો એ છે કે પ્રેમનો પડઘો પાડતાં શ્રીગુરુ તેમની સાથે એક રાત્રિ ગાળે છે. સંન્યાસી હોવા છતાં કેવા દયાળુ?

(૨) સંતની કૃપા તો બધા પર સરખી જ થતી હોય છે પણ એ કૃપા ઝીલનાર પાત્ર કેવું છે તે મહત્ત્વનું છે. જેવી જેની પાત્રતા તેવું તેને ફળ મળે. શ્રદ્ધા અને વિશ્વાસ આનો પાયો છે. સંત ઉપાય બતાવે એ તો નિમિત્ત માત્ર છે પરંતુ પોતાની શક્તિનો ઉપયોગ કરીને શ્રદ્ધાળુ ભક્તનું દુ:ખ દૂર કરે છે. નવાપુરમાં પગના ભયંકર દુખાવાવાળાં એક બહેનને પૂ.શ્રીએ માત્ર એટલું જ કહ્યું હતું કે 'હવે ગ્યાસતેલ ઘસજો' અને એમ કહીને દુખાવો હરી લીધો હતો. શ્રદ્ધા અને વિશ્વાસ માણસરૂપી પક્ષીની બે પાંખ છે.

(૩) સ્વામી મહારાજની સમર્થતાનો સ્વીકાર જગદ્‌ગુરુ કરે એ શ્રીગુરુ પ્રત્યે વિશિષ્ટ સન્માનજનક સદ્‌ભાવના કહેવાય અને સ્વામી મહારાજ એમ કહે કે મારામાં લાયકાત ન હોવા છતાં આપે મને આટલું બધું માન આપ્યું તે મારે સ્વીકારવું રહ્યું એ નમ્રતાની પરાકાષ્ટા છે. એકબીજામાં દેવદષ્ટિ રાખવાથી બન્નેનું સારું દેખાય છે તેની અહીં પ્રતીતિ થાય છે. **'પરસ્પરદેવો ભવ'** એ સૂત્રને આપણે હંમેશાં યાદ રાખીએ.

●

# અધ્યાય : ૧૩૬

આ અધ્યાયનું નામ **'સદાશિવેંદ્રસ્વામીવર્ણન'** છે. આ અધ્યાયમાં **૧૧૦** દોહરા છે.

અલખ બોલ્યા કે ટિપુ સુલતાનના સમયમાં આ સમર્થ સદાશિવેંદ્રસ્વામી થઇ ગયા. (૧). દેહાધ્યાસ વિનાના એ નગ્ન અવસ્થામાં ફરતા હતા. એક વાર કાવેરી નદીના કિનારે ફરતાં ફરતાં ટિપુ સુલતાનના સરદારે લશ્કર સાથે છાવણી નાંખીને જયાં પડાવ નાંખ્યો હતો ત્યાં જઇ પહોંચ્યા. એની સ્ત્રીએ સ્વામીને નગ્ન અવસ્થામાં ફરતા જોઈ સરદારને ફરિયાદ કરી એટલે સરદારે તરવારથી એમના બે હાથ કાપી નાંખ્યા. આમ છતાં સ્વામી તો કશું બન્યું નથી એ રીતે સ્વચ્છંદે ફરતા હતા. સરદારને ખૂબ આશ્ચર્ય થયું. એને થયું કે માનો યા ના માનો આ ખુદાનો કોઇ ઓલિયો- ભક્ત જણાય છે. (૨-૧૮).

એના હાથ નીચે બ્રાહ્મણ જાતિના કારકુનો હતા તેને પૂછતાં તેમણે કહ્યું કે અમે તો આવાને ભગવાન જ માનીએ અને એ જો શાપ આપે તો તમને કુટુંબ સાથે ભસ્મ પણ કરી નાંખે. સરદારને અતિશય દુ:ખ થયું. એ જાણીને સ્વામીએ પોતાના ધરતી પર પડેલા બે હાથને આજ્ઞા કરી કે મૂળ સ્થાન પર આવી જાવ. આવું કહેતાં જ હાથ ફરી પાછા પૂર્વવત્ થઇ ગયા. (૧૯-૩૬). સરદારે માફી માગી એટલે સ્વામીએ કહ્યું કે આવો શોક કરીશ નહીં. તારો ને મારો પૂર્વજન્મનો એવો કોઇ ઋણાનુબંધ હશે. એના પર કૃપા કરી, એનો ઉદ્ધાર કરી અપકાર ઉપર પણ ઉપકાર કરવાની સાધુવૃત્તિ દર્શાવી. (૩૭-૬૦). સદાશિવેંદ્રસ્વામીએ જીવતે જીવ સમાધિ લીધી હતી અને એ સમાધિનાં દર્શન કરીને લોકો પોતાની ઇચ્છા પૂરી કરે છે. પછી ફરતા ફરતા શ્રીગુરુ કાલહસ્તીમાં આવી શ્રીશૈલપર્વતના પૂર્વ ભાગમાં કૃષ્ણાનદીના કિનારે આવ્યા. વસંતઋતુની હજામત- મૂંડન- કરાવવાની કોઇ વ્યવસ્થા ન થવાથી કૃષ્ણાનદીને પ્રાર્થના કરી. કૃષ્ણાએ આખા ગામને એક સરખું સ્વપ્ન આપી શ્રીગુરુના ક્ષૌર- હજામત-ની વ્યવસ્થા કરાવી. (૬૧-૯૮). ત્યાં પંદર દિવસ રહી સંસ્કૃતમાં ટીકા સાથે 'કૃષ્ણાલહરી' રચી. ત્યાંથી શ્રીગુરુ મુકતીશ્વર ક્ષેત્ર- મુકત્યાલા-માં આવ્યા અને ત્યાં ચાતુર્માસ કર્યો. એ દરમ્યાન 'યોગશિક્ષા', 'વૃદ્ધશિક્ષા' અને 'સ્ત્રીશિક્ષા' એવા ત્રણ ગ્રંથો રચ્યા. ત્યાંથી પીઠાપુર થઇને રાજમહેંદ્રી ગામમાં આવીને રહ્યા. એની લીલાનું કોણ વર્ણન કરી શકે? (૯૯-૧૧૦).

અલખે કહ્યું કે ટિપુ સુલતાનના સમયમાં સમર્થ એવા સદાશિવેંદ્રસ્વામી થઇ ગયા. (૧). લોકોના કલ્યાણ માટે એમણે 'બ્રહ્મસૂત્રવૃત્તિ' વગેરે જેવા ઉત્તમ ગ્રંથો રચ્યા હતા. (૨). શરીરધારી હોવા છતાં જેને શરીરનું અભિમાન ન હતું એવા એ જીવતે જીવ જ વિદેહ કૈવલ્ય ભોગવતા હતા. (૩). પોતાની ઇચ્છા પ્રમાણે એ બધે હંમેશાં નગ્ન અવસ્થામાં ફરતા હતા. એક વાર કાવેરી નદીના કિનારે રાજા ટિપુ સુલતાનના સરદારે લશ્કર સાથે છાવણી નાંખીને આનંદથી પડાવ નાંખ્યો હતો. (૪-૫). સદાશિવેંદ્રસ્વામી તો નગ્ન દશામાં ફરતાં ફરતાં તે સ્થળે આવી

પહોંચ્યા. (૬). એમને આ રીતે મસ્તીથી ફરતા જોઇને એ સરદારની કાળમુખી સ્ત્રીએ પોતાના પતિને કહ્યું કે આપણા સ્થાનની આજુબાજુ આ કોઇ નગ્ન પુરુષ લાજ શરમ છોડીને આપણી આંખ સામે ફરે છે. પોતાની સ્ત્રીની આ વાત સાંભળીને જયાં સરદારે જોયું તો એ નગ્ન પુરુષ એની નજરે ચઢ્યો. એને જોઇને એણે ક્રોધથી તલવાર હાથમાં લીધી અને છાવણીની બહાર સદાશિવેંદ્રસ્વામીની પાસે આવીને મનમાં વિચાર કરવા લાગ્યો કે ચોક્કસ આ કોઇ કાફર- નાલાયક માણસ-છે અને મહાન બેશરમી છે માટે એના બન્ને હાથ કાપી નાખું. (૭-૧૧). મનમાં એવો વિચાર કરીને એ ઘાતકી સ્વભાવના યવને તલવારથી તરત જ સ્વામીના બંને હાથ કાપી નાખ્યા. (૧૨).

ત્યાં તો બંને હાથમાંથી લોહીની ધાર છૂટી.એમ છતાં પણ સ્વામીને તો દેહભાન હતું જ નહીં. (૧૩). બંને હાથ કપાઇને નીચે પડ્યા તો પણ આ ચિન્મય અને અભેદ બુદ્ધિના એવા સ્વામીના મનમાં સહેજ પણ ખેદ થયો નહીં. (૧૪). એ તો પહેલાં ફરતા હતા તેમ જ પોતાની આનંદ મસ્તીમાં ફરવા લાગ્યા. આ જોઇને મુસલમાન સરદાર આશ્ચર્યચકિત થઇ ગયો અને મનમાં વિચાર કરવા લાગ્યો કે આપણને તો પગમાં એક કાંટો વાગે તો પણ દુ:ખથી બેચેન બની જઇએ છીએ ત્યારે મેં તો આમના બંને હાથ મારી નજર સમક્ષ જ કાપી નાંખ્યા છે તો પણ એમને દુ:ખ થતું નથી એ કેવી નવાઇની વાત કહેવાય? (૧૫-૧૭). માટે એ ખુદાનો કોઇ ઓલિયો- ભગવાનનો ભકત- હોવો જોઇએ એવું વિચારીને એના આશ્રયે જે બ્રાહ્મણો કારકુન તરીકે કામ કરતા હતા તેમાંથી એક બ્રાહ્મણને પૂછ્યું કે તું આ પુરુષને કંઇ ઓળખે છે કે? જોઇને કહે (દેખ). (૧૮-૧૯). એ સાંભળીને એ બ્રાહ્મણ કારકુને કહ્યું કે આ પુરુષનું નામ સદાશિવેંદ્રસ્વામી છે અને તેઓ ઘણા જ સમર્થ છે. (૨૦).

હે જનાબ ! આવી સ્થિતિમાં રહેનારાને અમે સાક્ષાત્ ભગવાન જ માનીએ છીએ અને એમના ઉપર કોઇનું દબાણ ચાલતું નથી. (૨૧). એમનાં વચનનું તો ખુદ ભગવાન પણ ઉલ્લંઘન કરતા નથી. એમનાં તપનું અગાધ સામર્થ્ય છે એ વાતમાં સહેજ પણ શંકા નથી. (૨૨). જો એમના મુખમાંથી શાપનાં વચન નીકળી જાય તો એ તમને સહકુટુંબ ચોક્કસ તરત જ ભસ્મ કરી નાંખે. (૨૩). જો કે આવા સંત કોઇ દિવસ શાપ આપે જ નહીં. પોતાનો દેહ પ્રારબ્ધને સોંપીને અહીં અસંગ બનીને વર્તે છે. (૨૪). તેથી સુખ કે દુ:ખમાં તે કોઇના પર પણ કોઇ દિવસ પણ દોષારોપણ કરતા નથી. (૨૫).

બ્રાહ્મણ દ્વારા સદાશિવેંદ્રસ્વામીની આવી વાતો સાંભળીને સરદાર પશ્ચાત્તાપ કરવા લાગ્યો અને મનમાં ને મનમાં વિચારવા લાગ્યો કે અરેરે ! મારા જેવો હતભાગી, દુષ્ટ, પાપી, ઘાતકી અને નીચ આ પૃથ્વી ઉપર બીજો કોઇ નહીં હોય. (૨૬-૨૭). આ સંતની જે વાતો મેં સાંભળી તે જો સાચી હોય તો મારા હાથે ખરેખર આ ઘોર કૃત્ય થયું છે એમાં કોઇ શંકા નથી. મનમાં આવું વિચારીને એ મુસલમાન સરદાર સ્વામીની પાછળ પાછળ ફરવા લાગ્યો અને બે હાથ જોડીને અપરાધની માફી માગવા લાગ્યો. (૨૮-૩૦).

પશ્ચાત્તાપ કરવાને લીધે તરત જ એની દુષ્ટ બુદ્ધિ નાશ પામી છે એવું જાણીને યતિશ્રેષ્ઠે અંતરમાં ખરેખર એવો વિચાર કર્યો કે આ સરદારના મનને આવો અસહ્ય પશ્ચાત્તાપ શું કામ કરાવવો? (૩૧-૩૨). એવું વિચારીને પૃથ્વી પર પડેલા બે કપાયેલા હાથને ઉદ્દેશીને તરત જ બોલ્યા કે હે બે હાથ ! ત્યાં પૃથ્વી પર પડી રહીને આ મુસલમાન સરદારને કારણ વગર પશ્ચાત્તાપ કરાવવાનું તમને શા માટે ગમે છે? માટે તમે તમારા અગાઉના સ્થાને

આવીને ચોંટી જાવ. (૩૩-૩૫). જેવા આ શબ્દો મુખની બહાર નીકળ્યા કે તરત જ બંને હાથ પોતાની પહેલાંની જગ્યાએ ચોંટી ગયા.① (૩૬). કલ્પના બહારની વાત બની ગયેલી જોઇને મુસલમાન સરદાર તો 'અલ્લાહ' 'પરવરદિગાર ! તોબાહ તોબાહ' એમ બોલી ઊઠ્યો અને એવું બોલીને પોતાના હાથથી પોતાના ગાલ પર બે ટપલા મારીને દાંતથી પોંચા કરડીને રોમાંચિત થઇને ત્યાં કહેવા લાગ્યો કે આના જેવો બીજો કોઇ સાધુ મેં જોયો નથી. (૩૭-૩૯). આ ખરેખર સાક્ષાત્ મહાપ્રભુ છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. એમ કહીને મનમાં અતિશય દુ:ખી થઇને સદાશિવેંદ્ર સ્વામીની પાસે આવીને, સલામ કરી-દંડવત્-પ્રણામ કરીને ગદ્‌ગદ્ કંઠે મોટા અવાજે રડીને એ કહેવા લાગ્યો કે હે પાલનહાર ! હું ગુનેગાર છું અને આપની ક્ષમા કરવાની વૃત્તિનો પાર નથી. (૪૦-૪૨). મારી જાત જ નીચ છે. હે પ્રભુ ! મારા હાથે બહુ મોટો ગુનો થઇ ગયો. હવે મારું શું થશે? (૪૩). હું મ્લેચ્છ (મુસલમાન) કોમનો નીચ માણસ છું અને તેથી હું આપની આ લાયકાત જાણી શક્યો નહીં અને ઓળખાણ થાય પણ કેવી રીતે? મારે મન તો આપ પ્રત્યક્ષ મહાપ્રભુ છો. હે બાપ ! આ અજ્ઞાની બાળકને માફ કરી દો. (૪૪-૪૫).

આ પ્રમાણે અતિશય નમ્ર બનીને એ સરદાર સ્તવન કરવા લાગ્યો. આ સાંભળીને સદાશિવેંદ્ર સ્વામી ત્યાં ગંભીર અવાજે બોલ્યા કે તું આવો શોક ના કર. તારો અને મારો પૂર્વજન્મનો એવો કોઇ વેરનો સંબંધ હશે કે જેને કારણે ખરેખર ! આજે તારા હાથે આવું અયોગ્ય કાર્ય થયું. (૪૬-૪૮). તું આ વાતને આ રીતે વારે વારે યાદ કર નહીં અને માથા પર પાપનો ખોટો ભાર લે નહીં. તું નાહકનો ખોટો ભાર શું કામ ઊંચકે છે? (૪૯). આ બધાનો કર્તા હર્તા તો શ્રીહરિ છે અને આપણે બધાં તો એનાં બાળકો છીએ. માટે એનું હંમેશ માટે શરણું લઇ લે અને સત્તાનો ગર્વ છોડી દે. (૫૦).

સદાશિવેંદ્ર સ્વામીનાં માખણ કરતાં પણ વધુ કોમળ એવાં ક્ષમા આપતાં વચન સાંભળીને એ સરદાર બોલ્યો કે હે ખુદા ! હે પરવરદિગાર ! મારો અપરાધ માફ કરી આ દીન તેમજ રાંક પર હે તાત ! કંઇ કૃપા કરો. (૫૧-૫૨). એની આવી પ્રાર્થના સાંભળીને યતિશ્રેષ્ઠે મનમાં વિચાર કરીને એ મુસલમાન સરદારને કૃપા કટાક્ષે તરત જ કૃતાર્થ કરી દીધો અને કહ્યું કે જો ! આ દુષ્ટ મન જેમ કહે એમ કરીશ નહીં. એવો તું દઢ નિશ્ચય કર. (૫૩-૫૪). એ નિયમ પ્રમાણે જીવીશ તો અહીં તારા પર ખુદાની ચોક્કસ કૃપા થશે એમાં લેશ માત્ર શંકા કરીશ નહિ. (૫૫). સદાશિવેંદ્ર સ્વામીની કૃપાથી એ સરદારે આગળ ઉપર મન જીતીને વાસનાનો તરત જ નાશ કર્યો. (૫૬). હે સુજ્ઞ શિષ્ય ! બધી જંજાળ છોડીને દઢ વૈરાગ્ય દ્વારા શુદ્ધ ભાવથી રોજ ભગવાનનું ભજન કરીને આખરે એ સદ્‌ગતિને પામ્યો. ખરેખર ! સાધુ પુરુષો અપકાર કરનાર પર પણ ઉદારતાથી હંમેશાં ઉપકાર કરે છે. પછી જે કોઇ ભાવપૂર્વક રાત દિવસ સંતની અનન્ય સેવા કરે છે તે કેમ કૃતકૃત્ય ના થાય? હે શિષ્ય ! તું જાણી લે કે સત્પુરુષો તો આ દુનિયામાં ઇશ્વરથી પણ વધારે કૃપાળુ હોય છે અને તેઓ સુંદર ફળ આપે છે એમ તું માન. (૫૭-૬૦).

સમય પસાર થતાં દયાના સાગર એવા સદાશિવેંદ્ર સ્વામીએ સમાધિ લેવાનો તરત જ મનમાં દઢ નિશ્ચય કર્યો. (૬૧). ત્યાં પહેલેથી જ દેરી બંધાવીને એની અંદર જીવતે જીવ સિદ્ધાસન પર બેસીને પછી સમાધિ સ્થળનું બારણું બંધ કરાવીને એના ઉપર કોઇ દિવસ ખૂલે નહીં એવો પથ્થર જડાવી દીધો. (૬૨-૬૩).

એ સમાધિનાં દર્શને અસંખ્ય લોકો જાય છે અને જાત જાતની બધાઓ રાખે છે અને એમની મનોકામના પણ ફળે છે. (૬૪). હે ઉત્તમ શિષ્ય ! આજે પણ આવો પરચો (ચમત્કાર) જોવા મળે છે. એ સ્વામી આવા સમર્થ હતા તેથી સમર્થ શ્રીગુરુ સમાધિનાં દર્શન માટે નેરોર ગામ ગયા. ત્યાં સમાધિને પ્રેમપૂર્વક દંડવત્ પ્રણામ કરીને પછી ફરતાં ફરતાં કાલહસ્તિમાં આવ્યા. ત્યાંથી શ્રીશૈલ પર્વતના પૂર્વ ભાગમાં કૃષ્ણા નદીના કિનારે ભક્તસખા એવા શ્રીગુરુ આવ્યા અને હે સુજ્ઞ ! કેટલોક સમય એ નદીના તટ ઉપર વિહરતા રહ્યા. (૬૫-૬૮).

શ્રીગુરુ વસંત ઋતુમાં કરાવવાની હજામત માટે વિચરણ કરતા હતા ત્યારે કૃષ્ણા નદીના કિનારે ચામરતી ગામે આવ્યા. (૬૯). મુકામ કરવા પૂરતી પણ વ્યવસ્થા ગામમાં થઇ નહીં તેથી આખરે નદીના કિનારે આવીને ત્યાં મુકામ કર્યો. (૭૦). એ સ્થળે ક્ષૌર-હજામત-ની પણ કોઇ વ્યવસ્થા થઇ નહીં તેથી શ્રીગુરુએ બે હાથ જોડીને કૃષ્ણા નદીની પ્રાર્થના કરતાં કહ્યું કે હે મા ! હું મારા હૃદયમાં હંમેશાં તારા માટે અભિમાન રાખું છું. એમ છતાં તને તો મારા માટે જરા સરખું-લેશમાત્ર-અભિમાન નથી. હજામતની સાવ નાની વાત માટે પણ તારા તટ પર મને તકલીફ પડે છે. (૭૧-૭૩). હવે આજથી હું હજામત કરાવ્યા વગર જ તારા તટ પર ફરીશ અને તારા જળ પ્રવાહમાં પ્રેમપૂર્વક આ દંડનો ત્યાગ કરીશ. પછી મન ફાવે ત્યાં હું મારી ઇચ્છા મુજબ પરિભ્રમણ કરીશ. આજથી હવે તારી આજ્ઞા પ્રમાણે વર્તવાનું મારે માટે કોઇ કારણ રહ્યું નથી. એમ બોલીને તરત જ કૃષ્ણા નદીના કિનારે એ શ્રેષ્ઠ સંન્યાસીએ નિર્ધારીને શયન કર્યું. (૭૪-૭૬).

ઊંઘ આવી જતાં સ્વપ્નમાં કૃષ્ણા માતા પ્રગટ થયાં અને ગુરુને દર્શન આપીને કહેવા લાગ્યાં કે હે વાસુદેવ ! મારા હૃદયમાં તારે માટે ભારોભાર અભિમાન છે. કૃષ્ણાનાં એ પૂર્ણપ્રેમથી ભરેલાં વચન સાંભળીને, તરત જ જાગ્રત થઇ જઇને શ્રીગુરુમૂર્તિએ ત્યાં વંદન કરીને ગળગળા થઇને કૃષ્ણાની સ્તુતિ કરી. (૭૭-૭૯).

## શ્લોક

કૃષ્ણે કૃષ્ણતનો મનોહરકથે નાથેશ્વરિ પ્રાર્થયે
દત્તં દત્તપરં પ્રદર્શય પરં નાતો વરં ત્વર્થયે |
અન્યં ચોડટતિ તે તટે નટ ઇવાનેકાંગધારી હરિ:
સંસારારિરિરિંદમ: શમ પર: સાક્ષાદ્ય આત્મા પર: ||

## અર્થ :

હે કૃષ્ણશરીરધારિણી ! મનોહર કથા (ઇતિહાસ) ધરાવનારી, નાથોની પણ નાથ કૃષ્ણા મા ! હું આપને પ્રાર્થું છું. દાન પરાત્પર દત્તનું દર્શન કરાવ. એ વિના બીજું વરદાન હું માંગતો નથી. બીજું જે તારા તટ ઉપર નટની માફક અનેક રૂપધારી, સંસારરૂપી શત્રુનો શત્રુની માફક દમનાર શમયુકત, સાક્ષાત્ પરમાત્મા હરિ ફરે છે (તેનું દર્શન કરાવ) (એવું યાચું છું).

◈

ત્યારે આવી સ્તુતિ કરતાં એ રૂપ અલોપ થઇ ગયું. તે દિવસે શુકલ પક્ષની ચૌદસ હતી. એ જ રાત્રે ગામના સૂતેલા બધા લોકોને સ્વપ્નમાં ભયંકરરૂપથી પ્રગટ થઇને કૃષ્ણા (માતા)એ અત્યંત ક્રોધપૂર્વક કહ્યું કે હે દુષ્ટ અને ભ્રષ્ટ લોકો ! તમે ખરાબ પંથે જનારા કેમ થયા? તમારે આખરે રોવાનો વારો આવશે. (૮૦-૮૨). સર્વ દ્વારા વંદન કરવાને યોગ્ય એવા સ્વામી મહારાજ તમારા ગામમાં આવ્યા છે અને તમે નાસ્તિકોએ એમને નિવાસ કરવા માટે કોઇ જગ્યા જ નહીં આપી ! તમારા ઉપર ખરેખર એ સ્વામી મહારાજની નારાજગી ઊતરી છે. (૮૩-૮૪). તમે બધા થોડા જ દિવસોમાં ભયંકર સંકટમાં સપડાશો. તમે હાથે કરીને શું કામ કારણ વિના મોત માગો છો? (૮૫).

જો તમે તમારું પોતાનું કલ્યાણ-ભલું-ઇચ્છતા હો તો એ સત્પુરુષને શરણે જલદીથી જાવ અને કરેલા અપરાધની તમે બધા માફી માગો અને એમની માનપૂર્વક ગામમાં પધરામણી કરીને એમને રાજી કરો અને એમની આશિષ પામો. (૮૬-૮૭).

સ્વપ્નમાં આવું કહીને તરત જ કૃષ્ણા અલોપ થઇ ગયાં. ગામના બધા લોકોને આવું સ્વપ્નું આવતાં જાગી જઇને બધા લોકો અંદરોઅંદર એકમેકને એ ભયંકર સ્વપ્નની બધી વાત કહેવા લાગ્યા. (૮૮-૮૯). ગામના બધા જ લોકોને એક સરખું સ્વપ્નું આવેલું જાણીને ગામના બધા લોકો ગભરાઇને થર થર ધ્રૂજવા લાગ્યા. (૯૦). હવે આપણું શું થશે? હવે શું થશે? એવો ગભરાટ અનુભવીને સવાર થતાંની વારમાં જ બધા લોકો એકઠા થઇને શ્રીગુરુમૂર્તિને શોધતા શોધતા કૃષ્ણા નદીના કિનારે આવ્યા. નદીના કિનારે આવતાંની સાથે જ એમણે દૂરથી ધીરગંભીર શ્રીગુરુવરને જોયા. (૯૧-૯૨).

શ્રીગુરુ પાસે આવીને ગળગળા થઇ જઇને ગામ લોકોએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને તરત જ બે હાથ જોડીને પ્રાર્થના કરી કે હે યતિશ્રેષ્ઠ ! હે દયાનિધિ ! અમે અત્યંત પાપી અને નાદાન એવાં તારાં અજ્ઞાની બાળકો છીએ. (૯૩-૯૪). હે ગરીબો પર વહાલ વરસાવનારા ! ગઇકાલે સાંજે અમારા હાથે આપનો આદર સત્કાર થયો નહીં તેથી અમે ક્ષમા માગીએ છીએ. (૯૫). અમે આપનું સાચું સ્વરૂપ ઓળખી શકયા નહીં. એ અમારી ભૂલને માફ કરી પ્રેમપૂર્વક અમારા ઉપર કૃપા કરી હે પ્રભુ ! આપ ગામમાં પધારો અને અમારી સેવાનો સ્વીકાર કરો. ગામ લોકોની એવી વિનંતી સાંભળીને અને એમનો અતિ આગ્રહ જોઇને શ્રીગુરુનાથ ગામમાં ગયા અને કૃષ્ણા તટે વિધિપૂર્વક ક્ષૌરક્રિયા કરાવી.② (૯૬-૯૮). બધા ગામલોકો ત્યાં સેવામાં હાજર રહેતા હતા.શ્રીગુરુરાય એ ગામમાં પંદર દિવસ રહ્યા. (૯૯). એ સમય દરમ્યાન ત્યાં સંસ્કૃતમાં ટીકા સાથેની 'કૃષ્ણાલહરી' રચી જેનો શ્રદ્ધાપૂર્વક પાઠ કરવાથી પાપનો નાશ થાય છે. (૧૦૦).

આ રીતે બધા લોકોને સાચા ધર્મના પંથે ચઢાવીને કૃષ્ણાના કિનારે ફરતા ત્રિમૂર્તિરૂપ શ્રીગુરુરાય સમય જતાં મુકતીશ્વર નામના પાવનકારી ક્ષેત્રમાં આવ્યા. આ ક્ષેત્રને લોકો મુકત્યાલા નામથી ઓળખે છે. (૧૦૧-૧૦૨). દત્તપ્રભુની આજ્ઞાથી એમણે ત્યાં ચાતુર્માસ કર્યો અને એમણે 'યોગશિક્ષા', 'વૃદ્ધશિક્ષા' અને 'સ્ત્રીશિક્ષા' નામના સર્વોત્તમ એવા ત્રણ રસાળ ગ્રંથો ત્યાં રચ્યા. ચોમાસું પૂરું થતાં તરત જ ત્યાંથી નીકળીને શ્રીહંસલાદેવીએ આવીને એમને વંદન કરીને એ શ્રેષ્ઠ દેહધારી કોકાનાડા પાસે આવેલા દત્તપ્રભુના અવતાર એવા શ્રીપાદશ્રીવલ્લભની જન્મભૂમિ એવા પીઠાપુરમાં આવ્યા. (૧૦૩-૧૦૬). ભાવપૂર્વક એ પુણ્યભૂમિનું દર્શન કરીને



૧૪

શ્રીગુરુવર રાજમહેંદ્રી નામના ગામમાં આવ્યા. (૧૦૭).

તીર્થોને પાવન કરતા કરતા એ રીતે શ્રીગુરુ હંમેશાં વિચરતા હતા. ત્યાં રાજમહેંદ્રીમાં થોડા દિવસો રહ્યા. (૧૦૮). ત્યાં નિવાસ દરમ્યાન જે અદ્‌ભુત લીલા કરી એનો વિસ્તાર હવે પછીના અધ્યાયમાં થશે. હે શિષ્ય ! હું તને કેટલું કહું? લીલાનો તો કહેતાં પાર આવે એમ નથી. (૧૦૯). ખરેખર ! શ્રીગુરુ મનુષ્ય શરીર ધારણ કરેલા શ્રીદત્ત જ છે. એમાં શંકાને કોઇ સ્થાન જ નથી. એની લીલાને એ જ જાણી શકે. એનું વર્ણન કરવાનું શક્તિહીન એવા **રંગ**નું શું ગજું? (૧૧૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'સદાશિવેંદ્રસ્વામીવર્ણન'** નામનો **એકસો છત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

## અધ્યાય : ૧૩૬

(૧) સ્વામીનું સમર્થપણું અને પ્રાણીમાત્ર પ્રત્યેની કરુણા દોહરા ૧૩ થી ૩૬માં જોવા મળે છે. હાથ કાપી નાખવા છતાં શારીરિક કષ્ટની કોઇ સંવેદના નહીં અને પછી સરદારને દુઃખી થતો અને પશ્ચાત્તાપ કરતો જોઇને દિલમાં કરુણા લાવીને બંને હાથોને મૂળ જગ્યાએ ચોંટી જવા કહેવું આવું તો સમર્થ સંત જ કરી શકે.

(૨) પૂ. ડોંગરે મહારાજ કહે છે તે યાદ રાખીએ:

તુલસી એ છોડ નથી, ગાય એ પશુ નથી અને ગંગા એ નદી નથી. પૂ.શ્રીએ નર્મદાજીને માતા ગણીને જ જીવન વ્યવહાર ગોઠવ્યો હતો. સંતો પહાડ, પર્વત, નદી બધાની સાથે આત્મભાવે વર્તતા અને તેથી તેઓ એક બીજા સાથે વાતો કરતા.

સ્વામી મહારાજે કૃષ્ણામાતા સાથે જે મીઠો ઝઘડો કર્યો તે સમજવા જેવો છે અને મા કૃષ્ણાએ તેનો અનુકૂળ પડઘો પણ પાડ્યો. મંદિરની મૂર્તિ એ પથ્થર નથી પણ ચૈતન્ય સ્વરૂપ દેવ જ છે એ રીતે વર્તવાથી પૂજારી અને દેવ વચ્ચે પણ સંવાદ થાય છે. વ્યક્તિએ પોતાનું અંતઃકરણ શુદ્ધ કરવું ઘટે.

●

# અધ્યાય : ૧૩૭

આ અધ્યાયનું નામ '**શ્રદ્ધાફળકથન**' છે. આ અધ્યાયમાં **૧૦૨** દોહરા છે.

અલખ કહેવા લાગ્યા કે હે શિષ્ય ! તું સાંભળ. રાજમહેંદ્રી પાસે કોડર કરીને એક ગામમાં શ્રીપાદ આયર નામના એક ધુરંધર શાસ્ત્રી રહેતા હતા. એની બહેનને પિશાચપીડા હતી. તેથી શાસ્ત્રીની એ બહેન અનેકવાર મૂર્છા ખાઇને પૃથ્વી ઉપર પડતી હતી. (૧-૩).

શ્રીગુરુ રાજમહેંદ્રીમાં હતા ત્યારે શાસ્ત્રી પોતાની બહેન સાથે આવ્યા અને દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે મારી બહેનને વાત (વાયુ)નો વિકાર થયો છે તેથી વારે વારે બેભાન થઇને પડે છે. તો એનો કોઇ ઉપાય બતાવો. (૪-૭). પિશાચયોનિના અસ્તિત્વની ખાતરી કરાવવા માટીની ઇંટ ઉપર યંત્ર લખી આપી સાંજે ગુગળનો ધૂપ કરવાનો કહ્યો અને એક મંત્ર આપ્યો જેનો એકવીસ વાર જાપ કરવાનો કહ્યો. આ રીતે ધૂપ કરતાં અને મંત્રનો જાપ કરતાં પાંચ-છ દિવસમાં જ પિશાચે આવીને બધી વાત કરી અને સ્વામી મહારાજની કૃપાથી એ શાસ્ત્રીની બહેન પિશાચપીડામાંથી મુકત થઇ. આમ માનવયોનિનો પિશાચયોનિ સાથેનો સંબંધ સ્પષ્ટ કર્યો. (૮-૩૪).

દ્રાવિડ, તૈલંગ વગેરે પ્રદેશમાં તો લોકો શ્રીગુરુને સાક્ષાત્ ભગવાન જ માનતા હતા. ફરતા ફરતા શ્રીગુરુ મંથનકાલેશ્વર તરફ આવ્યા. એ સમયે નરસોબા વાડીમાં દત્તુ દીક્ષિત નામે એક બ્રાહ્મણ હતો. તેની સીતાબાઇ નામની દીકરીને ભિલ્લવાડીમાં પરણાવી હતી પરંતુ તે કાળી હોવાથી એના પતિએ બીજી વાર લગ્ન કર્યું. આ સીતાબાઇ પાસે શ્રીગુરુનાં ચરણરજની ભરેલી ડબ્બી હતી. એની એ પૂજા કરતી હતી. પતિએ ગુજરાન માટે આપેલી જમીનમાં જુવાર વાવી હતી, તે તૈયાર થતાં તે કાપીને તેનો ખળામાં ઢગલો કર્યો હતો. ત્યાં એકાએક ગાજવીજ સાથે વરસાદ આવતાં સીતાબાઇએ ખળાની આજુબાજુ શ્રીગુરુની ચરણરજ નાંખીને પ્રાર્થના કરી. આખા ગામમાં વરસાદ પડ્યો પરંતુ એ સીતાબાઇના ખળામાં વરસાદની એક ધાર પણ પડી નહીં. (૩૫-૬૪).

પોતાની શ્રદ્ધા પ્રમાણે વ્યક્તિ ફળ પામે છે. બેલગામના રહેવાસી ધોંડોપંત કાલકુંદરીકરના પિતા પર કોઇએ મારણ પ્રયોગ કર્યો હતો. એની આવી કપરી સ્થિતિમાં પણ શ્રીગુરુએ કૃપા કરીને એની અંતઘડી સુધારી દીધી. ત્યાર પછી શ્રીગુરુ મંથનકાલેશ્વર આવ્યા અને ત્યાં પણ અદ્ભુત લીલા કરી. (૬૫-૧૦૨).

અલખે કહ્યું કે હે શિષ્ય ! તું સાંભળ. રાજમહેંદ્રી પાસે કોડર કરીને એક ગામ હતું. ત્યાં શ્રીપાદ આયર નામના એક ધુરંધર શાસ્ત્રી રહેતા હતા. એમની બહેનને એક પિશાચ અત્યંત ત્રાસ આપી રહ્યું હતું. (૧-૨). એ કારણે એ શાસ્ત્રીની બહેન અનેક વાર મૂર્છિત થઇને ભોંય પર પડી રહેતી અને એને કશું જ ભાન રહેતું નહીં. (૩). જ્યારે શ્રીગુરુનો રાજમહેંદ્રીમાં મુકામ હતો ત્યારે એક દિવસ એ શાસ્ત્રીજી પોતાની બહેનને લઇને ત્યાં આવ્યા અને શ્રીગુરુનાં ચરણોમાં ભાવપૂર્વક દંડવત્ પ્રણામ કર્યા અને પોતાની બહેનને બતાવીને પગે લાગીને બોલ્યા કે

હે સ્વામીશ્રેષ્ઠ ! આપ કૃપા કરીને મારી આ બહેનને જુઓ. એને ખરેખર વાયુનો વિકાર થયો લાગે છે. (૪-૬). અનેક વાર ભયાનક મૂર્છાથી એ હેરાન પરેશાન થાય છે. માટે હે કરુણાસાગર ! આપ કૃપા કરીને એનો કોઇ ઉપાય બતાવો. (૭).

શ્રીપાદ આચરની એ વિનંતી સાંભળીને હસીને શ્રીગુરુરાય બોલ્યા કે હે શાસ્ત્રીજી ! અહીં પિશાચયોનિ છે એને તમે સત્ય માનો છો ખરા? ત્યારે શાસ્ત્રીજીએ કહ્યું કે હે મોક્ષદાતા ગુરુ ! જુઓ ! સૃષ્ટિમાં પિશાચયોનિ નામની એક યોનિ છે એ ચોક્કસ વાત છે પરંતુ હા ! એનો માનવયોનિ સાથેનો સંબંધ મેં કોઇ દિવસ જોયો નથી. (૮-૧૦).

શ્રીગુરુ બોલ્યા કે તમને આ વખતે અહીં જ એનો ચોક્કસ સંબંધ પ્રત્યક્ષ રીતે બતાવું. તમારી બહેનને ખરેખર ભયંકર પિશાચપીડા છે અને તેને લીધે એ ધરતી પર વારે વારે મૂર્છિત થઇને પડે છે. (૧૧-૧૨). એવું કહીને માટીની એક ઇંટ મંગાવીને એના પર એક યંત્ર લખી આપ્યું અને શાસ્ત્રીને એ અંગેની વિધિ જણાવતાં કહ્યું કે આ ઇંટ ઉપરના યંત્રને રોજ સાંજે નિત્ય નિયમથી ગુગળનો ધૂપ આપવો અને તમને જે મંત્ર કહું તેનો પ્રેમથી એકવીસ વાર જાપ કરવો. (૧૩-૧૫). આ પ્રમાણે એકવીસ દિવસ સુધી નિયમસર કરશો એટલે એ પિશાચ જાતે આવીને તરત જ પોતાની બધી વિગતો સંકોચ સાથે કહેશે અને પછી જતું રહેશે. એમ કહીને પછી શ્રીગુરુએ જપવા માટેનો મંત્ર પ્રેમથી કહ્યો. (૧૬-૧૭).

શ્રીગુરુનાં ચરણમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને શાસ્ત્રીજી પોતાના ઘરે ગયા અને ગુરુની આજ્ઞા અનુસાર વિધિ-વિધાન કરવાથી પાંચ-છ દિવસ થતાંની વારમાં જ પિશાચે આવીને તરત જ પોતાની પૂર્વજન્મની વાત કહી. (૧૮-૧૯). એને શા કારણે પિશાચયોનિ પ્રાપ્ત થઇ અને શા માટે એ શાસ્ત્રીજીની બહેનને ત્રાસ આપતું હતું તે બધું પૂર્વાપર સંબંધ આપીને કહેવા લાગ્યું કે હું આ સ્ત્રીને હજી પણ છોડત નહીં પણ શું કરું? આ યતીશ્વરનો તાપ (પ્રભાવ) મારાથી સહન થતો નથી. હું કહું તે કાર્ય તમે કરો જેથી હું આ સ્ત્રીને છોડીને ચોક્કસ જતો રહીશ અને પાછો કોઇ દિવસ આવીશ પણ નહીં. પિશાચનાં એ વચન સાંભળીને શાસ્ત્રીજીએ એ પ્રમાણે કર્યું. પરિણામે એમની બહેન એ વિઘ્ન-તકલીફમાંથી મુકત થઇ અને ભૂતે એને હેરાન કરવાનું બંધ કર્યું. આવું નજરોનજર જોઇને શ્રીપાદ શાસ્ત્રી પણ આશ્ચર્યમાં ડૂબી ગયા અને હર્ષભેર શ્રીગુરુ પાસે આવીને, પગે લાગીને બધા સમાચાર વિગતવાર ખાસ કહી સંભળાવ્યા. (૨૦-૨૫).

શ્રીગુરુ ત્યારે હસીને બોલ્યા કે કેમ શ્રીપાદ શાસ્ત્રી ! પિશાચયોનિનો માનવયોનિ સાથે કેવો સંબંધ છે તે તમે જોયોને ! અને અહીં મનુષ્યને પિશાચ કેવી રીતે હેરાન પરેશાન કરે છે તે તમે જાતે જોયું કે નહીં? (૨૬-૨૭). એ વાત સાંભળીને શાસ્ત્રીજી બોલ્યા કે હે ગુરુવર ! પિશાચયોનિ વિશેની બધી વાતો સાચી છે. પૂર્વજન્મનો જેવો ઋણાનુબંધ હોય તે રીતે પિશાચ સાક્ષાત્ હેરાન કરે છે. મારાં બહેનની વાતથી એ બધું સ્પષ્ટ થઇ ગયું.① (૨૮-૨૯). એવું કહીને શ્રીપાદ શાસ્ત્રીએ શ્રીગુરુનાં ચરણમાં પવિત્ર ભાવથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને કહેવા લાગ્યા કે હે દયાના સાગર ! મારી બહેનને દુ:ખમાંથી મુકત કરી એ ઉપકાર હું કેવી રીતે ભૂલી શકું? હું ન બોલું તો પણ આપ તો બધું જાણો જ છો. (૩૦-૩૧). એવું કહીને ફરી ફરીને પ્રેમથી વંદન કરીને

શ્રીપાદ શાસ્ત્રી ગુરુનો જશ ગાતા ગાતા ગયા. (૩૨).

આવા તો કંઇ કેટલાય ચમત્કારો થયા જે કહેવા બેસીએ તો એનો પાર પણ ન આવે. શ્રીગુરુની ચારે દિશામાં પ્રસિદ્ધિ થઇ તેથી અસંખ્ય લોકો મનમાં કામનાઓ સેવીને ગુરુનાં દર્શને આવવા લાગ્યા અને શ્રીગુરુરાય પણ એમની શ્રદ્ધા અનુસાર ફળ આપતા હતા. (૩૩-૩૪).

દ્રાવિડ અને તેલંગ વગેરે પ્રદેશોમાં તો લોકો શ્રીગુરુને સાક્ષાત્ ભગવાન જ છે એમ માનતા હતા. (૩૫). મોટા મોટા શાસ્ત્રીઓ, પંડિતો, મહાન વિદ્વાનો અને બીજા અસંખ્ય લોકો દર્શને આવતા હતા જેને પરિણામે ભારે ભીડ જામતી હતી. (૩૬). લીલાવતારી શ્રીગુરુની ખૂબ જ ખ્યાતિ ફેલાઇ ગઇ. એ જાણીને શ્રીગુરુ કોઇ ન જાણે એ રીતે ત્યાંથી નીકળી જઇને જંગલને રસ્તે ઉત્તર દિશામાં ચાલવા લાગ્યા અને મંથનકાલેશ્વર તરફ આવી પહોંચ્યા. (૩૭-૩૮).

એ સમયે નરસોબા વાડીમાં દત્તુ દીક્ષિત નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેને સીતાબાઇ નામની એક દીકરી હતી. (૩૯). એને ભિલ્લવાડી ગામમાં પરણાવી હતી. પતિની સેવા કરવામાં ખૂબ જ હોશિયાર હોવા છતાં એ કાળી હોવાને લીધે એના પતિએ બીજી વારનાં લગ્ન કર્યાં હતાં. એ દીક્ષિતની દીકરી ખૂબ જ શ્રદ્ધાળુ હતી. (૪૦-૪૧). એને પહેલાં એક વાર શ્રીગુરુમૂર્તિનું દર્શન થયું હતું. ત્યારથી એમને દેવસમાન માનીને ગુરુભજનમાં તલ્લીન રહેતી હતી. એક વાર ગુરુનાથ ધૂળમાં ચાલતા હતા ત્યારે એમના પગની સાક્ષાત્ છાપ (મુદ્રા) જે સ્થળે પડી હતી ત્યાંથી થોડીક ચરણધૂલિ લઇને ડબ્બીમાં ભરી રાખી અને એનું ભક્તિભાવથી પૂજન કરતી હતી. (૪૨-૪૪).

અન્ન અને વસ્ત્ર વગેરે જીવનના ગુજરાન માટે એના પતિએ ત્યાં એને જે કંઇ થોડી ઘણી જમીન આપી હતી તેમાં જુવાર વાવીને પેટનું ગુજરાન ચલાવતી હતી. એક વાર એવું બન્યું કે જ્યારે જુવાર પાકીને તૈયાર થઇ ત્યારે બધી જુવાર કાપીને એ ધાન્યનો ખળામાં ઢગલો કર્યો હતો. ત્યાં તો એકદમ ગાજવીજ સાથે ત્યારે મૂશળધાર વરસાદ પડવા માંડ્યો. (૪૫-૪૮). વરસાદ પડતો જોઇને સીતાબાઇ ગભરાઇ ગઇ અને જોરજોરથી રડવા લાગી અને કહેવા લાગી કે હે દેવ ! અરેરે ! મારું બધું અનાજ બગડી જશે તો પછી હું આખું વરસ કેવી રીતે પસાર કરીશ? એટલામાં એને એકદમ યાદ આવ્યું કે આ જગતમાં અત્યારે મને ગુરુજી વિના મદદ કરનારું કોઇ નથી. એમ વિચારીને એણે પોતાની પૂજામાં રાખેલી ગુરુની ચરણરજની ડબ્બી કાઢી અને એમાંથી થોડીક ચરણધૂલિ લઇને ખળાની ચારે બાજુ ઝપાટાબંધ તરત જ નાંખી દીધી અને બે હાથ જોડીને શ્રીગુરુની બાધા રાખી કે હે ગુરુમૂર્તિ ! આ વખતે આ સંકટમાંથી તું જો આ દીકરીને બચાવી લેશે તો ત્યાં વાડીમાં તરત જ આવીને આ અબળા તે જ ક્ષણે દેવની મહાપૂજા કરાવીને બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવશે. (૪૯-૫૫).

આવી બાધા રાખીને અને હૃદયમાં શ્રીગુરુનું ધ્યાન ધરીને, એમનું સ્મરણ કરતી એ ત્યાં બેઠી. (૫૬). ત્યાં એવો ચમત્કાર થયો કે તે સમયે આખા ગામમાં બીજી બધી જ જગ્યાએ વરસાદ પડતો હોવા છતાં એ બાઇના ખળામાં વરસાદની એક ધાર પણ પડી નહીં. ત્યારે આવો ચમત્કાર જોઇને સીતાબાઇએ આનંદથી દત્તના નામનો ઊંચા સ્વરે વારે ઘડીએ જયઘોષ કર્યો અને મનમાં સંતોષ માન્યો.(૨) (૫૭-૫૯). વાડીમાં જઇને ગાંડા મહારાજને બધી વાત કરી અને એમની મંજૂરી લઇને રાખેલી બાધાનુસાર શક્તિ પ્રમાણે મહાપૂજા કરાવી અને બ્રાહ્મણોને ત્યાં

બ્રહ્મભોજન કરાવ્યું. (૬૦-૬૨).

એની અનન્ય નિષ્ઠા જોઇને ત્યારે ખરેખર દયાળુ શ્રીગુરુ સંકટો દૂર કરે છે. (૬૩). જે સાક્ષાત્ ત્રિમૂર્તિ છે એનો મહિમા તો કોણ સમજી શકે? જે મહિમા કહેતાં દેવ પણ થાકી જાય ત્યાં મનુષ્યની તો વાત જ શી ! (૬૪). જેની જેવી શ્રદ્ધા હોય તેવું ફળ તે પામે છે. આવાં તો કંઇ કેટલાંયે દષ્ટાંતો છે. એમાંથી એક હું તને કહું છું. (૬૫).

ધોંડોપંત કાલકુંદરીકર નામે શાહુકારનો વ્યવસાય કરતો એક બ્રાહ્મણશ્રેષ્ઠ બેળગામમાં રહેતો હતો. (૬૬). એ ખૂબ જ શ્રીમંત હતો અને પ્રસિદ્ધ એવો વિદ્વાન પણ હતો. એના પિતાનું મૃત્યુ થાય એવા ઉદ્દેશથી કોઇએ એના પિતા પર મારણ પ્રયોગ કર્યો. પરિણામે એ મરી જાત પરંતુ સદ્નસીબે ધોંડોપંતે માંત્રિક દ્વારા એનું તરત જ વારણ કરાવ્યું તેથી એના પિતાનું મૃત્યુ થયું નહીં. (૬૭-૬૯). એમ છતાં એનું બોલવાનું અટકી ગયું અને મગજ (ચિત્ત)માં ખરેખર બધી રીતે વિસ્મૃતિ આવી ગઇ. (૭૦).

એ ભૂલકણાપણાનું પ્રમાણ એટલું બધું વધી ગયું કે સંધ્યા કરતી વખતે જે ચોવીસ નામો હંમેશાં ક્રમમાં બોલવાનાં હતાં તે પણ એક પછી એક એને યાદ આવતાં ન હતાં. એટલે એ નામ યાદ કરાવી આપવા માટે ત્યાં બીજા માણસની કાયમ જરૂર પડતી હતી. કેશવ એવું બોલ્યા પછી નારાયણનું નામ એ વૃદ્ધ બ્રાહ્મણને યાદ આવતું નહીં. (૭૧-૭૩). એ વૃદ્ધની આવી કફોડી સ્થિતિ થઇ. તે વખતે શ્રીગુરુવર વાડીમાં આવ્યા છે એ વાત સાંભળીને ધોંડોપંત પિતાને લઇને વાડીમાં આવ્યા. એને જોતાંની સાથે જ શ્રીગુરુ બોલ્યા કે અરેરે ! આ વૃદ્ધ પર તો કોઇએ મારણપ્રયોગ કર્યો છે. જો કે જેણે એ મારણપ્રયોગ કર્યો છે તેની તો ખૂબ જ ભૂંડી હાલત થઇ ગઇ છે. (૭૪-૭૬). સદ્નસીબે તારા આ પિતા જીવતા રહ્યા છે. એ વચન સાંભળીને ધોંડોપંતે દંડવત્ પ્રણામ કરીને પ્રાર્થના કરતાં કહ્યું કે હે દયાના સાગર ! મારા પિતાની ઉપર કૃપા કરીને એ બોલી શકે અને એમની યાદશક્તિ પહેલાંના જેવી થાય એવો કોઇ ઉપાય કરો. એમ કહીને બંને જણા ફરીથી પગે લાગ્યા. (૭૭-૭૯).

શ્રીગુરુએ ત્યાં હસીને કહ્યું કે એને માટે આ સ્થિતિમાં રહેવું જ આખરે એના હિતમાં છે એવું માનજો. (૮૦). શ્રીગુરુનાં વચન સાંભળીને ખોટો આગ્રહ કરવાનું છોડીને, શ્રીગુરુનાં વચનમાં પ્રેમપૂર્વક વિશ્વાસ રાખીને દંડવત્ પ્રણામ કરીને એ પિતા સાથે ઘરે આવ્યા. એ વૃદ્ધનો મરણ સમય પાસે આવતાં એ વાત ગુરુકૃપાથી પહેલેથી જાણી જઇને એણે કહ્યું કે આજથી ત્રીજે દિવસે અહીં મારું મૃત્યુ થવાનું છે. પહેલે દિવસે આવું કહીને બીજે દિવસે એ વૃદ્ધે અગિયારસનો ઉપવાસ કર્યો અને ત્રીજે દિવસે બારસના રોજ કાલકુંદરીમાં લક્ષ્મીનારાયણના મંદિરમાં ભાવથી દર્શન કરવા ગયો. ભાવપૂર્વક દર્શન કરીને પછી લક્ષ્મીનારાયણની પ્રેમથી સ્તુતિ કરી. (૮૧-૮૬). પછી એ વૃદ્ધે ભાવપૂર્વક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને સાથે આવેલા બ્રાહ્મણને પાછું પ્રેમથી કહ્યું કે મારે ભગવાન શંકરના દર્શને જવું છે. એ સાંભળીને એની સાથે જે બ્રાહ્મણ આવ્યો હતો તેણે ત્યાં કહ્યું કે અત્યારે આ ધોધમાર વરસાદ પડે છે એટલે તમને સાંજે દર્શન કરવા લઇ જશું. (૮૭-૮૯). એટલે એ ડોસો ફરી પાછો બોલ્યો કે હે બ્રાહ્મણ ! તો પછી મને ફરી એક વાર પ્રેમથી ભગવાનનું દર્શન કરી લેવા દે. એવું કહીને તરત જ દેવની પાસે જઇને ડોસાએ ત્યારે બે હાથ જોડીને હૃદયમાં મૂર્તિનું ધ્યાન ધર્યું અને પ્રેમથી દંડવત્ પ્રણામ કરીને તે જ ક્ષણે 'હે ગોવિંદ હરે' એમ બોલીને ત્યાં જ પ્રાણ છોડી દીધા ! હે શિષ્ય ! ત્યાં આવું કૌતુક થયું ! ખરેખર ! એ ડોસો ખૂબ જ ભાગ્યશાળી હતો.[૩] (૯૦-૯૩).

ઘણો સમય થવા છતાં એ ડોસો બહાર ન આવ્યો એટલે સાથે આવેલા બ્રાહ્મણે ત્યાં જઇને જોયું તો ત્યાં એનું શબ(પ્રેત) પડ્યું હતું. એટલામાં જ અનાયાસે ત્યાં ક્ષણવારમાં ધોંડોપંત આવી પહોંચ્યો. (૯૪-૯૫). પિતાની બધી ઔર્ધ્વદૈહિક ક્રિયા આનંદથી અને વિધિપૂર્વક કરી. આ પ્રસંગ શ્રદ્ધાનું ફળ સૂચવે છે. (૯૬). એ વૃદ્ધનું પુણ્ય પણ અનેકગણું હતું જેથી ગુરુકૃપાથી એનો અંતકાળ ઉત્તમ રીતે આવ્યો. (૯૭).

હે ઉત્તમ શિષ્ય ! આ રીતે ગુરુમૂર્તિનાં વચનમાં વિશ્વાસ રાખીને કંઇ કેટલાય અહીં ખાસ તરી ગયા. (૯૮). શ્રીગુરુમૂર્તિ એ નક્કી દત્તાત્રેય જ છે અને માનવવેષે લીલા કરી રહ્યા છે. એમનાં દર્શન માત્રથી વિઘ્ન ટળી જાય છે અને જન્મનાં દુ:ખો પણ નાષ્ટ થઇ જાય છે. (૯૯).

જંગલના રસ્તે ફરતા ફરતા જ્યાં ગોદાવરીને વૈનગંગા નદી મળે છે ત્યાં મંથનકાલેશ્વર નામના ગામે સંન્યાસીઓમાં સાક્ષાત્ ઇંદ્ર સમાન શ્રીગુરુ ગયા. ત્યાંની લીલા પણ અદ્ભુત છે પરંતુ એ બધી લીલા કોણ સમજી શકે એમ છે? (૧૦૦-૧૦૧).

એ સાંભળીને નિરંજન જે બોલ્યો તેનું વર્ણન આગળ ઉપર આવશે. એ પ્રેમથી સાંભળવા-મનમાં ધીરજ રાખો એમ **રંગ** કહે છે. (૧૦૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'શ્રદ્ધાફળકથન'** નામનો **એકસો સાડત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૧૩૭

(૧) પિશાચયોનિ એ હકીકત છે કે કલ્પના છે એવી મૂંઝવણ ઘણાના મનમાં થતી હોય છે. પણ સ્વામી મહારાજના લીલા પ્રસંગોમાં આવતી વાતો વાંચીને ખાતરી થાય છે કે પિશાચયોનિ છે. પૂ.શ્રીએ પણ 'દત્તબાવની'માં લખ્યું જ છે કે 'ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર'. પૂ.શ્રીનાં ચરણોમાં અનેક વિદ્વાનોએ શીશ ઝુકાવ્યાં હતાં તો તેઓ ખોટું તો ના જ લખે ને ! સંત તુલસીદાસજીના જીવનમાં પ્રસંગ આવે છે કે ભૂતે જ તેમને હનુમાનજીનાં દર્શન કરાવ્યાં હતાં. જાણીતા અંગ્રેજ કવિ શેક્સપિયરના નાટકમાં પણ ભૂતનો ઉલ્લેખ આવે જ છે. માટે ભૂતના અસ્તિત્વ અંગે કોઇની ખોટી વાતોમાં આવીને શાસ્ત્રની ટીકા કરવી નહીં અને શાસ્ત્રોને ઉતારી પાડવાની ખોટી ઘેલછા કે ગાંડપણ પણ કરવાં નહીં.

(૨) 'શ્રદ્ધા ચાહે સો કરે' અને કાચા ઘટની જેમ શ્રદ્ધા વગર પણ કાંઇ મેળવી શકાતું નથી એ સાચી વાત છે. તુલસીદાસજી શ્રદ્ધાને પાર્વતી અને વિશ્વાસને ભગવાન શંકર તરીકે ઓળખાવે છે. શ્રદ્ધા, વિશ્વાસ અને એકનિષ્ઠા કેળવનારને ઘણો લાભ થાય છે અને પરમ તત્ત્વ એની શ્રદ્ધાને અનુરૂપ ચમત્કાર કરે જ છે. શુદ્ધ અંત:કરણમાં જન્મેલી ઊંડી શ્રદ્ધા ઘણું બધું મેળવી આપે છે.

(૩) દોહરો ૯૨ એ વ્યક્તિના પવિત્ર જીવનની પારાશીશી સમાન છે. વ્યક્તિનું મૃત્યુ એના સમગ્ર જીવનનું પ્રતિબિંબ પાડે છે. કોઇ પણ જાતની તકલીફ વગર, ભગવાનના મંદિરમાં ઇશમૂર્તિનું ધ્યાન કરતાં કરતાં અને પ્રણામ કરતાં કરતાં પ્રાણનો ત્યાગ કરવાનું તો યોગીજનો માટે પણ સુલભ નથી. 'મરણે યા મતિ: સા ગતિ:' એ ન્યાયે એ વૃદ્ધ વિપ્રનું તો ખરેખર કલ્યાણ જ થઇ ગયું. આપણો પ્રાણપ્રયાણસમય પણ ભગવાન સાચવે એવી પ્રાર્થના.

●

## તું ભાવ ભક્તિ ને શ્રદ્ધા રાખી નારેશ્વરમાં જા

(રાહ : मैं भारतकी એક સન્નારી કી)

તું ભાવ ભક્તિ ને શ્રદ્ધા રાખી નારેશ્વરમાં જા,
તું ગુરુલીલામૃત ગા...ટેક.
તને રંગ પીલાવે અમૃત તે પી, બીજાને પણ પા...તું ગુરુલીલા.

તપ સંયમ પ્રેરે તેવી, ભૂમિ દર્શન કરવા જેવી,
જેનો હર એક કંકર શંકર, વહે નર્મદા મા...તું ગુરુલીલા.

'મા' રેવા વે'તી વે'તી, શ્રી ગુરુદેવ દત્ત કે'તી,
'દિગંબરા ! દત્ત દિગંબરા' ના મોર કરે ટહુકા...તું ગુરુલીલા.

કડવો પણ થાતો મીઠો, એવો લીમડો મેં ત્યાં દીઠો,
જીવન તારું મીઠું કરવા, ઝટ ઊભો થઇ જા...તું ગુરુલીલા.

**પાપીગણુ** રંગ શરણમાં, મૂકી માથું રંગ ચરણમાં,
પીધું ને પીવરાવ્યું અમૃત, બીક મોતની ના...તું ગુરુલીલા.

## અધ્યાય : ૧૩૮

આ અધ્યાયનું નામ **'સકામાનુષ્ઠાનરહસ્યકથન'** છે. આ અધ્યાયમાં **૧૦૫** દોહરા છે.

એ નિરંજન શિષ્યે બે હાથ જોડીને પૂછ્યું કે શ્રીગુરુરાય મંથનકાલેશ્વરમાં આવ્યા પછી શી લીલા થઇ? એ લીલા મને વિગતે કહો. એમ કહી ચરણોમાં વંદન કર્યા. પછી અલખે પ્રેમપૂર્વક કહ્યું કે તે એકદમ શાંત સ્થાન જોઇને શ્રીગુરુએ ત્યાં ચોમાસું કરવાનો વિચાર કર્યો પણ દત્ત ભગવાને કહ્યું કે ચોમાસાંને હજી વાર છે માટે અહીં રોકાવાનું નથી. આગળ જાવ. શ્રીગુરુએ વિનંતી કરી કે આ ઉપાધિરહિત સ્થાન છે તેથી મને અહીં રહેવા દો. ભગવાને કહ્યું કે આ ઘોર અરણ્યમાં રહેવું યોગ્ય નથી. દેવની આજ્ઞા થવા છતાં શ્રીગુરુએ માન્યું નહીં તેથી ગોરા સાહેબનું રૂપ લઇને અને હાથમાં લાકડી લઇને 'ચાલવા માંડ'ની આજ્ઞા કરી અને શ્રીગુરુ આગળ ગયા. (૧-૨૦).

શ્રીગુરુ મંથનકાલેશ્વરથી વૈનગંગા થઇને પછી પવની ગામે આવ્યા અને વિઠ્ઠલ મંદિરમાં મુકામ કર્યો. ત્યાં ભૈરવપ્રસાદ નામનો એક બ્રાહ્મણ આવ્યો. જન્મતાંની સાથે જ એની સંતતિ મૃત્યુ પામતી હતી અને પાંચમા સંતાનના શબને તો સુવાવડના ખંડમાંથી કોઇ જટાધારી બાવો ઉપાડી ગયો હતો. કોઇએ એને સ્વામી મહારાજનો સંપર્ક સાધવા કહ્યું. એની વાત સાંભળીને સ્વામી મહારાજે કહ્યું કે તમારા વંશનો જ કોઇ પુરુષ બ્રહ્મરાક્ષસ થયો છે અને તે આ બધું કરે છે. એના નિવારણ માટે શ્રીગુરુએ નારાયણબલિ કરાવવાનું અને વિષ્ણુસહસ્રનામના એક હજાર પાઠ કરાવવાનું કહ્યું. પછી એને એક યંત્ર આપી તેનું વિધિવિધાન સમજાવ્યું. આનાથી વંશવૃદ્ધિ થશે અને પિશાચપીડા દૂર થશે એમ કહ્યું. શ્રીગુરુના કહ્યા મુજબ કરાવ્યા છતાં સંકટ દૂર થયું નથી એવું જ્યારે શ્રીગુરુને કહ્યું ત્યારે શ્રીગુરુએ કહ્યું કે બ્રાહ્મણોએ યોગ્ય રીતે પાઠ કર્યા નથી. પછી શ્રીગુરુના કહેવા પ્રમાણે પાપભીરુ બ્રાહ્મણ પાસે પાઠ કરાવવાથી એ સંકટમુક્ત થયો. (૨૧-૭૫).

શ્રીગુરુ પવનીમાં હતા ત્યારે નારાયણ ઉકિડવે નામના સાવંતવાડીના બ્રાહ્મણે દત્તની આજ્ઞા પ્રમાણે શ્રીગુરુએ સંસ્કૃતમાં રચેલા 'શ્રીગુરુચરિત્ર'નો સ્વાહાકાર રચવાની મંજૂરી માગી. પરંતુ શ્રીગુરુએ આવા પુરાણનો સ્વાહાકાર ના કરાય એમ કહીને મંજૂરી ના આપી. નારાયણે એ ગ્રંથના દશ પારાયણ કરી અંતે બ્રહ્મભોજન કરાવ્યું. પછી શ્રીગુરુ ત્યાંથી ઉનકદેવ તીર્થમાં આવ્યા. (૭૬-૧૦૫).

શિષ્ય નિરંજને બે હાથ જોડીને ત્યાં કહ્યું કે શ્રીગુરુરાય મંથનકાલેશ્વરમાં આવ્યા પછી આગળ શી લીલા થઇ તે મને સવિસ્તર કહો. એવું બોલીને એણે ચરણમાં પ્રણામ કર્યા એટલે અલખ સ્નેહપૂર્વક બોલ્યા કે મંથનકાલેશ્વરના સ્થાનને એકદમ ઉપાધિરહિત અને તદ્દન એકાંતવાળું જોઇને શ્રીગુરુએ ત્યાં જ મુકામ કર્યો અને શાંતિથી વિચાર્યું કે આ વર્ષનો ચાતુર્માસ કરવાનું આ ઉત્તમ સ્થાન છે. આ સ્થાન સિવાય આવું એકાંત સ્થળ બીજું કોઇ નજીકમાં જણાતું નથી. (૧-૪). મનમાં આમ વિચારીને તે સ્થળે શ્રીગુરુ રહ્યા. એ જોઇને દત્ત ભગવાને તેમને

દષ્ટાંત (સ્વપ્નમાં આદેશ) આપ્યો કે આ વર્ષના ચોમાસાને હજી વાર છે માટે અહીં રહેવાનું ન રાખતાં તમે તાત્કાલિક આગળ ચાલવા માંડો. (૫-૬).

દત્તપ્રભુનાં એ વચન સાંભળીને બે હાથ જોડીને શ્રીગુરુએ કહ્યું કે હે પ્રભુ ! આપના કહેવા મુજબ આગળ જતાં ત્યાં લોકોની ઉપાધિ થશે માટે હું તો અહીં જંગલમાં જ ચાતુર્માસ કરીશ. એટલે ત્યાં દત્તપ્રભુએ કહ્યું કે અહીં આજુબાજુ ગાઢ જંગલ છે. આવા ભયાનક સ્થાનમાં ચોમાસું ના કર. માટે તું આગળ જા. (૭-૯).

દેવની આવી આજ્ઞા સાંભળવા છતાં પણ શ્રીગુરુએ લોકોની ઉપાધિની બીકે પ્રભુનું કહ્યું માન્યું નહીં. (૧૦). એટલે દત્તપ્રભુએ શું કર્યું? હાથમાં સોટી લઇને, ગોરા સાહેબનું રૂપ લઇને ત્યાં સાક્ષાત્ પ્રગટ થયા અને પાસે આવીને ક્રોધે ભરાઇને બોલ્યા કે "અલ્યા ! ઊઠ અને ચાલવા માંડ. તું જો હવે નહીં ઊઠે તો હું તને તરત જ મારવા માંડીશ. મને તારી કોઇ પરવા નથી. તું જલદીથી આ સ્થાન છોડી દે. નહીં તો આ લાકડી તૈયાર જ છે". એમ ક્રોધાયમાન થયેલું ઉગ્ર રૂપ જોઇને અને તેમનું ભાષણ સાંભળીને બે હાથ જોડીને શ્રીગુરુ તરત જ બોલ્યા કે હે દીનવત્સલ પ્રભુ ! હે રુદ્ર ! હે દયાના સાગર એવા દેવ ! હું તમારાં ચરણકમળમાં વંદન કરું છું. તમે તરત જ શાંત થાવ. (૧૧-૧૫).

આમ ત્યાં એમણે અનેક રીતે પ્રાર્થના કરી એટલે તે જ ક્ષણે એ રૂપ સૌમ્ય અને હાસ્યયુક્ત થઇ ગયું. (૧૬). ક્રોધ વિનાનું શાંત અને મનોહર એવું એ રૂપ જોઇને ફરી પાછા પગે લાગીને શ્રીગુરુમૂર્તિ બોલ્યા કે હે જગત્પતિ ! હું અહીંથી તરત જ આગળ જાઉં એવું તમે ઇચ્છો છો તો હું આગળ જતો રહીશ પણ હું લોકોની ઉપાધિથી છેક જ થાકી ગયો છું. તેમ છતાં તમારી આજ્ઞા મને માન્ય છે પણ મારી ટેક હવે તમારા હાથમાં છે.① (૧૭-૧૯). શ્રીગુરુ આવું બોલ્યા એટલે બોલતાંની સાથે જ સ્મરણમાત્રે હાજર થનાર દત્ત દયાઘન ભગવાન ત્યાં જ અંતર્ધાન થઇ ગયા. (૨૦).

એ બન્ને ખરેખર એક સ્વરૂપ જ છે છતાં પણ ભકતજનોને માટે વિવિધ પ્રકારે લીલા આચરી રહ્યા છે. (૨૧). મંથનકાલેશ્વર છોડીને ત્યાંથી શ્રીગુરુવર ધીમે ધીમે વૈનગંગાના તટે ફરતાં ફરતાં પવની ગામે આવી પહોંચ્યા અને એમણે ત્યાં વિઠ્ઠલ મંદિરમાં પ્રેમપૂર્વક મુકામ કર્યો. (૨૨-૨૩). એ વર્ષનું ચોમાસું એ સ્થાનમાં થયું. જ્યારે શ્રીગુરુ પવની ગામમાં હતા ત્યારે કાન્યકુબ્જ જાતિનો એક દુ:ખી બ્રાહ્મણ શ્રીગુરુના શરણે આવ્યો. (૨૪-૨૫).

એનું નામ ભૈરવપ્રસાદજી હતું અને એની અટક વાજપૈ હતી. નર્મદા કિનારે મંડલા મહારાજપુરનો એ રહેનારો હતો. એ બ્રાહ્મણ શ્રીમંત હતો પરંતુ બિચારાનાં સંતાનો જન્મતાંની સાથે જ મૃત્યુ પામતાં હતાં. તેથી એ ખૂબ જ દુ:ખી હતો. આ પ્રમાણે એનાં ચાર સંતાનો જન્મતાંની સાથે જ મૃત્યુ પામ્યાં હતાં. એનો પાંચમો દીકરો જ્યારે મૃત્યુ પામ્યો ત્યારે સુવાવડખાનામાં અચાનક એક જટાધારી અને પ્રચંડ શરીરધારી પુરુષ નિર્ભયપણે દાખલ થયો અને લોકોના દેખતાં જ ટોળામાંથી તાત્કાલિક તેના દીકરાનું પ્રેત (શબ)ને ઉઠાવીને એ અધમ માણસ તે જ ક્ષણે ત્યાં ને ત્યાં જ અલોપ થઇ ગયો. આવી અયોગ્ય ઘટના જોઇને એના માતા પિતા સહિત બધા લોકો ગભરાઇ જઇને કહેવા લાગ્યા કે જોતજોતામાં આંખ સામે કોઇ જટાધારી બાળકના પ્રેત (શબ) ઉઠાવીને લઇ ગયો. એને અહીં

શોધી કાઢો. એ અહીંયાં જ અદશ્ય થયો છે. નહિતર પ્રેત (મડદું) જાય ક્યાં? (૨૬-૩૩). આ રીતે આકુળવ્યાકુળ થઇને બધે સ્થળે તપાસ કરવા માંડી તો પણ મડદું કે જટાધારી કોઇ મળ્યું નહીં. (૩૪).

નર્મદા પરિક્રમાવાસી તરીકે તે સમયે શાસ્ત્રીઓ, પંડિતો, જ્યોતિષીઓ, બ્રાહ્મણો અને અતિ વિદ્વાન માણસો ત્યાં ફરતા હતા. આ બધો વૃત્તાંત ભૈરવપ્રસાદ તેમને કહેતો અને એમની સલાહ પૂછતો. (૩૫-૩૬). બધા એને એક જ વાત કહેતા કે આ ગૂઢ વાતમાં અમને કાંઇ સમજણ પડતી નથી તેમ છતાં અમે કહીએ તે ઉપાય કર. (૩૭). વાસુદેવાનંદ સરસ્વતી નામના જે સંન્યાસી છે તે સાક્ષાત્ દત્તના અવતાર છે. એમાં તું મનમાં શંકા કરીશ નહીં. (૩૮). એ સ્વામીને શોધી કાઢીને તું એના શરણે જા અને ત્યાં આ બધી વાત તું એમને કર. એ સંન્યાસીશ્રેષ્ઠ તને કોઇ ચોક્કસ ઉપાય બતાવીને તને દુ:ખમાંથી જરૂર છોડાવશે. એના જેવો સમર્થ બીજો કોઇ નથી. એ વાત સાંભળીને ભૈરવપ્રસાદ બ્રાહ્મણ શ્રીગુરુને શોધતો પવનીમાં આવી પહોંચ્યો અને શ્રીગુરુને દંડવત્ પ્રણામ કરીને અને પછી બે હાથ જોડીને બધી વાત કહી સંભળાવી. (૩૯-૪૧).

ત્યારે શ્રીગુરુમૂર્તિ બોલ્યા કે તમારા વંશમાં કોઇ એક પુરુષ કોઇ પણ કારણસર બ્રહ્મરાક્ષસ થયો છે. (૪૨). એ જ તારી સંતતિનો નાશ કરે છે અને જટાધારીનો વેશ લઇને એ જ આવ્યો હતો એ વાત તદ્દન ખરી છે. (૪૩). સુવાવડખાનામાં પણ પેસી જઇને એ જ પ્રેતને લઇ જઇને અદશ્ય થઇ ગયો હતો. (૪૪). આ બધી કરણી એની જ છે. એ જ ઘરનાં બધાંને હંમેશાં ત્રાસ આપે છે, એવું તું નિશ્ચિતપણે જાણી લે. (૪૫). તું જ્યાં સુધી એની ઇચ્છા પૂરી નહીં કરે ત્યાં સુધી એ તારી વંશવૃદ્ધિ નહિ થવા દે એ વાત તું માની લે. (૪૬). એ વાત સાંભળીને (ભૈરવપ્રસાદ) બ્રાહ્મણ બોલ્યો કે હે ગુરુનાથ ! મારા પર કૃપા કરો. હે તાત ! હું આપ કહેશો તે પ્રમાણે ચોક્કસ વર્તીશ. (૪૭).

ત્યારે એ દયાઘન બોલ્યા કે તને પિશાચ જે ત્રાસ આપે છે તે ત્રાસ દૂર કરવા માટે નારાયણબલિ કરાવ અને વિષ્ણુસહસ્રનામના એક હજાર પાઠ વિધિવિધાન સાથે સુવાવડખાનામાં અવશ્ય પૂરા કરાવીને પછી હે સદ્બુદ્ધિવાળા બ્રાહ્મણ ! કૃચ્છાદિક પ્રાયશ્ચિત વગેરે પણ વિધિવિધાનપૂર્વક કર એવું પ્રેમથી કહીને પછી એક યંત્ર આપીને અને એ અંગે બધું વિધિવિધાન સમજાવીને સચ્ચિદાનંદ શ્રીગુરુમૂર્તિ ફરી પાછા બોલ્યા કે હે બ્રાહ્મણ ! તું આ બધું યોગ્ય વિધિવિધાન અનુસાર કર જેથી તું એ પિશાચપીડામાંથી તરત જ મુક્ત થઇ જઇશ અને તારી વંશવૃદ્ધિ પણ થશે. શ્રીગુરુનાં એવાં વચન સાંભળીને, ગુરુનાં ચરણમાં વંદન કરીને એ બ્રાહ્મણ પોતાના ઘરે ગયો. (૪૮-૫૩). ગુરુની આજ્ઞાનુસાર નારાયણબલિ કરાવીને પછી વિષ્ણુસહસ્રનામના એક હજાર પાઠ, પાઠ દીઠ એક રૂપિયો દક્ષિણા આપીને બ્રાહ્મણ પાસે પ્રેમપૂર્વક કરાવ્યા. (૫૪-૫૫). આમ છતાં એ પિશાચનો ત્રાસ સહેજ પણ ઓછો થયો નહિ. તેથી બધાના દેવ સમાન શ્રીગુરુ આગળ જતાં જ્યારે ગરુડેશ્વર આવ્યા ત્યારે એ બ્રાહ્મણશ્રેષ્ઠે પાછા ત્યાં આવીને ગુરુનાં ચરણમાં એવી પ્રાર્થના કરી કે હે યતિવર ! મેં આપના કહ્યા પ્રમાણે બધું જ કર્મ કરાવ્યું તેમ છતાં પણ હે શર્વ ! મારું દુ:ખ દૂર થયું નથી. (૫૬-૫૮).

એટલે શ્રીગુરુએ કહ્યું કે તું જે પાઠની વાત કરે છે તે પાઠ બ્રાહ્મણોએ યોગ્ય રીતે કર્યા નથી એટલે તારા ઘરમાંથી હજી પિશાચ જતું નથી. એટલે ભૈરવપ્રસાદે કહ્યું કે હે ગુરુવર ! એમાં મારો શું વાંક? (૫૯-૬૦). હે યતિવર ! મેં તો બ્રાહ્મણને એક હજાર રૂપિયા આપીને શ્રદ્ધાપૂર્વક હજાર પાઠ કરાવ્યા હતા એ વાત સાચી છે. (૬૧). એ વખતે

ઘરનાં માણસો કહેતાં હતાં કે આ ખરાબ દાનતવાળા બ્રાહ્મણો બરાબર પાઠ કરતા નથી. એટલે મેં એ બ્રાહ્મણોને ખાસ ખખડાવ્યા હતા કે જો યોગ્ય રીતે પાઠ નહિ થાય તો એ બધો દોષ તમને લાગશે- તમારે માથે છે. એ નક્કી સમજજો. આવું કહેવા છતાં પણ જો બ્રાહ્મણ જે રીતે કરવા જોઇએ તે રીતે પાઠ ન કરે તો પછી મારે શું કરવાનું? (૬૨-૬૪).

ત્યારે એ દયાઘન બોલ્યા કે અહીં જે જે સકામ અનુષ્ઠાન સંકલ્પ મૂકીને કરવામાં આવે એમાં જો કંઇ ખામી આવે તો એનું ફળ મળતું નથી. માટે બની શકે તો આવાં બધાં સકામ અનુષ્ઠાન જાતે જ કરવાં અથવા ખાસ કોઇ સુપાત્ર અને ખોટું કરવાથી બીએ તેવા (પાપભિરુ) બ્રાહ્મણ પાસે આવું અનુષ્ઠાન કરાવવું જોઇએ. (૬૫-૬૭). શાસ્ત્રમાં આવું કહ્યું છે અને અનુભવીઓ પણ આમ જ કહે છે એટલે આમાં તારી દલીલ ચાલે એમ નથી.② (૬૮). તારું કર્મ સકામ જ છે અને તે યોગ્ય રીતે થયું નથી. એટલે તેં ખર્ચેલા પૈસા નકામા ગયા અને પેલી ઉપાધિ તો પાછી ચાલુ જ રહી. (૬૯). માટે કયાંકથી સુપાત્ર બ્રાહ્મણને શોધી કાઢીને હવે વિધિપૂર્વક ત્રિપિંડી શ્રાદ્ધ કર- ત્રણ બ્રાહ્મણોને ભોજન કરાવ. (૭૦). હે બ્રાહ્મણ ! એમ કરવાથી તારી ઉપાધિ દૂર થશે એમાં તું શંકા કરીશ નહીં. શ્રીગુરુનાં આવાં વચન સાંભળીને તરત જ એમને દંડવત્ પ્રણામ કરીને પોતાના ગામે જઇને ભૈરવપ્રસાદે તરત જ શ્રીગુરુના કહેવા મુજબ ખરેખર શ્રાદ્ધ વગેરે કરાવ્યું. (૭૧-૭૨). એમ કરવાથી એ મુશ્કેલીમાંથી મુકત થયો અને બધો ત્રાસ પણ દૂર થયો. એની વંશવૃદ્ધિ થઇ અને સાચે જ એ સર્વ સુખને પામ્યો. (૭૩).

શ્રીગુરુમૂર્તિ એ સ્વયં દત્ત છે એ તદ્દન સત્ય વાત છે. જગતનો ઉદ્ધાર કરવા માટે આ રીતે પૃથ્વી પર ફરતા રહીને આ રીતે એ શરણે આવેલાનાં સંકટો હરહંમેશ દૂર કરતા રહે છે અને ભકતોની મનની ઇચ્છા પ્રેમથી પૂર્ણ કરે છે. (૭૪-૭૫). આમ જયારે શ્રીગુરુ પવનીમાં હતા ત્યારે દૂર દૂરથી લોકો દર્શને આવતા હતા. (૭૬).

સાવંતવાડીમાં નારાયણ ઉકિડવે નામનો એક અતિ ધાર્મિક બ્રાહ્મણ રહેતો હતો. (૭૭). સ્વપ્નમાં આવીને શ્રીદત્તપ્રભુએ એને આજ્ઞા કરી કે વાસુદેવાનંદ સરસ્વતી દ્વારા સંસ્કૃત ભાષામાં રચાયેલો 'શ્રીગુરુચરિત્ર' સદ્ગ્રંથ છે. હે ભકત ! તેનો તું ભાવપૂર્વક સ્વાહાકાર કર. એવી આજ્ઞા સાંભળીને બીજે દિવસે સૂતી વખતે એણે દત્તપ્રભુને પ્રાર્થના કરી કે હે પ્રભુ ! આપે સ્વાહાકાર કરવાની મને આજ્ઞા તો કરી છે પણ મારી પાસે દ્રવ્ય (ધન) નથી. આમ છતાં આપ જેવી આજ્ઞા કરશો તેમ હું કરીશ. (૭૮-૮૧). ત્યાં એને વળી પાછો દષ્ટાંત (સ્વપ્નમાં આદેશ) થયો કે આ ગામનો ન્યાયાધીશ એ શ્રદ્ધાળુ બ્રાહ્મણ છે. હે ભકત ! એની પાસે જઇને સ્વાહાકાર કરવા માટેનું તું દ્રવ્ય માગ. એ તને તરત જ દ્રવ્ય આપશે. (૮૨-૮૩). બીજે દિવસે એ ન્યાયાધીશ પાસે ખાસ ગયો અને સ્વપ્નની વાત કહી. એ વાત સાંભળીને એ બ્રાહ્મણે કહ્યું કે તું તારી મેળે સ્વાહાકાર કર. હું તને દ્રવ્ય આપીશ. એ જ સમયે સાવંતવાડીમાં પ્લેગનો રોગચાળો શરૂ થયો. (૮૪-૮૫). એટલે એણે દત્ત ભગવાનને ફરી પાછું પૂછ્યું કે હવે પ્રભુ ! શું કરું? ત્યાં ફરી પાછો દષ્ટાંત (સ્વપ્નમાં આદેશ) થયો કે તું તારી મેળે સ્વાહાકારની શરૂઆત કરી દે. એ શરૂ થતાં તરત જ રોગની શાંતિ થશે એ વાતમાં શંકા ન કરીશ. (૮૬-૮૭). જયાં ભગવાને આવું કહ્યું એટલે તરત જ બીજા દિવસથી રોગની શાંતિ થઇ. એવું જોઇને ભકતે પવનીમાં શ્રીગુરુને વિગતે પત્ર લખીને સ્વાહાકાર માટે શ્રીગુરુની મંજૂરી માગી. શ્રીગુરુએ નારાયણને તરત જ જવાબ આપતાં જણાવ્યું કે પુરાણનો કયારેય પણ સ્વાહાકાર

થઇ શકે નહીં અને આ 'ગુરુચરિત્ર'નો ગ્રંથ એ ચોક્કસ પુરાણગ્રંથ જ છે. (૮૮-૯૧). માટે એનો સ્વાહાકાર કરવો નહીં. આમ શ્રીગુરુની પત્ર દ્વારા 'ના' આવતાં એ ગુરુભકત નારાયણે સ્વાહાકાર કર્યો નહીં. આ જોઇને દત્ત ભગવાને ફરી પાછું સ્વપ્નમાં સ્પષ્ટપણે કહ્યું કે જેમ કરવીરક્ષેત્રમાં જ્યોતિષ્મંતબુવા ભાગવતનો સ્વાહાકાર કરે છે તેમ હે સદ્બુદ્ધિવાળા ભકત ! તું પણ 'ગુરુચરિત્ર'નો સ્વાહાકાર કર. એટલે એ સદ્ભકતે ફરી પાછો વિનંતીપત્ર લખીને શ્રીગુરુની રજા માગી. (૯૨-૯૫). શ્રીગુરુએ ફરી પાછી ના લખી તેથી એ ગુરુભકતે ગુરુની આજ્ઞાને દેવની આજ્ઞા માનીને સ્વાહાકાર કર્યા વિના શ્રીગુરુ દ્વારા વિરચિત એ સંસ્કૃત 'ગુરુચરિત્ર'નાં દશ પારાયણ કર્યાં અને ભાવપૂર્વક બ્રહ્મભોજન કરાવ્યું. આ દષ્ટાંત દ્વારા શ્રીગુરુના ગ્રંથોની પૂર્ણ યોગ્યતા સાચે જ તરત જ ધ્યાનમાં આવી જશે. સ્વયં દત્ત ભગવાન જે ગ્રંથનો સ્વાહાકાર કરવાનું કહે તે વેદ સમાન ગ્રંથની કિંમત કોણ જાણી શકે? શ્રીગુરુનો શબ્દે શબ્દ વેદના અક્ષર સમાન છે એમાં કંઇ શંકા કરવા જેવું નથી.(૩) (૯૬-૧૦૦).

પવનીમાં આવી અવર્ણનીય લીલા કરીને ત્યાંથી ગાંડાબુવા સાથે ફરતાં ફરતાં શ્રીગુરુ ઉનકદેવ નામના તીર્થમાં આવ્યા. એ સાંભળીને નિરંજન બોલ્યો કે હે ગુરુ ! આ તીર્થ અહીં કેવી રીતે ઉત્પન્ન થયું એ વાત મને સવિસ્તર કહો. શિષ્યનાં એવાં વચન સાંભળીને ત્યાં અલખજીએ જે કહ્યું તેનું અનુસંધાન આગળ ઉપર છે. જ્યાં અમૃતની ધારા વર્ષે છે તેનું એક ટીપું પણ પીવાથી અસાર એવા (જન્મમરણનો) રોગ રહેશે નહીં. **રંગ** તો અહીં નિમિત્તમાત્ર છે બાકી બોલાવનારો તો એ જ છે. આ દુર્બળ મુખ તો શું બોલે? (એમાં) જીવનમાં બળ પૂરનારો તો એ જ છે એમ **રંગ** કહે છે. (૧૦૧-૧૦૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'સકામાનુષ્ઠાનરહસ્યકથન'** નામનો **એકસો આડત્રીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૧૩૮

(૧) દોહરા ૩ થી ૧૯ ભગવાન અને ભકત વચ્ચેના સંબંધના દ્યોતક છે. પોતાના ઇષ્ટદેવનું કહ્યું પણ જ્યારે ભકત ન માને ત્યારે ભગવાન ભકતના કલ્યાણ માટે શું કરે તે સમજવા જેવું છે. પરંતુ ભગવાન સાથે એવો અક્ષુણ્ણ સંબંધ બાંધ્યો હોય ત્યારે જ આવું શકય બને.

(૨) જ્યારે સકામ અનુષ્ઠાન કરવાનું હોય ત્યારે નિયમનું બરાબર પાલન થવું જોઇએ. સામો પક્ષ યોગ્ય રીતે કાર્ય ન કરે તો ફળ મળતું નથી. યજમાન શ્રદ્ધાળુ હોય અને બ્રાહ્મણમાં વિશ્વાસ મૂકી નિર્દોષપણે પૈસા ખરચતો હોય તો પણ જો બ્રાહ્મણ યથાયોગ્ય પાઠ ન કરે તો પણ ફળ મળતું નથી. સારો બ્રાહ્મણ મળે અને એ બરાબર પાઠ કરે એ માટે ભગવાનની કૃપા માટે અવશ્ય પ્રાર્થના કરવી.

(૩) દોહરા ૭૮ થી ૧૦૦ સુધીની વાતને તબક્કાવાર સમજવા જેવી છે. સૌ પ્રથમ તો દત્તપ્રભુ પોતે પોતાના શિષ્યના ગ્રંથનો સ્વાહાકાર કરવાનું કહે છે. દ્રવ્યનો પ્રશ્ન ઊભો થયો તો દૃષ્ટાંત (સ્વપ્નમાં આદેશ) આપીને ન્યાયાધીશ પાસે જવાનું કહે છે. દ્રવ્ય અંગેની વ્યવસ્થા થઇ તો સાવંતવાડીમાં પ્લેગનો રોગચાળો શરૂ થયો. એવી કપરી સ્થિતિ પણ હલ થઇ જશે એવું દૃષ્ટાંત આપીને કહે છે અને રોગચાળો શાંત કરે છે. પોતાના ગ્રંથનો સ્વાહાકાર થઇ શકે નહીં કારણ કે એ પૌરાણિક ગ્રંથ છે તો દત્ત ભગવાન એનો વળતો ઉત્તર આપે છે. આમ છતાં શ્રીગુરુ બીજી વાર પણ ના કહે છે તો નારાયણ ઉકિડવે શ્રીગુરુની આજ્ઞા શિરોમાન્ય કરે છે અને શ્રીગુરુની આજ્ઞાનું પાલન કરે છે. દત્ત ભગવાનનો દૃષ્ટાંત હોવા છતાં આખરી સત્તા તો શ્રીગુરુની જ માની. દત્ત ભગવાનના દૃષ્ટાંતના વિકલ્પમાં એમણે સંસ્કૃતમાં રચેલા શ્રીગુરુચરિત્રનાં દશ પારાયણ કરી બ્રહ્મભોજન કરાવ્યું અને ભગવાનના દૃષ્ટાંતને પણ માન આપ્યું.

●

## અધ્યાય : ૧૩૯

આ અધ્યાયનું નામ '**આબાવિપ્રોજ્જીવન**' છે. આ અધ્યાયમાં **૬૪** દોહરા છે.

અલખે કહ્યું કે શરભંગ નામે એક ઋષિશ્રેષ્ઠ હતા. આ સ્થળે તેમનો આશ્રમ હતો. (૧). જ્યારે શ્રીરામ, લક્ષ્મણ અને સીતા વનવાસ ભોગવતાં હતાં ત્યારે તેઓ અહીં એમનાં દર્શને આવ્યાં હતાં. (૨). શરભંગ મુનિએ તેમને કહ્યું હતું કે હવે હું વૃદ્ધ થયો છું તેથી ઠંડા પાણીથી સ્નાન કરી શકતો નથી. તો તમે અગ્ન્યાસ્ત્ર છોડીને ગરમ પાણીના તીર્થનું નિર્માણ કરો. આ સ્થળ માહૂરગઢથી બે યોજન દૂર તળેટીમાં આવેલું છે. ત્યાં ઠંડા પાણીના અને ગરમ પાણીના એમ બે કુંડ છે. એમાં સ્નાન કરવાથી મરી ગયેલી ભૂખ પાછી ઊઘડે છે અને રોગીના રોગ જાય છે. (૩-૧૪).

આ સ્થાનમાં સ્નાન કરીને માહૂરગઢમાં આવીને શ્રીગુરુએ રેણુકા માતાનાં દર્શન કર્યાં અને અત્રિ તથા અનસૂયા માતાનાં દર્શન કરી ઇષ્ટદેવ શ્રીદત્તનાં દર્શન કરી પ્રેમથી વંદન કર્યું. (૧૫-૧૬).

પોતાની ઇચ્છા મુજબ શ્રીગુરુ ફરતા હતા ત્યારે અસંખ્ય લોકો ગામે ગામથી દર્શને આવતા હતા. એ સમય દરમ્યાન વાડીમાં શૂદ્રો દ્વારા બ્રાહ્મણોને હેરાનગતિ થતી હતી. ગંડૂ દીક્ષિત વગેરે ભકતોએ આવીને શ્રીગુરુને પ્રાર્થના કરી એટલે શ્રીગુરુએ કહ્યું કે હું તો આવી શકું નહીં પણ હું જે મંત્ર આપું તેનો શ્રદ્ધાપૂર્વક જાપ કરવાથી સંકટ દૂર થશે. એમ કરવાથી તેઓ સંકટમુકત થયા. (૧૭-૨૭). તીર્થોમાં ફરતા ફરતા શ્રીગુરુ દત્તજયંતી પર રેણાપુર ગામમાં આવ્યા. ત્યાંથી દત્તજયંતી કરીને ગોદાનદીના કિનારે ગંગામસલેં ગામમાં આવ્યા. શ્રીગુરુએ ના કહી હોવા છતાં આબા કુલકર્ણી નામનો એક ભાવિક ભકત શ્રીગુરુ સાથે નદીએ સ્નાન કરવા ગયો અને નદીનાં વમળમાં સપડાઇને તણાયો અને મૃત્યુ પામ્યો. શ્રીગુરુમૂર્તિએ દયાદૃષ્ટિથી એને જીવતો કર્યો. ગામમાં આવીને બ્રહ્મભોજન કરાવીને લોકોએ શ્રીગુરુનો જયજયકાર કર્યો. (૨૮-૪૮). આ વાત સાંભળીને ગામે ગામથી લોકો દર્શન માટે ઊમટવા માંડ્યા. તેથી કોઇ ન જાણે એ રીતે શ્રીગુરુ બારસી ગામે આવ્યા. વિષ્ણુભકત રાજા અંબરિષની આ રાજધાનીમાં આવીને દુર્વાસા સહિત વિષ્ણુ ભગવાનનાં દર્શન કરીને પછી પૃથ્વી પરના વૈકુંઠ સમાન પંઢરપુરમાં આવ્યા, જ્યાં પંઢરીનાથ વિરાજે છે. (૪૯-૬૪).

અલખે કહ્યું કે પહેલાંના સમયમાં શરભંગ નામે એક મહાન ઋષિ થઇ ગયા. આ સ્થળે તેમનો આશ્રમ હતો. (૧). જ્યારે ભગવાન શ્રીરામ સીતા અને લક્ષ્મણ સાથે વનવાસમાં હતા ત્યારે પવિત્ર કુટુંબમાં જન્મેલાં એ બધાં અહીં ઋષિનાં દર્શને આવ્યાં હતાં. (૨). ત્યારે શરભંગ ઋષિએ શ્રીરામને કહ્યું કે હવે હું ઘરડો થઇ ગયો છું અને મારા પૂર્વનાં સંચિત કર્મો અનુસાર મારા શરીરમાં મહાભયંકર રોગ થયો છે તેથી હે પ્રભુ ! મારાથી ઠંડા પાણીથી સ્નાન થઇ શકતું નથી. આપ આ બધું જાણો જ છો. માટે હે દેવ ! આપ અગ્ન્યાસ્ત્ર બાણ છોડીને એ બાણથી

સર્વતીર્થ સમા ગરમ પાણીના તીર્થને ઉત્પન્ન કરો (નિર્માણ કરો). (૩-૫).

ઋષિએ કરેલી પ્રાર્થના મુજબ શ્રીરામે અગ્ન્યાસ્ત્ર બાણ છોડીને ગરમ પાણીના તીર્થનું નિર્માણ કર્યું. (૬). અત્યારે બધા લોકો આ સ્થળને ઉનકદેવ કહે છે. હે સુજ્ઞ શિષ્ય ! આવું આ સુંદર તીર્થ માહૂરગઢથી બે યોજન દૂર તળેટીમાં આવ્યું છે. અહીં ગરમ પાણીનો એક અને ઠંડા પાણીનો બીજો એમ બે કુંડ આવેલા છે. આ બન્ને અતિશય સુંદર છે. એમાંથી રાતદિવસ અખૂટ પાણી વહ્યા કરે છે. (૭-૯). ગરમ પાણીનો જે કુંડ છે તેનું પાણી સ્નાન કરી શકાય એવું ગરમ છે અને ખૂબ જ ચોખ્ખું છે. (૧૦). ત્યાં પાણીમાં કોઇ રીતે દુર્ગંધ આવતી નથી અને એની અંદર થોડી વાર બેસવાથી શરીર હલકું થઇ જાય છે અને મરી ગયેલી ભૂખ પાછી ઊઘડે છે. જો એ પાણીમાં રોગીને થોડો સમય બેસાડી રાખીએ અને પછી એ કુંડના પાણીની બહાર લઇ આવી વસ્ત્ર વગેરેથી ઢાંકી દઇને સુવડાવવામાં આવે તો એના શરીરમાંથી પસીનો છૂટીને શરીરની **જડતા** (લકવા વગેરેથી થએલ જડત્વ) નીકળી જાય છે અને દેહ હલકો થવાથી રોગીને પણ આરામ થાય છે. (૧૧-૧૪).

આ તીર્થમાં સ્નાન કરીને શ્રીગુરુએ માહૂરગઢ આવીને તરત જ રેણુકા માતાનાં દર્શન કર્યાં. (૧૫). અત્રિ અને અનસૂયાને ભાવપૂર્વક વંદન કરીને શ્રીદત્તપ્રભુનાં ચરણકમળમાં પ્રેમપૂર્વક પ્રણામ કર્યા. (૧૬). આમ શ્રીગુરુ પોતાની ઇચ્છા પ્રમાણે ફરતા હતા ત્યારે શ્રીગુરુનાં દર્શને ગામોગામથી અસંખ્ય લોકો આવતા હતા. (૧૭). બધા શોકને હરી લે તેવી ‘અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત !’ની અખંડ ગર્જના લોકો ભાવપૂર્વક શ્રીગુરુની પાસે કરતા હતા. (૧૮). ગામે ગામ બધે હંમેશાં આરાધના થતી હતી અને શ્રીગુરુનાં દર્શનથી લોકોને આનંદ થતો હતો. (૧૯).

એ સમયે વાડીના બ્રાહ્મણોને શૂદ્રો તરફથી બહુ હેરાનગતિ થતી હતી. તેથી ગંડૂ દીક્ષિત વગેરે વાડીના લોકો તરત જ શ્રીગુરુની પાસે આવીને વંદન કરીને ત્યાં બનેલી બધી જ બીના કહી સંભળાવીને વિનયપૂર્વક પ્રાર્થના કરીને કહેવા લાગ્યા કે હે ગુરુરાય ! કૃપા કરીને વાડીમાં આવીને અમારા બ્રાહ્મણો ઉપરનાં સંકટો દૂર કરો. (૨૦-૨૨).

એ સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે હું દત્તપ્રભુની આજ્ઞા વગર આમ ક્યાંય પણ આવી શકું નહીં, છતાં હું કહું તેમ કરો. (૨૩). હું તમને જે મંત્ર બતાવું તેનો તમે એકાગ્ર ચિત્તથી શ્રદ્ધા સાથે જાપ કરો. એનાથી થોડા જ દિવસમાં ચોક્કસ ઉપાધિ ટળી જશે. એમ કહીને તરત જ પ્રેમપૂર્વક વિધિવિધાન સાથે એક મંત્ર કહ્યો. (૨૪-૨૫). પછી એ બધા ભાવપૂર્વક દંડવત્ પ્રણામ કરીને પાછા ગયા અને વાડીમાં આવીને શ્રીગુરુના કહ્યા મુજબ એ મંત્રનું અનુષ્ઠાન શરૂ કર્યું. એને કારણે તરત જ એ સંકટ ત્યાં દૂર થયું. આ વાતમાં તું મનમાં શંકા કરીશ નહીં. (૨૬-૨૭).

તીર્થોમાં ફરતાં ફરતાં શ્રીગુરુ રેણાપુરમાં આવીને ત્યાં દત્તજયંતી ઊજવીને ગોદા નદીના કિનારે આવેલા ગંગામસલેં નામના ગામમાં આવ્યા અને ત્યાં થોડા દિવસ પ્રેમથી રહ્યા. (૨૮-૨૯). ત્યાં ઘણા લોકો દર્શન માટે ભેગા થયા. ત્યારે એ બધાને શ્રીગુરુએ પ્રેમથી કહ્યું કે હું ગંગાજી (ગોદાવરી-ગંગા)માં સ્નાન કરવા જાઉં ત્યારે મારી સાથે કોઇએ આવવું નહીં. બધાને આ પ્રમાણે આજ્ઞા કરીને શ્રીગુરુ ગાંડાબુવાને સાથે લઇને ગણપતિના મંદિરની પાસે ગંગામાં ઊતરીને સ્નાન કરવા લાગ્યા. (૩૦-૩૨). શ્રીગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને કેટલાક લોકો ત્યાં દોડતા આવ્યા. (૩૩).

એ ટોળામાં આબા કુલકર્ણી નામનો એક રેણાપુરનો રહેનારો ભોળો અને ભાવિક ભકત પણ હતો. (૩૪). ગંગા નદીના પ્રવાહમાં નહાવા માટે પડતાંની સાથે જ વમળમાં સપડાઇને એ ગોદા નદીના પૂરમાં એકાએક ડૂબવા લાગ્યો. એ જોઇને એને કાઢવા માટે લોકો તરત જ દોડ્યા. એને મહેનત કરીને બહાર કાઢ્યો તો ખરો પણ એ બીચારો એટલા સમયમાં મરી ગયો હતો. એનું શબ જોઇને શ્રીગુરુ બોલ્યા કે ગાંડા ! તેં અહીં જોયું ને ! આ લોકો કેવી ઉપાધિ કરે છે ! આમાં હવે મારે શું કરવાનું? એ સાંભળીને ગાંડાબુવા બોલ્યા કે આપશ્રીની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું તેનું આ ફળ એ પામ્યો છે. એમાં આપણે શું કરી શકીએ? એ કરુણ દશ્ય જોઇને દયાની મૂર્તિ સમા એ ગુરુરાય અંતરમાં દ્રવી ઊઠ્યા. પ્રેત (શબ)ની પાસે જઇને પ્રેત તરફ તે જ ક્ષણે અમીદષ્ટિથી જોઇને કમંડલમાંથી જળ લઇને જેવું પ્રેત ઉપર છાંટ્યું કે ત્યાં તરત જ ચમત્કાર થયો.① (૩૫-૪૧).

શરીરમાં પાછા પ્રાણ આવ્યા અને તરત જ એ આબાનો શ્વાસોચ્છવાસ ચાલવા લાગ્યો. (૪૨). ત્યાં તરત જ સાવધાન થઇ જઇને એ ઊઠીને બેઠો થઇ ગયો. એ ચમત્કાર જોઇને લોકો આશ્ચર્યચકિત થઇ ગયા અને શ્રીગુરુનાં ચરણમાં દંડવત્ પ્રણામ કર્યા અને બે હાથ જોડીને સદ્ભાવથી જયજયકાર કર્યો અને 'અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત'ની અખંડ ગર્જના કરતા ત્યાંથી સાક્ષાત્ ગુરુશ્રેષ્ઠ સાથે બધા ગામમાં આવ્યા. આ ખુશાલીમાં ત્યાં આનંદથી બ્રાહ્મણભોજન કરાવીને પછી બધાએ પ્રસાદ-ભોજન- લીધું. (૪૩-૪૬).

લોકોમાં વાત ફેલાઇ ગઇ કે જે મડદાંમાં પ્રાણ પૂરી શકે તે બીજું શું ના કરી શકે? માનો કે ના માનો પણ આ ગુરુમૂર્તિ માણસ જેવા જણાય છે પણ સ્વયં સાક્ષાત્ દત્ત ભગવાન છે એ વાત નક્કી છે અને તેઓ 'કર્તુમ્, અકર્તુમ્ અન્યથા કર્તુમ્' સમર્થ છે. (૪૭-૪૮). આવી અભૂતપૂર્વ વાત સાંભળીને દૂર દૂરથી દર્શન માટે ટોળે ટોળાં ઊમટવાં માંડ્યાં. તેથી કોઇ ન જાણે તે રીતે શ્રીગુરુ એ ગામ છોડીને ફરતા ફરતા બારસી ગામે આવી પહોંચ્યા. (૪૯-૫૦).

બારસી ગામ એ અંબરિષ રાજાની પ્રખ્યાત રાજધાની છે જ્યાં પોતાના ભકતને દુર્વાસાના શાપથી મુકત કરવા માટે વૈકુંઠ છોડીને તરત જ વૈકુંઠનાથ દોડી આવ્યા હતા (૫૧-૫૨). અને રાજાના મહેલમાં જ્યાં પગટ થયા હતા તે સ્થળે હાલમાં વિષ્ણુમંદિર છે. (૫૩). પાસે દુર્વાસાનો આશ્રમ આવેલો છે. બારસી ગામે જઇને જે કોઇ ભગવાનની અને એમની સાથે દુર્વાસાની પૂજા કરે છે અને પોતાની શકિત અનુસાર બ્રહ્મભોજન કરાવે છે તે જન્મમરણના ફેરામાંથી તરત જ મુકત થાય છે. એવા પવિત્ર સ્થાનમાં ગાંડાબુવા સાથે ચિદ્ઘન સ્વરૂપ શ્રીગુરુએ આવીને દુર્વાસાને અને શ્રીહરિને બન્નેને સમાન ભાવે પ્રેમથી વંદન કર્યાં. (૫૪-૫૭).

ત્યાંથી શ્રીગુરુ પોતાની ઇચ્છાનુસાર સંક્રાંતિએ ભીમાતીરે પંઢરપુર આવ્યા. જ્યાં પુંડલીકને કારણે દ્વારિકાનાથ પાંડુરંગ સાક્ષાત્ આવીને ઇંટ ઉપર ઊભા રહ્યા હતા. (૫૮-૫૯). ખરેખર પંઢરપુર એ પૃથ્વી ઉપરનું વૈકુંઠ જ છે. ત્યાંની શોભા જોતાં બીજે જવાની ઇચ્છા જ થતી નથી. (૬૦).

અલખનાં એવાં વચન સાંભળીને ત્યાં નિરંજન બોલ્યો કે હે ગુરુ ! એ પુંડલીક કોણ હતો જેના નિમિત્તે શ્રીહરિ દ્વારકા છોડીને આ રીતે પંઢરપુર ગયા. એ સાંભળવા મારું મન ખૂબ જ આતુર છે. તમે મને બધું વિસ્તારપૂર્વક કહો. (૬૧-૬૨). શિષ્યની આવી પ્રાર્થના સાંભળીને દયાળુ અલખ જે બોલ્યા તેનું અનુસંધાન આગળના

અધ્યાયમાં છે, જે કેવળ અમૃત સમાન રસાળ છે. (૬૩). એને (પીવાનો) અધિકારી શ્રદ્ધાળુ શ્રોતા નિર્મળ હંસ જેવા છે (જેઓ કથામૃતરૂપી મોતી મેળવે છે) અને ધૂર્ત લોકો કાળા કાગડા જેવા છે જેમને (સંસારના છળકપટરૂપી) વિષ્ટા જ વહાલી લાગે છે એમ **રંગ** કહે છે. (૬૪).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'આબાવિપ્રોજ્જીવન'** નામનો **એકસો ઓગણચાલીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૧૩૯

(૧) શ્રીગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને આબા કુલકર્ણી નાહવા પડ્યો અને મૃત્યુ પામ્યો. આવી સ્થિતિ સંતને મૂંઝવે છે. ગાંડાબુવાના વલણમાં અને શ્રીગુરુના વલણમાં ફેર છે. આપની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું એટલે તેનું ફળ ભોગવવું પડે એ વ્યવહારુ વલણ છે પરંતુ સંત તો દયાના સાગર અને કરુણાથી ભરેલા હોય છે તેથી સામેનાનો દોષ જોવાને બદલે પોતાનાથી બની શકે એટલું કરી છૂટે છે. 'પરાનુગ્રહકાંક્ષયા'- બીજાનું ભલું કરવાની ઇચ્છાથી જ તેઓ ફરતા હોય છે અને તેથી સંતનું માન ભગવાન પણ રાખે છે.

●

## અધ્યાય : ૧૪૦

આ અધ્યાયનું નામ '**પંઢરપુરમાહાત્મ્યવર્ણન**' છે. આ અધ્યાયમાં **૧૦૫** દોહરા છે.

અલખ બોલ્યા કે હે શિષ્ય ! તું સાંભળ. પદ્મપુરાણમાં એવી કથા આવે છે કે એક વાર પાર્વતીજીએ શિવજીને પંઢરપુરનું માહાત્મ્ય પૂછ્યું અને શ્રીહરિ પંઢરપુર કેમ આવ્યા તે વાત પૂછી ત્યારે ભગવાન શંકરે કહ્યું કે હે પાર્વતી ! પંઢરપુરમાં જહ્નુ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. એ સાત્ત્વિક, સુશીલ, જ્ઞાની, સત્યવાદી, જીતેંદ્રિય અને ભગવદ્ભજનમાં રત રહેતો હતો. એની પત્ની સત્યકી મહાન પતિવ્રતા હતી. (૧-૫).

કમનસીબે એમને પુંડલીક નામે એક દુષ્ટ પુત્ર થયો. માતા પિતાને છોડીને પત્ની સાથે (જુદો) રહેતો હતો. મા-બાપને ગમે તેવા ખરાબ શબ્દો કહેતો હતો. ભાંડ ભવૈયા સાથે રમતો હતો. વૈશ્યાની સોબત કરતો હતો અને કોઇને પણ ગણકારતો ન હતો. માતા-પિતા પણ ત્રાસી ગયાં હતાં. એક વાર કાશીએ જતા એક સંઘમાં મા-બાપે જવાની ઇચ્છા વ્યકત કરી તો એ ગમે તેમ બોલ્યો. એનાં મા-બાપ એમની રીતે સંઘમાં ગયા. એ સંઘ પછી બીજો સંઘ આવ્યો તો પત્નીને આગ્રહ કરીને, બે ઘોડા મંગાવીને તેઓ સાથે કાશી જવા નીકળ્યાં. રસ્તે મા-બાપ મળ્યાં તો એમની મશ્કરી કરી બન્ને આગળ જવા નીકળી ગયાં. (૬-૧૯).

ભાગ્યવશાત્ કાશીનો રસ્તો ભૂલી એ કુક્કુટ મુનિના આશ્રમમાં પહોંચી ગયો. એ મુનિની માતા-પિતા તરફની અનન્ય ભક્તિને કારણે ગંગા, યમુના અને સરસ્વતી પોતાનો મેલ ધોવા અને પાવન થવા આશ્રમમાં આવીને મુનિની સેવા કરતાં હતાં. ત્રણે દેવીઓને પૂછતાં એમણે કુક્કુટ મુનિની માતૃભક્તિ અને પિતૃભક્તિનાં વખાણ કર્યાં. (૨૦-૬૮).

આ સાંભળીને પુંડલીકને ખૂબ જ પશ્ચાતાપ થયો. માતા-પિતા પાસે આવીને એણે માફી માગી અને પછી તેમને વિધિસર કાશીની યાત્રા કરાવી. પછી પંઢરપુર આવીને એણે કુક્કુટ મુનિની જેમ મા-બાપની ખૂબ સેવા કરવા માંડી તેથી શ્રીહરિ પ્રસન્ન થયા. એક વાર પુંડલીક માતાના પગ ધોવા બેઠો હતો ત્યારે શ્રીહરિ દર્શન આપવા આવ્યા તો પુંડલીકે એક ઇંટ ફેંકી અને તેના પર ઊભા રહેવા વિનંતી કરી. ભગવાન ત્યાં ઊભા રહ્યા તેથી તેમનું નામ વિઠ્ઠલ પડ્યું. અષાઢ મહિનાની અને કારતક મહિનાની સુદ એકાદશીએ હજારો લોકો પંઢરપુરની યાત્રાએ જાય છે. પંઢરપુર એ મહારાષ્ટ્રનું ડાકોર ગણાય છે. (૬૯-૧૦૫).

અલખ બોલ્યા કે હે શિષ્ય ! તું સાંભળ. પદ્મપુરાણમાં એવી વાત આવે છે કે એક વાર પાર્વતીજીએ શિવજીને પૂછ્યું કે હે નાથ ! મને કૃપા કરીને તમે પંઢરપુરનું માહાત્મ્ય વિસ્તારથી કહો અને શા માટે શ્રીહરિ પંઢરપુર આવ્યા તે પણ કહો. (૧-૨). શિવજી બોલ્યા કે હે પાર્વતી ! પંઢરપુરમાં જહ્નુ નામે અતિ સાત્ત્વિક, સુશીલ, જ્ઞાની, સત્યવાદી, જીતેંદ્રિય, સદા ભગવદ્ભજનમાં રહેનાર મહાન તપસ્વી એવો એક બ્રાહ્મણ રહેતો હતો. (૩-૪). એની

સત્યકી નામે એક પતિવ્રતા પત્ની હતી. તે પતિને દેવ માનીને તેની ઘણી સેવા કરતી હતી. (૫).

એને પુંડલીક નામે એક પુત્ર થયો. એનું સોળમે વર્ષે લગ્ન કર્યું. (૬). કમનસીબે એ નાલાયક નીકળ્યો. એ એવું ખરાબ બોલતો કે એનો જવાબ પણ આપી શકાય નહીં. માતાપિતાને ત્યજીને એ સ્ત્રીની સાથે સુખેથી જુદો રહેવા લાગ્યો.① (૭). લાજ શરમ વગરના માણસો સાથે એને સોબત થઇ અને એ અપશબ્દો બોલવા લાગ્યો. એ વેશ્યાની સોબતે ચઢી ગયો અને કોઇનું માન જાળવે નહીં. (૮). માતાને રાંડ કહે અને કહે કે તારું મુખ કાળું કર અને બાપને એમ કહે કે ઓ ગધેડા ! તું ક્યારે મરી જઇશ? (૯). આવી અમંગલ વાણી સાંભળીને માતા-પિતા એવું બોલતા કે આના કરતાં તો ભગવાન મોત આપે તો સારું. (૧૦).

પુત્રના ત્રાસથી બન્ને જણાં હંમેશાં ચિંતામાં ડૂબેલાં રહેતાં હતાં. એવામાં એક સંઘ પંઢરપુર થઇને કાશીએ જતો હતો. (૧૧). એ સંઘને જોઇને એ ઘરડાં મા-બાપે પુંડલીકને કહ્યું કે હે બેટા ! તું અમોને કાશીએ લઇ જા. અમોને ત્યાં જવાની ખૂબ ઇચ્છા છે. (૧૨). એ સાંભળીને પુંડલીક બોલ્યો કે આના કરતાં તમે મરી કેમ ન ગયાં? તમે જલદી જલદી સુખેથી ત્યાં જાવ એટલે હું પણ સુખી થઇ જાઉં. (૧૩). પુત્રનું આવું વચન સાંભળીને બન્ને વૃદ્ધો સંઘની સાથે કાશીએ જવા નીકળ્યા. ત્યાં તો તરત જ યાત્રિકોનો બીજો સંઘ એની પાછળ જ આવ્યો. એ સંઘ જોઇને પુંડલીકે એની પત્નીને કહ્યું કે હે પ્રિયે ! ચાલ આપણે બન્ને ખાસ કાશીએ જઇએ. મારી પાસે ઘણું જ દ્રવ્ય છે. તો ચાલને ! જોઇએ તો ખરા કે કાશી કેવી છે ! (૧૪-૧૬). એટલે એ બે ઘોડા લઇ આવ્યો. એક ઘોડા પર પોતે બેઠો અને બીજા ઘોડા પર નિશ્ચિંતપણે પત્નીને બેસાડી અને બંને જણાં એમ તરત જ કાશીએ જવા નીકળ્યાં. રસ્તામાં પગે ચાલીને જતાં મા-બાપ મળ્યાં. (૧૭-૧૮). એમને જોઇને એ નાદાન બુદ્ધિનો પુંડલીક મશ્કરી કરતો હોય એમ હસ્યો અને એમની રાહ જોયા વગર સત્વરે ઘોડો દોડાવી મૂક્યો. (૧૯). જ્યારે સંઘ કાશીની પાસે આવ્યો ત્યારે રસ્તો ભૂલીને એ દક્ષિણ તરફ આડે રસ્તે ચઢી ગયો અને પ્રારબ્ધવશાત્ કુક્કુટ નામના એક મહાયોગીના સુંદર આશ્રમમાં પહોંચી ગયો. (૨૦-૨૧).

હજી આજે પણ જેના નામનું સ્મરણ કરવાથી ખરાબ સ્વપ્નો આવતા બંધ થઇ જાય છે એવા એ મહાન સમર્થ મુનિનો મહિમા કોણ જાણી શકે એમ છે? (૨૨). એ મુનિ જ્ઞાનમાં બૃહસ્પતિ સમાન, તેજમાં નારાયણ સમાન અને તપમાં સાક્ષાત્ ભગવાન શંકર સમાન હતા. દર્શન માત્રે વિઘ્ન હરી લેતા હતા. (૨૩). રસ્તો ભૂલીને પુંડલીક પત્ની સાથે અને સમગ્ર સંઘની સાથે ત્યાં આશ્રમમાં આવ્યો. (૨૪). એ કુક્કુટ યોગી માતાપિતાના પરમ ભક્ત હતા. માતાપિતા સિવાય એ બીજા કોઇ દેવને જાણતા ન હતા. (૨૫).

એ રાતદિવસ માત-પિતાની સેવા કરતા હતા. સમય મળે ત્યારે એ બન્નેને શાસ્ત્ર સંભળાવતા હતા. (૨૬). એમને પોતે કદી ગંગાનાં કે વારાણસી-કાશીનાં દર્શન કર્યાં ન હતાં. પિતાની સેવામાં રત રહેવાથી એને ત્યાં જવાની બિલકુલ ફુરસદ જ નહોતી મળતી. ગંગા, યમુના અને સરસ્વતી ત્રણે સાથે રોજ જ એમના આશ્રમે આવતાં હતાં અને સવારના પહોરમાં આશ્રમ વાળીને અને ત્યાં પાણી છાંટીને કુક્કુટના આશ્રમની સેવા કરીને પાછાં જતાં રહેતાં હતાં. (૨૭-૨૯). એ (ત્રણે) જગતના પાપીઓના બધાં પાપ ધોઇને પોતે ગંદી (અશુદ્ધ) થતી હતી પણ આશ્રમમાં આવીને સેવા કરીને દિવ્ય સ્વરૂપવાળી થઇ જતી હતી. (૩૦).

આવા મહાસમર્થ એ કુક્કુટ યોગી હતા. એમના આશ્રમે પુંડલીકે આવીને મુકામ કર્યો હતો. (૩૧). ધર્મશાળાની એક બાજુએ પત્ની સાથે એનો પડાવ હતો જ્યારે બીજી બાજુ બીજા લોકોની સાથે એનાં મા-બાપે મુકામ કર્યો હતો. (૩૨). કુક્કુટ ઋષિને બારણે ઊભેલા જોઇને પુંડલિકે ત્યાં પૂછ્યું કે અહીંથી કાશી કેટલી દૂર છે? એટલે કુક્કુટ મુનિએ કહ્યું કે મેં કોઇ દિવસ કાશી જોઇ નથી અને ગંગાજી પણ કયાં આવ્યાં તેની મને જાણકારી નથી. (૩૩-૩૪). એમની આવી વાત સાંભળીને ખડખડાટ હસીને પુંડલીકે ત્યાં કહ્યું કે અહીં રહેવા છતાં તેં કાશી નથી જોઇ? (૩૫). તો તો તારો જન્મ ખરેખર એળે ગયો. આટલા પાસે રહેવા છતાં તું ગંગામાં નાહ્યો પણ નથી? અને એ કયાં આવી તે પણ જાણતો નથી? (૩૬).

કુક્કુટ મુનિ કશું જ બોલ્યા નહીં. એટલામાં સૂર્યાસ્ત થયો અને મધરાતે જ્યારે બધા લોકો ગાઢ નિદ્રામાં સૂતા હતા ત્યારે મેલાં અને નિસ્તેજ દેખાતાં ગંગા, યમુના અને સરસ્વતી ત્યાં માથા ઉપર ગાગર મૂકીને તરત જ ઝડપથી આવ્યાં. (૩૭-૩૮). ત્યારે પુંડલીક જાગતો હતો. એણે એમને દૂરથી જોઇ ત્યારે તો એ ત્રણેય ભૂતપ્રેત જેવી જણાતી હતી. (૩૯). ભયભીત થઇને એણે આશ્ચર્યપૂર્વક જોયું તો ત્યાં તો પેલી ત્રણેય આશ્રમ વાળીને અને પાણી છાંટીને આખા આશ્રમને લીંપતી હતી. એ કાર્ય પૂરું થતાં એમનાં બધાં કષ્ટો દૂર થઇ ગયાં અને એ ત્રણેય તરત જ દિવ્ય સ્વરૂપવાળી થઇ ગઇ અને પછી તે ત્રણેય સાવિત્રી, લક્ષ્મી અને પાર્વતીના જેવી હજાર કરોડ સૂર્યનાં તેજસમી શોભતી હતી. (૪૦-૪૨).

આ જોઇને પુંડલીકને મનમાં ખૂબ જ આશ્ચર્ય થયું. એણે દૂરથી જ પૂછ્યું કે હે માતાઓ ! આપ કોણ છો? (૪૩). આપ દિવ્ય સ્વરૂપવાળાં છો પછી અહીંયાં આવીને આવી કપરી સેવા કેમ કરો છો? ત્યાં આવાં વચન સાંભળીને ગંગાજી બોલ્યાં કે હે ચંડાલ ! તું દુષ્ટ છે અને તેથી આઘો જા. હે સાધુની નિંદા કરનાર ! હે પાપી ! તું અમને આમ ભ્રષ્ટ કરીશ નહીં- વટલાવીશ નહીં. (૪૪-૪૫).

હે દુર્બુદ્ધિવાળા ! તું ઝટઝટ અમારા રસ્તામાંથી ખસી જા અને વચ્ચેથી દૂર થા. અમારે પાછું જવાનું છે. હે ક્રૂર ! તું ત્યાંથી હઠી જા. (૪૬). આવાં વચનો સાંભળીને બીકનો માર્યો પુંડલીક ત્યાં ધ્રૂજવા લાગ્યો અને દોડીને એમનાં ચરણ પકડી લઇને બોલ્યો કે હે માતા ! મારો ઉદ્ધાર કરો. (૪૭). ત્યારે એ ત્રણે જણી બોલી કે હે બ્રાહ્મણ ! તું ઊઠ ! તું ઊઠ ! કરોડો જન્મોનું તારું પુણ્ય અત્યારે ફળ્યું છે અને તેથી જ તને અમારું દર્શન થયું છે એમ તું નિશ્ચયપૂર્વક સ્વીકાર. તારો ઉદ્ધાર થઇ ગયો છે એ વાતમાં તું શંકા કરીશ નહીં. (૪૮-૪૯). આ જન્મમાં તું ખરેખર દુષ્ટ છે પરંતુ તેમ છતાં પૂર્વજન્મનાં પુણ્યથી તને મહાસાધુ કુક્કુટ મુનિનું અહીં દર્શન થયું છે. (૫૦). એને કારણે આ જન્મનાં તારાં બધાં પાપો નાશ પામ્યાં છે અને તેથી તને અમારું દર્શન થયું છે. તારું બધું અજ્ઞાન દૂર થયું છે. (૫૧).

પુંડલીકે પૂછ્યું કે જેના તેજે સૂર્ય પણ શરમાઇ જઇને મોં છુપાવી દે છે એવી તમે ત્રણ જણી કોણ છો? (૫૨). એવું બોલીને એ ચરણે પડ્યો એટલે ત્રણે જણી બોલી કે અહીં અમોને ગંગા, યમુના અને સરસ્વતી કહે છે. (૫૩). ત્રણે લોકનાં પાપો ધોવાથી અમને મેલ ચોંટે છે. આ સ્થળમાં આવીને અમે વિના વિલંબે મેલ વિનાનાં- નિર્મલ-થઇએ છીએ. (૫૪). અહીં રોજેરોજ આવીને આ સાધુની સેવા કરીને અમારાં પોતાનાં પાપો તે જ ક્ષણે ધોઇ નાંખીએ છીએ. (૫૫). આ કુક્કુટ મુનિ મહાસમર્થ છે, એમની અગાધ એવી કીર્તિ છે. એમનો

મહિમા કોણ કહી શકે એમ છે? એમના નિર્મળ એવા મહિમાનું વર્ણન કરતાં તો વિધિ પણ થાકી જાય એમ છે. એટલે પુંડલીકે પૂછ્યું કે એમણે અહીંયાં એવું તે કયું મહાન પુણ્યકર્મ કર્યું છે? એટલે ત્યાં ગંગા બોલ્યા કે એના પૂર્વપુણ્યની વાત તો કોઇથી પણ થાય એવી જ નથી. (૫૬-૫૮).

આ જન્મમાં તેઓ ખૂબ જ સંતોષ થાય એ રીતે માબાપની સેવા કરે છે. માબાપની સેવા વિના એ બીજું દૈવત જાણતા નથી. માબાપની સેવા થકી તેઓ ખૂબ જ રાજીપો અનુભવે છે.② (૫૯). એ પોતાનાં મા-બાપને લક્ષ્મી અને વિષ્ણુ સમાન માનીને દિવસરાત એમની નિશ્ચિંતપણે સેવા કરે છે. (૬૦). મા-બાપની સેવાથી વધારે પુણ્ય બીજે કયાંય નથી. એમની સેવા આગળ તો કરોડો યજ્ઞોનાં પુણ્યની કોઇ વિસાત નથી- એ પુણ્ય કોઇ ગણતરીમાં નથી. પૃથ્વીની ત્રણ વાર પ્રદક્ષિણા કરવાથી અને કાશીની બે લાખ વાર પ્રદક્ષિણા ભાવપૂર્વક કરવાથી જે પુણ્ય મળે છે તે પુણ્ય હે પુંડલીક ! માતાને એક વાર પ્રણામ કરવાથી મળે છે તે તું જાણ. (૬૧-૬૩). ભાવપૂર્વક પિતાની સેવા કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને શ્રીહરિ સામે પગલે સન્મુખ આવીને ઊભા રહે છે. (૬૪). વેદશાસ્ત્ર એવું કહે છે કે માતાપિતા એ આ પૃથ્વી પરના હાજરાહજૂર દેવ છે. એ વાતમાં તું જરા પણ શંકા કરીશ નહીં. (૬૫). આખું વિશ્વ દાનમાં આપી દેવાથી પણ માતાપિતાનો ઉપકાર કલ્પને અંતે પણ વાળી શકાતો નથી એ વાત તદ્દન સાચી છે. (૬૬). જે પાપી માતાપિતાની નિંદા કરે છે તે દુષ્ટ જનમોજનમ નરકમાં પડે છે. (૬૭). એવાનું તો મોં પણ જોવું નહીં અને એ દુષ્ટ સાથે તો સ્વપ્નમાં પણ બોલવું નહીં. આવું સાંભળીને પુંડલીકને તરત જ અંતરમાં પસ્તાવો થયો અને તે ત્યાં જોરજોરથી રડવા લાગ્યો અને કોઇ પણ રીતે શાંત થતો ન હતો.③ (૬૮-૬૯).

એ વિચારવા લાગ્યો કે અરેરે ! આ મેં શું કર્યું ? મેં મારાં દેવ જેવાં મા-બાપને કષ્ટ આપીને નકામાં દુ:ખી દુ:ખી કર્યાં. (૭૦). મને મળેલો આ ઉત્તમ એવો મનુષ્યનો દેહ મેં એળે ગુમાવી દીધો. ખરેખર ! હું મહાદુષ્ટ છું. ઓ મા ! હવે હું શું કરું? (૭૧). ગંગાજી બોલ્યાં કે હે ઉત્તમ શરીરધારી ! હવે તું મા-બાપને શંકર અને પાર્વતી માનીને એમની સેવા કર. (૭૨). એમ કરવાથી હે ભાઇ ! શ્રીહરિ પ્રસન્ન થશે અને તું પણ ત્રિભુવનમાં પ્રખ્યાત થશે એવી અમારી તને શુભાશિષ છે. (૭૩). આવું બોલીને ત્રણેય જણી પોતાનાં સ્થાને પાછી ગઇ. પુંડલીકે કુક્કુટ મુનિનાં ચરણોમાં સ્નેહપૂર્વક વંદન કર્યાં. (૭૪). માતાપિતાની પાસે આવીને માફી માગી અને બન્નેને ઘોડા પર બેસાડીને એમને પ્રેમપૂર્વક તરત જ કાશીની વિધિપૂર્વક યાત્રા કરાવી અને પછી પોતાની સ્ત્રી સાથે પંઢરપુર આવીને કુક્કુટ મુનિની જેમ જ બન્નેને ભગવાન માનીને સેવા કરવા લાગ્યો. એનાથી ત્યાં પ્રસન્ન થઇને ભગવાન શ્રીકૃષ્ણ તરત જ પ્રગટ થયા.④ (૭૫-૭૭). જે વખતે પુંડલીક બારણાં તરફ પીઠ કરીને માતાના પગ ધોતો હતો તે વખતે ત્યાં ભગવાન આવીને કેડ પર હાથ મૂકીને પુંડલીકની પાછળ ઊભા રહ્યા. એમનું મુખ મંદ હાસ્યથી શોભી રહ્યું છે. એ ભકતની પ્રતીક્ષા કરી રહ્યા છે. (૭૮-૭૯). કરોડો સૂર્ય સમાન ઝગમગતું તેજ જોઇને ગભરાઇ જઇને પુંડલીકે પાછળ જોયું તો ત્યાં ભગવાનને જોયા. એ જોઇને એ આશ્ચર્યમાં ડૂબી ગયો. એની જમણા હાથની હથેલીમાં માતાના પગ હતા. એને ન હલાવતાં તેણે ડાબા હાથથી શ્રીહરિને બેસવા માટે પ્રેમપૂર્વક ઇંટ ફેંકી. (૮૦-૮૨). ત્યાં બન્ને પગ જોડેલા રાખીને- સાંવરા ઘનશ્યામ ઊભા રહ્યા છે અને આજે પણ પોતાના ભકતોની રાહ જોઇ રહ્યા છે. (૮૩).

શ્રીહરિ બોલ્યા કે હે પુંડલીક ! આ પૃથ્વી પર મેં તારા જેવો કોઇ બીજો ભકત જોયો નથી. તને પિતૃભકતને ધન્ય છે. (૮૪). જો ! હું તારી માતાપિતાની સેવાથી પ્રસન્ન થયો છું. હું તને વરદાન આપવા આવ્યો છું. તારે જે માગવું હોય તે તું માગી લે. (૮૫). માતાપિતાની સેવામાંથી પરવારીને પછી ભગવાન પાસે આવીને પુંડલીકે તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને પછી ગળગળા થઇ જઇને કહ્યું કે હે પ્રભુ ! જો તું મને વરદાન જ આપતો હોય તો તું અત્યારે અહીં જેવી રીતે ઊભો રહ્યો છે તેવી જ રીતે અનંતકાળ સુધી પ્રાણીમાત્રનો દર્શનથી ઉદ્ધાર કરતો તું અહીં જ ઊભો રહે એટલું જ પ્રેમથી માગું છું. (૮૬-૮૮).

જેને પહેલાં બધા લોકો લોહદંડના નામથી ઓળખતા હતા તે સ્થળ જયારથી શ્રીહરિ 'તથાસ્તુ' કહીને ત્યાં રહ્યા ત્યારથી પંઢરપુરના નામથી પ્રખ્યાત થયું. ત્યાં પુંડલીકના કારણે સ્વયં વૈકુંઠનાથ સાક્ષાત્ પાંડુરંગ કેડ પર હાથ મૂકીને જયારથી ઇંટ ઉપર ઉભા રહ્યા ત્યારથી એ વિઠ્ઠલ નામથી ખ્યાતિ પામ્યા. (૮૯-૯૧). પોતાના માથા ઉપર શિવલિંગ ધારણ કરીને શિવ-વિષ્ણુ વચ્ચેનો ભેદ દૂર કરતા અને સહુનો ખેદ હરતા એ ત્યાં ઊભા છે. (૯૨). યુગયુગથી ભુક્તિ અને મુક્તિ દેનારું, તીર્થોમાં મુકુટમણિ સમાન એ તીર્થ ચંદ્રભાગાને કિનારે આવેલું છે. (૯૩). શ્રીવિષ્ણુએ સ્વયં એ ક્ષેત્રને વરદાન આપતાં કહ્યું કે બ્રહ્માંડનાં બધાં જ તીર્થો મધ્યાહ્નના સમયે પ્રેમથી અહીં આવશે અને રોજેરોજ મારું દર્શન કરવાથી બધાંમાં જ્ઞાન અને ભક્તિની વૃદ્ધિ થશે. (૯૪-૯૫).

આવું પાવનકારી તીર્થક્ષેત્ર પંઢરપુર પ્રખ્યાત છે અને હીન અને દીન જનોનો દર્શન માત્રથી ઉદ્ધાર કરે છે. (૯૬). આ કથા સ્વયં ભોળાનાથ પાર્વતીને કહે છે અને અલખ નિરંજનને પ્રેમથી કહે છે કે હે સચ્છિષ્ય ! મેં તો તને એનો સાર માત્ર જ કહ્યો છે. આ પંઢરપુર એ ખરેખર પૃથ્વી ઉપરનું વૈકુંઠ છે એમાં સંદેહ કરવા જેવું નથી. (૯૭-૯૮).

અષાઢ મહિનાની અને કારતક મહિનાની સુદ અગિયારસે આજે પણ ટોળાબંધ- લાખો લોકો- ત્યાં પગે ચાલતા જાય છે. (૯૯). 'વિઠ્ઠલ ! વિઠ્ઠલ !' એવા નામની ત્યાં રાતદિવસ અખંડ ધૂન મચી જાય છે. યાત્રિકોનો તો પાર નથી હોતો અને મોટો મેળો જામી જાય છે. (૧૦૦). હાથમાં ધજાપતાકા લઇને ભકતજનો ગાતા ગાતા જાય છે અને મૃદંગ તાસાંના તાલે હંમેશાં નાચતા નાચતા જાય છે. (૧૦૧).

ખરેખર ! પંઢરપુર તો મહારાષ્ટ્રનું ડાકોર જ છે. ચંદ્રભાગા નદી અને ગોમતીનું સ્વરૂપ એ બન્નેને એકરૂપ જ જાણ.⑤ (૧૦૨). શ્રીગુરુવર ત્યાંથી ફરતા ફરતા પોષ સુદ તેરસે વાડીમાં આવ્યા અને પ્રેમથી પાદુકાને વંદન કર્યાં. (૧૦૩-૧૦૪). ત્યાં બ્રહ્માનંદ સ્વામીના મઠમાં ઊતર્યા. હવે પછી કેવળ રસની ખાણ સમાન અપૂર્વ વર્ણન આગળ આવશે એમ **રંગ** કહે છે. (૧૦૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'પંઢરપુરમાહાત્મ્યવર્ણન'** નામનો **એકસો ચાલીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

# પાદટીપ :

## અધ્યાય : ૧૪૦

(૧) પુંડલીકના પિતાનું વર્ણન કરતાં એના એક એકથી ચઢે એવા સાત સદ્‌ગુણો જણાવ્યા છે. પત્ની પણ પતિપરાયણ છે. આમ છતાં પુત્ર દુષ્ટ અને નાલાયક પાક્યો એ સૂચવે છે કે વ્યક્તિના વ્યક્તિત્વને ઘડતાં અનેક પરિબળો હોય છે. ધર્મ એને ઋણાનુબંધ કે પૂર્વજન્મનાં કર્મનાં ફળ તરીકે વર્ણવે છે. પતિ-પત્ની ભણેલાં હોય અને સંતાન ભણવામાં ઠોઠ નીકળી શકે. પરંતુ મા-બાપના પવિત્ર જીવનવ્યવહારની અસર પુત્રના જીવનમાં દેખાય જ છે એ પુંડલીકના જીવનનું પરિવર્તન સૂચવે છે.

(૨) આ અધ્યાય એ રીતે મહત્ત્વનો છે કે ઘરમાં રહીને, મા-બાપની સેવા કરીને પણ વ્યક્તિ પોતાના જીવનનો વિકાસ સાધી શકે છે એવો વ્યવહારુ અભિગમ દર્શાવાયો છે. ઘર છોડીને જંગલમાં જવાથી જ ભગવાન મળે છે એવું નથી. સેવા-સમર્પિત જીવનથી પણ વ્યક્તિ ઘણું બધું પામી શકે છે. પરંતુ આવું જીવન સંન્યાસીના જીવન કરતાં પણ અઘરું છે. સેવાધર્મ તો પરમ ગહન છે અને યોગીજનોને પણ અગમ્ય છે એવું અમસ્તું નથી કહેવાયું.

(૩) દોહરા ૬૦ થી ૬૮ રોજ વાંચવા જેવા છે. એના વ્યવસ્થિત અભ્યાસથી ઘરડાંઘરની સંખ્યા વધતી અટકાવી શકાય. પૂજ્યશ્રીએ આ દોહરા મુજબ જ પોતાનો જીવનવ્યવહાર ગોઠવ્યો હતો અને સમાજને માતૃભક્તિનો એક ઊંચો આદર્શ પૂરો પાડી દીધો છે. 'મૃગજળ નથી પણ દેખાય છે અને મા સાક્ષાત્ ભગવાન છે પણ દેખાતી નથી' એ વાક્ય સાચું અને સચોટ છે.

(૪) દોહરા ૬૯ થી ૭૭ **ત્રણ વાત** સ્પષ્ટ કરે છે. **પહેલું** તો સત્સંગનું ફળ. કુક્કુટ મુનિના આશ્રમમાં રહેવાથી જે ઘટના બની તે પુંડલીકના જીવનમાં પરિવર્તન લાવે છે. **બીજું** પશ્ચાત્તાપ. વ્યક્તિ ભૂલ કબૂલે અને પસ્તાવો કરીને જીવન સુધારે તો તે પણ પૂરતું જ છે. "સવારનો ભૂલો પડેલો સાંજે પાછો ઘરે આવશે તો એને ભૂલેલો કોણ કહેશે?" એ વિધાન ગુમરાહ વ્યક્તિને સારું જીવન જીવવા માટે ખુલ્લી તક આપે છે. 'અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્' (ગીતા- ૯/૩૦) એ ગીતા વાક્ય પણ ખોટું કરનારને સુધરવા માટેનું એક આવાહન જ છે. ત્રીજી વાત એ કે એક આજ્ઞાંકિત પુત્ર તરીકેની ફરજ બજાવવાનું પણ કેવડું મોટું ફળ મળે છે ! ખુદ ભગવાને પ્રગટ થવું પડે એવું આ કેવું મોટું સત્કાર્ય છે ! સરલ અને સહજ કાર્યને છોડીને આપણે કપરા અને અઘરા કાર્ય પાછળ દોડીએ છીએ તે બરાબર નથી. એટલે તો દત્તનામસ્મરણની શરૂઆત જ પૂ.શ્રીએ આ રીતે કરી :

વૃથા શાસ્ત્ર ને શસ્ત્ર કુટાવી મારે,<br>
વળી સ્નાન ને ધ્યાન યોગાદિ આ રે ।<br>
હરે વાવકૂવાદિ હા પ્રાણવિત્ત<br>
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥

(૫) અધ્યાય ૧૩૦માં ડાકોરનું માહાત્મ્ય અને અધ્યાય ૧૪૦માં પંઢરપુરનું માહાત્મ્ય છે. પંઢરપુર એ પૃથ્વી ઉપરનું વૈકુંઠ છે અને મહારાષ્ટ્રમાં આવેલું પંઢરપુર એ મહારાષ્ટ્રનું ડાકોર જ છે એમ કહીને પૂ.શ્રીએ આપણને કહી દીધું કે ડાકોર એ પૃથ્વી ઉપરનું વૈકુંઠ જ છે. ●

## અધ્યાય : ૧૪૧

આ અધ્યાયનું નામ **'શિંદેરોગહરણ'** છે. આ અધ્યાયમાં ૯૦ દોહરા છે.

અલખે કહ્યું કે શ્રીગુરુ વાડીમાં આવ્યા છે એવું જાણીને લોકો દર્શનાર્થે દોડ્યા. (૧). સૌભાગ્યવતી સ્ત્રીઓએ શ્રીગુરુનું પૂજન કરી પછી તેમની આરતી ઉતારી. (૨).

શ્રીગુરુ વાડીમાં હતા ત્યારે આનંદરાવ શિંદે કરીને એક ભક્ત દેવાજ્ઞાથી વાડીમાં આવ્યો અને પોતાના રોગની વાત કહી. પોતાને છ મહિનાથી સંગ્રહણી હેરાન કરતી હતી. એ પહેલાં વડોદરા હતો ત્યારે કફની તકલીફ થઇ અને એમાંથી ક્ષય રોગ લાગુ પડ્યો. ઘણી દવા કરવા છતાં કોઇ ફેર પડ્યો નહીં. આખરે ડોકટરોએ નિરાશ થઇને કહ્યું કે તમે તમારે ગામ જાઓ. તમે પાંચેક દિવસ જીવો તો પણ ઘણું છે. ગભરાઇને ભગવાનનું ધ્યાન ધરીને રાત્રે સૂતો હતો ત્યારે ભગવાને સ્વપ્નમાં વાડીમાં આપનાં દર્શને આવવાનું કહ્યું અને કહ્યું કે એમનાં દર્શનથી તારું મોતનું વિઘ્ન ટળી જશે. એટલે સવારમાં ઊઠીને વડોદરાથી પુના થઇ અહીં આવ્યો. (૩-૨૦).

શ્રીગુરુએ પૂછ્યું કે તમે દેવનો એવો તે શો અપરાધ કર્યો છે? ત્યારે એણે કહ્યું કે દત્તપ્રભુની આજ્ઞા હતી કે બ્રહ્મચારીબુવા સાથે નાશિક અને ઔદુંબરની યાત્રા કરી વાડીમાં આવવું. બ્રહ્મચારીબુવા એટલે કોણ તેની મને ખબર પડી નહીં. પરંતુ પછી ગાંડાબુવાનું સ્મરણ થયું. દેવાજ્ઞા પ્રમાણે યાત્રાએ જવાનું ગાંડાબુવા સાથે નક્કી કર્યું પણ કમનસીબે અવળા સંજોગો ઊભા થતાં એ પ્રમાણે થઇ શક્યું નહીં. શ્રીગુરુએ ગાંડાબુવાને કહ્યું કે શિંદેને દેવનો ત્રણ ત્રણ વાર દ્દષ્ટાંત (સ્વપ્નમાં આજ્ઞા) થવા છતાં એણે તારું કહ્યું માન્યું નહીં તેથી દેવની અવકૃપા થઇ છે. (૨૧-૭૩).

શિંદેને દત્તપાદુકા પાસે જઇ અપરાધની માફી માગી પાદુકા ઉપર મહારુદ્રાભિષેક કરાવવાની બાધા રાખવા કહ્યું. એ પ્રમાણે કરવાથી અને શ્રીગુરુએ જણાવેલું ઔષધ લેવાથી શિંદે ઉપાધિમાંથી મુકત થયો. શરણે આવેલાને શ્રીગુરુ વજ્રપંજર બનીને બચાવે છે. આખરે વ્યક્તિની શ્રદ્ધા જ મહત્ત્વની છે. આવી અનેક લીલા શ્રીગુરુએ વાડીમાં કરી. (૭૪-૯૦).

અલખ બોલ્યા કે વાડીમાં શ્રીગુરુમૂર્તિ આવ્યા છે એવું જાણીને લોકો આનંદમાં આવી જઇને દર્શન માટે દોડ્યા. (૧). બધી સૌભાગ્યવતી સ્ત્રીઓ ત્યાં અલંકારો પહેરીને અને પાંચ દિવેટની આરતી લઇને પ્રેમથી આવી. (૨). શ્રીગુરુનું ભાવથી પૂજન કરીને અને આરતી ઉતારીને પછી શ્રીગુરુનાં ચરણમાં પ્રેમપૂર્વક વારંવાર વંદન કરવા લાગી. (૩).

જયારે આ પ્રમાણે સમર્થ શ્રીગુરુરાય વાડીમાં હતા ત્યારે આનંદરાવ શિંદે નામનો વડોદરાનો નોંધણી કામદાર એવો એક ભાવિક ભક્ત દેવનો દ્દષ્ટાંત (સ્વપ્નમાં આજ્ઞા) થવાથી તરત જ ત્યાં વાડીમાં

આવ્યો. (૪-૫). શ્રીગુરુનાં ચરણમાં ભાવથી દંડવત્ પ્રણામ કરીને ત્યાં વિનયપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યો કે હે પ્રભુ ! આપના બાળક સમો હું અહીં ખૂબ જ દુઃખી છું. (૬). હે દયાના સાગર ! હું છ મહિનાથી રોગથી હેરાન પરેશાન થઇને રાત દિવસ દુઃખ ભોગવું છું. મારા જેવો બીજો કોઇ દુખિયારો નહીં હોય. (૭). મારાથી દેવનો કોઇ અપરાધ થયો છે અને તેથી દેવની નારાજગી થઇ હશે કે પછી પ્રારબ્ધ ભોગવવાનું હશે? (૮).

હાલ સંગ્રહણીને કારણે મને અત્યંત પરેશાની થાય છે. હે દેવ ! હું જ્યારે વડોદરામાં હતો ત્યારે મને અતિશય કફ થઇ ગયો અને મારી છાતી પાકી ગઇ હતી અને તેથી હે ગુરુવર ! રોજ શેર બશેર કફ પડતો હતો. (૯-૧૦). એમાંથી મને ભયંકર ક્ષયરોગ થયો. આજ સુધી મેં દાક્તરો અને વૈદ્યની ઘણી દવાઓ કરી પણ એનાથી રોગમાં સહેજ પણ ફેર પડ્યો નહીં. છેવટે બધા દાક્તરોએ ભેગા મળીને રોગની ચિકિત્સા-તપાસ-કરી અને બધાએ એકી મતે નિર્ણય કર્યો કે આ કેવળ અસાધ્ય રોગ છે અને આ બધા ઉપાયો નકામા છે. (૧૧-૧૩). દાક્તરોએ સલાહ આપી કે તમે તમારા વતનમાં જાઓ અને ત્યાં ચાર પાંચ દિવસ જીવો તો પણ ઘણું છે. એવાં વચનો સાંભળીને હે પ્રભુ ! હું ત્યાં ખૂબ જ ગભરાઇ ગયો. આખરે વિચાર્યું કે હવે દત્તપ્રભુ વગર બીજો કોઇ બચાવનાર નથી. (૧૪-૧૫). હવે મનુષ્યનો કોઇ પ્રયત્ન ચાલે એમ નથી. બધી બાજી ભગવાનના હાથમાં છે. ભગવાન ઉપર પછી પૂરો ભરોસો મૂકીને હે ગુરુનાથ ! એ રાત્રિએ શ્રીદત્તનું પ્રેમથી ધ્યાન ધરીને હું સૂઇ ગયો. તે જ રાત્રિએ સ્વપ્નામાં દેવનો દષ્ટાંત થયો કે તું તાત્કાલિક વાડીમાં જા. ત્યાં ગાંડાની સાથે વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ છે. એ યતિશ્રેષ્ઠનાં ચરણકમળનું શરણું લેતાં જ ખરેખર ! તારું આ મોતનું વિઘ્ન ટળી જશે. રોગની શાંતિ થશે એમ તું માન. એવો દષ્ટાંત થતાં જ સવારમાં ઊઠીને તરત જ ભત્રીજાને સાથે લઇને હું પૂનાથી સીધો અહીં આવ્યો છું. શરણે આવેલા આ દીનનો તાત્કાલિક ઉદ્ધાર કરો. (૧૬-૨૧).

શિંદેની એવી પ્રાર્થના સાંભળીને અતિદયાળુ શ્રીગુરુ બોલ્યા કે તમે દેવની એવી તે શી અવજ્ઞા કરી છે કે જેથી શ્રીહરિ તમારા ઉપર ખૂબ જ નારાજ થયા છે? એટલે શિંદે બોલ્યા કે હે દયાળુ ! હું નિત્ય નિયમ મુજબ ખરેખર જ્યાં દત્તપ્રભુનું ધ્યાન કરતો હતો ત્યાં જ દત્તપ્રભુની આજ્ઞા થઇ કે તું બ્રહ્મચારી બુવાને તારી સાથે લઇને તાત્કાલિક નાશિકક્ષેત્રમાં જા. ત્યાંની યાત્રા પૂરી કરીને પછી ત્યાંથી તરત જ ઔદુંબરે જા અને ત્યાંથી પછી વાડીમાં આવ. દત્તની એ આજ્ઞા સાંભળીને હે ગુરુનાથ ! હું મારા મનમાં ખરેખર ગૂંચવાયો કે આ બ્રહ્મચારી કોણ હશે? મારે કોને સાથે લઇને જવાનું છે? (૨૨-૨૭). એટલે હું વિચારમાં પડી ગયો. કમનસીબે તે વખતે મને ગાંડાબુવાનું સ્મરણ થયું નહીં, કારણ કે હે દયાળુ ! મેં એમને એક જ વાર જોયા હતા અને તેથી તેઓ યાદ આવ્યા નહીં. (૨૮-૨૯).

ત્યારે મેં દેવને પ્રાર્થના કરી કે હે દીનબંધુ ! મારે કોની સાથે જવાનું છે? અને એ બ્રહ્મચારી એટલે કોણ? (૩૦). બીજે દિવસે દત્ત ભગવાનનો દષ્ટાંત થયો કે વાસુદેવાનંદ સરસ્વતી નામે જે શાંત સંન્યાસી છે તેમનો ગાંડા બુવા નામનો જે શિષ્ય છે, તેની સાથે જા. તું અનુમાન કેમ કરે છે? (૩૧-૩૨). ત્રીજે દિવસે પણ હે પ્રભુ ! એવો જ દષ્ટાંત થયો તેથી મનમાં ગભરાઇને મેં ગાંડાબુવાને તરત જ પત્ર લખ્યો અને એમનો પણ તરત જ જવાબ આવી ગયો અને એ પત્ર મુજબ એમણે અખાત્રીજ (વૈશાખ સુદ ત્રીજ) પછી ચોક્કસ સાથે આવીશ એમ જણાવ્યું. પરંતુ કમનસીબે મારા કડક અધિકારીએ જે દિવસે જવાનું હતું તે દિવસે જવા માટે રજા આપી નહીં અને તેથી મને

નીકળતાં એક દિવસ મોડું થયું. (૩૩-૩૬).

હું વખતસર ના ગયો તેથી તેઓ એકલા જ લખ્યા પ્રમાણે જલદીથી નાશિક પહોંચી ગયા. (૩૭). બીજે દિવસે હું તરત જ ભરૂચ પહોંચ્યો તો મને જાણવા મળ્યું કે ગાંડાબુવા તો નીકળી ગયા છે. (૩૮). હે પ્રભુ ! પત્નીને સાથે લઇને એમની શોધમાં નીકળ્યો અને જ્યાં પૂના આવ્યો ત્યાં જ કમનસીબે મારી પત્ની ત્યાં માંદી પડી ગઇ અને એને તરત જ વાઇગામમાં લઇ જવી પડી જ્યાં એ મૃત્યુ પામી એટલે હે ગુરુરાય ! મારે વાઇમાં દોઢ મહિનો રહેવું પડ્યું. (૩૯-૪૧).

આટલા દિવસ ત્યાં રોકાવાનું થતાં દયાવાન ગાંડાબુવા નાશિકથી વાડીમાં આવ્યા. (૪૨). પછી વાડીમાં આવીને મેં તરત જ એમને બનેલી બધી વાત અથથી ઇતિ સુધી કહી સંભળાવી. એ સાંભળીને એ શાંત પુરુષ બોલ્યા કે ચાલો, દેવની ઇચ્છા એવી હશે. એમાં આપણે શું કરી શકીએ? એમ છતાં આપણે બે ત્રણ દિવસમાં સાથે ઔદુંબર જશું. ત્યાં સુધી તમે વાડીમાં રહીને એક ભાવથી દત્ત ભગવાનની સેવા કરો. (૪૩-૪૫).

એટલામાં તો બીજે જ દિવસે વડોદરાથી મિત્રનો પત્ર આવ્યો કે હે શિંદે ! તમે તાત્કાલિક વડોદરા આવી જાવ, કારણ કે તમારો ઉપરી અધિકારી તમારી જગા નિ:સંદેહ ઓછી કરવાનો છે. (૪૬-૪૭). એવો કાગળ વાંચીને ગાંડાબુવા પાસે જઇને બધી વાત કહી સંભળાવી. (૪૮). ગાંડાબુવાએ કહ્યું કે આપની ઇચ્છા મુજબ કરો. એ સાંભળીને હે દેવ ! હું તરત જ વાડીથી વડોદરા ગયો પણ એ વાત દત્તપ્રભુને ગમી નહીં. એટલે મારા ઉપરીએ મારો પચાસ રૂપિયા દંડ કરીને, 'આ કામ માટે હું નાલાયક છું' એવો શેરો મારીને તરત જ મારી નોકરી લઇ લીધી અને દુ:ખની વાત તો એ થઇ કે મારા મિત્રો પણ મારી અત્યંત વિરુદ્ધ થયા. (૪૯-૫૨).

આવી ખરાબ પરિસ્થિતિ ઊભી થતાં મારા મનમાં એવો નિશ્ચય થયો કે મેં બે વાર ગાંડાબુવાની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું તેથી મારા ઉપર દત્ત ભગવાનની અવકૃપા થઇ છે. એટલે મેં શું કર્યું? (૫૩-૫૪). દેવની ફરીથી કૃપા સંપાદન કરવા માટે મેં બ્રાહ્મણને ઘરે બોલાવીને ગુરુચરિત્રની સપ્તાહનો પ્રારંભ કરાવ્યો. એક સપ્તાહ પૂરી થઇને જ્યાં બીજી સપ્તાહ શરૂ થઇ ત્યાં તો સપ્તાહ માટે બેસાડેલા બ્રાહ્મણનો કંઠ સૂઝી ગયો અને એનાથી બોલાતું બંધ થઇ ગયું ! (૫૫-૫૭). બ્રાહ્મણને આવી તકલીફ થતાં સપ્તાહ અધૂરી રહી. એજ વખતે ગાંડાબુવા અચાનક જ વડોદરામાં આવ્યા હતા. એમની પાસે જઇને એમને વંદન કરીને મેં આ બધી વાત તેમને કહી સંભળાવી. (૫૮-૫૯).

એ સાંભળીને એમણે કહ્યું કે તું કોની રાહ જુએ છે? જા, તું તરત પવની જા. ખરેખર ! ગુરુમૂર્તિ તારો ઉદ્ધાર કરશે. (૬૦). એમની આજ્ઞા પ્રમાણે હું જ્યાં પવની આવું ત્યાં તો મને આ ભયંકર મરડો થયો. (૬૧). એમાંથી જ સંગ્રહણી રોગ લાગુ પડ્યો. દેવની આજ્ઞા મુજબ હું સાચે જ આપના શરણે આવ્યો છું. (૬૨). માટે દયાના ભંડાર સમાન હે ગુરુ ! આ શરણે આવેલા પાપીનો ઉદ્ધાર કરીને તમારું બિરુદ સંભાળો.① (૬૩).

એની પ્રાર્થના સાંભળીને દીનદયાળુ શ્રીગુરુએ ગાંડાને કહ્યું કે હે સદ્‌બુદ્ધિવાળા ! આ શિંદેને તેં શું આમ કહ્યું હતું? એટલે ગાંડાબુવાએ કહ્યું કે હે ગુરુરાય ! એમનો પત્ર આવતાંની સાથે જ મેં એમને બીજે જ દિવસે તરત જ પ્રેમથી જવાબ આપ્યો હતો કે અખાત્રીજ પછી હું અમુક દિવસે ત્યાં તમારી સાથે આવીશ અને લખ્યા મુજબ તે

દિવસે નીકળીને હું નાશિક જઇ પહોંચ્યો હતો. (૬૪-૬૭). ત્યાંથી વાડીમાં પાછા આવીને દત્તપાદુકા પાસે મેં સ્ત્રીધર્મ નિરુપણ ગ્રંથ ખાસ સંભળાવ્યો. (૬૮). ત્યાંથી ઔદુંબર સ્થળે જવાનો હું વિચાર કરતો હતો ત્યાં આ શિંદે વાડીમાં આવી પહોંચ્યા. (૬૯). એટલે ત્યારે મેં એમને કહ્યું કે આપણે બે ત્રણ દિવસ પછી ત્યાં ઔદુંબરે ચોક્કસ જઇશું. તમે પણ એટલા દિવસ અહીં જ રહો. (૭૦). આમ છતાં વડોદરાથી (મિત્રનો) કાગળ આવ્યો એટલે એ વાંચીને મને એ પત્રની વાત કરીને વડોદરા ગયા.② (૭૧).

આ સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે હે ગાંડા ! આ શિંદેને ત્રણ ત્રણ વાર ખરેખર દેવનો દૃષ્ટાંત થયો તેમ છતાં એણે તારું કહ્યું માન્યુ નહીં એટલે એના પર દેવ નારાજ થયા છે અને આ કપરી પરિસ્થિતિમાં એ મુકાયા છે. માટે તું એમને જઇને કહે કે પાદુકા પાસે જઇને કરેલા અપરાધની તાત્કાલિક માફી માગે અને 'હે દેવ ! હું પાદુકા ઉપર મહારુદ્રાભિષેક કરાવીશ' એવી બાધા રાખે. એનાથી તરત જ સંકટો દૂર થઇ જશે અને એ સુખી થશે. (૭૨-૭૬). આવું કહ્યા પછી તું જ એને કોઇ ઓસડ પણ આપજે જેથી એનો રોગ ચોક્કસ દૂર થઇ જશે.③ (૭૭).

શ્રીગુરુની આજ્ઞા થતાંની વારમાં તરત જ ગાંડાબુવાએ એ પ્રમાણે શિંદેને કહ્યું અને કહ્યું કે રોજ ભાત સાથે ચાર માસા જેટલું ચિત્રાનું મૂળિયું ઘસીને છાશ સાથે ભોજન સમયે એનું નિયમિત સેવન કરવાનું રાખો. તમારો રોગ જતો રહેશે એમાં શંકાને કોઇ સ્થાન નથી.④ (૭૮-૮૦).

અમૃતસમાં સ્નેહાળ વચન સાંભળીને શ્રીગુરુમૂર્તિને ભાવથી દંડવત્ પ્રણામ કરીને શિંદેએ પાદુકા પાસે જઇને ક્ષમા માગી અને મહારુદ્રાભિષેક કરવાની બાધા રાખી. (૮૧-૮૨). ગાંડાબુવાએ બતાવેલા ઓસડનું એ પ્રેમથી તરત જ સેવન કરવા લાગ્યો. (૮૩). એનાથી થોડા જ દિવસોમાં એનો રોગ દૂર થયો, શરીર સુદૃઢ થયું અને મૃત્યુનો ભય ટળી ગયો. (૮૪). ગુરુકૃપાથી પહેલાંના જેવી જ નોકરી તરત મળી ગઇ અને એ શિંદેભક્ત દરેક પ્રકારે સુખી થયો. (૮૫).

શરણે આવેલા માટે શ્રીગુરુ વજ્રનાં પાંજરાં સમાન છે. સંકટથી એનું એ હંમેશાં રક્ષણ કરે છે અને ભય દૂર કરે છે. (૮૬). શ્રદ્ધા ધારે તે કરી શકે એમાં કોઇ શંકા નથી. શ્રદ્ધા વિનાનું બધું નકામું છે એ નિશ્ચયપૂર્વક જાણ. (૮૭).

શ્રીગુરુ વાડીમાં હતા ત્યારે રોજ નવાં નવાં આવાં અગણિત કૌતુકો થયાં કરતાં હતાં. એ બધાં કોણ જાણી શકે? શ્રીગુરુની લીલાનો તો સ્વપ્ને પણ પાર આવી શકે એમ નથી એ વાત તું જાણી લે. સાગરમાં બિંદુની જેમ એમાંથી હું આ અલ્પમાત્ર તને કહું છું. (૮૮-૮૯). આ વચન સાંભળીને શિષ્ય નિરંજન ફરીથી ત્યાં જે બોલ્યો એનું અનુસંધાન આગળ ઉપર આવશે જે સાંભળવાથી સંસારનો **રંગ**નો ભય દૂર થઇ જશે. (૯૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે '**શિંદેરોગહરણ**' નામનો **એકસો એકતાલીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૧૪૧

(૧) શિંદેનું આખું વૃત્તાંત વાંચીએ ત્યારે એક વાત સ્પષ્ટ થાય છે કે જ્યારે પ્રારબ્ધ વાંકું હોય છે ત્યારે બધું અવળું જ ચાલે છે. બુદ્ધિ પણ એવી થઇ જાય છે કે સાચું સૂઝતું નથી અને સંજોગો પણ એવા ઊભા થાય છે કે પેલી વ્યક્તિનું ધાર્યું કશું જ થતું નથી. આમ તો શિંદે પર ભગવાનની કૃપા હશે તેથી જ અનેકવાર દૃષ્ટાંત (સ્વપ્નમાં આદેશ) થયા પણ એનો એ તરત લાભ ઉઠાવી શક્યો નહીં. ઉપરી અધિકારીએ રજા ન આપી તેને કારણે બધી વાત ઘાંચમાં પડી ગઇ અને શિંદે દુ:ખી દુ:ખી થઇ ગયો. મૂળ તો નિર્મિત પ્રારબ્ધ જ ભોગવવાનું હતું તે ભોગવ્યું.

(૨) ગાંડાબુવાનો વ્યવહાર એકદમ વિધેયાત્મક છે. શિંદેને એમણે કહ્યું હતું કે તમે બે ત્રણ દિવસ રોકાઇ જાવ. પછી આપણે ઓદુંબર જઇશું. આમ છતાં વડોદરાથી પત્ર આવ્યો એટલે શિંદેએ તેમને પત્રની વાત જણાવીને કહ્યું કે મારે વડોદરા જવું પડશે. ગાંડાબુવાએ 'યથેચ્છસિ તથા કુરુ' (ગીતા- ૧૮/૬૩)ની જેમ તમને જે યોગ્ય જણાય તે કરો એમ કહ્યું. હકીકતમાં જો શિંદેએ પૂછયું હોત કે બુવા ! હું શું કરું? આપ કહો તેમ કરીશ- 'કરિષ્યે વચનં તવ ||' (ગીતા- ૧૮/૭૩) તો કદાચ પરિસ્થિતિ જુદી હોત. પણ એવી સુબુદ્ધિ સૂઝી નહીં. 'આપો સન્મતિ મોરયા'નો અર્થ અહીં સમજાય છે.

(૩) શ્રીગુરુ શિંદેને જાતે કહેતા નથી પણ ગાંડાબુવા દ્વારા કહેવડાવે છે. વળી તું જ એને ઓસડ સૂચવ એમ કહીને ગાંડાબુવાને આગળ કરે છે એ ખૂબ સૂચક છે. આ કરવાથી એનાં સંકટો દૂર થઇ જશે અને એ બધી રીતે સુખી થશે એવું અભયવચન શ્રીગુરુ આપે છે પણ બાકીનું બધું ગાંડાબુવા દ્વારા જ કરાવે છે. કારણ દત્ત ભગવાને પણ ગાંડાબુવાને જ કેન્દ્રમાં રાખી બધી લીલા કરી હતી.

(૪) માસો એ વજનનું એક માપ છે.

માસો = તોલાનો બારમો ભાગ

તોલો = ૧૧.૬૬ ગ્રામ

રતી = ચણોઠી જેટલું વજન

વાલ = ૩ રતી (ચણોઠી) જેટલું વજન

ગદિયાણો = અર્ધા તોલા જેટલું વજન

•

# અધ્યાય : ૧૪૨

આ અધ્યાયનું નામ '**શ્રદ્ધાફલવર્ણન**' છે. આ અધ્યાયમાં **૧૦૮** દોહરા છે.

હાથ જોડીને નિરંજન બોલ્યો કે શ્રીગુરુ વાડીમાં હતા ત્યારે પછી આગળ શી લીલા થઇ તે મને કહો. (૧). આટઆટલું સાંભળવા છતાં મારું મન હજી ધરાતું નથી. હું મારા સ્વાર્થ માટે આપને હેરાન કરું છું. (૨).

એ સાંભળીને અલખજી બોલ્યા કે સતારા જિલ્લામાં કોરેગાંવ નામે એક ગામ હતું. ત્યાં શંકર બોકે નામનો એક શ્રીમંત બ્રાહ્મણ રહેતો હતો. એને ગોદાવરી નામે એક દીકરી હતી. જન્મથી જ એને પેશાબ કરવાના સ્થાને શિશ્ન (લિંગ) કે યોનિ બેમાંથી કશું હતું નહીં. ફક્ત પેશાબ થઇ શકે એટલું નાનું છિદ્ર હતું. આવી નપુંસક પુત્રી હોવાથી પુત્ર માટે તે પત્ની સહ શ્રીગુરુની સેવા કરતો હતો. (૩-૧૦).

દીકરી મોટી થયા પછી દાક્તરી તપાસને અંતે એ કન્યા જ છે એવું નિદાન થયું એટલે દીકરીની વાત ન માનીને એને ચૌદમે વર્ષે પૂનામાં પરણાવી દીધી. એ કન્યાને એમ લાગતું હતું કે હું પુરુષ જ છું અને તેથી પંદર વર્ષની થતાં ઘર છોડીને એકલી મીરજગામમાં આવી અને ત્યાં મોટા દાક્તરને મળી ઓપરેશન કરાવ્યું તો એની એ વાત સાચી નીકળી અને અંતે ગોદાવરીનું ગોવિંદમાં પરિવર્તન થયું ! શ્રીગુરુની પાસે જઇને બધી વાત કરી અને શ્રીગુરુના કહ્યા પ્રમાણે યજ્ઞોપવીત સંસ્કાર આપીને પછી લગ્ન પણ કરી દીધું. (૧૧-૫૬).

શ્રીગુરુ વાડીમાં હતા ત્યારે કોલેરાનો રોગ ફાટી નીકળ્યો. શ્રીગુરુના કહેવા મુજબ પાદુકા પર અતિરુદ્ર અભિષેક કરતાં રોગ શાંત થયો. એક વૈષ્ણવ (મધ્વ) ધર્મના યાત્રિકે પોતાના પંથના પુરોહિત મળે તો જ શ્રાદ્ધ કરવું છે એમ કહ્યું. એ ધર્માંધ યાત્રિકને વીંછી કરડતાં શ્રીગુરુએ એને 'શિવ શિવ' મંત્ર આપ્યો અને ઝેરની પીડામાંથી છોડાવ્યો. (૫૭-૭૮). દત્તની આજ્ઞાથી વાડી છોડી શ્રીગુરુ ગુર્લાહસોરમાં આવ્યા. વાડીના કેટલાક ભકતો ત્યાં આવ્યા અને બધા રોગાદિનો નાશ થાય એવું જપતપ આપવા કહ્યું એટલે શ્રીગુરુએ શાંતિ સ્તોત્ર આપ્યું જેનાથી એમની ઇચ્છા પૂરી થઇ. (૭૯-૮૭).

શ્રીગુરુ ત્યાંથી તુંગભદ્રાને કિનારે હાવનૂરમાં આવ્યા. ત્યાં વિનાયક ફાટકનો ગલત્કુષ્ઠ મટાડ્યો અને મધ્વસંપ્રદાયની એક સ્ત્રીને ત્રાસ આપતા પિશાચને દૂર કર્યો. ત્યાંથી શ્રીગુરુ પછી શૃંગેરી આવ્યા. (૮૮-૧૦૮).

બે હાથ જોડીને નિરંજન બોલ્યો કે શ્રીગુરુ વાડીમાં હતા ત્યારે આગળ બીજી શી લીલા થઇ? (૧). આટઆટલું સાંભળવા છતાં પણ મારું મન તૃપ્ત થતું નથી. હું મારા સ્વાર્થ માટે આપને તકલીફ આપું છું. (૨). હું ચાતક ખૂબ જ તરસ્યો છું અને તમારા સિવાય બીજો કોઇ મેઘ-વરસાદ-નથી કે જે મારી તરસ છિપાવી શકે. હે ગુરુ ! આપને ધન્ય હો ! તમે મારા પર કૃપા કરો. (૩). એમ કહીને એમનાં ચરણોમાં વારંવાર વંદન કર્યાં. એનો વિશુદ્ધ ભાવ જોઇને અલખ યોગીવર ત્યાં તરત જ બોલ્યા કે હે શિષ્ય ! તું ધ્યાન આપીને સાંભળ. સતારા જિલ્લામાં

કોરેગાંવ નામના ગામમાં શંકર બોકે નામનો એક શ્રીમંત બ્રાહ્મણ રહેતો હતો. તે અત્યંત શ્રદ્ધાળુ હતો. (૪-૬).

તેને ગોદાવરી નામે એક પુત્રી હતી. એને જન્મથી જ યોનિ કે શિશ્ન એવી કોઇ પણ ગુહ્યેન્દ્રિય દેખાતી હતી નહીં. એ જગ્યાએ માત્ર એક ખૂબ જ નાનું કાણું હતું અને એ પણ માત્ર પેશાબ થઇ શકે એટલું જ હતું. એ બ્રાહ્મણને આવી એક માત્ર નપુંસક કન્યા હતી એટલે પુત્રપ્રાપ્તિ થાય એ હેતુથી તે પત્ની સાથે શ્રીગુરુની સેવા કરતો હતો. (૭-૧૦).

એ ગોદાવરી દીકરી મોટી થઇ એટલે એ પુત્ર છે કે પુત્રી એ નક્કી કરવા માટે દાકતર દ્વારા એની સંપૂર્ણ તબીબી તપાસ કરાવતાં એ નક્કી થયું કે એ છે તો કન્યા જ. (૧૧-૧૨). એટલે શંકર બ્રાહ્મણે એને તરત જ પૂનામાં પરણાવી દીધી. એ પુત્રી ચૌદ વરસની થઇ એટલે એને મનમાં એવું થવા માંડ્યું કે હું ખરેખર પુરુષ જ છું અને કોઇ પણ રીતે સ્ત્રી તો નથી જ. (૧૩-૧૪). એણે એનાં મા-બાપને તરત જ જણાવી દીધું કે તમે મને કન્યા માનીને ઘરકામમાં નકામી જોતરીને એક પુરુષ સાથે પરણાવી દીધી છે પરંતુ હું કન્યા નથી. (૧૫-૧૬). એમાં જરા પણ સંશય નથી કે હું પુરુષ જ છું અને તેથી પ્રાણાંતે પણ હું સાસરે જઇશ નહીં. આવું કહેવા છતાં એનાં મા-બાપે એની આ વાત તરફ બિલકુલ ધ્યાન આપ્યું નહીં. આ રીતે થોડાક દિવસો વીતી જતાં એ ગોદાવરી પંદર વરસની થઇ. એના મનમાં એવો કોઇ વિચાર આવતાં તે જ ક્ષણે કોઇને પણ કહ્યા વગર તરત જ એ ઘર છોડીને એક દિવસ એકલી જ મીરજ ગામમાં આવી અને એણે શું કર્યું તે જો. (૧૭-૨૦).

એક મોટા દાકતરની પાસે જઇને એણે વિનયપૂર્વક જણાવ્યું કે મને એમ લાગે છે કે હું પુરુષ છું, સ્ત્રી નથી. (૨૧). એટલે શસ્ત્રક્રિયા (operation) કરીને તપાસ કરશો? જો આપ મારા પર આટલી કૃપા કરશો તો હું આપના દીર્ઘાયુ માટે ઇશ્વર પાસે પ્રાર્થના કરીશ. એની આવી નિખાલસ વાણી સાંભળીને દાકતરે ગોદાવરીને કહ્યું કે તારાં મા-બાપ કે બીજા કોઇ વડીલ છે કે નહીં? અહીં એકલી આવીને તું મને શસ્ત્રક્રિયા કરવાની કેમ વિનંતી કરે છે? આવી શસ્ત્રક્રિયા કરવામાં ન કરે નારાયણ ને જો તારું મૃત્યુ થાય તો એ માટે જવાબદાર કોણ? (૨૨-૨૫).

ગોદાવરીએ કહ્યું કે મારે માતા-પિતા કે બીજા કોઇ સગાંસંબંધી નથી. હું અનાથ અને કમનસીબ છું. (૨૬). જુઓ સાહેબ ! હું ભણેલી ગણેલી છું એટલે શસ્ત્રક્રિયામાં મારું મૃત્યુ થવાની શકયતા હોય તો હું મારી સહી સાથેનો એવો કરારપત્ર લખી આપવા તૈયાર છું કે આ શસ્ત્રક્રિયા દરમ્યાન કદાચ મારું મૃત્યુ થાય તો એની બધી જવાબદારી મારા પોતાના માથા પર છે એ હું જાણું છું. આવાં વચન સાંભળીને દાકતરને સંતોષ થયો એટલે એ પ્રમાણે લખાવીને આનંદથી એની ગુહ્યેન્દ્રિય ઉપર શસ્ત્રક્રિયા કરી. (૨૭-૩૦).

એ શસ્ત્રક્રિયા કરી ત્યારે દાકતરને ખબર પડી કે એ સ્થળે અંદરના ભાગમાં પુરુષનું શિશ્ન ચોક્કસ હતું જ. એટલે ઉપરનું ચામડીનું આવરણ-પડ- તરત જ છેદીને ખૂબ જ હોશિયારીપૂર્વક અને કુશળતાથી શસ્ત્ર દ્વારા એ ગુહ્યેન્દ્રિય પછી એણે ખુલ્લી કરી અને એ ઇંદ્રિયની પેશાબ કરવાની જગા જે તદ્દન બંધ હતી તેમાં એકદમ બારીક સળી (નળી) નાંખીને એનાં છિદ્રને ખુલ્લું કર્યુ અને ત્યાર પછી પહેલાં જે છિદ્ર હતું તે બંધ કરી દીધું. (૩૧-૩૪). પુરુષની નવી ગુહ્યેન્દ્રિય અને એનું પેશાબનું દ્વાર ખૂલ્લું થતાં એ કાણાંમાંથી ધીરે ધીરે પેશાબ થવા લાગ્યો. (૩૫).

આમ શસ્ત્રક્રિયા સંપૂર્ણપણે સફળ થઇ એટલે પછી એ પુરુષેન્દ્રિયમાં તરત જ ચેતના આવી. (૩૬).

આ બધું જોયા પછી ગોદાવરીએ જાતે દાકતરને પોતાનાં મા-બાપનાં સાચાં નામ કહ્યાં અને ગામનું નામ પણ કહ્યું અને કહ્યું કે અહીં આ ગામમાં શાળાના એક શિક્ષક છે તે મારા પિતાના પરમ- ખાસ-મિત્ર છે. (૩૭-૩૮). એની આવી વાત સાંભળીને દાકતરે તરત જ એ શિક્ષકને પોતાના બંગલે બોલાવ્યા. (૩૯). ત્યાં આવીને ગોદાવરીને જોતાંની સાથે જ એમણે કહ્યું કે આના પિતાને તો હું સારી રીતે ઓળખું છું. (૪૦). આવું કહીને એ શિક્ષકે એના પિતાને તાર કર્યો. એ તાર મળતાંની સાથે જ એ તરત જ ત્યાં આવી પહોંચ્યો. (૪૧).

શંકર બ્રાહ્મણને આ ગોદાવરી એ એક માત્ર- એકની એક- દીકરી જ હતી અને એ સિવાય બીજું કોઇ સંતાન હતું નહીં. (૪૨). એકાએક પુત્રીમાંથી પુત્ર થયો અને તે પણ સીધો પંદર વર્ષનો. એવું જોઇને એ બ્રાહ્મણ આનંદથી અત્યંત ઘેલો ઘેલો થઇ ગયો. ગોદુબાઇનું એ કાપેલું અંગ એકદમ સારું થઇ જતાં દાકતરની રજા લઇને શંકર બ્રાહ્મણ તરત જ શ્રીગુરુનાં દર્શને આવ્યો. (૪૩-૪૫).

ગોદુબાઇ જે સ્ત્રી હતી તે હવે પુરુષ થતાં એનું પ્રેમથી ગોવિંદ એવું નામ પાડ્યું. (૪૬). એ ગોવિંદ પણ શંકર બ્રાહ્મણની સાથે જ હતો. આવીને બન્નેએ શ્રીગુરુનાં ચરણોમાં દંડવત્ પ્રણામ કર્યા. (૪૭). સદ્ભાવપૂર્વક સ્તુતિ કરીને પછી બનેલી બધી વિગતનું શંકર બ્રાહ્મણે ગુરુનાં ચરણમાં નિવેદન કર્યું. (૪૮). આ બધું આશ્ચર્યપૂર્વક સાંભળીને બધાએ ત્યાં શ્રીગુરુમૂર્તિનો જયજયકાર કર્યો. એ ગોવિંદને જોઇને ગાંડા મહારાજે કહ્યું કે હે દયાના સાગર એવા ગુરુરાય ! આ ગોવિંદને ખરેખર કોઇ સંસ્કાર આપવામાં આવ્યા નથી. તો હવે શું કરવું? અને શી રીતે કરવું? એટલે શ્રીગુરુવર બોલ્યા કે એને હજી પંદર વરસ પૂરાં થયાં નથી માટે એને કોઇ પ્રાયશ્ચિત કરવાનું રહેતું નથી. એ નક્કી છે. જાતકર્મ, નામકર્મ તેમજ ચૌલકર્મ કરાવીને ત્યાર પછી એને વિધિપૂર્વક યજ્ઞોપવીત આપવું. શંકર બ્રાહ્મણે ગુરુના કહ્યા મુજબ બધું જ કર્મ યથાવિધિ આનંદપૂર્વક તરત જ કરાવ્યું. એ શ્રીમંત હોવાને કારણે ગોવિંદને જનોઇ દેવાતાં જ એનાં તે જ ક્ષણે લગ્ન પણ લેવાયાં. હે શિષ્યરૂપી ભ્રમર ! આમ ગુરુની કૃપાથી ગોદાવરીનો ગોવિંદ થયો. (૪૯-૫૫).

આવી લીલા શ્રીહરિ- શ્રીગુરુ- ભક્તોને માટે કરે છે. શ્રીગુરુ સાક્ષાત્ શ્રીહરિ છે એવી કીર્તિ ચારે દિશામાં ફેલાઇ ગઇ. (૫૬). આમ જ્યારે શ્રીગુરુ વાડીમાં હતા ત્યારે એ જ્યારે સૂતાં પહેલાં ભક્તો એમની પ્રેમથી શયન આરતી કરતા હતા. (૫૭). પૂજન સાથે ભોજન થતું રહેતું અને ભજનનો રંગ જામતો હતો. રોજ નવાં નવાં કૌતુક થતાં હોવા છતાં શ્રીગુરુ પોતે તો નિર્લેપ રહેતા. (૫૮). એ સમયે વાડીમાં કોલેરાનો મહાન રોગચાળો ફાટી નીકળ્યો અને હે શિષ્ય ! ઘણા લોકો મૃત્યુ પામ્યા. (૫૯). એટલે શ્રીગુરુ પાસે આવીને ત્યારે પૂજારીઓએ પ્રાર્થના કરી અને પછી શ્રીગુરુની આજ્ઞા પ્રમાણે જ્યાં પાદુકા ઉપર ખાસ અતિરુદ્ર અભિષેક કર્યો ત્યાં જ એ રોગનો ઉપદ્રવ શાંત થયો અને બધા લોકો સુખી થયા. (૬૦-૬૧).

એ વખતે ત્યાં મધ્વસંપ્રદાય- વૈષ્ણવ સંપ્રદાય-નો એક બ્રાહ્મણ યાત્રાર્થે આવ્યો હતો પરંતુ એ ખૂબ જ ધર્માંધ હતો. (૬૨). એણે ત્યારે તીર્થના પુરોહિતોને ત્યાં કહ્યું કે જો મને મારા સંપ્રદાયના બ્રાહ્મણો અહીં મળે તો

જ મારે શ્રાદ્ધ કરવું એવો મારો નિશ્ચય છે. એ ન મળે તો પછી હું શ્રાદ્ધ નહીં કરું. એ સાંભળીને તરત જ પૂજારીઓએ કહ્યું કે જે તીર્થક્ષેત્રમાં જે બ્રાહ્મણ મળે તેના દ્વારા ત્યાં તરત શ્રાદ્ધ કરવું જોઇએ. એ જ શાસ્ત્રનો પણ મત છે. તમે શું કામ હઠ કરો છો? આમ છતાં એને એ વાત બિલકુલ ગળે ન ઉતરી. (૬૩-૬૬).

એણે ત્યાં શ્રાદ્ધ ન કર્યું તેથી એના પર ત્યારે દેવની નારાજગી- અવકૃપા થઇ. (૬૭). એ રાત્રે એને એક ભયંકર વીંછી કરડ્યો. પગથી માથા સુધી એને ખૂબ વેદના થવા લાગી. (૬૮). એ ત્યાં તરફડિયા પણ મારવા લાગ્યો. બિલકુલ ચેન પડતું ન હતું. એટલે એ વખતે એને શ્રીગુરુ પાસે લઇ આવ્યા. (૬૯).

એને જોતાંની સાથે જ શ્રીગુરુ બોલ્યા કે આના ઉપર તો સાચે જ ભગવાન રોષે ભરાયા છે. (૭૦). તેં દેવનો શો ગુનો કર્યો છે? ત્યારે એણે શ્રીગુરુને બે હાથ જોડીને શ્રાદ્ધની બધી વાત કહી સંભળાવી. (૭૧). એ સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે તેં કરેલા અપરાધની દેવ પાસે માફી માગીને તું 'શિવ શિવ' એવા મંત્રનો પ્રેમથી ખાસ જપ કર. એનાથી ઝેર નાબૂદ થશે અને પછી તું સવારમાં તરત જ શ્રાદ્ધ કરજે. (૭૨-૭૩).

એ બ્રાહ્મણને વીંછીની અસહ્ય પીડા થતી હતી એટલે ગભરાઇ જઇને 'શિવ શિવ' એવો નામોચ્ચાર થોડો સમય કર્યો ત્યાં જ વીંછીનું બધું જ ઝેર તરત જ ઊતરી ગયું. (૭૪-૭૫). એ જોઇને એને અતિશય આશ્ચર્ય થયું અને શ્રીગુરુનાં ચરણોમાં બે હાથ જોડીને ભાવપૂર્વક વંદન કર્યાં. (૭૬). બીજે દિવસે બધું અભિમાન ત્યજીને વાડીના જ બધા બ્રાહ્મણો દ્વારા શ્રાદ્ધકર્મ કરાવ્યું. (૭૭).

શ્રીગુરુની આવી લીલા તો કેવળ અપાર છે. શિવ મંત્રના જાપથી દ્વૈતભાવનું ઝેર ઉતાર્યું.① (૭૮). દત્ત ભગવાનની આજ્ઞા થતાં તરત જ વાડી છોડીને શ્રીગુરુ ગાંડા સાથે શૃંગેરી મઠમાં જવા પ્રેમપૂર્વક નીકળ્યા અને પોતાની ઇચ્છા પ્રમાણે ફરતા ફરતા થોડા દિવસોમાં દીનદયાળુ શ્રીગુરુ ગુર્લાહસોર ગામમાં આવ્યા. (૭૯-૮૦).

ત્યાં શ્રીગુરુમૂર્તિનાં દર્શન માટે વાડીથી બ્રાહ્મણોની મંડળી આવી હતી. તેઓએ દંડવત્ પ્રણામ કરીને શ્રીસદ્ગુરુનાં ચરણોમાં સદ્ભાવથી પ્રાર્થના કરી કે હે પ્રભુ ! દીન અને અનાથ એવા અમે આપના શરણે આવ્યા છીએ. (૮૧-૮૨). જેનાથી બધા જ પ્રકારના રોગોનો જલદીથી નાશ થાય એવું કોઇ ખાસ જપ-તપ અમોને કહો. (૮૩). એવી પ્રાર્થના સાંભળીને ભકત માટે કલ્પવૃક્ષ સમાન શ્રીગુરુએ આ શાંતિસ્તોત્ર આપીને પ્રેમપૂર્વક કહ્યું કે પવિત્ર થઇને મનમાં શ્રદ્ધા રાખીને એનો ત્રણવાર પાઠ કરતાં ખરેખર રોગ વગેરે કોઇ દિવસ ત્રાસ આપશે નહીં એ નક્કી માનજો. હે ભકતો ! હંમેશાં પવિત્રતાથી એ જપો.② (૮૪-૮૬).

## શાંતિસ્તોત્ર

ભૂતપ્રેતપિશાચાદ્યા યસ્ય સ્મરણમાત્રતઃ |
દૂરાદેવ પલાયન્તે દત્તાત્રેયં નમામિ તમ્ || ૧ ||

યન્નામસ્મરણાદ્દૈન્ય પાપં તાપશ્ચ નશ્યતિ |
ભીતિગ્રહાર્તિદુઃસ્વપ્નં દત્તાત્રેયં નમામિ તમ્ || ૨ ||

દદ્રુસ્ફોટકકુષ્ઠાદિ મહામારી વિષૂચિકા |
નશ્યંત્યન્યેઽપિ રોગાશ્ચ દત્તાત્રેયં નમામિ તમ્ || ૩ ||

સંગજા દેશકાલોત્થા અપિ સાંક્રમિકા ગદાઃ |
શામ્યંતિ યત્સ્મરણતો દત્તાત્રેયં નમામિ તમ્ || ૪ ||

સર્પવૃશ્ચિકદષ્ટાનાં વિષાર્તાનાં શરીરિણામ્ |
યન્નામ શાંતિદં શીઘ્રં દત્તાત્રેયં નમામિ તમ્ || ૫ ||
ત્રિવિધોત્પાતશમનં વિવિધારિષ્ટનાશનમ્ |
યન્નામ ક્રૂરભીતિઘ્નં દત્તાત્રેયં નમામિ તમ્ || ૬ ||

વૈર્યાદિકૃતમંત્રાદિ-પ્રયોગા યસ્ય કીર્તનાત્ |
નશ્યંતિ દેવબાધાશ્ચ દત્તાત્રેયં નમામિ તમ્ || ૭ ||
યચ્છિષ્યસ્મરણાત્સદ્યો ગતનષ્ટાદિ લભ્યતે |
ય ઈશઃ સર્વતસ્ત્રાતા દત્તાત્રેયં નમામિ તમ્ || ૮ ||

જયલાભયશઃકામ-દાતુર્દત્તસ્ય યઃ સ્તવમ્ |
ભોગમોક્ષપ્રદસ્યેમં પઠેદ્દત્તપ્રિયો ભવેત્ || ૯ ||

◈

## અર્થ :

જેના સ્મરણમાત્રથી ભૂત, પ્રેત, પિશાચ વગેરે દૂરથી જ પલાયન થઇ જાય છે તે દત્તાત્રેયને હું નમું છું. (૧).

જેના નામસ્મરણથી દૈન્ય, પાપ અને તાપ શમે છે તથા ભય, ગ્રહોની પીડા અને દુઃસ્વપ્નનો નાશ થાય છે તે દત્તાત્રેયને હું નમું છું. (૨).

દરાજ, ફોલ્લો(સ્ફોટક), કુષ્ઠ (કોઢ) વગેરે તથા મહામારી, કોલેરા તથા અન્ય રોગો પણ જેના સ્મરણથી નાશ પામે છે તે દત્તાત્રેયને હું નમું છું. (૩).

સંગથી થયેલા અને દેશકાળથી થયેલા તથા અન્ય સ્થળેથી સંક્રમણ કરીને આવેલા રોગો જેના સ્મરણથી શાંત પામે છે તે દત્તાત્રેયને હું નમું છું. (૪).

સાપ, વીંછી કરડ્યા હોય તો તેના ઝેરથી દુઃખી થનાર મનુષ્યોને જેનું નામ શાંતિ આપનાર છે તે દત્તાત્રેયને હું નમું છું. (૫).

ત્રિવિધ ઉત્પાતનું શમન કરનાર, વિવિધ અરિષ્ટોના નાશક તથા જેનું નામ ક્રૂર ભયને હરનાર છે તે દત્તાત્રેયને હું નમું છું. (૬).

જેનું કીર્તન કરવાથી વેરીઓ વગેરેએ કરેલા પ્રયોગો અને દેવોની બાધાઓ નાશ પામે છે તે દત્તાત્રેયને હું નમું છું. (૭).

જેના શિષ્યના સ્મરણથી ગયેલું અને નષ્ટ થયેલું વગેરે મળી જાય છે અને જે ઇશ્વર બધી બાજુથી રક્ષણ કરનાર છે તે દત્તાત્રેયને હું નમું છું. (૮).

જય, લાભ, યશ, ઇચ્છિત આપનાર, ભોગ અને મોક્ષ દેનારી શ્રીદત્તની આ સ્તુતિ જે કોઇ કરશે તે દત્તને પ્રિય થશે. (૯).

◈

એ સ્તોત્રનો પાઠ લઇને અને શ્રીગુરુનાં ચરણમાં વંદન કરીને, વાડીમાં જઇને બધાએ રોજ પાઠ કરવા માંડ્યો. (૮૭). ત્યાંથી નીકળીને શ્રીગુરુમૂર્તિ તુંગભદ્રાના કિનારે હાવનૂર ગામે આવ્યા અને ત્યાં ચોમાસું- ચાતુર્માસ- કર્યા. (૮૮). ત્યાં વિનાયક ફાટક નામનો શાળાનો એક ભાવિક શિક્ષક હતો. (૮૯). એને ગલત્કુષ્ઠ (ગળતો

કોઢ) થયો હતો. તેથી શ્રીગુરુ પાસે આવીને એ રોગ મટાડવા માટે ખાસ પ્રાર્થના કરતો હતો. (૯૦). એનો હૃદયનો શુદ્ધ ભાવ જોઇને શ્રીગુરુએ એને અનુષ્ઠાન બતાવ્યું અને નિમિત્તરૂપ ઔષધ કહીને એને કૃપાભરી દૃષ્ટિથી ખરેખર તરત જ અતિ દયાળુ શ્રીગુરુએ તદ્દન નીરોગી કરી દીધો.③ (૯૧-૯૨).

ત્યાં મધ્વસંપ્રદાયની એક વૈષ્ણવ બાઇ હતી અને કોઇ અગમ્ય રોગને લીધે એ દુ:ખથી ખૂબ જ ત્રાસી ગઇ હતી. (૯૩). ઘણાં વરસોથી એ બિછાનું છોડીને ઊઠી પણ શકતી ન હતી. કોઇ રોગને લીધે એવી ક્ષીણ થઇ ગઇ હતી પરંતુ રોગ પકડાતો ન હતો. એને ડોળીમાં નાંખીને એનાં સગાંસંબંધી શ્રીગુરુ પાસે લઇ આવ્યાં. એને જોઇને શ્રીગુરુરાયે એના પર તરત જ અભિમંત્રિત જળ છાંટ્યું. એટલે તરત જ એના શરીરમાં પ્રવેશ કરીને પિશાચે પોતાની બધી હકીકત શ્રીગુરુને કહી સંભળાવી અને કહ્યું કે હે શાંત સ્વરૂપ શ્રીગુરુ ! આજની આ ધન્ય ક્ષણે મને આપનું દર્શન થયું એટલે હું આને છોડીને જાઉં છું. હે ચિદ્દ્ઘન ! મારા ઉપર કૃપા કરો. (૯૪-૯૮). આમ બોલીને એ તરત જ જતું રહ્યું. એટલે પેલી સ્ત્રી એકદમ નીરોગી થઇ ગઇ. (૯૯). શ્રીગુરુનાં ચરણમાં પ્રેમપૂર્વક વંદન કરીને એ સ્ત્રી તે જ ક્ષણે પગે ચાલીને પોતાના ઘેર ગઇ. (૧૦૦).

હે શિષ્ય ! આવા તો કંઇ કેટલાય ચમત્કારો હાવનૂરમાં થયા પણ એ બધાને સવિસ્તર કોણ જાણી શકે એમ છે? (૧૦૧). હાવનૂરના વૈષ્ણવો શ્રીગુરુને સાક્ષાત્ ભગવાન માનીને એમના પરમ આજ્ઞાધારક-શિષ્ય- બની ગયા. (૧૦૨). ચોમાસું પૂરું થતાં જ ભક્ત પર કૃપા કરનાર શ્રીગુરુ ત્યાંથી હરિહર ક્ષેત્રમાં આવ્યા અને પછી ત્યાંથી એ ધીરપુરુષ તુંગભદ્રાના કિનારે શૃંગેરીક્ષેત્રમાં શૃંગીઋષિના આશ્રમમાં આવ્યા. (૧૦૩-૧૦૪). શૃંગીઋષિની મૂર્તિનાં પ્રેમપૂર્વક દર્શન કરીને શંકરાચાર્યના મઠમાં આવીને રહ્યા. (૧૦૫).

જે સાક્ષાત્ દત્ત છે એની લીલાને કોણ જાણી શક્યું છે? પોતે નિષ્કામ હોવા છતાં લોકોનું કલ્યાણ કરવા માટે- ઉદ્ધાર કરવા માટે- આ રીતે ફરતા ફરે છે. (૧૦૬). પોતે જીવનમાં આચરી બતાવીને લોકોને પ્રેમથી ઉપદેશ આપે છે. મઠમાં આવીને શું કર્યું તેનું વર્ણન હવે પછીના અધ્યાયમાં થશે. (૧૦૭). જે દેવાંશી હોય તે ભક્તિનો અમૃતરસ પીએ છે. વિષયનો કીડો એવો અભાગી એ **રંગ** (આનંદ)ને શું જાણે? (૧૦૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'શ્રદ્ધાફલવર્ણન'** નામનો **એકસો બેંતાલીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૧૪૨

(૧) સાચા સંત ખંડનાત્મકને બદલે મંડનાત્મક પ્રવૃત્તિ કરે છે એનું આ એક ઉત્તમ ઉદાહરણ છે. વૈષ્ણવ-મધ્વ સંપ્રદાયનો ધર્માંધ ભકત પોતાના ધર્મના પુરોહિત દ્વારા જ શ્રાદ્ધકર્મ કરવાનો દુરાગ્રહ રાખે છે. એ દઢાગ્રહી થાય તો બરાબર પણ દુરાગ્રહી થાય તે ખોટું. એટલે શ્રીગુરુએ એને 'શિવ શિવ' મંત્ર જપવાનો કહ્યો. શ્રીગુરુને ખબર છે કે ધર્મ પ્રત્યે આ જડ વલણ ધરાવનારો વીંછીનું ઝેર ઉતારવાની લાલચમાં જેમ કહીશું તેમ કરશે. આમ શિવ અને વિષ્ણુમાં ભેદ નથી એવો ઉલ્લેખ પૂ.શ્રીએ શ્રીગુરુલીલામૃતમાં અનેકવાર કર્યો છે.

(૨) આ શાંતિસ્તોત્રમાં વિવિધ રોગોની નાબૂદીનો ઉલ્લેખ છે અને સાથે સાથે જય, લાભ, યશનો પણ ઉલ્લેખ છે. આ સ્તોત્ર પવિત્ર થઇને શ્રદ્ધાપૂર્વક અને દિવસમાં ત્રણ વાર સવાર-બપોર-સાંજ કરવાનું છે.

(૩) દોહરા ૯૧-૯૨ ધ્યાનથી વાંચવા જેવા છે. વિનાયક ફાટકનો શ્રીગુરુ પ્રત્યેનો ભાવ એકદમ શુદ્ધ છે અને એ ખૂબ જ મહત્ત્વની વાત છે. એનું દુ:ખ તો શ્રીગુરુ કૃપાકટાક્ષે જ દૂર કરવાના છે પરંતુ સમાજની મર્યાદા જાળવીને એને અનુષ્ઠાન બતાવે છે અને નિમિત્ત તરીકે ઔષધ લેવાનું સૂચવે છે. પોતાની મહત્તા પ્રગટ કરતા નથી.

●

**શ્રદ્ધા-પુષ્પો**

શ્રદ્ધા વિણ ફળ ના મળે, હોય શ્રદ્ધા નિશ્ચળ,
તો જ કૃપાળુ દેવ એ કરે કૃપા સત્વર.

કાચા ઘટમાં ના ટકે, પાણી જેમ સુજાણ,
તેમ ભક્તિ શ્રદ્ધા વિના, કાચો 'રંગ' પ્રમાણ.

શ્રદ્ધા ભક્તિ જેહની જેવી, મન નિર્મળ
તેવું ફળ પામે નકી, હોય ચિત્ત નિશ્ચળ.

ઇશ્વર કે સાક્ષાત્કારી પુરુષો પાસે વિષયપોષક વસ્તુની માગણી કરવી એ એમનું અપમાન કરવા બરાબર છે. એટલું જ નહિ પણ એમાં માગનારની મૂર્ખતાનું પ્રદર્શન છે. કારણ કે એ પ્રસન્ન થયેલા મહારાજા પાસે માટીનું હાંડલું માગવા જેવું કાર્ય છે.

❀

# અધ્યાય : ૧૪૩

આ અધ્યાયનું નામ **'કુરવપુરલીલાવર્ણન'** છે. આ અધ્યાયમાં ૯૮ દોહરા છે.

અલખે કહ્યું કે હે શિષ્ય ! તું સાંભળ. શ્રીગુરુએ શંકરાચાર્યના મઠમાં આવીને આદ્ય જગદ્‌ગુરુ શંકરાચાર્યની સ્તોત્ર દ્વારા પ્રાર્થના કરી. (૧-૨). પછી મઠમાં રહીને અરણ્યમાર્ગે ફરતા ફરતા ગોકર્ણ મહાબળેશ્વરમાં આવી ત્યાં વંદન કરીને પછી કૃષ્ણા નદીના કિનારે ગાલવક્ષેત્રમાં આવીને સ્વેચ્છાએ ત્યાં રહ્યા. ત્યાંના બ્રાહ્મણોએ પોતાના આત્માના કલ્યાણ માટે ગુરુના કહેવાથી વેદસંહિતા, રુદ્ર અને પવમાન વગેરેનો સ્વાહાકાર કરી ગુરુકૃપા પામ્યા. (૩-૮).

આજ સ્થળે શ્રીગુરુએ ગાંડાબુવા પાસે માતાના ઋણમાંથી મુકત થવા ઉદ્યાપન કરાવ્યું અને ઋગ્વેદ-યજુર્વેદ બેના લઘુરુદ્ર સ્વાહાકાર કરાવી બ્રહ્મભોજન કરાવ્યું. (૯-૧૮). ગાલવક્ષેત્ર છોડીને શ્રીગુરુ ગાંડાબુવા સાથે જૈનાપુરમાં રહ્યા અને ત્યાં એક લિંગાયત વાણિયાની પત્નીને પિશાચપીડામાંથી મુકત કરી. (૧૯-૨૪).

જૈનાપુરથી નીકળીને છાયા ભગવતી સ્થાનમાં થઇને કાડલૂર ગામમાં આવ્યા. તરસ લાગવાથી એક વીર વૈષ્ણવના ઘરે છાસ માગવા ગયા પરંતુ એ હતભાગી વૈષ્ણવે અપમાનજનક શબ્દો કહી છાસ આપવાની ના કહી. (૨૫-૪૬).

કાડલૂરથી નીકળી કુરવપુરે આવી શ્રીપાદ પ્રભુનાં દર્શન કરી પૂજારીનો શૂદ્રાચાર જોઇને સ્થાન છોડવાનો વિચાર કર્યો ત્યાં જ દેવે રહેવાની આજ્ઞા કરી. રોજ દર્શનાર્થીઓનાં ટોળે ટોળાં આવવા લાગ્યાં અને બ્રહ્મભોજનની રમઝટ જામવા લાગી. ત્યાં તુળજારામ પતંગે નામના શેઠિયાની પત્ની અને પુત્રવધૂની પિશાચ પીડા દૂર કરી. આ શેઠિયાનો ભાવ જોઇને ગાંડાબુવાએ એને શ્રીગુરુ જે કોથળા ઉપર સૂતા હતા તે કોથળો આપી તેનું પૂજન કરવાનું કહ્યું અને જ્યારે પિશાચ પીડા આપે ત્યારે તેનો એક છેડો પાણીથી ધોઇ પાણી પાવાનું કહ્યું. આનાથી પિશાચપીડિતોને મુક્તિ મળી. (૪૭-૭૯).

ત્યાંથી મલપ્રભાના સંગમે થઇ કૃષ્ણા નદીના કિનારે થઇને વાંજરા નદી પર મુકામ કરી ગોદા તટે આવ્યા. શ્રીગુરુ કુરવપુરમાં હતા ત્યારે એમના માથા પર કાગડાએ બેસીને ત્રણ વાર ચાંચ મારી હતી. ત્યાંથી શ્રીગુરુ વાણીસંગમ અને પરલી વૈજનાથ થઇને રાજૂર ગામે પધાર્યા. (૮૦-૯૮).

અલખે કહ્યું કે હે શિષ્ય ! તું સાંભળ. શ્રીગુરુએ શંકરાચાર્યના મઠમાં આવીને આદ્ય જગદ્‌ગુરુ શંકરાચાર્યની સ્તોત્ર દ્વારા આદરપૂર્વક પ્રાર્થના કરી જેનો ભાવપૂર્વક પાઠ કરવાથી ભકતનો મોહ તરત જ દૂર થાય છે. (૧-૨).

## સ્તોત્ર

શ્રીમદ્ પૂજ્યપાદ ઈશ્વરરૂપ, વૈદિક માર્ગના સ્થાપક શંકરાચાર્ય, શિવના અવતાર અને શ્રીશંકરના કિંકર, હરસ્વરૂપ યતીઓના ઈશ્વર ! તું અમને બચાવ. (૧).

શિવગુરુના સદ્‌ગૃહમાં અવતાર લેનાર, મોહનો નાશ કરનાર, જનતાના શિક્ષક, તારક, દમનશીલ, (હારથી) ખંડિત થયેલા, પંડિતોના સમૂહથી વીંટળાયેલા, મંડનમિશ્ર પંડિતના દુર્મત (ખોટા મત)ને શાંત કરનાર (હરાવનાર) (હે શંકર ! તું અમને બચાવ.) (૨).

અસંગત, શાસ્ત્રને અસંમત એવા સૌગત મતના બૌદ્ધો વગેરેના સિદ્ધાંતો પર વિજય મેળવનાર, પ્રસ્થાનત્રયી પર ભાષ્ય કરનાર, અદ્વૈતમતના સંસ્થાપક અને દઢ સિદ્ધાંતવાળા (હે શંકર ! તું અમને બચાવ). (૩).

પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશાઓમાં ચાર મઠો સ્થાપીને જ્યાં સુરેશ્વરાચાર્ય મુખ્ય છે એવા ચાર ચતુર શિષ્યોને જે ચતુરે જોડ્યા તેવા (હે શંકર ! તું અમને બચાવ !) (૪).

શોકરહિત એવા શ્રીમત્ પરમહંસ પરિવ્રાજક શ્રીમત્ શંકરાચાર્ય જે લોકોને પાવન કરનાર છે તેની ભક્તિપૂર્વક સ્તુતિ કરીને **વાસુદેવ** યથામતિ નમન કરે છે. (૫).

◈

એવી પ્રાર્થના કરીને અને તેમને વંદન કરીને શ્રીગુરુરાય પછી મઠમાં રહ્યા. ત્યાંથી એ યતિશ્રેષ્ઠ જંગલના રસ્તે ફરતા ફરતા કેટલાક દિવસે ત્યાં બનવાસી ક્ષેત્રમાં આવ્યા. ત્યાંથી આગળ જતાં પશ્ચિમ સાગરના કિનારે જ્યાં ગોકર્ણેશ્વરનું આત્મલિંગ છે એવા મહાબળેશ્વરના સ્થાનમાં સુખના ધામ સ્વરૂપ શ્રીગુરુ આવ્યા. (૩-૫). ગોકર્ણ આત્મલિંગને સદ્‌ભાવપૂર્વક વંદન કરીને ત્યાંથી કૃષ્ણાનદીના કિનારે ગાલવક્ષેત્રમાં આવીને સ્વેચ્છાએ રહ્યા. ત્યાંના બ્રાહ્મણોએ આત્માના કલ્યાણાર્થે શ્રીગુરુની આજ્ઞાનુસાર તરત જ વેદસંહિતા, રુદ્ર અને પવમાન વગેરેનો સ્વાહાકાર કર્યો અને શ્રીગુરુનો અનુગ્રહ પ્રાપ્ત કર્યો. (૬-૮).

આ જ સ્થળે શ્રીગુરુએ ગાંડાબુવાને આજ્ઞા કરી કે અરે ! તારી માતાને પુત્ર થતો ન હોવાને કારણે એણે શિવરાત્રીનું વ્રત કર્યું હતું તે જાણ અને એ વ્રતના પ્રભાવે કરીને તારો જન્મ થયો છે તેથી તારી વૃત્તિ સદ્‌ગુણી થઇ છે. તને જે કાંઇ પ્રાપ્ત થયું છે તે બધું એ વ્રતના પ્રભાવે કરીને જ મળ્યું છે. પરંતુ તારી માતાએ એ વ્રતનું ઉદ્યાપન કર્યું નથી. તું એ વ્રતનો નિશ્ચિતપણે ઋણી છે એમ માનીને તું એ વ્રતનું તત્કાળ ઉદ્યાપન કરીને હે ગાંડા ! એ વ્રતના ઋણમાંથી તું મુક્ત થઇ જા. એનાથી તારી માતાને પણ તરત જ મુક્તિ આપીને તું તારું આત્મકલ્યાણ સાધ. એ સાંભળીને ગાંડાએ ભાવપૂર્વક શ્રીગુરુનાં ચરણમાં વંદન કરીને ગુરુની આજ્ઞાથી મહા વદ બારસ અને તેરસના રોજ યથાવિધિ ઋગ્વેદના અને યજુર્વેદના એમ બે લઘુરુદ્ર સ્વાહાકાર કરાવીને મહાશિવરાત્રીના દિવસે વ્રતનું ઉદ્યાપન કરીને બીજે દિવસે આનંદથી બ્રહ્મભોજન કરાવીને ઉત્સાહપૂર્વક માતાના ઋણમાંથી સંપૂર્ણપણે મુકત થયો. આ રીતે શ્રીગુરુવરે પોતાના શિષ્યને મુકત કર્યો એમ માન. (૯-૧૮).

ગાલવક્ષેત્ર છોડીને પછી ગાંડા સાથે શ્રીગુરુ કૃષ્ણાના કિનારે જૈનાપુરમાં રહ્યા. (૧૯). એ જ ગામમાં લિંગાયત જાતિનો એક વાણિયો રહેતો હતો. તેની પત્ની દરેક પખવાડિયામાં ચૌદશથી શરૂ કરીને ત્રણ દિવસ સુધી સતત બેભાન રહેતી હતી. એ લિંગાયતે ઘણા ઉપાયો કર્યા તો પણ કોઇ ફેર પડ્યો નહીં. તેથી એ વાણિયો એને ખાસ શ્રીગુરુ પાસે લઇ આવ્યો. (૨૦-૨૨). શ્રીગુરુએ એને રોજ દત્ત ભગવાનની પ્રદક્ષિણા કરવાનું કહ્યું. શ્રીગુરુની આજ્ઞાનુસાર એ ત્યાં રોજ દત્તપ્રભુની પ્રદક્ષિણા ખૂબ જ સદ્‌ભાવથી ફરતી હતી. આમ કેટલાક દિવસ કરતાં એ બાઇ એ ત્રાસમાંથી છૂટી ગઇ. (૨૩-૨૪). ત્યાંથી શ્રીગુરુ ગાંડા સાથે કૃષ્ણાતીરે છાયા ભગવતી સ્થાનમાં આવ્યા. (૨૫).

એ સ્થળે ઘોર જંગલ જ હતું. એ પર્વત ઉપર ઝાડ જેવું પણ કંઇ જ જોવા ન મળે એવું એકદમ બિહામણું સ્થળ હતું. (૨૬). ત્રણે લોકમાં પ્રખ્યાત એવા મહાન વિશ્વામિત્રે આ જ સ્થળે કે જ્યાં વાઘ વગેરે જેવાં (હિંસક પશુઓ) ખરેખર હંમેશાં ગર્જના કર્યા કરે છે ત્યાં લોઢાનો ભૂકો ખાઇને સાઠ હજાર વર્ષ સુધી તપશ્ચર્યા કરી હતી. (૨૭-૨૮). અખાત્રીજ સિવાય અહીં કોઇ માણસ દેખાય નહીં. માત્ર અખાત્રીજના દિવસે જ અહીં જાત્રા ભરાય છે. (૨૯). એ દિવસે આ સ્થળે ગાયત્રીની પાદુકાનું પૂજન થાય છે. આ દિવસને બાદ કરતાં એ એકદમ નિર્જન અને ઉજ્જડ રહે છે. (૩૦).

યાત્રા પૂરી થયા પછી શ્રીગુરુરાય ત્યાં આવ્યા અને ત્યાં ગાયત્રીમાતાને સદ્‌ભાવપૂર્વક વંદન કરીને ત્યાંથી ભક્તોના વિશ્રામ સમા શ્રીગુરુ કૃષ્ણા નદીના કિનારે આવેલા કાડલૂર ગામમાં આવ્યા. (૩૧-૩૨). કૃષ્ણા અને ભીમાનો અહીંયાં જ સંગમ થાય છે. એવું એ પવિત્ર સ્થાન છે જ્યાં સ્નાન કરવાથી પાપનો નાશ થાય છે. (૩૩). અહીં સ્નાન કરવાથી પુરુષને સાત જન્મ સુધી બ્રાહ્મણત્વ મળે છે. એવો મહિમા જાણીને શ્રીગુરુ ત્યાં પધાર્યા. (૩૪). આવા કાડલૂર ગામમાં શ્રીગુરુવર આવ્યા અને તે સમયે તરસ લાગવાથી પાસે રહેતા એક વીર વૈષ્ણવના ઘરે જઇને એ દયાના સાગરે 'નારાયણ' એમ કહીને પોતે જાતે છાશ માગી. (૩૫-૩૬). કપાળમાં ભસ્મ લગાડેલી જોઇને એ વૈષ્ણવ બ્રાહ્મણ બોલ્યો કે તું કોણ છે? અને અહીંયાં કેમ આવ્યો છે? તે તું બોલ. (૩૭).

એટલે શ્રીગુરુએ કહ્યું કે હું સંન્યાસી છું અને મને ખૂબ તરસ લાગી છે માટે ઘરની બાઇના કહેવાથી તારા બારણે ખરેખર હું છાશ માગવા આવ્યો છું. એ દ્વૈતવાદી બ્રાહ્મણે એ સાંભળીને દ્વેષપૂર્વક કહ્યું કે તને અહીંયાં એક ટીપું છાશ પણ નહીં મળે. તું અહીંથી જતો રહે અને પાછું તારું મોઢું બતાવીશ નહીં. (૩૮-૪૦). એની આવી ક્રોધથી ભરેલી વાણી સાંભળીને તે જ ક્ષણે શ્રીગુરુ ત્યાંથી હસતા હસતા પાછા આવ્યા. (૪૧).

આ બ્રાહ્મણનું નસીબ કેવું ફૂટેલું કે મોટા મોટા સંન્યાસીશ્રેષ્ઠો, સાક્ષાત્ તપની મૂર્તિ સમા તપસ્વીઓ, બ્રહ્મચારીઓ, વિદ્વાનો, રાજાઓ અને શ્રીમંતો રાત દિવસ પાછળ ફરે છતાં જેમનું દર્શન થવું મુશ્કેલ છે તે શ્રીગુરુ સ્વયં મામૂલી છાશને માટે બારણે જતાં ઘરનો માલિક એમ કહે કે 'તારું મોઢું બતાવીશ નહીં' એ કેવી અધમતા કહેવાય? અભાગિયાના ઘરે કામધેનુ આવતાં એને લાત મારીને એ જેમ કાઢી મૂકે તેવું જ અહીં પણ નિશ્ચિતરૂપથી થયું. ક્ષમાની મૂર્તિસમા શ્રીગુરુએ એના ભાગ્યને જોતા એ રીતે હસતાં હસતાં ત્યાંથી ચાલવા માંડ્યું અને ત્યાંથી તેઓ શ્રીપાદશ્રીવલ્લભનાં દર્શન માટે કુરવપુર આવ્યા જે અતિશય સુંદર હતું અને ત્યાં કૃષ્ણાવેણીનાં પ્રશાંત નિર્મળનીર આઠેય દિશામાં આત્મગાન ગાતાં ગાતાં નિરંતર વહી રહ્યાં હતાં. આવું સ્થળ ત્રિભુવનમાં શોધ્યું પણ જડે

એમ નથી. (૪૨-૪૯).

ત્યાં ગાંડા સાથે આવીને સમર્થ શ્રીગુરુવરે શ્રીપાદશ્રીવલ્લભનાં ચરણકમળમાં સદ્ભાવપૂર્વક વંદન કર્યું. (૫૦). ત્યાંના પૂજારીઓનો શૂદ્રાચાર જોઇને જ્યાં શ્રીગુરુએ એ સ્થાન છોડવાનો વિચાર કર્યો ત્યાં તે જ ક્ષણે દત્ત ભગવાનની આજ્ઞા થઇ કે આ જ સ્થળે રહીને ચોમાસું કરો અને અહીં રોજ પૂજારીઓના ઘરે ભિક્ષા ગ્રહણ કરો. એમનો આચાર જોઇને તું ત્યાં શંકા કરીશ નહીં. કારણ કે આચારશુદ્ધિ કરતાં દ્રવ્યશુદ્ધિ શ્રેષ્ઠ છે અને દ્રવ્યશુદ્ધિ કરતાં મનશુદ્ધિ ખરેખર ચઢિયાતી છે. (૫૧-૫૪). આ ત્રણે શુદ્ધિ જેનામાં જણાય તેને દેવસમાન ગણવો. માટે તું શંકા કર્યા વગર હે સુજ્ઞ ! આ જ સ્થળે રહે.① (૫૫). અહીંના પૂજારીઓ ખેતી કરીને તેમનો પેટગુજારો કરે છે માટે એમનામાં દ્રવ્યશુદ્ધિ સારી છે. (૫૬). અહીં યાત્રાળુઓ ખૂબ ઓછા આવે છે તેથી ગમે તેવું દાન લેવાનો પ્રસંગ ઓછો આવે છે. (૫૭).

ભગવાન દત્તનાં આવાં વચનો સાંભળીને પછી શ્રીગુરુ ત્યાં જ રહ્યા અને રોજ ભિક્ષા માટે પૂજારીઓના ઘરે જવા લાગ્યા. (૫૮). ત્યાં રહીને પરમાનંદથી ચાતુર્માસ કર્યો. ત્યાં દૂર દૂરથી લોકો તેમનાં દર્શને આવતા હતા. (૫૯). મૂળ તો આ દત્ત ભગવાનનું જ સ્થાન (શ્રીપાદશ્રીવલ્લભનું જન્મસ્થાન) અને તેમાં પાછું સ્વયં શ્રીદત્તે આવીને મુકામ કર્યો પછી ત્યાં શું બાકી રહે? (૬૦).

ત્યાં રોજ પૂજન અને બ્રહ્મભોજન થવાં લાગ્યાં. હજારો બ્રાહ્મણો રોજ નવાં નવાં મિષ્ટાન્નો જમતા હતા અને એમાં કોઇ વાતની ખામી રહેતી ન હતી. (૬૧). રોજ જ મહોત્સવ થાય અને રોજ જ પૂજન તથા ભજન થતાં. એ લીલાનું વર્ણન આ વૈખરી કેવી રીતે કરી શકે? (૬૨). એ આનંદ જોઇને તો સ્વર્ગ પણ લૂખું લૂખું લાગે. દેવોના સમૂહ પોતાનાં વિમાનો થોભાવીને આ લીલાનું દર્શન કરતા હતા. (૬૩).

ત્યાં શરૂઆતથી જ રાયચૂર ગામનો કોમટી જાતિનો એક શેઠિયો (વાણિયો) આવીને રહ્યો હતો. એનું નામ તુળજારામ હતું અને અટક પતંગે હતી. એની પત્નીને અને દીકરાની વહુને પિશાચપીડા હતી એટલે ત્યાં આવીને એ સ્થળે શ્રીગુરુની સેવામાં પરમભાવપૂર્વક રહ્યો હતો. (૬૪-૬૬).

ત્યાં શ્રીગુરુનાં દર્શન માટે જે લોકો આવતા હતા તે બધા માટે યોગ્ય વ્યવસ્થા કરવી પડતી હતી. એટલે એ જાતે રાયચૂર જઇને અનાજપાણી વગેરે ઉત્તમ સામગ્રી લાવવાની ખૂબ જહેમત ઉઠાવતો હતો. (૬૭-૬૮). શ્રીગુરુ રહ્યા ત્યાં સુધી એણે આ કાર્ય અવિરતપણે- સતત- કર્યા કર્યું અને એ રીતે શ્રીગુરુની અનન્ય ભાવે સેવા કરી. (૬૯).

ચોમાસું પૂરું થતા અત્યંત ઠાઠમાઠથી ગુરુદ્વાદશીનો ઉત્સવ કરીને જ્યારે શ્રીગુરુ આ સ્થાન છોડીને બીજે જવા માટે નીકળ્યા ત્યારે એ શેઠિયાએ વંદન કરીને પોતાનું દુઃખ વ્યક્ત કર્યું. (૭૦-૭૧). એની વાત સાંભળીને શ્રીગુરુ કંઇ જ બોલ્યા નહીં એટલે એ શેઠિયો હૃદયમાં અત્યંત દુઃખ અનુભવવા લાગ્યો. (૭૨). એટલે પછી એ ગાંડાબુવા પાસે આવ્યો અને વિનયપૂર્વક એમને બધી વાત કહી સંભળાવી. એ વાત સવિસ્તર સાંભળીને શ્રીગુરુવર જે કોથળા ઉપર સૂતા હતા તે કોથળો એ શેઠને આપીને એ સુજ્ઞ ગાંડાબુવાએ કહ્યું કે આ કોથળાનું તું રોજ ભાવપૂર્વક પૂજન કરજે અને તારી પત્નીને અને પુત્રવધૂને જ્યારે પણ પિશાચ ત્રાસ આપે ત્યારે તરત જ આ

કોથળાનો એક છેડો ધોઇને એ જળ તારી પત્નીને અને પુત્રવધૂને પાઇ દેજે. એનાથી થોડા જ દિવસમાં એ પિશાચ પીડા સંપૂર્ણપણે નાબૂદ થઇ જશે. આ સાંભળીને શેઠે તરત જ એ મુજબ કર્યું એટલે પત્નીની અને પુત્રવધૂની પિશાચ પીડા તરત જ દૂર થઇ ગઇ. ખરેખર ! સાધુની કરેલી સેવા કદી નકામી જતી નથી. (૭૩-૭૮).

સત્પુરુષો-સંતપુરુષો-ની વાપરેલી વસ્તુઓ એવી તો પવિત્ર હોય છે કે એનું સેવન કરવાથી મનોકામના પૂર્ણ થાય છે. (૭૯).

ત્યાં આવી લીલા કરીને પછી દયાઘન શ્રીગુરુ ત્યાંથી મલપ્રભાના સંગમે આવી પહોંચ્યા. (૮૦). ત્યાં જ ગોદાવરીના કિનારે જવાની દત્તપ્રભુની આજ્ઞા થઇ. એ આજ્ઞાનુસાર એ ધીરપુરુષ તરત જ ત્યાંથી નીકળી ગયા. (૮૧). કૃષ્ણા નદીનો કિનારો છોડીને તુળજાપુરમાં આવીને શ્રીગુરુએ જગદંબાનાં ચરણોમાં દંડવત્ પ્રણામ કર્યા. (૮૨). પછી ત્યાંથી વચ્ચે વાંજરાનદી પર મુકામ કરીને શ્રીગુરુ ગોદાવરી નદીના કિનારે આવ્યા. (૮૩). હે શિષ્ય ! ત્યાં એક ચમત્કાર થયો તે તું સાંભળ. જોગાઇમાતાના સ્થાનનો દાસોપંતનો વંશજ એવો બાપુ ગોસાવી નામનો એક બ્રાહ્મણ દાસોપંતનો ઉત્સવ શરૂ થયો હોવા છતાં શ્રીગુરુમૂર્તિનાં દર્શને જતો હતો ત્યારે રસ્તામાં જ અન્યરૂપે પ્રગટ થઇને શ્રીગુરુએ એને ધોલ મારીને કહ્યું કે અલ્યા મૂરખ ! દાસોપંતનો ઉત્સવ છોડીને આ રીતે કેમ જાય છે? અલ્યા ગમાર ! તું મારામાં અને દાસોપંતમાં ભેદ જુએ છે ! જા તને ત્યાં મારું દર્શન નહીં થાય એ નક્કી માનજે. (૮૪-૮૮). આવી વાણી સાંભળીને એ બ્રાહ્મણ ગભરાયો અને પોતાના અપરાધની માફી માગીને તરત જ પોતાને ગામે ગયો. (૮૯). દરેકને પોત પોતાના ઇષ્ટદેવમાં હંમેશાં સ્થિર કરીને શ્રીગુરુરાય આ રીતે પરંપરાગત ધર્મનું રક્ષણ કરતા હતા. (૯૦).

જયારે શ્રીગુરુવર કુરવપુર ક્ષેત્રમાં હતા ત્યારે એમના માથા પર બેસીને કાગડાએ ત્રણ વાર ચાંચ મારી હતી. શાસ્ત્રમાં એનું એવું ફળ જણાવ્યું છે કે જેના માથા પર માંસાહારી પક્ષી ચાંચ મારે તો તે દિવસથી છ મહિનામાં એનું મૃત્યુ થાય. (૯૧-૯૩). આ પાપને શાંત કરવા માટે દત્ત દયાળે શ્રીગુરુને વાણી અને ગોદાવરીના સંગમમાં પ્રેમપૂર્વક સ્નાન કરવાનું ત્યારે જણાવ્યું હતું. તે પ્રમાણે શ્રીગુરુમૂર્તિએ વાણીસંગમે આવીને ત્યાં ત્રણ રાત્રી રહીને ભાવપૂર્વક સ્નાન કર્યું અને પછી ત્યાંથી પરળીક્ષેત્રમાં આવ્યા. (૯૪-૯૬).

ત્યાંના વૈજનાથના જયોતિર્લિંગને વંદન કરીને ત્યાંથી ગોદા નદીના કિનારે આવેલા રાજૂર ગામે ગયા. ત્યાં થયેલી અપૂર્વ લીલાનું વર્ણન આગળ ઉપર થશે. **હે રંગ !** શ્રીગુરુકૃપાથી જન્મમરણ તરત જ ટળી જાય છે. (૯૭-૯૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'કુરવપુરલીલાવર્ણન'** નામનો **એકસો તેંતાલીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

## અધ્યાય : ૧૪૩

(૧) આચાર: પ્રથમો ધર્મ: | એ વાત સાચી છે. આચાર શુદ્ધિથી શરૂઆત કરવાની છે પણ એનાથી ય આગળ જવાનું છે. દ્રવ્ય શુદ્ધિ અને પછી મનશુદ્ધિ પણ થવી જોઇએ. આવી મનશુદ્ધિ પ્રાપ્ત કરનાર દેવતુલ્ય છે એ એમ સૂચવે છે કે એવી શુદ્ધિવાળું જીવન જ વ્યક્તિને ભગવાનની નજીક લઇ જાય છે. પૂ.શ્રી કહે છે કે જેમ અનાચાર યોગ્ય નથી તેમ અત્યાચાર પણ યોગ્ય નથી. ઘણા લોકો તો ખાંડ અને ગોળ પણ ધોઇને ધરાવે એવા હોય છે જે ઠીક નથી.

●

## "મા"- મહિમા

* 'મા તે મા'
* 'મા'થી અન્ય કોઇ દૈવત નથી
* 'માતા' એ શબ્દ નથી, તીર્થ છે.
* 'મા'નો અર્થ જોડણીકોશમાં નહિ, જીવનકોશમાં જોવાનો હોય છે.
* 'મા' એ મહિલા નથી, મહિમા છે.
* 'મા' એ શાશ્વતીનું બીજું નામ છે.
* 'મા' પતિતને પાવન કરનારી નથી, પાવન ગણનારી છે.
* 'મા'નાં બે ચરણ છે : એક સમતા, બીજું મમતા
* સમતા અને મમતા બંનેને એકસાથે 'મા' જ સાચવી શકે.
* 'મા'નાં ત્રણ સ્વરૂપ : દેહમાં, ગેહમાં અને નેહમાં.
* માતામાં ત્રણ પ્રવાહ છે : જન્મ આપતી વખતે રકતનો પ્રવાહ, ઉછેરતી વખતે દૂધનો પ્રવાહ અને બાળક માંદું પડે ત્યારે અશ્રુપ્રવાહ.
* 'મા' રકત વહાવી જાણે છે, તેથી વિરકત થઇ શકે છે.
* 'માતા' વ્યક્તિવિશેષ છે, વાત્સલ્યવિશેષ છે.
* પહેલાં આંખમાં આંસુ આવતાં ને 'મા' દોડી આવતી, હવે 'મા'ની યાદ આવતાં આંખમાં આંસુ દોડી આવે છે.
* મૃગજળ હોતું નથી, પણ દેખાય છે. 'મા' ભગવાન છે, પણ દેખાતી નથી.
* માતા કદી સ્વર્ગસ્થ હોતી નથી, એ સદા સંતાનસ્થ જ હોય છે.
* રડવા માટે પિતાનો ખભો મળે, પણ માતાનો તો ખોળો જ મળે.
* 'મા'ના જેવું છત્ર નહિ, 'મા'ના જેવો છાંયડો નહિ.
* ઇશ્વરને દરેક જીવની સાથે રહેવાની ઇચ્છા થઇ અને તેણે 'મા'નું સર્જન કર્યું.

## અધ્યાય : ૧૪૪

આ અધ્યાયનું નામ '**કન્યાપુનરુજ્જીવન**' છે. આ અધ્યાયમાં ૮૫ દોહરા છે.

અલખ આગળ બોલ્યા કે રાજૂરમાં સીતારામ મહારાજ સંહિતાનો સ્વાહાકાર કરતા હતા એટલે શ્રીગુરુ ત્યાં પધાર્યા. શ્રીગુરુનાં દર્શન માટે ત્યાં ઘણા સંત મહંત દોડ્યા. (૧-૨).

આ સ્વાહાકારમાં દામોદરસ્વામી આવ્યા હતા. તેમણે શ્રીગુરુને પ્રાર્થના કરી કે રાજૂરથી નીકળો ત્યારે મને વઝૂર ગામે દર્શન આપીને પછી જ્યાં જવું હોય ત્યાં જજો. કોઇને ખબર ન પડે એ રીતે વઝૂર ગામે દર્શન આપીને શ્રીગુરુ ગાંડાબુવા સાથે અમર્દક ક્ષેત્રમાં આવ્યા જેને લોકો આજે ઔંઢે નામે ઓળખે છે અને જ્યાં નાગનાથનું જ્યોતિર્લિંગ આવેલું છે. (૩-૧૨). ત્યાં નાગનાથનાં દર્શન કરીને ગોદાતીરે આવેલા ગૌંડ ગામ જતા હતા ત્યારે વચ્ચે પાથરી નામનું ગામ આવ્યું. 'અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત'ની ગર્જના કરતા કરતા બધા જતા હતા. એમાં પાથરીના અતિ ભાવિક ચૌધરી હતા. રસ્તામાં એમનું રમણા નામનું ખેતર આવતું હતું. એમની ખેતરની મુશ્કેલી સાંભળી શ્રીગુરુએ ઉપાય બતાવ્યો. તે પ્રમાણે તેમણે ફકીરો પાસે નમાજ વગેરે પઢાવી તેમને સંતોષી દીધા અને પરિણામે મુશ્કેલીમાંથી મુક્ત થયા. (૧૩-૩૪).

પાથરી થઇને શ્રીગુરુ ગૌંડ ગામે આવ્યા. એ ગામમાં રેણુકામાતાનું સ્થાન હતું ત્યાં શ્રીગુરુ રહ્યા. કાયરગામના અંબાદાસ નામના બ્રાહ્મણે શ્રીગુરુની રજા લઇને રુદ્રસ્વાહાકારનો નિશ્ચય કર્યો હતો. એ અંગેની બધી વ્યવસ્થા પાથરીકર ચૌધરી કુટુંબના હાથમાં હતી. યજ્ઞની શરૂઆત થઇ ગઇ. ત્યાં ઘણા દર્શનાર્થી આવ્યા હતા. હવે એવું બન્યું કે શામરાવ ચૌધરીની દીકરી વિઠાબાઇ પોતાની બે વરસની બાળકીને લઇને આવી હતી. તે રોગગ્રસ્ત હોવાથી યજ્ઞની પૂર્ણાહુતિના સમયે જ મૃત્યુ પામી તેથી ચૌધરી કુટુંબમાંથી કોઇ યજ્ઞમાં ગયું નહીં. પૂર્ણાહુતિના સમયે ગાંડાબુવાએ બૂમ મારી છતાં કોઇ આવ્યું નહીં એટલે શ્રીગુરુ ઊઠ્યા. શ્રીગુરુને આવતા જોઇ બધાએ એમને રોકી બધી વાત કરી. શ્રીગુરુએ કમંડલુજલ છાંટીને અમીદૃષ્ટિ કરી ત્યાં જ બાળકી જીવતી થઇ. (૩૫-૫૭). શામરાવ ચૌધરીની વિનંતી અનુસાર એમના બે કુલોપાધ્યાયને અરણગ્રંથની સંથા આપી. ગોપેગાંવથી શ્રીગુરુ મંજરથ થઇને લીલા કરતા કરતા પૈઠણક્ષેત્રમાં આવી પહોંચ્યા. (૫૮-૮૫).

અલખ ગુરુ આગળ બોલ્યા કે સીતારામ મહારાજ રાજૂર ગામમાં સંહિતાનો સ્વાહાકાર કરતા હતા ત્યાં શ્રીગુરુરાય આવ્યા એટલે દર્શન માટે ઘણાયે સંત-મહંતો દોડ્યા. (૧-૨). એમાં જે દામોદરસ્વામી આવ્યા હતા તેમણે ગુરુમૂર્તિને પ્રાર્થના કરતાં જણાવ્યું કે હે યતિશ્રેષ્ઠ ! હે ઉત્તમ દેહધારી ! રાજૂર ગામથી તમે બીજે જવા નીકળો ત્યારે હે દેવ ! મને વઝૂર ગામે દર્શન આપીને પછી તમારે જ્યાં જવું હોય ત્યાં જજો. એવી પ્રાર્થના સાંભળીને સ્વાહાકારની પ્રેમપૂર્વક પૂર્ણાહુતિ થતાં, કોઇ ન જાણે એમ લીલા કરીને, રાત્રે અન્ય રૂપ ધરીને વઝૂર ગામે

દામોદરસ્વામી પાસે આવીને એમને દર્શન આપીને પછી શ્રીગુરુ અંતર્ધાન થઇ ગયા. (૩-૭). સવાર થતાં ગામના લોકો પૂછવા લાગ્યા કે પુણ્યશ્લોકી ટેંબેસ્વામી કેમ ન આવ્યા? (૮). ત્યારે દામોદરસ્વામીએ કહ્યું કે મને તો સમર્થ સ્વામીરાયે અહીં પ્રત્યક્ષ દર્શન આપ્યાં અને પછી અહીંથી ગયા. તમને કોઇને આની ખબર નથી? આ સાંભળીને બધા લોકો આશ્ચર્યમાં ડૂબી ગયા અને મનોમન વંદન કર્યાં. (૯-૧૦).

આ બાજુ શ્રીગુરુવર ગાંડાબુવા સાથે ત્રણેય લોકમાં પ્રસિદ્ધ એવા અમર્દક ક્ષેત્રમાં આવ્યા જે લોકો આજે ઔંઢે નામથી ઓળખે છે અને ત્યાં નાગનાથનું જ્યોતિર્લિંગ આવેલું છે. (૧૧-૧૨). સાક્ષાત્ શિવના એ અવ્યક્ત સ્વરૂપી શ્રીગુરુનાથે નાગનાથને વંદન કર્યાં અને પછી ત્યાંથી ગોદાતીરે ગૌંડગામ આવવા નીકળ્યા ત્યારે તેઓ રસ્તામાં આવેલા પાથરી નામના ગામથી જતા હતા. (૧૩-૧૪). એ સમયે એમની સાથે ઘણા ભક્તો હતા જે વારે વારે 'અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત'ની ગર્જના કરીને શ્રીગુરુનો જયજયકાર કરતા હતા. એ ભક્તોમાં પાથરી ગામના અતિશય ભાવિક એવા શ્રીમાન ચૌધરી પણ હતા. એમનું રમણા નામનું ખેતર રસ્તામાં જ આવતું હતું. (૧૫-૧૭).

આ ખેતરમાંથી હળ ફેરવીને કે કોઇ બીજી રીતે પણ કોઇ ઊપજ લેવા માટે પ્રયત્ન કરતું તો નિશ્ચિતપણે ચાકર વગેરે ત્યારે ને ત્યારે તે જ ક્ષણે મૃત્યુ પામતા. એ કારણે આ ખેતર ઘણા વખતથી પડતર તરીકે પડી રહ્યું હતું. (૧૮-૧૯). એ ખેતરમાં ગાય વગેરે ઢોર ચરે એ સિવાય બીજો કોઇ લાભ એ ખેતરમાંથી મળતો ન હતો. તેથી એ ખેતરનો માલિક અને અનન્ય ભક્ત એવા બાળેરાવે- શ્રીમાન ચૌધરીએ- ગુરુમૂર્તિને એ મોટું ખેતર બતાવીને બે હાથ જોડીને ત્યાં પ્રાર્થના કરી કે હે સ્વામીરાય ! અમારે માટે આ બધી જમીન અત્યારે તદ્દન નકામી છે. (૨૦-૨૨). એમાં ફક્ત ઢોરો ચારીએ છીએ. એ સિવાય બીજો કોઇ લાભ લઇ શકતા નથી. કારણ કે માલિક અથવા કમનસીબે બીજો કોઇ લીલાં ઘાસ (ચાર)નો ભારો કે એવું કાંઇ પણ ઘરે લઇ જાય તો ઘરમાં બધે સાપ જોઇને લોકો બી મરે છે. અથવા તરત જ પેટમાં ગોળો ચઢી આવે છે. પછી ખરેખર ! જ્યારે ભારો ખેતરમાં નાંખી આવે ત્યારે જ હે ગુરુરાય ! એ બધી ઉપાધિઓ દૂર થાય છે. નહિ તો આખરે એ બેહાલ થઇને મરી જાય. (૨૩-૨૬).

આવું વિશાળ ખેતર હોવા છતાં એ તદ્દન નકામું પડ્યું રહ્યું છે. માટે જો કોઇ ઉપાય હોય તો કૃપા કરીને કહો તો હે પ્રભુ ! એ પ્રમાણે કરીએ. બાળેરાવની એવી પ્રાર્થના સાંભળીને દયાઘન શ્રીગુરુ ત્યારે બોલ્યા કે આ જમીનનો માલિક એક ગુપ્ત પીર છે. માટે જો ખેતરમાંથી જરા પણ પાક લેવો હોય તો પાંચ પચ્ચીસ ફકીરને અહીં બોલાવીને, નમાજ વગેરે પઢાવીને, પછી એમની ઇચ્છા મુજબ ત્યાં ભાંગ, અફીણ વગેરે આપીને એમને પ્રેમપૂર્વક દર વર્ષે એમની ઇચ્છા પ્રમાણે ભાવતું ભોજન આપો. (૨૭-૩૧). પછી એ જમીનમાં તમે ગમે તે કરશો તો પણ તમને ખાસ કોઇ તકલીફ નહિ પડે. આ જેની કબર દેખાય છે તે જ ત્રાસ આપે છે. (૩૨). શ્રીગુરુનું આવું કહેવું સાંભળીને ઉદાર બાળેરાવ દર વર્ષે ત્યાં નિશ્ચિતરૂપથી ફકીરોને બોલાવીને તેમને રાજી કરતો હતો. પરિણામે તેની ઉપાધિ નાબૂદ થઇ અને જમીનમાં ખૂબ ખૂબ પાકવા લાગ્યું. (૩૩-૩૪).

ભક્તોનાં સંકટ દૂર કરીને દીનદયાળ ત્યાંથી તરત જ ગોદાતીરે ગૌંડ ગામે આવ્યા. (૩૫). એ ગામમાં રેણુકામાતાનું ખૂબ જ જાણીતું સ્થાન હતું. દયાના સાગર એવા સાક્ષાત્ દત્તપ્રભુ ત્યાં રહ્યા. (૩૬). કાયરગામના અંબાદાસ નામના બ્રાહ્મણે રુદ્રસ્વાહાકારનો મનથી પાકો નિશ્ચય કરીને શ્રીગુરુની રજા લઇને યજ્ઞની શરૂઆત કરી.

એ યજ્ઞ અંગેની બધી જ વ્યવસ્થા ત્યાંના પાથરીના ચૌધરી કુટુંબના સજ્જન બ્રાહ્મણો કરતા હતા. યજ્ઞમાં દર્શન માટે ઘણા લોકો એકઠા થયા હતા. (૩૭-૩૯).

શામરાવ ચૌધરીની વિઠાબાઇ નામની દીકરી ત્યાં સહકુટુંબ આવી હતી. (૪૦). એની બે વર્ષની બાળકી એકદમ રોગમાં સપડાઇ ગઇ અને પૂર્ણાહુતિનો સમય થયો ત્યારે તરત જ મૃત્યુ પામી એટલે ચૌધરીકુટુંબના લોકો એના શબ પાસે બેઠા હતા. (૪૧-૪૨).

યજ્ઞની પૂર્ણાહુતિ થતાં ઋત્વિજ વગેરેને દક્ષિણા આપવા માટેનો સમય થવા છતાં સૂતક હોવાને કારણે એ ચૌધરી કુટુંબમાંથી યજ્ઞમંડપમાં કોઇ આવતું ન હતું. (૪૩-૪૪). દ્રવ્યની સિલક બાળેરાવ પાસે રહેતી હોવાથી ગાંડાબુવા એમના નામની ખાસ બૂમો પાડતા હતા તેમ છતાં સુજ્ઞ બાળેરાવ જવાબ આપતા ન હતા. આવું જોઇને શ્રીગુરુ પોતે જાતે ઊઠ્યા. (૪૫-૪૬).

શ્રીગુરુવરને કમંડલ લઇને આવતા જોયા એટલે ચૌધરી લોકો બોલ્યા કે હે કૃપાળુ સ્વામી ! આપ પોતે અહીં આ રીતે ના આવો. એ સાંભળીને શ્રીગુરુએ પૂછ્યું કે કેમ ન આવું? અરે ! શું થયું છે તે તો કહો. ત્યારે લોકો બોલ્યા કે અહીં વિઠાબાઇની બાળકી મરી ગઇ છે. એટલે શ્રીગુરુમૂર્તિએ પૂછ્યું “મૃત્યુ પામ્યાને કેટલો સમય થયો છે?” (૪૭-૪૯). એ લોકો બોલ્યા કે ત્રણેક કલાકથી થોડો વધુ સમય થયો છે અને શામરાવ એ શબની પાસે બેઠા છે. (૫૦).

એ વચન સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે મને શબ જોવા દો. બધા લોકોએ શબને દૂરથી જ બતાવ્યું. (૫૧). એ જોઇને કરુણાસાગર એવા ગુરુમૂર્તિએ તરત જ કમંડલમાંથી જળ લઇને શબ ઉપર છાંટ્યું. (૫૨). ત્યાં તો તરત જ ચમત્કાર થયો. શબમાં શ્વાસોચ્છવાસ શરૂ થયો અને ક્ષણવારમાં સાવધ થઇને એ બાળકી માતાનું સ્તનપાન કરવા લાગી. આ જોઇને બધા લોકો આશ્ચર્યચકિત થઇ ગયા. તેઓએ શ્રીગુરુને સાક્ષાત્ શંકર માનીને, એમને સદ્ભાવપૂર્વક દંડવત્ પ્રણામ કરીને, એમનો જયજયકાર કર્યો અને ગળગળા થઇને એમનું સ્તવન કર્યું. (૫૩-૫૫).

યજ્ઞની દક્ષિણા આપીને યજ્ઞ પૂર્ણ કર્યો અને પછી ઠાઠમાઠથી તરત જ બ્રહ્મભોજન કરાવ્યું. (૫૬). ‘શ્રીગુરુએ મડદામાં પ્રાણ આણ્યા’ એવી વાતો બધે થવા લાગી. જે પોતે ભગવાન હોય તેને માટે શું અશક્ય હોય? (૫૭). પછી શામરાવ ચૌધરીએ શ્રીગુરુરાયને પ્રાર્થના કરીને કહ્યું કે હે પ્રભો ! આ આપ્પાદેવ અને અણ્ણાદેવ નામે અમારા બે કુલોપાધ્યાય છે. તેઓ વૈદિક અરણ પ્રેમપૂર્વક શીખવાની ઇચ્છા રાખે છે. (૫૮-૫૯). એ શીખવવા માટે કોઇ સમર્થ યોગ્ય વ્યક્તિ મળતી નથી. માટે હે દયાળુ ! એ બન્ને બ્રાહ્મણો પર દયા કરીને આપ જો સ્વયં અરણગ્રંથનો વૈદિક પાઠ આપો તો એ લોકો ખરેખર કૃતાર્થ થશે. એવી વિનંતી સાંભળીને ગોપેગાંવમાં આવીને દીનદયાળ એવા શ્રીગુરુએ આપ્પા અને અણ્ણા એમ બન્ને બ્રાહ્મણોને લીમડાની નીચે બેસીને સત્તર દિવસ ખરેખર લાગલગાટ પ્રેમથી અને અત્યંત શાંતિપૂર્વક અરણ શીખવ્યું. (૬૦-૬૩). વૈદિક પાઠ પૂરો થતાં જે જગા પર બેસીને એ પાઠ આપ્યો હતો તેના પર સૂકું ઘાસ વગેરે નંખાવીને પાસે રહીને શ્રીગુરુએ સઘળી ભૂમિને બાળી નંખાવી. એનું કારણ પૂછતાં એમણે કહ્યું કે અહીં અરણ શીખવ્યું હતું તેથી કોઇ ગર્ભવતી સ્ત્રી, પશુ કે પક્ષી અહીં આવતાં જ

એમનો ગર્ભ પડી જાય. આવું ન બને એટલા માટે એ ભૂમિને બાળી નંખાવી. આ જગ્યાએ લીમડાનું એ ઘટ્ટ વૃક્ષ ઊભું છે. (૬૪-૬૭).

અત્યારે એ લીમડો વિશાળ બનીને અરણપાઠના પુણ્યપ્રભાવે કરીને કડવાશ ત્યજીને થોડોક મીઠો થયો છે. તદુપરાંત શ્રદ્ધા રાખીને કોઇ રોગી વ્યક્તિ એનાં પાન ખાય તો એ વ્યક્તિનો રોગ એકદમ નિર્મૂળ થઇ જાય છે. હે શિષ્ય ! આવો પરોપકાર એ લીમડો સાધુસમાગમને કારણે સ્વયં કરતો થઇ ગયો છે. બધા એની પૂજા કરે છે. આ સાધુસંગનું ખરેખર પ્રત્યક્ષ ફળ છે તે તું જો. (૬૮-૭૧). સાધુપુરુષના સંગથી જો લીમડો મીઠો થતો હોય તો માણસ દુર્ગુણ ત્યજીને તરી જાય તો એમાં નવાઇ પામવા જેવું કશું નથી. (૭૨).

ગોપેગાંવમાં એવી લીલા કરીને શ્રીગુરુ ત્યાંથી મંજરથ નામના ગામમાં આવ્યા. (૭૩). ગોદાવરી નદીનું એ પાવનકારી હૃદયસ્થાન છે. તેથી શ્રીગુરુએ ત્યાં આવીને મુકામ કર્યો. (૭૪). ત્યાં એક બ્રાહ્મણની પત્નીને સાપ કરડ્યો હતો અને તેથી એ મરણ પામવાની તૈયારીમાં હતી. એવામાં શ્રીગુરુવરે આ વાત જાણી એટલે શરીરનું દમન કરનાર શ્રીગુરુ તરત જ કમંડળ લઇને ત્યાં ગયા. (૭૫-૭૬). ત્યાં લીમડાની એક ડાળી મંગાવીને એને અભિમંત્રીને શ્રીગુરુએ તરત જ આપીને કહ્યું કે આનાથી બાઇના માથા ઉપર તાડન કરો- મારો. એવું લોકોએ કર્યું તેથી તરત જ ઝેર ઊતરી ગયું. (૭૭-૭૮). પછી એ સ્ત્રી સાવધાન થઇને ત્યારે તરત જ બેઠી થઇ ગઇ. એ જોઇને બધા લોકો ખરેખર આનંદ અનુભવવા લાગ્યા. (૭૯). એણે (એ બ્રાહ્મણે) બીજે દિવસે ગામમાં લોકોને જમાડ્યા. શ્રીગુરુની આવી લીલા કોણ વર્ણવી શકે? (૮૦).

ત્યાંથી ફરતા ફરતા શ્રીગુરુ ગૌતમી નદીના કિનારે રાક્ષસભુવન પાસે શ્રીદત્તપ્રભુના તપ કરવાના સ્થાન એવા પાંચાલેશ્વરમાં પ્રેમથી આવ્યા. ગાંડાબુવા સાથે સદ્ભાવપૂર્વક વંદન કરીને પછી શ્રીગુરુરાય પૈઠણક્ષેત્રમાં આવ્યા જયાં સાધુઓમાં શ્રેષ્ઠ એવા એકનાથ મહારાજ પૂર્વે થઇ ગયા છે. એમના આશ્રમે આવીને શ્રીગુરુએ પ્રેમપૂર્વક ભિક્ષા લીધી. હે શિષ્ય નિરંજન ! ત્યાંની અપૂર્વ લીલાનું અનુસંધાન આગળના અધ્યાયમાં છે એ તું જાણ. (૮૧-૮૪).

સદ્ભાગ્ય વિના તો તે કોણ કહી શકે અને કોણ સાંભળી પણ શકે? ગુરુદેવની કૃપા થતાં જ એ ઉત્તમ **રંગ** જુએ છે. (૮૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'કન્યાપુનરુજ્જીવન'** નામનો **એકસો ચુંમાળીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૧૪૪

(૧) વ્યક્તિના સંકલ્પબળ વિશે, પિશાચયોનિ વિષે, અદશ્યરૂપે જઇને દર્શન આપવાની સંતની શક્તિ વિશે લોકો શંકા-કુશંકા કરે છે પણ આ બધી એવી હકીકતો છે કે તેનો સાવધાનીથી લાભ ઉઠાવવો જોઇએ. અમુક પ્રકારનાં શાસ્ત્રો શીખવવામાં આવ્યાં હોય તો એની વાતાવરણ ઉપર અને ભૂમિ ઉપર પણ અસર થાય છે એવું વાંચીને કોઇ પ્રથમ તબક્કે ન પણ સ્વીકારે પરંતુ હવે ધીરે ધીરે વૈજ્ઞાનિકો પણ આપણાં શાસ્ત્રોમાં જણાવેલી વાતને માન્ય કરી રહ્યા છે. ધર્મની વાત પાછળ રહેલું વિજ્ઞાન સમજાવવાની જરૂર છે અને સાથોસાથ અંધશ્રદ્ધા તથા અત્યાચાર છોડીને તર્કબદ્ધ જીવન જીવવાનું વલણ અપનાવવા જેવું છે. 'In tune with Infinite' નામનું પુસ્તક જેનું 'પ્રભુમય જીવન' એ નામથી સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે પ્રકાશન કર્યું છે તેમાં લેખકે જણાવ્યું છે કે જુદા જુદા પ્રકારના માણસોના વિચારની અસર તેના પરસેવા ઉપર પણ થાય છે અને જે તે વ્યક્તિના પરસેવાની પરીક્ષા કરીને તેના સ્વભાવ ઉપર પ્રકાશ ફેંકી શકાય છે. આજે જે યંત્રથી થાય છે તે પહેલા મંત્રથી થતું હતું. Lie Detector યંત્ર દ્વારા વ્યક્તિ જૂઠું બોલે છે કે કેમ તે આધુનિક વિજ્ઞાનના બળે આજે જાણી શકાય છે. પણ એવું શક્ય છે કે કેમ એવી વાત આજથી પચાસ વર્ષ પહેલાં કદાચ લોકોએ ન સ્વીકારી હોત.

●

### સંતમહિમા

સંત પરમ હિતકારી, જગતમાંહી
સંત પરમ હિતકારી.
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ,
ભરમ મીટાવત ભારી.
પરમ કૃપાળુ સકલ જીવન પર
હરિ સમ સબ દુઃખ હારી.
ત્રિગુણાતીત ફીરત તનુ ત્યાગી,
રીત જગતસે ન્યારી.
બ્રહ્માનંદ સંતનકી સોબત
મીલત હૈ પ્રગટ મુરારિ.

# અધ્યાય : ૧૪૫

આ અધ્યાયનું નામ **'ગરુડેશ્વરાગમન'** છે. આ અધ્યાયમાં **૧૧૬** દોહરા છે.

અલખે કહ્યું કે હે શિષ્ય ! તું સાંભળ. સંત એકનાથે મંદિરમાં જ્યાં મૂર્તિનું સ્થાપન કર્યું હતું તે સ્થળ બદલીને બીજે મૂર્તિ સ્થાપવાની ઇચ્છાથી પ્રયત્ન કરતાં પૂજારીઓને વિઘ્ન નડતું. શ્રીગુરુએ મૂળ જગ્યાએ મૂર્તિ સ્થાપવા કહ્યું. એમ કરવાથી મૂર્તિની નિર્વિઘ્ને સ્થાપના થઇ. સંત એકનાથે બધું વિચારીને જ મૂર્તિની પ્રતિષ્ઠા કરી હશેને ! (૧-૧૫).

ભગવાન શ્રીખંડ્યા નામે એકનાથના ઘરે ટાંકામાં પાણી ભરતા તે પ્રક્રિયા હજી આજે પણ ચાલુ છે અને ભગવાનની કાવડનું પાણી પડે તે પછી જ ટાંકો તરબતર થાય છે. દત્તપ્રભુ એકનાથના દ્વારે પઠાણના વેષમાં પહેરો ભરતા અને એકનાથના ગુરુ જનાર્દનસ્વામી સાથે ચોપાટ (સોગટાબાજી) રમતા. (૧૬-૨૯).

સમાધિને વંદન કરીને શ્રીગુરુ ઘૃષ્ણેશ્વર જ્યોતિર્લિંગનાં દર્શન કરી ઘાટ ઊતરીને ખાનદેશમાં આવ્યા. ત્યાંથી ફરતા ફરતા શ્રીગુરુ ચાળીસગાંવમાં આવ્યા. ત્યાં ગાંડાબુવાને કહ્યું કે તારાથી લોકો રાજી રહે છે તેથી લોકોની ઉપાધિ વધતી જાય છે. એમાં આપણું શ્રેય નથી માટે હવે તું અહીંથી નર્મદાકિનારે ભરુચમાં જતો રહે અને ત્યાં જઇને તારું પોતાનું કલ્યાણ સાધ. ગાંડાબુવા આજ્ઞા માથે ચઢાવી દુઃખ સાથે ભરુચ ગયા. (૩૦-૬૮).

શ્રીગુરુ ત્યાંથી નીકળી ચિખલદામાં ચાતુર્માસ કરીને પછી કાતરખેડામાં આવ્યા. તો ત્યાં પણ લોકોની ઉપાધિ તો ન જ ટળી. તે વખતે જિંતુરના અગ્નિહોત્રી બ્રહ્મણસ્પતિને ગાયત્રીનું પુરશ્ચરણ કરવા કહ્યું અને કહ્યું કે શરૂઆત કરો ત્યારે બ્રહ્મભોજન કરાવજો અને ટાકળીથી દાજીમહારાજને લઇ જજો. હું પણ ત્યાં છું એવી શ્રદ્ધા રાખીને કાર્ય નિર્વિઘ્ને પતાવજો. શ્રીગુરુની પરમ કૃપાથી બ્રહ્મણસ્પતિનું પુરશ્ચરણનું કાર્ય નિર્વિઘ્ને પૂરું થયું. (૬૯-૧૧૬).

અલખ બોલ્યા કે હે શિષ્ય ! તું સાંભળ. દેવનું મંદિર બાંધીને ધીરપુરુષ એવા સંત એકનાથે જ્યાં મૂર્તિ પધરાવી હતી તે સ્થાનથી એ મૂર્તિ ખસેડીને એ એકનાથના વંશજોએ એ સ્થાનમાં મોટો ફેરફાર કર્યો હતો. તેથી બાર વરસ થવા છતાં એ મૂર્તિની ફરી સ્થાપના થઇ શકતી ન હતી. (૧-૩). એકનાથના વંશજોએ આ વાત ગુરુમૂર્તિને કરી કે હે પ્રભુ ! અમે જ્યારે પણ મૂર્તિપ્રતિષ્ઠાનું મુહૂર્ત કઢાવીએ છીએ ત્યારે કોઇ એકાએક મૃત્યુ પામે છે અને ન ટાળી શકાય એવું વિઘ્ન આવીને ઊભું રહે છે. (૪-૫).

આ વાત સાંભળીને દેવના ગર્ભદ્વારમાં જઇને શ્રીગુરુએ ત્યાં બધાને પૂછ્યું કે દેવનું સિંહાસન પહેલા ક્યાં હતું? એટલે બધાએ કહ્યું કે પહેલાં ત્યાં ભીંતને અઢેલીને પ્રથમ- મૂળ સ્થાન હતું. (૬-૭). ત્યારે ત્યાં પ્રદક્ષિણા કરવા માટેની જગા ન હતી. એટલે ત્યાંથી સિંહાસન થોડું ખસતું કર્યું. (૮). શ્રીગુરુએ કહ્યું કે તમે બધા એકનાથથી

તો વધારે ડાહ્યા નથી એ નિશ્ચિત છે, પછી ડહાપણ વાપરીને નકામા શું કામ હેરાન થાઓ છો?① (૯). દેવ પણ જેનો હંમેશ માટે ઋણી છે અને જે પોતે સિદ્ધ પુરુષ છે તેણે શું મૂર્તિની પ્રતિષ્ઠા સમયે વિચાર નહીં કર્યો હોય? (૧૦). એટલે પહેલાં જ્યાં સિંહાસન હતું તે સ્થળે સિંહાસન રાખીને દેવની સ્થાપના કરશો તો જરા પણ વિઘ્ન નડશે નહીં. (૧૧).

અરે ! તમને કેમ સમજ પડતી નથી કે સ્વયં સિદ્ધ પુરુષે સ્વહસ્તે આમ જ્યાં મૂર્તિ વગેરેની સ્થાપના કરી હોય ત્યાંથી મૂર્તિનું બીજી જગ્યાએ સ્થાપન કરવાનો પ્રયત્ન કરીએ તો એ સફળ ન થાય. (૧૨-૧૩). માટે પહેલાં જ્યાં હતી તે સ્થાનમાં જ મૂર્તિનું સ્થાપન કરશો તો એમાં વિઘ્ન નહીં આવે. એ વાત માનીને શ્રીગુરુની આજ્ઞામાં શંકા કર્યા વગર એમણે મુહૂર્ત જોઇને પહેલાંની મૂળ જગ્યાએ મૂર્તિની સ્થાપના કરી. (૧૪-૧૫). અને નિર્વિઘ્ને મૂર્તિની સ્થાપના થઇ ગઇ. એટલે આ જોઇને ત્યાં બધાને એકદમ આનંદ થઇ ગયો. જો નિરંજન ! અહીં પૂર્વે એકનાથનાં ઘરમાં ભકતપ્રિય ભગવાન શ્રીકૃષ્ણ શ્રીખંડ્યાના નામથી પાણી ભરતા હતા. જે ટાંકામાં શ્રીહરિ પાણી ભરતા હતા તે ટાંકામાં પાણી આજે પણ ત્યાં એકદમ ચોખ્ખું અને તાજું જોવા મળે છે. (૧૬-૧૮). ઉત્સવના સમયે જે દિવસે સ્વયં ભગવાન એ ટાંકામાં પાણીની કાવડ ઠાલવે છે ત્યારે જ એ પાણીથી ટાંકું પૂરેપૂરું ભરાઇ જઇને ચોકમાં બધે પાણી તરબતર થઇ જાય છે. (૧૯-૨૦). આ પછી ટાંકાનું પૂજન કરીને ઉત્સવનો આરંભ થાય છે. જ્યાં સુધી ભગવાન કૃષ્ણની કાવડનું પાણી ટાંકામાં ન પડે ત્યાં સુધી એ ટાંકો ભરાતો નથી અને ઉત્સવની શરૂઆત પણ થતી નથી. એવી પ્રથા હજી આજે પણ જોવા મળે છે. (૨૧-૨૨).

એકનાથને બારણે જ્યાં શ્રીમદ્ દત્તાત્રેય ખાસ પઠાણનો વેષ લઇને પહેરો ભરતા હતા તે સ્થાને આજે પણ યાત્રાના સમયે દત્તાત્રેય પ્રભુની છબી ચીતરવામાં આવે છે અને પહેલાં એમનું દર્શન કરીને પછી જ લોકો મંદિરમાં દેવનાં દર્શન માટે જાય છે. જો એમાં જરા પણ ભૂલ થાય તો એ વ્યક્તિ પર આજે પણ ખરેખર સંકટ આવી પડે છે. હે ભાઇ ! ત્યાં આવો ચમત્કાર આજે પ્રત્યક્ષ જોવા મળે છે. (૨૩-૨૬). આ બન્ને વાતથી ભગવાનને ભકત માટે કેટલું અભિમાન હોય છે એ વાતની સાબિતી મળે છે. (૨૭).

એકનાથના ગુરુ જનાર્દન સ્વામીની દોલતાબાદ (દેવગિરિ)ના કિલ્લામાં જ્યાં પ્રસિદ્ધ સમાધિ આવેલી છે અને જ્યાં દત્ત ભગવાન જનાર્દન સ્વામી સાથે સોગટાબાજી રમતા હતા, ત્યાં શ્રીગુરુ પૈઠણથી આવ્યા. (૨૮-૨૯). સમાધિને વંદન કરીને ત્યાંથી જ્યાં ઘૃષ્ણેશ્વર મહાદેવનું જ્યોતિર્લિંગ શોભે છે તે વેરુળ ગામમાં શ્રીગુરુ ત્યારે આવ્યા. એ જ્યોતિર્લિંગનું ખંડન કરવા માટે જ્યારે હાથમાં કુહાડો લઇને ઔરંગઝેબે જ્યાં બે હાથ ઊંચા કર્યા ત્યારે હે ભાઇ ! ત્યાંને ત્યાં એ બે હાથ ઊંચા ને ઊંચા જ રહી ગયા. (૩૦-૩૨). એ રાજા પછી બીજે જ દિવસે મૃત્યુ પામ્યો. ઘૃષ્ણેશ્વરનું આવું જાગતું જ્યોતિર્લિંગ છે. (૩૩).

ત્રણે લોકમાં પ્રખ્યાત એવી ઇલોરાની ગુફાના કોતરકામની કલા અકથનીય છે. (૩૪). ઔરંગઝેબે આ બધું તોડી નાંખ્યું પરંતુ એનું ઉપર કહ્યું તે મુજબનું ફળ પણ તે પામ્યો. (૩૫). જ્યોતિર્લિંગના પુણ્ય સ્થળનાં દર્શન કરીને, ઘાટ ઊતરીને શ્રીગુરુ ગાંડા સાથે પ્રેમપૂર્વક ફરતા ફરતા ત્યાંથી ખાનદેશમાં આવ્યા. હે સદ્‌બુદ્ધિવાળા શિષ્ય ! આમ જે જે ગામે શ્રીગુરુ ગયા તે તે ગામે આજ દિન સુધી ઉત્સવો, પૂજન અને ભોજનના કાર્યક્રમો હંમેશાં થાય છે

અને અનહદ આનંદથી બ્રહ્મભોજન પણ થાય છે. ગામોગામથી દર્શન માટે લોકો દોડે છે. સ્વયં પુણ્યશ્લોકી પ્રત્યક્ષ દત્ત જ્યાં પોતે જગતના કલ્યાણાર્થે ફરતા હોય ત્યાં પછી શું બાકી રહે? ત્યાં તો હંમેશનો આનંદ જ હોય ને ! (૩૬-૪૦).

એમ ફરતાં ફરતાં શ્રીગુરુ ચાળીસગાંવમાં આવ્યા. ત્યાં શ્રીગુરુરાયે ગાંડાબુવાને પ્રેમથી કહ્યું કે હે ગાંડા ! તારાથી લોકો ખૂબ રાજી રહે છે. તું એમને મનગમતું કરે છે તેથી જો રોજે રોજ લોકોનાં ટોળેટોળાં આનંદપૂર્વક આવવા લાગ્યાં અને લોકોની ઉપાધિ વધી ગઇ. એ રીતે તું બધાનો પ્રીતિપાત્ર થઇ ગયો છે અને તેથી એ લોકો મારાથી જરા પણ ડરતા નથી. હે બાળ ! મારી સાથે રહીને અને આ બધા લોકોની સેવા કરીને તેં અઢળક પુણ્ય પ્રાપ્ત કર્યું છે. તેમ છતાં રજોગુણથી પ્રાપ્ત થયેલું આ પુણ્ય મોક્ષપદ આપનારું નથી. (૪૧-૪૫).

શુદ્ધ સાત્ત્વિક ગુણ વગર મોક્ષ મળતો નથી. એ પામવા માટે વિલંબ કર્યા વિના આ ઉપાધિ છોડીને તારે મનને શાંત કરવું જોઇએ. એ વિણ ક્યાંય પણ મોક્ષ નથી. આ દુનિયા તો પોતાના સ્વાર્થ માટે આપણો જયજયકાર કરતી આપણા પાછળ મંડી પડે છે. પરંતુ એને મહત્ત્વ ન આપતાં આપણે આપણું કામ સાધી લેવું જોઇએ. (૪૬-૪૮). બ્રહ્માજીનું અમાપ એવું કેટલું બધું આયુષ્ય છે તો પણ જગતની ભાંજગડ કરવામાં પૂરું થઇ જાય છે અને આયુષ પૂરું થાય ત્યાં સુધી એમને જરા પણ નવરાશ મળતી નથી. કલ્પ સુધી પણ તેમનું સંકલ્પ કરવાનું બંધ થતું નથી. તો પછી બીજાની તો વાત જ શી ! માટે આ બધું છોડીને તું તારું પોતાનું કલ્યાણ (પંથ) વિચાર. (૪૯-૫૧).

બ્રહ્માના આયુષ્યની સરખામણીમાં તો તારા અને મારા આયુષ્યની શી ગણતરી? તું એ જોઇને વિચાર કર. (૫૨). આ લોકોની બધી ઉપાધિ અહીં છોડી દઇને આપણે આપણો વિચાર કરવો જોઇએ. નહિ તો પછી આગળ જતાં ચોક્કસ પશ્ચાત્તાપ કરવાના દિવસો આવશે. માટે મારી પાસે રહીને તેં વેદાંતનું જે ખાસ શ્રવણ કર્યું છે તેનો વારે વારે મનમાં વિચાર (મનન) કરીને આ મનને જલદીથી શાંત કર. હે બાળ ! તને મારા આશીર્વાદ છે. (૫૩-૫૫). તું આત્મા અને અનાત્માના વિચારમાં હંમેશાં મગ્ન રહે. હું હંમેશાં તારી પાસે જ છું એમ માનીને હવે તું ભરુચ જા.② (૫૬). ત્યાં નર્મદાના કિનારે રહીને સતત અભ્યાસ કરજે. જ્યાં સુધી તું મારી સાથે આ રીતે રહીશ ત્યાં સુધી લોકોની આ ઉપાધિ દૂર નહીં થાય. માટે તું મને છોડીને જતો રહેશે એટલે લોકો બધા થાકીને અને કંટાળીને હવે અહીં બરાબર વ્યવસ્થા નથી એવું જોઇને તરત દૂર થઇ જશે. (૫૭-૫૯). જો તને ભરુચમાં પણ આ પ્રમાણે ઉપાધિ થાય તો એ છોડીને જંગલમાં જઇને મન ઉપર કાબૂ મેળવજે. (૬૦).

આવાં વચનો સાંભળીને દંડવત્ પ્રણામ કરીને ગાંડાબુવા પ્રેમથી કહેવા લાગ્યા કે આજથી આ બધી ઉપાધિ આપનાં ચરણમાં મૂકી દીધી છે. તેમ છતાં હે દયાળુ ! હે ગુરુરાય ! પ્રારબ્ધવશાત્ કોઇ ઉપાધિ ઊભી થાય તો તે વખતે કેવી રીતે વર્તવું તે મને કૃપા કરીને કહો. ત્યાં શ્રીગુરુ બોલ્યા કે હે ગાંડા ! પ્રારબ્ધ બધાને ગાંડા કરે છે. જ્યાં દેવો પણ મોહ પામ્યા ત્યાં બીજા લોકોની તો વાત જ શી ! (૬૧-૬૪). માટે પ્રારબ્ધવશ જે જે બન્યા કરે તે તે તટસ્થ બનીને થયા કરવા દેવું અને એમાં બિલકુલ લેપાવું નહીં. (૬૫). એનું અભિમાન કરીને જે એમાં લેપાતો નથી તે જ આત્માનું સુખ ભોગવે છે એમાં શંકા કરવાને કોઇ સ્થાન નથી.③ (૬૬).

આ સાંભળીને હાથ જોડીને ફરીથી વંદન કરીને પછી ગદ્‌ગદ્ કંઠે ગાંડાબુવાએ ગુરુનાં ચરણમાં અનન્યભાવે પ્રાર્થના કરી. (૬૭).

## ગીત

હે સચ્ચિદ્‌ઘન ! હે સુખસાગર ગુરુવરા ! સ્થાવર જંગમ બધે તું વ્યાપી રહ્યો છે. અજ્ઞાનના આવરણને લીધે, હે નાથ તારું સત્ય સ્વરૂપ હું પિછાની શકતો નથી. એવે સમયે સંસારસાગરમાં ડૂબી જતાં તારા ચરણકમળરૂપી નૌકા હાથ આવી છે. એ પગ પકડીને હે ગુરુમાત ! આ ભવસાગરને પાર ઊતર્યો છું. એવી તારી અદ્‌ભુત કરણી છે. (૧).

મારું હું-તુંપણું હરણ કરી તેં સંસારનો બોજો દૂર કર્યો છે. કૃપા કરી, જે પોતાનું અદ્વૈત આત્મસ્વરૂપ તે દેખાડી મને કૃતાર્થ કર્યો છે, તે ઋણમાંથી હું કેમ મુકત થઇ શકું? હે વાણીસ્વરૂપ ! હું તારું સ્તવન કેમ કરી શકીશ? હે ગુરુવર ! મનવાણીને તું અગમ્ય જ છે !! (૨).

સોહં-ભાવે તારું પૂજન કરતાં બધું તદ્રૂપ જ બની રહે છે. સચરાચર વ્યાપી રહેલા તારા વગર બીજું ભિન્ન કંઇ છે જ નહીં ! તો પછી હવે પૂજન શી રીતે થઇ શકે? માટે હે દયાસાગર ! હું માત્ર મૌન જ ધારણ કરીને તારાં ચરણકમળને વંદન કરીશ. હે સચ્ચિદ્‌ઘન શ્રેષ્ઠ ગુરુદેવ ! દાસને અક્ષય પદ દે. (૩).

◈

આવી પ્રાર્થના કરીને અને હ્રદયમાં ગુરુવરનું ધ્યાન ધરીને ગાંડાબુવા નર્મદાના કિનારે આવ્યા. (૬૮). આ બાજુ શ્રીગુરુમૂર્તિ ફરતા ફરતા નર્મદા કિનારે ચિખલદા ગામમાં આવ્યા અને એ ધીરપુરુપે ત્યાં ચાતુર્માસ કર્યો. (૬૯). ચોમાસું પૂરું થતાં ત્યાંથી આગળ જતાં તરત જ કાતરખેડા નામના ગામમાં આવ્યા. (૭૦). નર્મદાના ઉત્તર કિનારે શૂળપાણની ઝાડીમાં આ સરસ મઝાનું ગામડું આવેલું છે. (૭૧). લોકોની ઉપાધિ દૂર કરવાના હેતુથી શ્રીગુરુ શૂળપાણની ઝાડીમાં પેઠા તો પણ લોકો રોકાયા નહીં અને ત્યાં પણ ટોળેટોળાં દોડ્યાં. (૭૨).

જિંતુરના બ્રહ્મણસ્પતિ નામના અગ્નિહોત્રી ત્યાં બીજા લોકોની સાથે દર્શને આવ્યા હતા. (૭૩). શ્રીગુરુની સ્તુતિ કરીને એમને દંડવત્ પ્રણામ કર્યા. ત્યારે તે વખતે દયાના સાગર એવા શ્રીગુરુએ એ અગ્નિહોત્રીને કહ્યું કે હે બુવા ! તમે તમારા મનમાં ગાયત્રીનું પુરશ્ચરણ કરવા વિચારો છો તો હવે તમે ઘરે જઇને એ સંકલ્પ પૂરો કરો. જયારે એ કાર્યની શુભ શરૂઆત કરો ત્યારે બ્રાહ્મણવર્ગને એમની ઇચ્છા પ્રમાણેનું મિષ્ટાન્ન અને ઘી ખવરાવીને એમને રાજી કરજો. (૭૪-૭૭). ત્યારે અગ્નિહોત્રીબુવા બોલ્યા કે હે ત્રિકાલજ્ઞ દયાળુ ! આપે ખરેખર મારા મનનો સંકલ્પ જાણીને મને આ આજ્ઞા કરી છે. પરંતુ મારી પાસે એ કરવા માટે દ્રવ્ય નથી. એ સાંભળીને શ્રીગુરુમૂર્તિ તરત જ બોલી ઊઠ્યા કે તમે મનમાં દ્રવ્યની કોઇ ચિંતા કરશો નહીં. પુરશ્ચરણની શરૂઆત થતાં જ તમને અણધાર્યું ધન ચોક્કસ મળી જશે અને ન કરે નારાયણ અને દેવકાર્યમાં જો કદાચ થોડું દેવું કરવું પડે તો પણ દેવું કરવાથી ગભરાશો નહીં. એવાં દેવાંની ચિંતા ભગવાનને માથે નિશ્ચિતરૂપથી હોય છે. એટલે મનમાં શંકા કરશો નહીં. (૭૮-૮૨). એટલે વાર કર્યા વગર એ સંકલ્પ પૂરો કરો. એ સાંભળીને બે હાથ જોડીને તરત જ બુવા બોલ્યા

કે હે કૃપાના સાગર ! આપની આજ્ઞાથી હું અહીં હંમેશાં અગ્નિનારાયણની સેવા કરું છું. તેથી કરીને આજ દિન સુધી કોઇ પણ દેવકાર્યમાં કોઇ પણ વિઘ્ન આવ્યું નથી. વળી આ કાર્યની તો આપ પ્રભુ જ ચિંતા કરતા બેઠા છો તો પછી મારે શી ચિંતા કરવાની હોય? બધાં સંકટો દૂર થઇ જશે. એમ છતાં હે પ્રભુ ! મારા અંતરમાં એવી ઇચ્છા છે કે આપ ત્યાં કૃપા કરીને પધારો. એમ કહીને શ્રીગુરુને પ્રણામ કર્યા. (૮૩-૮૭).

અગ્નિહોત્રીનાં એ વચન સાંભળીને શ્રીગુરુરાય બોલ્યા કે તમે અહીંથી જાવ ત્યારે ટાકળી ગામે થઇને જજો અને ત્યાંથી તમે દાજી મહારાજને સાથે જ લેતા જજો. હું પણ ત્યાં નિશ્ચિતપણે છું જ એવી શ્રદ્ધા રાખી નિર્ભય રહેજો. (૮૮-૮૯). જ્યાં દેવોનું સ્થાપન કરો ત્યાં ઇશાનખૂણામાં મારું આસન રાખજો. ત્યાં દાજી મહારાજ એકલા જ મને આવેલો જોશે. બીજા કોઇ જોઇ શકશે નહીં. તમારું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થઇ જશે એવો વિશ્વાસ રાખજો. (૯૦-૯૧). નર્મદાનો કિનારો છોડીને હવે મારે બીજે ક્યાંય પણ જવું નહીં એવી દેવની આજ્ઞા છે. (૯૨).

આવી વાત સાંભળીને એ બ્રહ્મણસ્પતિ શ્રીગુરુનાં ચરણોમાં ભાવપૂર્વક દંડવત્ કરીને પોતાને ગામ જવા નીકળ્યા. (૯૩). ત્યાંથી ટાકળી ગામમાં આવીને પોતાની સાથે આવવા દાજીબુવાને તરત પ્રેમપૂર્વક પ્રાર્થના કરી અને શ્રીગુરુમૂર્તિએ તેમને સાથે લઇ જવાનું કહ્યું છે એ વાત પણ કરી. એ વખતે કોઇ દુષ્ટે દાજીબુવા પર મારણપ્રયોગ કર્યો હતો તેથી એમને સખત લોહી પડતું હતું. એને કારણે એ સુજ્ઞ પુરુષે અગ્નિહોત્રીબુવાને તે વખતે કહ્યું કે જુઓ ! મારા શરીરમાં ખૂબ જ અશક્તિ આવી ગઇ છે. એમ છતાં દયાળુ શ્રીગુરુ મને તે વખતે આ દુ:ખમાંથી જરા પણ મુક્ત કરશે તો હું ત્યાં ચોક્કસ આવીશ જ. આ સાંભળીને અગ્નિહોત્રીબુવા બોલ્યા કે એ સમર્થ શ્રીગુરુરાય આપનાં દુ:ખનું ચોક્કસ નિવારણ કરશે એમાં મને બિલકુલ શંકા નથી. આમ કહીને તેઓ તરત જ જિંતુરમાં આવી પહોંચ્યા. (૯૪-૧૦૦).

શુભ મુહૂર્ત જોઇને અગ્નિહોત્રીબુવાએ પુરશ્ચરણની પ્રેમપૂર્વક શરૂઆત કરી. (૧૦૧). આ બાજુએ ટાકળીમાં દાજીબુવા શ્રીગુરુની કૃપાથી દુ:ખમાંથી મુક્ત થયા હતા. તેમ છતાં અગ્નિહોત્રીબુવાના ઘરે જવાની વાત તે વખતે ભૂલી ગયા. આ પરિસ્થિતિ જાણી લઇને દાજી મહારાજને દષ્ટાંત (સ્વપ્નમાં આદેશ) આપીને શ્રીગુરુએ કહ્યું કે તમે હજી જિંતુરમાં ગયા નથી? હજી અહીં જ ભટક્યા કરો છો? (૧૦૨-૧૦૪).

આ શબ્દો સીધા કાન પર સંભળાતાં ગોદાવરી નદી ઉપરથી તરત જ તેઓ જિંતુર જવા માટે નીકળી ગયા. (૧૦૫). ટાકળીથી જિંતુર બાવીસ ગાઉ (લગભગ ૫૦ કિ.મી.) દૂર છે. છતાં પગે ચાલીને એ પૂર્ણાહુતિના સમય પર જિંતુર યજ્ઞમંડપમાં આવી પહોંચ્યા. તેમણે અગ્નિહોત્રીને સૌ પ્રથમ બધી વાત પ્રેમથી કહી સંભળાવી. (૧૦૬-૧૦૭). એકદમ ગળગળા થઇને બધાને કહેવા લાગ્યા કે મને હવે ખાતરી થઇ ગઇ છે કે શ્રીગુરુ એ સાક્ષાત્ દત્તનો અવતાર જ છે. (૧૦૮). આવું કહીને પછી મંડપમાં જ્યાં દેવની સ્થાપના થઇ હતી ત્યાં જોઇને આનંદથી બોલી ઊઠ્યા કે અરે ! જુઓ તો ખરા ! મારાં પહેલા આવીને શ્રીગુરુ અહીં ઇશાન ખૂણામાં બેઠા છે. (૧૦૯-૧૧૦). આ સાંભળીને બધા આશ્ચર્યચકિત થઇ ગયા અને ત્યાં શ્રીગુરુની નિશ્ચિતરૂપથી પ્રાર્થના કરવા લાગ્યા. (૧૧૧).

## ગીત

હે માનવ ! નિરાકાર હોવા છતાં જે સચરાચર વ્યાપી રહ્યો છે એવા **'વાસુદેવ'**ના નામનો અખંડ ઉચ્ચાર કર.

માયાના વંટોળિયાથી ચારે દિશાઓ ઘેરાઇ ગઇ છે, અને આ સંસારસાગરમાં તારી દેહરૂપી નૌકા તણાઇ જશે; માટે **'વાસુદેવ'**ના નામનો અખંડ ઉચ્ચાર કર. (૧).

સ્ત્રી પુત્ર કે ધનગૃહાદિમાં હવે બિલકુલ મમતા રાખીશ નહિ; અને સદ્ગુરુરૂપી સુકાનીને આશરે રહી પેલે પાર જા. **'વાસુદેવ'**ના નામનો અખંડ ઉચ્ચાર કર. (૨).

પોતાનું દાન આપીને અત્રિપત્ની અનસૂયાને જેણે સંતુષ્ટ કર્યાં એવા દત્તસ્વરૂપ આર્ય સદ્ગુરુરાજને સદા સર્વદા નમન કર. (૩).

શ્રીવાસુદેવાનંદ સરસ્વતીનું નામ વાણીથી વદતાં સહેજમાં જ દાસને પરમાત્માનું પદ પ્રાપ્ત થયું. (૪).

◈

આવા તો શ્રીગુરુના અનેક ચમત્કારો થતા હતા. એનું વર્ણન કરતા તો કલ્પે પણ પાર આવે એમ નથી. (૧૧૨). પછી શ્રીગુરુ કાતરખેડાથી શૂળપાણની ઝાડીને જોતા જોતા આનંદપૂર્વક સ્વેચ્છાએ ફરતા ફરતા નર્મદા કિનારે ત્યાં શૂળપાણેશ્વર મહાદેવના પ્રખ્યાત સ્થાને આવી પહોંચ્યા. (૧૧૩-૧૧૪).

પછી દત્ત ભગવાનની આજ્ઞાનુસાર ત્યાંથી ગરુડેશ્વરમાં આવ્યા અને ઠેઠ સુધી ત્યાં પ્રેમપૂર્વક મુકામ કર્યો. (૧૧૫). આવાં વચન સાંભળીને ત્યાં શિષ્ય નિરંજન શું બોલ્યો એનું અનુસંધાન આગળના અધ્યાયમાં **રંગ** પ્રેમપૂર્વક કહેશે. (૧૧૬).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ગરુડેશ્વરાગમન'** નામનો **એકસો પિસ્તાળીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

# પાદટીપ :

## અધ્યાય : ૧૪૫

(૧) આ દોહરો હંમેશાં આંખ સામે રાખવા જેવો છે. આપણે બધા સામાન્ય રીતે આવી ભૂલ કરીએ છીએ તે સ્વાભાવિક છે. પરમ પુરુષમાં અતૂટ અને અડગ શ્રદ્ધા રાખી એ જે કહે અને જે કરે તે બરોબર જ હોય એવી વૃત્તિ કેળવવી જોઇએ. આવી વૃત્તિ રાખવાથી મન શંકા-કુશંકા કરતું અટકી જશે. ગુરુનાં કાર્યને મૂલવવાની આપણી તાકાત શું? સંત વિશે વિધાયક વલણ અપનાવવાથી જ સુખ મળે છે, શાંતિ મળે છે. મહાન પુરુષોના કાર્યની ખરા-ખોટી તપાસવાની આપણી લાયકાત પણ નથી અને આપણને અધિકાર પણ નથી.

(૨) આ દોહરો આપણને પણ ચેતવે છે. દોહરા ૪૨ થી ૫૬નો બની શકે તેટલો ઊંડાણથી અભ્યાસ કરવો જોઇએ. બહિર્મુખ થઇને પ્રવૃત્તિ કર્યા પછી યોગ્ય સમયે વ્યક્તિએ અંતર્મુખ થઇને આત્માનું કલ્યાણ કરવાની દિશામાં વિચઠારવું જોઇએ. બહિર્મુખ વૃત્તિ-પ્રવૃત્તિથી પ્રસિદ્ધિ મળે પણ અંતે એ પસ્તાવો કરાવનારી છે. લોકો તો પોતાના સ્વાર્થ માટે જયજયકાર કરી, લાભ મેળવી પછી છોડી દેશે. 'દિલરૂબા દિલકી સૂનાઉં; સૂનનેવાલા કૌન હૈ?'માં પણ બધા લોકો આજોબાનું શ્રેય મેળવવા આવે છે એ જ ભાવ છે. 'વાહ વાહ' સાંભળવું ગમે પણ એ જ કલ્યાણરૂપી હવા કાઢી નાંખે છે. પ્રતિષ્ઠા, પ્રચાર અને પૈસાથી એટલે જ પૂ.શ્રી દૂર રહેતા હતા.

(૩) દોહરા ૬૪ થી ૬૬ સમજવા જેવા છે અને એ જ સાધનાની પારાશીશી છે. 'કૃતાકૃતથી પરે બેસી, નિહાળે ખલ્કની રો રો !' એવું પૂ.શ્રીએ 'પ્રભુ પરખ્યા હૃદે જેણે' ભજનમાં લખ્યું છે. પ્રારબ્ધવશાત્ જે થાય તે જોયા કરવું, તે સહન કરવું અને તેમાં લેપાવું નહીં. ભગવાનનું સતત નામસ્મરણ કરવાથી આવો સ્વભાવ કેળવાય છે. 'જે થઇ ગયું તે સારું છે, જે થાય છે તે પણ સારું છે અને જે થશે તે પણ સારું જ થશે' એમ માનીને તટસ્થવૃત્તિથી જીવવામાં જ જીવનની સફળતા છે. "સફળ માણસો જુદું નથી કરતા, જુદી રીતે કરે છે" : આ રીત બદલવા માટે જ સાધના છે.

●

## અધ્યાય : ૧૪૬

આ અધ્યાયનું નામ **'ગરુડેશ્વરમાહાત્મ્યવર્ણન'** છે. આ અધ્યાયમાં **૧૯૦** દોહરા છે.

હાથ જોડીને નિરંજન બોલ્યો કે આ ગરુડેશ્વર ક્ષેત્રનું નિર્માણ કેવી રીતે થયું તે મને વિસ્તારપૂર્વક કહો. (૧). શ્રીગુરુએ જીવનની અંતિમ લીલા જ્યાં કરી તે સ્થળની ઉત્પત્તિ વિશે વિગતે કહો. (૨-૩).

અલખ બોલ્યા કે નિરંજન ! અહીં ગજાસુર નામનો એક રાક્ષસ રહેતો હતો. ગરુડ સાથેના યુદ્ધમાં એ મૃત્યુ પામ્યો. પર્વત ઉપર પડી રહેલાં એનાં હાડકાં વર્ષાઋતુમાં નર્મદામાં વહી ગયાં તેથી એને દિવ્ય શરીર પ્રાપ્ત થયું. એણે સો વર્ષનું ઉગ્ર તપ કર્યું તેથી ભગવાન શંકર પ્રસન્ન થયા અને તેને વરદાન આપ્યું. એણે આ સ્થળે ગરુડનું નામ જોડાય અને પોતાના શરીરનું ચર્મ ભગવાન ધારણ કરે એવું વરદાન માગ્યું. ભગવાને વરદાન આપ્યું અને તે પ્રમાણે આ સ્થળનું નામ ગરુડેશ્વર પડ્યું તથા આ સ્થળનો મહિમા અપાર થાય એવાં વરદાન આપ્યાં. (૪-૪૭). આ સ્થાનમાં નારદ ઋષિએ તપ કરી મનની શાંતિ પ્રાપ્ત કરી હતી. આ સ્થાનના આવા અનુપમ મહિમાને કારણે શ્રીગુરુ ગરુડેશ્વરમાં આવીને રહ્યા હતા. (૪૮-૫૯).

સ્વામીબ્રહ્માનંદતીર્થ અને સ્વામીબ્રહ્માનંદસરસ્વતી બન્નેને શ્રીગુરુ પ્રત્યે ઘણો જ ભાવ હતો. બન્નેના પૂર્વાશ્રમની અને સાધક તરીકેની પણ વિગતે વાતો કહીને શ્રીજગદ્‌ગુરુની એમના તરફની કૃપાદૃષ્ટિનું વર્ણન કર્યું. (૬૦-૧૩૫).

શ્રીગુરુ ગરુડેશ્વરમાં હતા ત્યારે પિશાચપીડાથી ત્રાસેલા એક પારસીને એ ત્રાસમાંથી મુક્ત કર્યો. એક મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ સ્ત્રી રજસ્વલાધર્મના ચોથા દિવસે દર્શને આવી તેથી દેવે તેના નાના બાળકને ગુમ કરી દીધો જે શ્રીગુરુએ પાછો આણી આપ્યો અને તે દ્વારા દેવનાં દર્શને પાંચમે દિવસે જવું એવું શીખવ્યું. (૧૩૬-૧૭૫).

શ્રીગુરુ ગરુડેશ્વરમાં હતા ત્યારે એક ભક્તે દત્તમૂર્તિ આપી. દત્તની આજ્ઞાથી એની પ્રતિષ્ઠા કરાવીને પૂજાક્રમાદિના નિયમો આપ્યા. પછી શ્રીગુરુને સમાધિ લેવાનો સંકલ્પ થતાં ગાંડાબુવાને ભરુચથી બોલાવી લીધા. (૧૭૬-૧૯૦).

બે હાથ જોડીને નિરંજન બોલ્યો કે આ ગરુડેશ્વર ક્ષેત્રનું નિર્માણ કેવી રીતે થયું તે મને વિસ્તારપૂર્વક કહો. (૧). શ્રીગુરુએ એમની ધન્ય એવી આખરી લીલા જ્યાં કરી એ સ્થાનની બધી વાત મને કૃપા કરીને કહો. હું અનન્ય ભાવે આપને વંદન કરું છું. (૨). આવું બોલીને તે ચરણોમાં વારે વારે વંદન કરવા લાગ્યો. એનો વિશુદ્ધ ભાવ જોઇને સુંદર દેહધારી અલખજી બોલ્યા કે હે ધન્યવાદને પાત્ર શિષ્ય ! તું સાંભળ. પહેલાંના સમયમાં આ સ્થળે ગજાસુર નામનો એક રાક્ષસ રહેતો હતો. (૩-૪). હાથીનું રૂપ ધારણ કરીને એણે ગરુડની સાથે ભયંકર યુદ્ધ કર્યું.(૫). યુદ્ધમાં ગરુડે એના પ્રાણ હરી લીધા- એને મારી નાંખ્યો એટલે એ રાક્ષસનાં હાડકાં પર્વત ઉપર પડી રહ્યાં

હતાં. (૬). હે ભાઇ ! પછી ચોમાસું આવતાં પ્રારબ્ધવશ પાણી સાથે એ હાડકાં ઘસડાઇને નર્મદામાં પડ્યાં. (૭). નર્મદામાં અસ્થિ પડતાંની સાથે જ એનું શરીર દિવ્ય થઇ ગયું. આ સ્થાનનો આવો અદ્‌ભુત મહિમા જાણીને એ રાક્ષસે અહીં દિવ્ય સ્વરૂપે રહીને ઉગ્ર તપ કર્યું અને એ તપોનુષ્ઠાનમાં સો વરસ વીતી ગયાં. (૮-૯).

એનો ભાવ જોઇને સર્વના આત્મસ્વરૂપ એવા ભગવાન શિવે પ્રગટ થઇને- દર્શન આપીને-ગજાસુરને કહ્યું કે તારી ભક્તિ જોઇને હું ખરેખર તારા પર પ્રસન્ન થયો છું. માટે તારા હિતમાં હોય એવું વરદાન માગ. (૧૦-૧૧). ભગવાન શંકરે આવું કહ્યું એટલે બન્ને હાથ જોડીને મહાદેવને વંદન કરીને ગજાસુર બોલ્યો કે હે ત્રિપુરનો નાશ કરનાર ! જ્યારે આપ વરદાન આપો જ છો ત્યારે હે ભવમોચન ! હે દીનદયાળ ! આ સ્થાન વિષે આપના નામની સાથે મારું નામ કાયમ માટે જોડાયેલું રહે. જે કોઇ અહીં આવીને સત્કર્મ કરે, સ્નાન, સંધ્યા અને દેવનું પૂજન તર્પણ કરે, બ્રાહ્મણોને ભોજન આપે અને દાન વગેરે આપે તેનું પાપ વિલંબ કર્યા વગર હે દેવ ! આ સ્થળે નાશ પામો. તદુપરાંત હે દેવ ! અમાસ અને સંક્રાંતિ પર્વના દિવસે, પર્વ વિશેષમાં, ગ્રહણ, વ્યતિપાત વગેરેમાં અને અધિક મહિનામાં રવિવાર અને સોમવારે અહીં સ્નાન કરવાનું ફળ અન્ય તીર્થોના સ્નાન કરતાં લાખ ગણુ તરત જ મળે એવું કરો. (૧૨-૧૮).

આ સ્થાન કુરુક્ષેત્ર વગેરે જેવું પાવનકારી બનો અને સ્નાનમાત્રથી પ્રાણીમાત્રનાં પાપ હરી લો. (૧૯). બીજું એ કે હે ભોળાનાથ ! આપના ગણમાં મને શ્રેષ્ઠ સ્થાન આપો. તેમજ હે ઉમાપતિ ! આપ હરહંમેશ માટે મારું ચામડું પહેરો- ધારણ કરો. મારું મૃત્યુ અહીં ગરુડથી થયું છે તેથી મને આ અલભ્ય લાભ મળ્યો છે એટલે આ સ્થળ સાથે ગરુડનું નામ કાયમ માટે જોડાયેલું રહો અને હે સામ્બ ! આપ આજથી જ પ્રેમપૂર્વક આ સ્થળે કાયમ માટે વાસ કરો અને હે શંકર (હર) ! સદ્‌ભકતોની મનોકામના અવશ્ય પૂર્ણ કરો. (૨૦-૨૩). ગજાસુરની એવી પ્રાર્થના સાંભળીને ત્યાં ભગવાન શંકર- પાર્વતીપતિ- બોલ્યા કે હે ગજાસુર ! ત્રિભુવનમાં તારું નામ પ્રસિદ્ધ કરવા માટે હું પોતે આજથી તારું ચામડું પહેરીશ. તદુપરાંત આ સ્થાનમાં રહીને હું ભકતોની મનોકામના ચોક્કસ પૂરી કરીશ એ તું જાણી લે. તું અહીં પ્રેમથી ગરુડ ના નામના લિંગની તરત જ સ્થાપના કર અને એ લિંગ ગરુડેશ્વરના નામથી પ્રખ્યાતિ પામશે. (૨૪-૨૭).

તારા હાથી સ્વરૂપની ખોપરી અહીં નર્મદાના જળમાં પડી તેથી એના પુણ્યબળે તારો આ દિવ્ય દેહ થયો છે અને તને આ લાભ મળ્યો છે. તેથી હે સારી બુદ્ધિવાળા ! તું નર્મદાના કિનારે કરોટેશ્વરના નામનું લિંગ સ્થાપ. એ સાંભળીને ગજાસુરે ત્યારે સ્નેહથી ગરુડેશ્વરના નામે એક શિવલિંગનું પર્વત પર સ્થાપન કર્યું અને એ ધીરજવાને રેવાને કિનારે કરોટેશ્વર નામથી બીજા લિંગનું સ્થાપન કર્યું. (૨૮-૩૧).

ભગવાન શંકર ફરી પાછા બોલ્યા કે હે ગજાસુર ! તું એક વાત સાંભળ. તારા હાથે આ જે બે શિવલિંગોનું સ્થાપન કરાવ્યું છે તેનું જે કોઇ દક્ષિણ દિશામાં મોં રાખીને, બેસીને ભાવથી પૂજન કરશે તેને હું તરત જ ફળ આપીશ. (૩૨-૩૩). વળી સુદ અને વદની આઠમે અને ચૌદસે જે કોઇ ભાવપૂર્વક બન્ને શિવલિંગનું પ્રેમથી પૂજન કરીને જાગરણ કરશે તેમની એકવીસ પેઢીનો હું નિશ્ચિતરૂપે ઉદ્ધાર કરીશ. વળી બીજું પણ સાંભળ. જો કોઇ અહીં નાભિ સુધીના પાણીમાં ઊભા રહીને પિતૃઓનું તર્પણ કરશે તો તેના પૂર્વજોને હું કૈલાસમાં લઇ જઇશ. આ સ્થળે

એક બ્રાહ્મણને જમાડવાથી હું એને એક લાખ બ્રાહ્મણો જમાડવાનું પુણ્ય આપીશ. તદુપરાંત જેનાં અસ્થિ નર્મદાજળમાં આ સ્થાને પડશે તેને જ્યાં સુધી એ અસ્થિ નર્મદામાં રહેશે ત્યાં સુધી હું એને કૈલાસમાં લઇ જઇને સુખથી રાખીશ અને પછી છેવટે એને કોઇ પવિત્ર શ્રીમંતના ઘરે જન્મ આપીને રાજસુખનો અનુભવ પણ કરાવીશ. અથવા જો એ સંપૂર્ણપણે નિષ્કામ હશે તો જ્ઞાન દ્વારા એને વિદેહ કૈવલ્ય કરાવી આપીશ. હે મારા ગજાસુર ! તું આમાં શંકા કરીશ નહીં. (૩૪-૪૨). આ સ્થળે શિવાલય બાંધીને જે કોઇ આ તીર્થનું માહાત્મ્ય ભાવથી સાંભળશે તેને હું પ્રેમથી બધાં પાપોમાંથી મુકત કરીને એને અંતે મારી સાથે જોડી દઇશ તે તું જાણ અને મારું આ વચન તું સાચું માન. (૪૩-૪૪). હે ગજાસુર ! જા, મેં તને આજથી મારા ગણમાં મુખ્ય સ્થાન આપ્યું છે. એવું કહીને પછી મહાદેવ ત્યાં અંતર્ધાન થયાં અને ગજાસુરને ખાસ વિમાનમાં બેસાડીને કૈલાસ લઇ ગયા. (૪૫-૪૬).

તે દિવસથી આ ગરુડેશ્વર ક્ષેત્ર નર્મદાના કિનારે, ઉત્તર તીરે નિર્માણ થયું છે. કરોટેશ્વરની પૂર્વમાં પાસે જ નારદેશ્વર નામનું બીજું મનોહર લિંગ છે. (૪૭-૪૮). આ સ્થળે શ્રીગુરુમૂર્તિ રોજ સ્નાન-સંધ્યા માટે જતા અને અહીં પ્રેમથી ભકતોને શ્રીગુરુ ભાષ્યનું કથન કરતા હતા. એનો મહિમા મુખેથી કોણ વર્ણવી શકે એમ છે? એમ છતાં તું એ મહિમા સાંભળ. (૪૯-૫૦).

બ્રહ્માના સુંદર શરીરધારી પુત્ર નારદજી મનમાં આકુળ-વ્યાકુળ થઇને અહીં શાંતિ મેળવવા માટે તપ કરતા હતા. (૫૧). એમના હૃદયનો શુદ્ધ ભાવ જોઇને ત્યાં ભગવાન વિષ્ણુ અને ભગવાન શંકર બંને પ્રસન્ન થઇને એમને કહેવા લાગ્યા કે હે બાળ ! તું મહર્ષિ સનત્કુમારને શરણે જા. ત્યાં તને કલંકરહિત- તદ્દન શુદ્ધ જ્ઞાનની ચોક્કસ પ્રાપ્તિ થશે. (૫૨-૫૩). એનાથી તારા દુઃખ અને શોક તરત જ નાશ પામશે. આમ કહીને ભગવાન વિષ્ણુ તથા ભગવાન શંકર અદૃશ્ય થઇ ગયા. (૫૪). ત્યાર પછી નારદે નર્મદાના કિનારા પર એ સ્થળે નારદેશ્વર નામનું શિવલિંગ સ્થાપ્યું. (૫૫). પછી સનત્કુમારને શરણે ખાસ જઇને એમના પાસેથી નારદજીએ આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી. (૫૬).

જે કોઇ અહીં નારદેશ્વરની પૂજા કરશે તે પૂર્ણકામ થઇને શિવપદને પ્રાપ્ત કરશે એમાં કોઇ શંકાને સ્થાન નથી. (૫૭). આ સરસ સ્થાનમાં બેસીને શાસ્ત્રાભ્યાસ કે યોગાભ્યાસ કરવાથી એ કાર્ય જલદીથી સિદ્ધ થશે. (૫૮). હે શિષ્ય ! આ સ્થાન આવું અનુપમ હોવાને કારણે શ્રીગુરુવર આ સ્થળે આવીને રહ્યા હતા તે તું સાંભળ. (૫૯).

શ્રીગુરુ જયારે ગરુડેશ્વરમાં હતા ત્યારે દર્શન માટે શૃંગેરી મઠથી સ્વામીબ્રહ્માનંદતીર્થ ભાવપૂર્વક આવ્યા હતા. એ જ રીતે તેલંગ દેશથી નિલૂરમઠપતિ સ્વામીબ્રહ્માનંદસરસ્વતી દર્શન માટે આવ્યા હતા. એ સાંભળીને ત્યાં નિરંજન હાથ જોડીને પૂછવા લાગ્યો કે હે પ્રભુ ! મને કૃપા કરીને એ બન્ને સ્વામીના જીવન વિશે તેમજ તેમની આધ્યાત્મિક કક્ષા વિશે કહો. એટલે અલખ બોલ્યા કે હે બાળ ! હું તને કેટલું કહું? છતાં તું સાંભળ. (૬૦-૬૩).

શૃંગેરીમઠથી સ્વામી બ્રહ્માનંદતીર્થ નામના જે સંન્યાસીશ્રેષ્ઠ આવ્યા હતા તે ઉચ્ચકુળના મહારાષ્ટ્રી બ્રાહ્મણ હતા. પૂર્વાશ્રમમાં ભણતા હતા ત્યારે અંગ્રેજીની પરીક્ષામાં એક વાર નાપાસ થયા, તેથી કંટાળીને મા-બાપને કહ્યા વિના પોતાનું ઘર છોડી દીધું અને બ્રહ્મચર્યનું પાલન કરતા કરતા હંમેશાં તીર્થોમાં ફરતા રહેતા અને એ રીતે બદરી-કેદાર વગેરેમાં તીર્થાટન કરીને પછી તરત બ્રહ્માવર્તમાં આવ્યા. ત્યાં રોજ જ દર્શનાર્થે શ્રીગુરુની પાસે

ભાવપૂર્વક આવતા હતા. (૬૪-૬૮). એમના હૃદયનો ભાવ જોઇને શ્રીગુરુએ એમને પ્રેમથી દક્ષિણદેશમાં યાત્રાર્થે જવા કહ્યું અને કહ્યું કે ત્યાં જતાં તમને સદ્‌ગુરુની પ્રાપ્તિ થશે અને ત્યાં તમારું કાર્ય સિદ્ધ થશે એ તમે નિશ્ચિત માનજો.① (૬૯-૭૦).

આ વચન સાંભળીને પ્રેમપૂર્વક કાવડમાં ગંગાજળને લઇને, પગે ચાલીને તેઓ રામેશ્વર ગયા અને રામેશ્વરની યાત્રા પૂરી કરીને એ સુબુદ્ધિવાળાએ કાવડનું ગંગાજળ ત્યાં દરિયામાં પધરાવ્યું અને ત્યાંથી તરત પાછા ફરતી વખતે તુંગભદ્રાને કિનારે આવેલા શૃંગેરીમઠમાં રોકાયા. ત્યાં જગદ્‌ગુરુ સ્વામીને જોતાં જ એમને લાગ્યું કે આ યતીશ્વર એ સાક્ષાત્ ગુરુમૂર્તિ વાસુદેવાનંદ સરસ્વતી જ છે. (૭૧-૭૪). એમનાં દર્શનથી દુ:ખ દૂર થયું અને મનમાં આનંદ આનંદ થઇ ગયો. તેમ છતાં ત્યાં રહેવા માટે જગ્યા મળી નહીં. (૭૫).

તેથી તુંગભદ્રા નદીના સામે કિનારે જ્યાં જગદ્‌ગુરુની ધ્યાન ધરવાની જગ્યા હતી ત્યાં તેની પાસેના શિવમંદિરમાં મુકામ કર્યો અને ખાસ ત્યાં રહીને ગાયત્રીનો જાપ કરવા લાગ્યા. (૭૬-૭૭). પાસે દ્રવ્ય તો હતું જ નહીં અને બે કૌપીન સિવાય અન્ય વસ્ત્ર પણ રહ્યું હતું નહીં. દ્રવ્ય અને વસ્ત્ર વિના એ ત્યાં અકિંચન અવસ્થામાં રહેતા હતા. પાણી પીવા માટે પાસે તૂટેલું ફૂટેલું તુંબીપાત્ર હતું અને માધુકરી લાવવા માટે વસ્ત્ર હતું. સામાનમાં આટલું જ હતું. આવી વૈરાગ્યવૃત્તિથી ભગવાન શંકરની ઉપાસના કરતા હતા. (૭૮-૮૦).

ભિક્ષા માટે તુંગભદ્રાના આ બાજુના કિનારે નાવમાં બેસીને આવવાના પૈસા ન હોવાથી બપોરે આવી વિશાળ તુંગભદ્રા નદી તરીને ગામમાં ભિક્ષા માગવા જતા હતા. એમને અઘોરી બાવો માનીને કોઇ ભિક્ષાન્ન આપતું ન હતું. એમ છતાં એક જગદ્‌ગુરુના અન્નક્ષેત્રમાંથી જે મૂઠીભર ભાત મળતો હતો તેના ઉપર એ મુમુક્ષુ ભરયુવાનીમાં ગુજરાન ચલાવતા હતા. (૮૧-૮૪). ભરજુવાનીમાં પેટ ભરીને ખાવાનું મળતું ન હતું તેથી શરીરમાં માત્ર હાડકાં જ દેખાતાં હતાં. (૮૫).

પ્રારબ્ધયોગ પૂરો થતાં એક દિવસ જગદ્‌ગુરુએ એમને જોતાંની સાથે તરત જ દયાર્દ્ર ચિત્તથી પોતાની પાસે બોલાવ્યા. એ વખતે જગદ્‌ગુરુ પાસે જે અંગત માણસો હતા તેમણે પગે લાગીને ખાસ કહ્યું કે હે નાથ ! આ તો ખરેખર અઘોરપંથી જ છે. (૮૬-૮૮). જગદ્‌ગુરુએ એમને કહ્યું કે એ ભલે ને ગમે તે પંથનો હોય તો પણ એને મારી પાસે આવવા દો. (૮૯). એવું બોલીને એને પ્રેમથી ફરીથી પોતાની પાસે બોલાવ્યો. જગદ્‌ગુરુ પાસે એ આવ્યા એટલે જગદ્‌ગુરુએ એમને ખાસ પૂછ્યું કે તારું નામ શું? તું કયા ગામનો છે? ત્યાં રહીને તું શું કરે છે? આ શરીર આવું સુકાઇ કેવી રીતે ગયું? તું મને સાચું કહે. (૯૦-૯૧).

આચાર્યનું આવું પ્રેમયુક્ત સુંદર ભાષણ સાંભળીને એ બ્રાહ્મણે ગળગળા થઇને પોતાનો સઘળો વૃત્તાંત કહ્યો. (૯૨). જન્મથી માંડીને આજ સુધીનો બધો વૃત્તાંત કહીને પછી કહ્યું કે હે નાથ ! શૃંગેરીમઠમાં મને રહેવાની જગ્યા ન મળવાથી હે દયાળુ ! તુંગભદ્રા નદીના સામે કિનારે રહીને શિવલિંગ ઉપર રોજ રુદ્રાભિષેક કરીને યથાશક્તિ ગાયત્રીના જાપ પ્રેમથી કરું છું. (૯૩-૯૫).

હું રોજ જ તરીને આ કિનારે ગામમાં આવું છું પણ હે કૃપાનિધાન ! ગામમાંથી પણ ભિક્ષામાં એક દાણો અન્ન મળતું નથી. (૯૬). માત્ર આપના અન્નક્ષેત્રમાંથી મૂઠીભર જે ભાત મળે છે તેના પર હે જગદ્‌ગુરુ પિતા ! હું મારો

સમય પસાર કરું છું. (૯૭). હે દયાળુ ! ખાવા માટે પેટ પૂરતું અન્ન મળતું નથી તેથી આ શરીર આવું એકદમ ક્ષીણ થયેલું દેખાય છે. (૯૮). એ બ્રાહ્મણનાં આવાં વચન સાંભળીને શ્રીજગદ્ગુરુ મનમાં એકદમ દ્રવી ઊઠ્યા. (૯૯). અન્નક્ષેત્ર ઉપર જે કારભારી- વ્યવસ્થાપક- હતો તેને તરત જ બોલાવ્યો અને કહ્યું કે આ મઠની જ્યારથી સ્થાપના થઇ છે ત્યારથી જ અભ્યાગત માટેના જે નિયમો અહીં કરી આપ્યા છે તેનું ઉલ્લંઘન કરતાં તમે કેમ ડરતા નથી? બધાને પેટ ભરીને ખાવાનું કેમ આપતા નથી? (૧૦૦-૧૦૨). એક મૂઠી ભાતથી આ શરીર કેવી રીતે ચાલે? તમે જુઓ કે આ બ્રાહ્મણનું શરીર પૂરતાં અન્ન વગર કેવું ક્ષીણ થઇ ગયું છે ! આનું પાપ કોને લાગશે? જગદ્ગુરુનાં આવાં વચનો સાંભળીને કારભારી સહિત બીજા લોકો પણ મનમાં શરમાયા અને નીચું જોવા લાગ્યા. પછી જગદ્ગુરુએ એ બ્રાહ્મણને વસ્ત્ર, વાસણ વગેરે પ્રેમથી આપીને કહ્યું કે હે સદ્બુદ્ધિવાળા ! હવે તમે મારી પાસે જ રહેવાનું રાખજો. જગદ્ગુરુની આજ્ઞાનુસાર તેઓ તેમની પાસે રહેવા લાગ્યા. એમના સદાચાર અને સદ્ગુણો જોઇને એક દિવસ એ મહાન આચાર્યે જાતે કહ્યું કે હે બ્રહ્મચારી ! હવે તું સંન્યસ્ત લઇ લે જેથી બહારની બધી ઉપાધિ દૂર થાય અને પરિણામે આત્મા-અનાત્માનો વિચાર કરવાનું કામ સરળતાથી થઇ શકે. (૧૦૩-૧૦૯).

પછી આચાર્યની આજ્ઞાનુસાર એમણે સંન્યસ્તની દીક્ષા લીધી અને દંડ પણ લીધો. (૧૧૦). બ્રહ્માનંદતીર્થ એવો યોગપટ્ટ રાખીને જગદ્ગુરુએ ત્યાં જાતે એમને પ્રાણાયામ વગેરે બધું શિખવાડ્યું. એ પ્રમાણે એ એમનો અભ્યાસ આગળ ચલાવતા હતા. એવામાં એક દિવસ જગદ્ગુરુએ એમને કહ્યું કે હું અહીં ઉપનિષદ વગેરે ઉપર ભાષ્ય સંભળાવું છું તો તમે પણ એ રોજ ધ્યાનપૂર્વક સાંભળો. જગદ્ગુરુનાં એવાં વચન સાંભળીને બ્રહ્માનંદ સંન્યાસી બોલ્યા કે હે ભગવાન ! હું આ ભાષ્યને કેવી રીતે સમજી શકીશ? ત્યારે જગદ્ગુરુ બોલ્યા કે તમે એની ચિંતા ના કરો. તમે રોજ ભાષ્ય સાંભળો અને પછી જુઓ કે શું થાય છે? (૧૧૧-૧૧૬).

એવું બોલીને પછી જગદ્ગુરુએ એને પૂરેપૂરી કૃપા કરીને ભાષ્ય સંભળાવ્યું અને બ્રહ્માનંદે પણ યોગ્ય ધ્યાન આપીને એ સાંભળ્યું. એમ સાંભળતાં ધીમે ધીમે ભાષ્યમાં તેમને નિશ્ચિતરૂપથી સમજ પડવા લાગી. (૧૧૭-૧૧૮). એ રીતે જ્ઞાન પામીને પછી બીજાને પણ એ ભાષ્ય સંભળાવતા હતા. એ જોઇને લોકોને ખૂબ નવાઇ લાગતી. (૧૧૯).

આગળ જતાં જ્યારે જગદ્ગુરુ સમાધિસ્થ થયા ત્યારે બ્રહ્માનંદસ્વામીને શૃંગેરીમઠમાં ગમતું ન હતું. તેથી ફરતા ફરતા એ બ્રહ્માનંદતીર્થ ગરુડેશ્વરમાં શ્રીગુરુ પાસે આવ્યા. (૧૨૦-૧૨૧). ગુરુકૃપાથી એમને સારી આધ્યાત્મિક કક્ષાએ જોઇને શ્રીગુરુએ જાતે એમની પ્રશંસા કરી. (૧૨૨). બ્રહ્માનંદતીર્થ બોલ્યા કે હે દયાળુ દત્તસ્વામી ! આ બધું આપની કૃપાનું જ ફળ છે. હું તો આપનો બાળક છું. (૧૨૩). સંતની કૃપા થતાં દુ:ખ રહેતું નથી અને જો સાચો ભાવ હોય તો સાચું સુખ ચોક્કસ મળે જ છે. (૧૨૪). મૂગો હોય તે બોલતો થાય છે અને પાંગળો હોય તે પર્વત ચઢી જાય છે. બ્રહ્માનંદ તો યોગ્ય અધિકારી હોવાથી ગુરુકૃપાથી મોક્ષના અધિકારી થયા એમાં આશ્ચર્ય પામવા જેવું ખાસ કાંઇ નથી. સંતના કૃપાકટાક્ષથી કલેશો સદંતર દૂર થઇ જાય છે. (૧૨૫-૧૨૬).

નિલૂરમઠના જે બ્રહ્માનંદસરસ્વતી છે તે પૂર્વાશ્રમમાં ઇજનેર ખાતામાં મોટા હોદ્દા ઉપર હતા અને તેમને દર મહિને બસો રૂપિયાનો પગાર મળતો હતો. (૧૨૭-૧૨૮). ભરયુવાનીમાં એમની સ્ત્રી મૃત્યુ પામતાં તરત જ

રાજાની નોકરી છોડી દઇને એ વિચારવા લાગ્યા કે આ નાશવંત શરીર માટે શું કામ આટલી બધી ઉપાધિ જોઇએ? જિંદગીભર આ જ ખટપટો કર્યા કરીશું તો પછી અંતકાળે પશ્ચાત્તાપ કરવાનું આવશે અને જન્મમરણનું દુ:ખ કોઇ દિવસ ટળશે નહીં. (૧૨૯-૧૩૧). એવો વિચાર કરીને એમણે તરત જ સંન્યાસ લઇ લીધો અને હૃદયથી પશ્ચાત્તાપ કરી તેના નિવારણ માટે એક વરસ સુધી કેવળ ગાયના મૂત્ર પર રહીને તપશ્ચર્યા કરી. (૧૩૨-૧૩૩). આ રીતે તપશ્ચર્યા કરીને અંતર પૂર્ણ નિષ્કામ થતાં ફરતાં ફરતાં એ ગરુડેશ્વર તીર્થમાં આવ્યા. (૧૩૪). શ્રીગુરુનાં દર્શન કરતાંની વારમાં તરત જ પાવન થઇ ગયા તેમજ ત્યાં સેવામાં હંમેશાં તત્પર રહેવા લાગ્યા. (૧૩૫).

શ્રીગુરુ જ્યારે ગરુડેશ્વરમાં હતા ત્યારે લાખો લોકો રોજ દર્શન માટે આવતા હતા. (૧૩૬). ત્યાંની ત્યારની બધી લીલા કોણ કહી શકે? એનું વર્ણન કરવા બેસીએ તો હે સદ્બુદ્ધિવાળા નિરંજન ! કલ્પ સુધી પણ પાર ન આવે અને ગ્રંથ પણ બેહદ મોટો થઇ જાય. (૧૩૭). રોજ રોજ ચારેય પ્રકારના ભક્તો દર્શન માટે આવતા હતા અને ત્યાં રોજ મહોત્સવ અને પૂજન-ભોજન થતાં હતાં. (૧૩૮).

એક દિવસ પિશાચની પીડાથી દુ:ખી થયેલો એક પારસી શ્રીગુરુનાં દર્શન માટે ભાવપૂર્વક આવ્યો. (૧૩૯). એને જોઇને શ્રીગુરુ બોલ્યા કે તું અહીંયાં કેમ આવ્યો? તું તારા ઘરે જલદી પાછો જતો રહે. એટલે પારસીએ દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે હે ગુરુ ! આપનાં ચરણોમાં એક વિનંતી છે. મને એક જિંદ હંમેશાં અનેક દુ:ખો આપે છે. (૧૪૦-૧૪૧). માટે હે દેવ ! હું આપનાં દર્શન માટે આવ્યો છું. મારા પર કૃપા કરીને મારું દુ:ખ તરત જ દૂર કરી ધો. (૧૪૨). આ જિંદ મને ઘરે અન્નનો એક કોળિયો પણ ખાવા દેતું નથી. ગઇ કાલે અહીં આવીને આપના દર્શન કરીને થોડું અન્ન ખાધું, તો પિશાચે ત્રાસ ન આપ્યો અને એ ખાધેલું પેટમાં ટકી રહ્યું. એટલે આપ પોતે ભગવાન છો અને સાક્ષાત્ પરમેશ્વર છો એ વાતમાં શંકાને કોઇ સ્થાન જ નથી. હવે હું બીજે ક્યાં જાઉં? હે પ્રભુ ! તમે મને શરણે રાખો. (૧૪૩-૧૪૫). હે દત્ત ભગવાન ! તમે મારી પિશાચપીડા દૂર કરી દો. એ સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે અરે ! હું કાંઇ ભગવાન નથી. જે આ બ્રહ્માંડમાં બધે વ્યાપીને રહ્યો છે તે એક જ ભગવાન છે. એ જ બધાનું રક્ષણ કરે છે. માટે જો ! તું હવે જલદીથી ઘરે જા અને તારા એ ખુદાની બંદગી કર. શ્રીગુરુએ આવું વારંવાર કહ્યું તો પણ એ પારસી તો ત્યાંથી એક ડગલું પણ ખસતો ન હતો અને તેનો આગ્રહ છોડતો ન હતો. આ રીતે કેટલાક દિવસ જતાં, એ પારસીનો નિશ્ચય જોઇને મનમાં દયા લાવીને ત્યારે શ્રીગુરુવર બોલ્યા કે અરે ! તું જા. આજથી તારું પિશાચ જતું રહ્યું એમ માન. હવે તને પીડા થશે નહિ. તું મનમાં શંકા લાવીશ નહીં. આવું કહીને શ્રીગુરુએ એને પ્રેમપૂર્વક પિશાચપીડામાંથી છોડાવ્યો. (૧૪૬-૧૫૧). શ્રીગુરુ શ્રદ્ધા જોઇને ભક્તનાં સંકટો હરી લે છે અને નાસ્તિકને આસ્તિક કરવાનો એ રીતે ચોક્કસ ચમત્કાર કરે છે. (૧૫૨).

એક વાર વડોદરાથી એક મહારાષ્ટ્રી બ્રાહ્મણ- દક્ષિણી બ્રાહ્મણ-ની સ્ત્રી ત્યાં ગરુડેશ્વરમાં દર્શન માટે આવી હતી. (૧૫૩). પોતાના મુકામ પર પુત્રને એકલો મૂકીને એ શ્રીગુરુનાં દર્શન કરવા માટે ખૂબ જ ઉમંગભેર જવા લાગી. (૧૫૪). ત્યારે એ રજસ્વલાધર્મવાળી હતી અને ચોથા દિવસે સારી રીતે સ્નાન કરીને શ્રીગુરુ પાસે આવી અને સદ્ભાવથી દર્શન કરીને, શ્રીગુરુનું ચરણામૃત લઇને પોતાના મુકામ પર પાછી આવી તો ત્યાં કોઇ પણ સ્થળે પોતાનો પુત્ર હતો નહિ. તેથી ચિંતાતુર એ થઇને બધે શોધી વળી તો પણ પત્તો લાગ્યો નહીં. એટલે શોકથી

આકુળવ્યાકુળ થઇને એ રડવા લાગી. જ્યારે શ્રીગુરુમૂર્તિએ આ વાત જાણી ત્યારે એ સ્ત્રીને બોલાવીને શ્રીગુરુએ ત્યાં કહ્યું કે તારાથી દેવનો કોઇ અપરાધ થઇ ગયો હોય એમ લાગે છે. માટે તારા પુત્રનો ક્યાંય પણ પત્તો લાગતો નથી. આમાં સાચું શું છે તે બોલ. (૧૫૫-૧૬૦).

એટલે એણે કહ્યું કે હું માસિકધર્મમાં હતી અને આજે ચાર દિવસ થયા છે એટલે સ્નાન કરીને હું દર્શન માટે ખરેખર આવી હતી. (૧૬૧). એ વાત સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે તું તો બ્રાહ્મણની દીકરી છે અને જાણીબૂઝીને મૂરખની જેમ દેવનો અપરાધ કેમ કર્યો? (૧૬૨). રજસ્વલા સ્ત્રીએ પાંચ દિવસ થાય એટલે સ્નાન કર્યા પછી દેવનાં દર્શને જવું જોઇએ એ વાત તો બધા જાણે છે. (૧૬૩). તેમ છતાં તેં આ ભૂલ કેમ કરી? માટે તું દેવની પાસે નાકલીટી તાણીને અપરાધની માફી માગ. (૧૬૪). એટલે તને તારો ખોવાયેલો દીકરો મળી જશે. એ પશ્ચિમ દિશામાં હશે એટલે એ દિશામાં જઇને શોધ. (૧૬૫).

આવું કહ્યા પછી શ્રીગુરુએ જાતે ઊઠીને પશ્ચિમ દિશામાં ચાલવા માંડ્યું. ત્યારે એ છોકરાને એ દિશામાંથી શૂદ્ર તેડીને આવતો જોઇને શ્રીગુરુવરે એને પૂછ્યું કે આ છોકરાને તું ક્યાંથી લઇ આવ્યો? (૧૬૬-૧૬૭). એ બોલ્યો કે મને રસ્તામાંથી મળ્યો. એટલે હે પ્રભુ ! એને ત્યાંથી લઇ આવ્યો. આ સાંભળીને શ્રીગુરુએ એ સ્ત્રી પાસેથી તરત જ શૂદ્રને એક રૂપિયો અપાવ્યો અને પછી મુકામ પર આવીને છોકરાને પ્રેમથી પૂછ્યું કે બેટા ! તું ક્યાં રમતો હતો? તને અહીંથી કોણ લઇ ગયું હતું? એટલે છોકરાએ કહ્યું કે હે દેવ ! કોઇ જટાધારી આવ્યો હતો અને મને બઉઓ (લાડવો) આપીને ત્યાં લઇ ગયો હતો. એ સાંભળીને ત્યાં હાજર રહેલી ભક્તોની મંડળી આશ્ચર્યચકિત થઇને બોલી કે માનો કે ના માનો પણ એ જટાધારી તો દત્ત ભગવાન પોતે જ હતા.(૨) (૧૬૮-૧૭૨).

શ્રીગુરુએ ત્યારથી બધાને એવી આજ્ઞા કરી કે હવે પછી કોઇ દિવસ કોઇએ આવી ભૂલ કરવી નહીં. (૧૭૩). એકદમ પવિત્ર થઇને દેવની પાસે જવું, નહિતર એના ઉપર ચોક્કસ કોઇ ઉપાધિ આવી પડશે. (૧૭૪).

શ્રીગુરુવરે ગરુડેશ્વરમાં આવા અપાર ચમત્કારો કર્યા, જે કહેતાં તેનો પાર પણ આવે એમ નથી. (૧૭૫). શ્રીગુરુ- પ્રભુ- જ્યારે ગરુડેશ્વરમાં હતા ત્યારે એક સુભક્તે આવીને શ્રીગુરુને દત્તમૂર્તિ લાવીને અર્પણ કરી. (૧૭૬). દત્તાજ્ઞાથી ત્યાં એની પ્રતિષ્ઠા કરીને શ્રીગુરુરાયે બધાને પૂજાનો ક્રમ વગેરે બધું કહી સમજાવ્યું. (૧૭૭).

સવારમાં રોજ પ્રેમપૂર્વક પ્રાત:સ્મરણ કરીને પછી નિયમપૂર્વક મંગળા આરતી કરવી. ત્યાર પછી અહીં દેવને પંચામૃતથી સ્નાન કરાવીને રુદ્રપવમાન સૂક્તથી અભિષેક કરવો. (૧૭૮-૧૭૯). પછી દેવનું ષોડશોપચારથી પૂજન કરવું અને ગંધ, પુષ્પ, તુલસી, શમી વગેરે અર્પણ કરવાં અથવા રાજોપચારથી પૂજન કરીને મધ્યાહ્ને પંચોપચારથી પૂજન કરીને તરત જ નૈવેદ્ય વગેરે અર્પણ કરીને આરતી કરવી. સાયંકાળે- સંધ્યા સમયે- પ્રેમપૂર્વક પંચપદી કર્યા પછી પાન, આરતી, મંત્રપુષ્પાંજલિ વગેરે અર્પણ કરીને તે પછી રોજ શયન આરતી કરવી. (૧૮૦-૧૮૩). ગરુડેશ્વરમાં ભજન-પૂજન વગેરેના આવા કાર્યક્રમની લીલા જોયા પછી તો વૈકુંઠ પણ તુચ્છ લાગે. (૧૮૪).

રોજ રોજ નવાં નવાં ટોળાં દર્શનાર્થે આવે છે અને બ્રહ્મભોજન પણ થતું રહે છે. "અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત ચિદ્‌ઘન" એવી અખંડ ગર્જના ચારે બાજુ થયા જ કરે છે. આઠ સિદ્ધિ અને નવે નિધિ શ્રીગુરુના પગ પાસે તો પાણી ભરે છે. (૧૮૫-૧૮૬).

ભૂમંડળમાં બધે કીર્તિ ફેલાઇ ગઇ, તેથી લોકો શાંતિથી ઠરીને બેસવા દેતા ન હતા. એવું જોઇને એ પુણ્યશ્લોકે મનમાં સમાધિ લેવાનું વિચાર્યું. એવો સંકલ્પ થતાંની સાથે શ્રીગુરુની પ્રકૃતિ એકાએક થોડીક અસ્વસ્થ થઇ ગઇ. (૧૮૭-૧૮૮).

એ વખતે વૈશાખ મહિનો હતો. ભરુચથી ગાંડાબુવાને બોલાવીને શ્રીગુરુએ શું કર્યું તેનું આગળ ઉપરનું અનુસંધાન બધાં વિઘ્નોને હરી લેનારું છે એમ જાણ. એનું શ્રવણ કરવાથી હે **રંગ** ! જન્મમરણનો ભય બિલકુલ રહેશે નહીં એમ માન. (૧૮૯-૧૯૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ગરુડેશ્વરમાહાત્મ્યવર્ણન'** નામનો **એકસો છેતાળીસમો** અધ્યાય સમાપ્ત થયો.

•

## પાદટીપ :

### અધ્યાય : ૧૪૬

(૧) સાચા સંત કેવા ત્રિકાલદર્શી હોય છે તે અહીં જોવા મળે છે. વળી ગુરુ થવાનું કાર્ય વિચાર માગી લે છે. કારણ કે સાચા ગુરુને માથે શિષ્યને તારવાની જવાબદારી હોય છે. એટલે પોતાને ગુરુ થવાનો અધિકાર ન હોય તો એ ગુરુ થતા જ નથી. એટલું જ નહીં પણ એને ગુરુ ક્યાં મળશે તે પણ જણાવે છે.

(૨) દોહરા ૧૬૯માં શ્રીગુરુ સંન્યાસી હોવા છતાં કેટલા વ્યવહારુ છે તે જાણવા મળે છે. જે શૂદ્ર ખોવાયેલા બાળકને લઇ આવ્યો તેને શ્રીગુરુએ મહારાષ્ટ્રીયન બાઇ પાસે રૂપિયો અપાવ્યો. આપણે માટે કોઇ કાંઇ ઉપકાર કૃત્ય કરે તો એ ઋણને તરત ચૂકવી આપવાનો પ્રયત્ન થવો જોઇએ. વળી ગરીબ શૂદ્રને રૂપિયો મળવાથી તેના આશીર્વાદ પણ મળે. આવી નાની નાની વાતોને જીવી બતાવીએ તો તેને જ સંસ્કારિતા કહેવામાં આવે છે.

•

# અધ્યાય : ૧૪૭

આ અધ્યાયનું નામ '**વાસુદેવાનંદસરસ્વતી નિર્વાણ**' છે. આ અધ્યાયમાં **૧૩૦** દોહરા છે.

અલખે કહ્યું કે ગાંડાબુવાને બોલાવીને શ્રીગુરુએ કહ્યું કે હવે આ દેહનો કોઇ ભરોસો નથી માટે તમે આ મૂર્તિ વાડીમાં કે ગાણગાપુરમાં મૂકી આવો અથવા કોઇ સારા ભકતને બોલાવીને આપી દો. કારણ કે હવે આ દેહ રહેશે નહીં. (૧-૩).

ત્યાં રાત્રે દેવનો દ્દષ્ટાંત (સ્વપ્નમાં આદેશ) થયો કે મારે અહીં રહીને વાડી તથા ગાણગાપુર કરતાં પણ વધારે મહિમા થાય એવી લીલા કરવી છે. ગાંડાબુવાને આ વાત કરતાં તેમણે શ્રીગુરુ ન જાણે એ રીતે મંદિર બાંધવા માટે લખણી શરૂ કરી. (૪-૧૩).

પછી ભકતોએ ઓસડ લેવાનું કહ્યું ત્યારે શ્રીગુરુએ નારાજગી બતાવી, ભીષ્મે બાણશૈયા પર જે કહ્યું તે જ શ્લોકો બોલી બતાવ્યા. શરીર પર બહુ ધ્યાન આપવાની ના કહી અને પછી ગાંડાને ફરી પાછો ભરુચ મોકલી દીધો અને કેવી રીતે સાધના કરવી અને પોતાની ગેરહાજરીમાં શું કરવું તે પણ કહ્યું. ગાંડાબુવાએ આજ્ઞા માની અને તે મુજબ ભરુચ ગયા અને શ્રીગુરુ સમાધિસ્થ થયા પછી પણ દૂર દૂર દક્ષિણના પ્રદેશમાં ગયા. (૧૪-૫૭).

ગાંડાબુવા ગરુડેશ્વરથી ભરુચ ગયા પછી શ્રીગુરુને લખણીની જાણ થઇ અને અક્ષરો જોઇને ખાતરી થઇ કે આ તો ગાંડાના જ અક્ષરો છે. જેઠ માસની અમાસ ઉપર આષાઢની પ્રતિપદા હતી તે દિવસે શ્રીગુરુએ સમાધિ લીધી. (૫૮-૭૭).

લૌકિક દ્દષ્ટિથી શ્રીગુરુ ગુપ્ત થયા હોવા છતાં હજી આજે પણ શ્રદ્ધા હોય તો એમની હાજરીનો લોકોને અનુભવ થાય છે. (૭૮-૭૯).

પુણ્યતિથિ પર હજારો લોકો જાય છે. યાત્રા જનારે અને ત્યાં સેવા માટે રહેનારે કેવી રીતે રહેવું તેના નિયમો દર્શાવાયા છે. યાત્રાર્થીએ કયા કયા સ્થળે કયા ક્રમમાં જવું તે પણ જણાવ્યું છે. ગાંડાબુવાએ મરાઠીમાં શ્રીગુરુમૂર્તિચરિત્ર ગ્રંથમાં લખેલી લીલા ઉપરથી આ વર્ણન કર્યું છે. દિવ્યલીલાનું વર્ણન સાંભળતાં નિરંજનને સમાધિ લાગી ગઇ. (૮૦-૧૩૦).

અલખ બોલ્યા કે પછી ગાંડાબુવાને ત્યાં બોલાવીને શ્રીગુરુએ કહ્યું કે હવે આ દેહનો ભરોસો લાગતો નથી. (૧). માટે આ મૂર્તિને વાડીમાં અથવા ગાણગાપુરમાં જઇને ત્યાં મૂકી આવ. અથવા કોઇ સારા ભકતને બોલાવીને એને આપી દે. હવે આ શરીર નહીં રહે એ વાત નિશ્ચિત છે. (૨-૩). ત્યાં તો એ જ રાત્રે દેવનો દ્દષ્ટાંત (સ્વપ્નમાં આદેશ) થયો કે મારે હજી સદા માટે અહીં લીલા કરવી છે. માટે હે ધીરજવાળા ભકતરાજ ! કોઇ શ્રદ્ધાળુને તમે અહીં મંદિર બાંધવાનું કહો. (૪-૫).

આ સ્થાનનો ધીરે ધીરે વાડી અને ગાણગાપુરથી પણ વધારે મહિમા જામશે એ વાત તમે નિશ્ચિતરૂપે જાણજો. માટે આ મૂર્તિને અહીંયાં રાખીને અહીં પૂજા વગેરેની વ્યવસ્થા કરો. (૬-૭). આવું કહીને શ્રીભગવાન મૂર્તિમાં અદશ્ય થઇ ગયા. સવારમાં ગાંડાબુવા જ્યાં મૂર્તિની વ્યવસ્થા માટે ગયા ત્યાં ભકતના પ્રતિપાળ શ્રીગુરુએ દત્ત ભગવાનની આજ્ઞાની વાત કરી. એ સાંભળીને શ્રીગુરુ ન જાણે એ રીતે ગાંડાબુવાએ મંદિર માટે એક વિનંતીપત્ર તૈયાર કર્યો અને બધાંને કહ્યું કે અહીં જે કોઇ ભકતજન આવે તે દરેકને આ પત્ર ખાસ બતાવવો. પણ કોઇની પાસે રાતી પાઇની પણ માગણી કરવી નહી.① (૮-૧૧). મારા અક્ષર જોતાં આ વાતમાં કોઇ શંકા કરશે નહીં અને બધું જરૂરી થઇ રહેશે. (૧૨).

અંદરોઅંદર એવી વ્યવસ્થા કરીને પછી ભકતમંડળી શ્રીગુરુ પાસે આવીને પ્રેમપૂર્વક પ્રાર્થના-વિનંતી કરવા લાગી કે હે દીનદયાળ ! આ શરીરની પ્રકૃતિ સારી થાય તે માટે કોઇ યોગ્ય ઉપાય કરવો જોઇએ. (૧૩-૧૪).

એ સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે એક ભગવાન સિવાય બીજો કોણ સમર્થ પ્રકૃતિ સુધારવા સમર્થ છે? હું તો એનો અનન્ય દાસ છું. (૧૫). સર્વવ્યાપી અને સર્વજ્ઞ એવા દત્ત ભગવાન મારી સાથે છે પછી એના સિવાય બીજા કોઇ વૈદ્યનો તો હું સ્વપ્નમાં પણ વિચાર કરતો નથી. (૧૬). એ દેવની આજ્ઞા વિના હું કોનું ઓસડ લઉં? એવું બોલીને પછી ભીષ્માચાર્યે બાણશૈયા પર "પૂર્વ જન્મોમાં મેં જે કર્મો કર્યાં છે તેના પરિણામે થતા વ્યાધિઓ મારા આ શરીરમાં પ્રવેશ કરો અને મને દુ:ખોની પીડા આપો અથવા તેમાંથી મુક્તિ આપો. (૧) હે દેવ ! મારો ફરીથી જન્મ ન થાય- તે માટેની તમે મારા ઉપર કૃપા કરો. એટલે જ કહું છું કે કર્મોનું ઋણ મારા ઉપર ન ચઢો. (૨) બધાં જ પૂર્વસંચિત કર્મોના વ્યાધિઓ અહીં (મારા દેહમાં) હાજર થાવ. હું તે વિષ્ણુના પરમપદમાં ઋણ વગરનો થઇને જવા ઇચ્છું છું."(૩) આવું જે કહ્યું હતું તે બધું બધાંને બોલી બતાવીને બધાંને કહ્યું કે હવે કોઇએ પણ આ શરીર સંબધી વાત મારી પાસે કરવી નહીં અને હવે કોઇ દિવસ મને ઓસડ લેવાનું પણ કહેવું નહીં." (૧૭-૧૯). "તમે બધા 'દત્ત દત્ત' બોલ્યા કરો. મને ઘણો આનંદ છે" એવું બોલીને એ સ્વૈરવિહારી શ્રીગુરુવર ખડખડાટ હસી પડ્યા.② (૨૦).

જે માયાથી પર છે, સદા નિર્વિકારી છે, સમર્થ છે અને જેનો જન્મ લોકોનું કલ્યાણ કરવા માટે થયો છે તેને કોઇ પણ દિવસ મોહ શોક શાનો નડે? એ સ્વાનંદઘન તો છતે શરીરે પણ શરીરથી પર છે. (૨૧-૨૨). જે આ નશ્વર દેહ તરફ હંમેશાં ઉદાસીન વૃત્તિ ધરાવે છે, જે કૃપાકટાક્ષે મડદાંને તરત જીવતું કરે છે, જે ઇચ્છા-સંકલ્પ-માત્રે પલવારમાં દેહ ધારણ કરે છે, જેનામાં વધઘટ થતી નથી અને જે જેવો ને તેવો હંમેશાં પૂર્ણ ભરેલો છે, જે બ્રહ્માંડમાં બધે વ્યાપીને રહ્યો છે, વેદો જેનાં યશોગાન ગાનારા બંદીજનો છે તેને કોણ ઓસડ આપે? (૨૩-૨૫).

પછી એકદમ તંદુરસ્ત માણસની જેમ તરત બેઠા થઇ જઇને તે જ રાત્રે ગાંડાબુવાને પ્રેમથી કહેવા લાગ્યા કે જે દિવસથી તારું શરીર અત્યંત બગડ્યું છે તે દિવસથી આજ સુધી અરેરે ! એ સુધર્યું નથી. (૨૬-૨૭). હવે જો તું અહીં રહીશ તો તું વધારે બીમાર પડશે અને તેથી પછી તારી સેવા માટે અહીં બીજો માણસ જોઇશે. માટે હે સન્મતિ ધરાવનારા ! તું તરત જ ભરુચ પાછો જા. શ્રીગુરુની એવી આજ્ઞા સાંભળીને એના જવાબમાં સવારના પહોરમાં તરત જ શ્રીગુરુનાં ચરણમાં દંડવત્ પ્રણામ કરીને ગાંડાબુવા પ્રેમથી કહેવા લાગ્યા કે હે ગુરુનાથ ! હું આપની

આજ્ઞા માથે ચઢાવીને જાઉં તો છું પણ હે સાક્ષાત્ દત્તપ્રભુ ! તમે આ દાસની વિનંતી સાંભળો. (૨૮-૩૧).

હે ગુરુ મહારાજ ! તમે આ પુત્રને છોડીને જતા રહેવાના છો એવું સ્પષ્ટ દેખાય છે. હે મારાં મા અને બાપ ! પછી તમારા વિના આ અજ્ઞાની બાળકની કોણ સંભાળ લેશે? હવે હું કોને શરણે જાઉં? મારું દુ:ખ કોણ દૂર કરશે? (૩૨-૩૩). તે દિવસે દત્તપ્રભુએ પોતે આ દાસને (મને) આપના ખોળામાં અર્પીને આપને કહ્યું હતું કે કાલે સવારે જે કોઇ આવીને તારાં ચરણમાં માથું મૂકીને તને દંડવત્ પ્રણામ કરે તેની તારે ત્યારથી સંભાળ લેવાની છે એમ માનજે. એ પણ તને છોડીને બીજે કયાંય જશે નહીં અને છેવટ સુધી તારું બધું કાર્ય એના હાથે જ થશે. બીજે દિવસે આપની પાસે આવતાની સાથે જ દર્શનથી મારું બધું દુ:ખ જતું રહ્યું હતું અને હું સંસારના બધા ત્રિતાપ ભૂલી ગયો હતો. હે બાપ ! એ દુ:ખસાગરમાં હું આજે પાછો ડૂબી ગયો છું.③ (૩૪-૩૮). હવે જ્યારે પ્રારબ્ધ જ આડું આવીને ઊભું છે ત્યારે એ દુ:ખસાગરમાંથી મને કોણ બહાર કાઢે? આ માયાનાં બધનમાં સપડાયા પછી અરેરે ! કોણ છૂટી શક્યું છે? (૩૯). હે મારી મા ! તે સમયે આ દાસને આપ સંભાળી લેજો અને એને અહંતા તથા મમતામાંથી તરત મુકત કરજો. (૪૦). હે ગુરુનાથ ! આ શરીરથી હંમેશાં સેવા લેતા રહેજો અને હે તાત ! મને ફરી પાછા કોઇ માતાના ગર્ભમાં મોકલશો નહીં. મારા પર કૃપાદષ્ટિ રાખીને મારું કાયમ રક્ષણ કરજો. આ દાસને ભૂલી જશો નહીં એવી મારી અનન્ય પ્રાર્થના છે. (૪૧-૪૨). અંતે આ બાળને વિદેહકૈવલ્ય આપજો અને ગુરુસ્વરૂપમાં અહીં એકરસ કરી રાખજો. (૪૩).

ગાંડાબુવાનાં વચન સાંભળીને શ્રીગુરુવર બોલ્યા કે હે વત્સ ! મારી તને આશિષ છે કે યોગીજનોના વિશ્રામરૂપ દયાના સાગર એવા દત્તાત્રેય ભગવાન તારી માગણી પૂરી કરશે એટલે તું મનમાં નિશ્ચિંત થઇને રહેજે. (૪૪-૪૫). તેં જે રીતે એકભાવથી દત્ત ભગવાનની સેવા કરી છે તે જ રીતે સંન્યાસી એવા પિતાને પણ ભગવાનરૂપ માનીને તેમની સેવા કરજે. એમના ઋણમાંથી મુકત થયા પછી, એમની બધી લૌકિક ક્રિયા પતાવીને પછી તું સંન્યાસ ગ્રહણ કરજે અને બધા માયાના સંબંધોથી મુકત થઇને પ્રારબ્ધ પ્રમાણે તું દૂર પ્રદેશમાં ફરજે. હું તારા હૃદયમાં હરહંમેશ બેઠો જ છું. (૪૬-૪૯). બધો દેહભાવ છોડીને અહીં આત્મભાવથી મારા સ્વરૂપમાં એકરસ થઇને હંમેશાં રહેજે. (૫૦). આવું કહીને પછી ગાંડાબુવાના માથા પર અભયકર (જમણો હાથ) મૂકીને, એમને પ્રેમથી પ્રસાદ આપીને ભરુચ જવાની આજ્ઞા કરી. ગાંડાબુવાએ દંડવત્ પ્રણામ કરીને અને 'હે મા ! આ બાળને સંભાળજે' એવું પ્રેમપૂર્વક કહીને તેઓ તરત જ ભરુચમાં આવ્યા. સંન્યાસી થયેલા પિતા બ્રહ્મલીન થતાં શ્રીગુરુની આજ્ઞાનુસાર એમની લૌકિક ક્રિયા પતાવીને પછી સંન્યસ્ત લઇને તરત દક્ષિણ ભાગમાં ગયા. (૫૧-૫૪). ત્યાં પોતાની ઇચ્છા મુજબ ફરતા અને લોકોનું કલ્યાણ કરતા ગોદાવરી નદીના કિનારે ગુંજ નામના ગામમાં સમાવિસ્થ થઇ આખરે શ્રીગુરુચરણે અખંડ અને અમર નામના મેળવી. (૫૫-૫૬).

મેં ગાંડા જેવો બીજો કોઇ ગુરુભકત જોયો નથી. એના નામ પર બધું સમર્પણ કરી દઉં (અત્યંત ખુશ થઇ જાઉં છું) અને એને હંમેશાં વંદન કરું છું. (૫૭). જ્યારે ગરુડેશ્વરથી શ્રીગુરુની આજ્ઞા લઇને ગાંડાબુવા ભરુચ જવા નીકળ્યા ત્યારે અન્ય ભકતમંડળી શ્રીગુરુ પાસે ગઇ. એમની પાસે મંદિર માટેનો ખાસ વિનંતી પત્ર જોઇને શ્રીગુરુ બોલ્યા કે આ શાના માટેની લખણી છે? એ સાંભળીને બધા લોકો બોલ્યા કે હે પ્રભુ ! કાલે આપ જ્યારે બહાર ગયા

હતા ત્યારે ગાંડાબુવાએ મંદિર માટે લખણી શરૂ કરી હતી. (૫૮-૬૧).

એ જોઇને શ્રીગુરુ બોલ્યા કે અરે ! આ અક્ષરો તો ગાંડાના જ જણાય છે. એમાં શંકા કરવા જેવું કશું નથી. (૬૨). હવે મારે આનું શું કરવું? મારા મનમાં એમ હતું કે મારી હાજરીમાં કશું કાર્ય ના થાય તો સારું. (૬૩). ખરેખર ! દત્ત ભગવાનને મારો એ સંકલ્પ ગમ્યો નહીં હોય તેથી ગાંડાના હૃદયમાં પ્રેરણા કરીને આ કાર્ય વિલંબ વગર કરાવી દીધું લાગે છે અને તેમ છતાં મને ખબર ન પડી એનું મને આશ્ચર્ય થાય છે. (૬૪-૬૫). એના મનમાં જે જે વિચાર આવે તેની પહેલાં મને ખબર પડી જતી. આ બાબતમાં આમ કેમ બન્યું હશે? તો હવે ગાંડાને મારું જ સ્વરૂપ માનીને, મનમાં શંકા લાવ્યા વગર ઇશ્વરપ્રેરિત આ કાર્ય હવે પૂરું કરો. (૬૬-૬૭).

આમ કહીને જાતે ઊઠીને તે સમયે શ્રીગુરુરાયે મંદિરનું ખાત મુહૂર્ત કર્યું. (૬૮). પછી મનમાં એવું નક્કી કર્યું કે આ જડ દેહનો ત્યાગ કરીને હવે તરત બ્રહ્મસ્વરૂપમાં નિશ્ચિતરૂપથી ભળી જઉં અને આ અવતાર કાર્ય પૂરું કરું. એવું વિચારીને દેવની પાસે ઉત્તરદિશામાં મોંઢું રહે તેમ બેસીને તરત જ પ્રાણને આત્મસ્વરૂપમાં સમાવીને તે જ ક્ષણે શ્રીદત્તના સ્વરૂપમાં પ્રભુ લીન થઇ ગયા. મુખમાંથી એક જ્યોતિ નીકળીને દત્તની મૂર્તિમાં ભળી ગઇ. (૬૯-૭૨).

શક સંવત અઢારસો છત્રીસ (૧૮૩૬)ના જેઠ માસની અમાસ ઉપર પડવાની એ રાત્રિ હતી ત્યારે જેમ તપેલા પથ્થર ઉપર પાણીનું બિંદુ પડીને ત્યાંને ત્યાં જ સમાઇ જાય તેમ લોક દૃષ્ટિથી ગુરુવરે પ્રાણ વગેરે ચેતનમાં સમાવી દીધા અને એ તો આકાશની જેમ બધી જગ્યાએ પૂર્ણપણે વ્યાપી રહ્યા હતા એમ જાણ. (૭૩-૭૫). હે સુજ્ઞ શિષ્ય ! વળી સાંભળ કે બીજે દિવસે આષાઢ સુદ પડવાએ શરીરનો વિધિપૂર્વક સંસ્કાર કરી શ્રીગુરુના ગુણાનુવાદ ગાતા ગાતા બધા આનંદથી ઘરે ગયા. (૭૬-૭૭). આમ લૌકિક દૃષ્ટિથી શ્રીગુરુવર ગરુડેશ્વરમાં અદશ્ય થયા તો પણ આજે ગરુડેશ્વરમાં પણ પ્રત્યક્ષરૂપે દેખાય છે. (૭૮). જો નિર્મળ શ્રદ્ધા હોય તો આજે પણ ચમત્કાર અનુભવવા મળે છે. મૂળપુરુષમાં જન્મ-મરણ (ગમનાગમન) શાનું હોય? (૭૯).

આષાઢ સુદ પડવાએ પુણ્યતિથિ ઊજવાય છે અને આજે પણ હજારો લોકો દર્શન માટે જાય છે. (૮૦). ભક્તજનોએ આગળના ભાગમાં બે મંદિરો બાંધીને એક મંદિરમાં શ્રીદત્ત ભગવાન અને સમર્થ ભાષ્યકાર શ્રીજગદ્‌ગુરુ શંકરાચાર્ય ભગવાનની મા સરસ્વતી સાથે સ્થાપના કરી છે અને બીજાં મંદિરમાં સમાધિસ્થાન છે. (૮૧-૮૨).

અહીં પૂજા વગેરેની ઉત્તમમાં ઉત્તમ વ્યવસ્થા છે. ભક્ત લોકોએ હવે યાત્રિકો માટે ઘાટ, ધર્મશાળા વગેરે ઉત્તમ વ્યવસ્થા કરી છે. હજારો લોકો દર્શન માટે જઇને કૃતકૃત્ય થાય છે. (૮૩-૮૪).

સેવક અથવા યાત્રાળુએ અસત્ય વગેરે દુર્ગુણો ત્યજીને શુદ્ધ ભાવથી હંમેશાં પૂજન કરવું. (૮૫). સેવાકાર્ય માટે રહેનારે સવારમાં વહેલા ઊઠીને દેવસ્થાનમાં વાળી ઝૂડીને, મંદિર આગળ આછું પાતળું લીંપીને ભાવપૂર્વક રંગોળી પૂરવી. (૮૬-૮૭).

સ્નાન સંધ્યા વગેરે કરીને, પવિત્ર થઇને ત્યાંના નિયમો પ્રમાણે પછી પૂજન વગેરે કરવું. (૮૮). ત્યાં કોઇએ પણ મનમાં આવે તે રીતે ક્યારેય પણ વર્તવું નહીં. નહીંતર દેવની ચોક્કસ અવકૃપા થશે. (૮૯). યાત્રાએ

જનારે અનસૂયામાતાનાં દર્શન કરીને પછી વ્યાસ ભગવાનને વંદન કરીને (ઔરસંગ) ઔર નદીના સંગમે ભાવથી તીર્થ સ્નાન કરવું. પછી ચંડતીર્થ (ચાંદોદ)માં શેષશાયી ભગવાનને વંદન કરીને કરનાળીમાં સોમનાથ, અગ્નિતીર્થ, કુબેર વગેરે દેવોનાં વિલંબ કર્યા વગર દર્શન કરી પછી હનુમંતેશ્વર અને કુંભનાથ વગેરે સ્થાને જઇને દર્શન કરીને સદ્‌ભાવથી તિલકેશ્વર જવું. (૯૦-૯૩). મણિસંગમમાં સ્નાન કરીને, મણિનાગેશ્વરને નમન કરીને પછી ત્યાંથી અતિ ઉત્સાહપૂર્વક ગરુડેશ્વર જવું. (૯૪).

પ્રથમ દિવસે મુંડન કરાવીને ઉપવાસ કરવો અને પછી બીજે દિવસે ત્યાં તીર્થશ્રાદ્ધ કરવું એવું શાસ્ત્ર વચન છે. (૯૫). ત્રીજે દિવસે દત્ત ભગવાનનું પૂજન કરીને ગરુડેશ્વર અને નારદેશ્વર તથા કરોટેશ્વરનું સદ્‌ભાવથી પૂજન કરીને પછી તરત જ નર્મદા પર જવું. ત્યાં તીર્થપૂજન કરાવીને પછી બ્રહ્મભોજન કરાવવું. (૯૬-૯૭). દેવની ભભૂતિ અને તીર્થજળ લઇને, બધા દેવોને વંદન કરીને પછી પોતાના ઘરે જવું. (૯૮).

જે કોઇ અહીં દેવ ઉપર રુદ્રપવમાન વગેરે દ્વારા અભિષેક કરે છે તેના ભેગાં થયેલાં બધાં જ પાપો ક્ષણવારમાં બળીને ખાખ થઇ જાય છે અને મહાન પુણ્ય મેળવીને આખરે કૃતકૃત્ય થઇ એ બ્રાહ્મણ થાય છે એમ જાણ. (૯૯-૧૦૦). જે કોઇ અહીં ગાયત્રી વગેરેનું પ્રેમથી પુરશ્ચરણ કરે છે તેની બધી મનોકામના તે જ ક્ષણે પૂર્ણ થાય છે. (૧૦૧). દત્તમંત્રના જાપના જોરે સંચિત અને ક્રિયમાણ બળી જાય છે, સર્વાર્થ સિદ્ધ થઇને અંતે જ્ઞાન પામે છે. (૧૦૨). સરસ્વતીનો જપ કરવાથી વાણીની જડતા નાશ પામે છે અને વિના વિલંબે અહીં ખાસ વાક્‌સિદ્ધિ પણ મળે છે. (૧૦૩). ભગવાન શંકરના મંત્ર જાપથી જલદીથી વૈરાગ્યનો ઉદય થાય છે અને જ્ઞાનની પ્રાપ્તિ થઇ બધે પૂર્ણ સૌભાગ્ય પામે છે. (૧૦૪).

અખંડ દીવો રાખવાથી ખાસ વંશવૃદ્ધિ થાય છે અને શ્રીગુરુલીલામૃતના પારાયણથી પાસે દુઃખ આવતું નથી. (૧૦૫). જે કોઇ ભાવપૂર્વક રોજ જ દેવની પ્રદક્ષિણા કરે છે તે ભૂત વગેરેના ત્રાસમાંથી છૂટે છે. (૧૦૬). અહીંયાં પ્રેમપૂર્વક પરિક્રમા કરવાથી વંધ્યા સ્ત્રીને અચૂક પુત્ર પ્રાપ્તિ થાય છે. (૧૦૭). અહીં ભાવપૂર્વક નારાયણબલિ કે શ્રાદ્ધ કરવાથી પિતૃઓના કોપથી થતા સહુ રોગો નાશ પામે છે. (૧૦૮). અહીં દેવને હજારની સંખ્યામાં શમી, તુલસી, બીલીપત્ર અને શ્વેત કમળ વગેરે ચઢાવવાથી એ સર્વ માટે વંદનીય બને છે અને એની બધી જ મનોકામના જલદીથી પૂર્ણ થાય છે. જો શ્રદ્ધા નિર્મળ હોય તો બધા જ ઉદ્દેશો સિદ્ધ થાય છે. (૧૦૯-૧૧૦).

અહીં વેદઘોષ કરનાર દેવને પ્રિય થાય છે અને જે કોઇ અહીં વૈરાગ્યવૃત્તિથી ભાષ્ય વગેરેનો પ્રેમથી પાઠ કરે છે તેની બધી શંકાનું સમાધાન થઇ જાય છે અને ગુરુકૃપાથી જલદીથી આત્મજ્ઞાન થાય છે. (૧૧૧-૧૧૨). દેવની સામે બેસીને જે કોઇ સાત્વિક ભજનો ગાય છે તેના પર દેવની પ્રીતિ થાય છે. (૧૧૩). તને આનાથી વધારે બીજું શું કહું? ગુરુકૃપાથી ગરુડેશ્વરમાં ન મળી શકે એવી કોઇ વસ્તુ નથી. (૧૧૪). એ શ્રીગુરુમૂર્તિનો મહિમા કેવળ અપરંપાર છે. હે શિષ્ય ! એ કોણ જાણી શકે એમ છે? એ પૈકી મેં તને થોડો સાર કહી સંભળાવ્યો. (૧૧૫). જે સ્વપ્નમાં પણ ભક્તને ભૂલતો નથી તેની લીલા કોણ જાણી શકે એમ છે? હું તો મૌન રાખીને વંદન કરવાનું જ યોગ્ય માનું છું. (૧૧૬). જે કોઇ જે ભાવથી ભજે છે તેને તેવું ફળ શ્રીગુરુવર અહીં આપે છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૧૧૭).

શિષ્યોમાં શ્રેષ્ઠ એવા ગાંડાબુવાએ પછીથી સંન્યાસ લીધો અને યોગાનંદ સરસ્વતી તરીકે સપ્તગોદાના પ્રદેશમાં ખાસ પ્રસિદ્ધિ પામ્યા અને ભકતોની પ્રાર્થનાને માન આપીને એમણે વાસુદેવાનંદ સરસ્વતીની પ્રેમપૂર્વક જે ગુરુલીલા કહી છે તેનો તને મેં આ સાર માત્ર કહ્યો છે. બધી લીલાને તો કોણ જાણી શકે એમ છે? (૧૧૮-૧૨૦). શ્રીગુરુના ગુણ ગાતાં જ્યાં શિવ અને સનક વગેરે પણ થાકી ગયા છે ત્યાં મારા જેવા રાંકનું તો શું ગજું? હું તો કેવળ પ્રણામ કરીને જ સંતોષ માનું છું. (૧૨૧).

આ ગુરુચરિત્ર કામધેનુ છે અને સાક્ષાત્ કલ્પવૃક્ષ છે જે પાપ, તાપ અને દારિદ્રનો નાશ કરે છે એ (વાત) વિખ્યાત છે. (૧૨૨). જે કોઇ આ હાથથી લખશે અથવા પ્રેમપૂર્વક વાંચશે અથવા શ્રદ્ધાથી સાંભળશે તે વ્યક્તિ તરી જશે. (૧૨૩). હે શિષ્ય ! તેના વંશમાં પુત્ર, પૌત્ર ઉપરાંત અખૂટ સંપત્તિ રહેશે. એમાં તું શંકા કરીશ નહીં. (૧૨૪). ધર્મ, અર્થ અને કામની તરત જ પ્રાપ્તિ થશે અને અંતે મોક્ષને પામશે. એનું કોણ વર્ણન કરી શકે? (૧૨૫).

સંસારરૂપી આ જંગલમાં આ ખરેખર અમૃતની પરબ સમાન તું જાણ. સદ્‌બુદ્ધિવાળો ભાગ્યશાળી તે પીએ છે અને નાદાન બુદ્ધિવાળો એનો લાભ લેતો નથી. (૧૨૬).

હે શિષ્ય નિરંજન ! તારા જેવો બીજો કોઇ ભાગ્યશાળી નથી. તેં આ ગુરુલીલામૃતનું પુષ્કળ પાન કર્યું છે. (૧૨૭).

આમ બોલીને અલખ યોગીવરે શિષ્ય તરફ અમૃતદષ્ટિથી જોયું તો એ શાંત થયેલો દેખાયો. (૧૨૮). એનું રોમ પણ હાલતું નથી અને એકદમ સ્થિર થઇને ઊભો રહ્યો. શરીર રોમાંચિત છે અને આંખમાંથી સતત આંસુ વહી રહ્યાં છે. (૧૨૯).

આ જોઇને અલખે શું કર્યું એ હવે પછીના અધ્યાયમાં આગળ ઉપર આવશે. હે **રંગ** ! ગુરુકૃપા હોય તો એવી વૃત્તિ થાય !! (૧૩૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'વાસુદેવાનંદસરસ્વતી નિર્વાણ'** નામનો **એકસો સુડતાળીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :


### અધ્યાય : ૧૪૭

(૧) ભગવાને ગરુડેશ્વરમાં લીલા કરવી છે એમ કહ્યું એટલે શ્રીગુરુએ ગાંડાબુવાને વાડી કે ગાણગાપુરમાં મૂર્તિ મૂકવા મોકલ્યા નહીં. ગાંડાબુવાને દષ્ટાંતની વાત કરી એટલે એમણે મંદિર બાંધવા માટે વિનંતીપત્ર તૈયાર કર્યો. આ વિનંતીપત્ર શ્રીગુરુની જાણ બહાર કર્યો. પરંતુ કોઇ પાસે પાઇ પણ માગવી નહીં એમ પણ કહ્યું. ગાંડા મહારાજ શ્રીગુરુને પૂછ્યા વિના વિનંતીપત્ર તૈયાર કરે એ પણ દત્તની લીલાનો જ ભાગ છે અને તેથી જ દોહરા ૬૪ થી ૬૬


# શ્રી ક્ષેત્ર ગરુડેશ્વર દર્શન



રુદ્રદેહા નર્મદા, શિવપદ તું દેનાર, અમલ નીર તારું અહા સદા રટે ૐકાર



શ્રીગુરુ સમાધિ સ્થળ (ગરુડેશ્વર)



શ્રીદત્તમંદિર (ગરુડેશ્વર)

# दत्त परंपरा




॥ दिगंबरा दिगंबरा
श्रीपाद वल्लभ दिगंबरा ॥




॥ ॐ द्रां दतात्रेयाय नमः ॥



ॐ श्रीमन् नृसिंह सरस्वत्यै नमः ।




॥ गुरु देवो भव ॥



श्रीमत् प.प.स. योगानंद सरस्वती
स्वामी महाराज



॥ परस्परदेवो भव ॥
॥ रंग अवधूताय नमः ॥



अवधूत गुफा (नारेश्वर)




सदगुरु पादुकाजी

વાંચતાં આ વાતનું સમાધાન થાય છે. ગાંડાબુવાને શ્રીગુરુ આધ્યાત્મિક માર્ગે તૈયાર કરી રહ્યા હતા એનો ખ્યાલ આપણને આ પહેલાના અધ્યાયમાં આવી ગયો હતો. 'ગુરુકૃપાહિ કેવલમ્' એ સૂત્ર અહીં ચરિતાર્થ થતું દેખાય છે.

(૨) દેહાસક્તિ છૂટી ગઇ હોય એવી વ્યક્તિ માટે મૃત્યુ એ દેહના બોજામાંથી છૂટવાનો અવસર છે. જે શરીરનો જ વિચાર કર્યા કરે એ જ મોતથી ગભરાય છે. કર્માનુસાર બધા રોગોને પ્રવેશ કરવાનું આવાહન આપી કર્મમાંથી મુક્ત થવાની વૃત્તિ અને પોતે શરીર નથી એવી પાકી સમજ જ મૃત્યુ વખતે ખડખડાટ હસવાની પરિસ્થિતિ સર્જી શકે. આપણા પૂ.બાપજી પણ વિલાયતી દવા નો'તા લેતા અને એ અંગે કહેલું પણ ખરું કે હું મૃત્યુ સમયે બેભાન નથી જ થવાનો. શરીર પ્રત્યેની આવી ઉદાસીનતાથી ૐ ૐ ૐ એમ બોલી હરિદ્વારમાં દેહ છોડ્યો.

(૩) દોહરા ૩૪ થી ૩૮માં આવતું વર્ણન પૂ.ગાંડાબુવાએ શિનોરમાં પ.પ.વાસુદેવાનંદસરસ્વતી સ્વામી મહારાજના કરેલાં પ્રથમ દર્શનને લગતું છે. એટલે **Flash Back** છે.

●

અન્તકાલે ચ મામેવ સ્મરન્મુકત્વા કલેવરમ્|
યઃ પ્રયાતિ સ મદ્‌ભાવં યાતિ નાસ્ત્યત્ર સંશયઃ||
(અ.૮ શ્લોક. ૫)

**અર્થ :**

મ'ને જ સ્મરતો અંતે છોડી જાય શરીર જે,
મારો જ ભાવ તે પામે, તેમાં સંશય ના કશો.

❁

અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે|
તેષાં નિત્યાભિયુકતાનાં યોગક્ષેમં વહામ્યહમ્||
(અ.૯ શ્લોક. ૨૨)

**અર્થ :**

અનન્ય ચિત્તથી જેઓ કરે મારી ઉપાસના;
તે નિત્યયુકત ભકતોનો યોગક્ષેમ ચલાવું હું.

❁

# અધ્યાય : ૧૪૮

આ અધ્યાયનું નામ **'ગ્રંથસમાપ્તિ'** છે. આ અધ્યાયમાં **૨૭૬** દોહરા છે.

શ્રીગુરુની લીલા સાંભળીને નિરંજનને સમાધિ લાગી ગઇ. બ્રહ્માનંદમાં ડૂબેલો એ એકમદ મૌન થઇ ગયો. એ જોઇને અલખના આનંદનો પાર ન રહ્યો. (૧-૩). લોકોના કલ્યાણ માટે નિરંજનનાં મોં પર હાથ ફેરવીને અને પ્રેમથી આલિંગન આપીને અલખ એને દેહભાન પર લાવ્યા અને કહ્યું કે જો તું આ રીતે સમાધિમાં રહીશ તો આ જ્ઞાન તારી પાસે જ રહી જશે અને તો પછી તું જેમ તરી ગયો તેમ આ જ્ઞાન દ્વારા બીજાને તરવાની તક નહીં મળે તેનું શું? માટે જલદી જાગી જા. (૪-૭). અંત:કરણમાં શ્રીગુરુનું સતત સ્મરણ રાખીને બાહ્ય દષ્ટિથી શાસ્ત્રોક્ત રીતે વર્તન કરવું. તારા પ્રશ્નોને કારણે મને આ બધી લીલાનું સ્મરણ થયું. એ બધી લીલા કહીને મેં જેમ તારો શોક દૂર કર્યો તેમ તું પણ એનો પ્રચાર કરીને બીજા લોકોનો ઉદ્ધાર કર. (૮-૧૦).

અલખનાં વચન સાંભળીને નિરંજને કહ્યું કે જેમ નિપુણ વૈદ્ય ઘણાં બધાં ઔષધનો સારરૂપ અર્ક કાઢીને ચિંતામણિ રસ બનાવે છે તેમ હે દેવ ! તમે કહેલી બધી લીલાનો મને સાર કહો. (૧૧-૧૯).

નિરંજનનાં એ વચન સાંભળીને અલખે બધી લીલાનો સાર કહેવાનું શરૂ કર્યું. જ્ઞાનકાંડ, કર્મકાંડ અને ઉપાસનાકાંડ- એમ ત્રણેય કાંડના કુલ એકસો સુડતાળીસ અધ્યાયમાં કહેલી લીલાનો ટૂંકસાર કહી સંભળાવ્યો. (૨૦-૨૩૨).

આ ગ્રંથનું પારાયણ દરેક વસ્તુને સુલભતાથી પ્રાપ્ત કરાવી દે છે. ઔદુંબરની નીચે પારાયણ કરવાથી ચિત્તની શાંતિ મળે, પિશાચ બાધા દૂર થાય અને રોગ દૂર થઇ શાંતિ મળે છે. પીપળાની નીચે બેસીને પારાયણ કરવાથી પુત્ર પ્રાપ્તિ થાય, બીલી તળે પારાયણ કરવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય, વડ નીચે બેસીને પારાયણ કરવાથી જ્ઞાન પ્રાપ્તિ થાય, પલાશ (ખાખરા)ની નીચે બેસી પારાયણ કરવાથી વિદ્યા પ્રાપ્તિ થાય, દેવમંદિરે બેસીને પારાયણ કરવાથી સર્વકામના સિદ્ધ થાય, પત્ની પ્રાપ્ત કરવા કેળની નીચે બેસી પારાયણ કરે, ઘરના દોષો નિવારવા ઘરમાં બેસીને પારાયણ કરવું. પશુધન પ્રાપ્તિ માટે ગોશાળામાં બેસી પારાયણ કરવું અને વધુ અનાજ પાકે એવી ઇચ્છા હોય તો ખેતરમાં બેસી પારાયણ કરવું. રત્ન વગેરે પ્રાપ્ત કરવા ભાંડારમાં બેસી પારાયણ કરવું અને રિદ્ધિ સિદ્ધિ માટે શમી વૃક્ષની નીચે બેસી પારાયણ કરવું. મોક્ષની પ્રાપ્તિ માટે તુલસીવનમાં બેસીને પારાયણ કરવું. ઔદુંબરમાં બધી સિદ્ધિઓનો વાસ છે.

પારાયણથી દુ:ખીનાં દુ:ખ મટે તથા સુખ મળે અને ધનની ઇચ્છાવાળાને ધન મળે. જિજ્ઞાસુએ જ્ઞાન પામવા પારાયણ કરવું જેથી ભવબંધન તૂટી જાય. (૨૩૩-૨૪૩).

સકામ પારાયણ માટે બધા નિયમોનું અક્ષરશ: પાલન કરવું. નિષ્કામ ભાવે પારાયણ કરનારને આ બધાં બંધનો નથી.

પહેલે દિવસે ૧ થી ૧૯, બીજે દિવસે ૨૦ થી ૪૦, ત્રીજે દિવસે ૪૧ થી ૬૨, ચોથા દિવસે ૬૩ થી ૮૪, પાંચમા દિવસે ૮૫ થી ૧૦૩, છઠ્ઠા દિવસે ૧૦૪ થી ૧૨૭ અને છેલ્લા દિવસે ૧૨૮ થી ૧૪૮ સુધીના અધ્યાય વાંચવા.

ભૂમિશયન, ભજન-કીર્તન અને પારાયણને અંતે બ્રહ્મભોજન તથા દક્ષિણાનો ક્રમ શક્તિ મુજબ રાખવો.

આ ગ્રંથની સમાપ્તિ નારેશ્વરમાં સંવત ૧૯૮૮ના આસો વદ બારસ-ગુરુદ્વાદશીના રોજ થઇ.

આ ગ્રંથ પ્રપંચમાં પરમાર્થની પ્રાપ્તિ કરાવશે અને શ્રદ્ધાથી વાંચશે તેને નિર્ગ્રંથ (ગ્રંથિ વિનાનો) કરશે. (૨૪૪-૨૭૬).

લાકડાની પૂતળીની જેમ શિષ્ય સ્થિર થઇ બિલકુલ હાલતો નથી. આંખ અધખૂલી છે અને શરીર પુલકાંકિત છે. (૧). બ્રહ્માનંદથી છલોછલ ઊભરાતો એ એક પણ શબ્દ બોલતો નથી અને બ્રહ્મતેજથી એ શાંત મુખ એકદમ ઝગમગે છે. (૨). આ જોઇને અલખના આનંદનો ત્યાં પાર રહ્યો નહિ. એમણે વિચાર્યું કે આને અહીં ચોક્કસ સમાધિ લાગી ગઇ છે.① (૩). લોકોનું કલ્યાણ થાય એટલા માટે એને સાવધાન- જાગ્રત-કરું એવું મનમાં વિચારીને એનાં મોં પર પ્રેમથી હાથ ફેરવ્યો અને પછી વહાલપૂર્વક ભેટીને કહ્યું કે હે બાળ ! તું જાગ. હે શિષ્યોત્તમ ! તું જલદીથી દેહભાવ પર આવ. (૪-૫). તું તો ખરેખર ! આ ભવસાગર તરી જ ગયો છે પરંતુ જો તું આ રીતે અહીં નિરંતર સમાધિની સ્થિતિમાં રહીશ તો પછી આ નિર્મળ જ્ઞાન તારી પાસે જ રહી જશે અને પછી બીજા લોકોને એનો લાભ કેવી રીતે મળશે? (બીજા લોકો કેવી રીતે તરશે?) માટે તું હવે જલદીથી જાગી જા.② (૬-૭).

અંતઃકરણમાં ગુરુચરણમાં સુદૃઢ પ્રેમ રાખીને બહારથી દેહભાવે શાસ્ત્રમાં કહ્યા મુજબ વર્તવું. (૮). તેં પૂછેલા પ્રશ્નોને લીધે મને બધી લીલાનું સ્મરણ થઇ આવ્યું. એના શ્રવણથી આધિ, વ્યાધિ અને ઉપાધિ એમ ત્રિતાપનું નામોનિશાન રહેશે નહીં. (૯). તને આ બધી પ્રેમપૂર્વક લીલા કહીને મેં તારો શોક દૂર કર્યો છે તો હવે એનો ફેલાવો કરીને તું બીજા લોકોનો ઉદ્ધાર કર. (૧૦).

અલખનાં એવાં વચન સાંભળીને શિષ્ય નિરંજન દેહભાન પર આવ્યો અને ધીમે ધીમે આંખ ખોલીને બે હાથ જોડીને બોલ્યો કે હે ગુરુ ! આ સંસાર સાગરમાં તું જ એક મને તારનારો મળ્યો. મેં આવો બીજો ક્યાંય પણ જોયો નથી. (૧૧-૧૨). તેં તારા પોતાના સુખનો વિચાર કર્યા વગર આ ઉપદેશ કર્યો જેને લીધે મને દુઃખનું નામોનિશાન રહ્યું નહીં અને બધા કલેશો મૂળમાંથી મટી ગયા.③ (૧૩). હે કૃપાસાગર ગુરુનાથ ! હું તારો એ ઉપકાર કેવી રીતે ભૂલી શકું? હે તાત ! તમે તો અમૃતથી પણ વધારે મીઠી ગુરુકથા કહી છે. (૧૪). એ આનંદમાં મારું મન ખરેખર ડૂબી ગયું છે તેમ છતાં પણ હજી મને તૃપ્તિ થઇ નથી. એ સુધારસનું ફરી પાછું પાન કરાવીને આ બાળકને હંમેશ માટે આનંદના સાગરમાં જ રાખ એવી હું તને અનન્ય ભાવે પ્રાર્થના કરું છું. (૧૫-૧૬).

અમૃતનો કોઇ દિવસ અભાવ થતો નથી. શ્રીગુરુની લીલાનું અમૃત પીવા છતાં આ મન ધરાતું નથી. એ હજી પણ તરસ્યું જ છે. (૧૭). એટલે નિપુણ વૈદ્ય જેમ ઘણાં ઔષધોનો સારરૂપ અર્ક કાઢીને ચિંતામણિ રસ

બનાવે છે તે રીતે હે દેવ ! મંથન કરીને બધી લીલાનો સાર મને કહી સંભળાવો જેથી એ બધી લીલાનું ફરીથી સ્મરણ થઇ આવે. (૧૮-૧૯).

શિષ્યનાં એવાં વચન સાંભળીને પ્રસન્ન થઇને અલખજી બોલ્યા કે હે શિષ્યોત્તમ ! ગુરુની આ બધી જ લીલા ઘણી જ ઉત્કૃષ્ટ છે. તારું મન ત્યાં અખંડરૂપથી એમાં લીન રહો. એ લીલાનો હું ફરી પાછો સાર કહું છું તે તું ધ્યાન દઇને સાંભળ. (૨૦-૨૧).

પહેલા અધ્યાયમાં મંગલાચરણમાં ભગવાન ગણપતિને વંદન કરીને અને મા શારદા તથા શ્રીદત્તને નમન કરીને ગ્રંથ રચનાની પ્રતિજ્ઞા કરી હતી. (૨૨). બીજા અધ્યાયમાં કળિ અને બ્રહ્મ દેવના સંવાદથી ચારે યુગના લક્ષણોનું આબેહૂબ વર્ણન કર્યું. (૨૩). ત્રીજા અધ્યાયમાં દીપકના આખ્યાન દ્વારા ગુરુસેવાના અપરંપાર મહિમાનો સાર બ્રહ્માએ કલિને કહ્યો. (૨૪). ચોથા અધ્યાયમાં અંબરીષ રાજાનું આખ્યાન છે જેમાં ભગવાનના અવતારનો હેતુ અને નવધા ભક્તિનું વર્ણન કર્યું છે. (૨૫). પાંચમા અધ્યાયમાં અનસૂયાને બારણે સતીત્વનું હરણ કરવા માટે જતાં બ્રહ્મા-વિષ્ણુ-મહેશ ત્રિમૂર્તિ પોતે નાનાં બાળ થઇ ગયા. (૨૬). છઠ્ઠા અધ્યાયમાં ત્રણે દેવીઓ-શક્તિઓના ગર્વનો નાશ થયો અને પોતાના પતિઓને બાળસ્વરૂપે પારણમાં ઝૂલતા જોયા. (૨૭). સાતમા અધ્યાયમાં કૌશિક અને શાંડિલીનું આખ્યાન છે અને એમાં પાતિવ્રત્ય પ્રભાવનું વર્ણન કર્યું છે. દેવોની પ્રાર્થનાના ફળસ્વરૂપે પૈઠણમાં આવીને અનસૂયાએ મૃત્યુ પામેલા એ બ્રાહ્મણને કેવી રીતે ઉઠાડ્યો તેનું વર્ણન કર્યું છે. (૨૮-૩૦).

અત્રિ અને અનસૂયા પૈઠણથી માહૂરગઢ આવ્યાં. એનું વર્ણન આઠમા અધ્યાયમાં કર્યા પછી ત્રિમૂર્તિનો જન્મ, ચંદ્ર અને દુર્વાસા જતા રહેતાં ત્રણેના સમન્વયરૂપ દત્તપ્રભુ એક સ્વરૂપે રહ્યા અને બાળકના જેવી વિવિધ ચેષ્ટા કરીને માત-પિતાના મનને આનંદ કરાવીને પોતાના દિવ્ય જન્મનું ગૂઢ સૂચન કર્યું. (૩૧-૩૩). નવમા અધ્યાયમાં પ્રહલાદને અને પિંગલનાગને જ્ઞાનનો ઉપદેશ કરીને કેવી રીતે તાર્યા તેનું સમગ્ર વર્ણન કર્યું છે. (૩૪). દશમા અધ્યાયમાં કાર્તવીર્ય અર્જુનના જન્મનું વર્ણન અને અતિગૂઢ રાજ્યધર્મ વિશે સાંભળીને અર્જુન કિંકર્તવ્યમૂઢ થયો અને તેથી બધી સિદ્ધિની પ્રાપ્તિ માટે તરત જ દત્તને શરણે જવા એને ગર્ગાચાર્યે પ્રેરણા આપી તેનું વર્ણન છે. (૩૫-૩૬). અગિયારમા અધ્યાયમાં ઇંદ્ર અને જંભનું આખ્યાન સાંભળીને કૃતવીર્યનો પુત્ર- અર્જુન-દત્તપ્રભુના શરણે ગયો. એને ચળાવવા માટે દત્ત ભગવાને અનેક પ્રકારની યુક્તિ-પ્રયુક્તિ કરી તો પણ એ ત્યાંથી ખસ્યો નહીં અને મનમાં શંકા પણ કરી નહીં. ત્યારે પ્રસન્ન થઇને દત્ત ભગવાને એને બધી સિદ્ધિ આપી એટલે રાજી થઇને નગરમાં આવીને અર્જુને રાજ્ય કરવા માંડ્યું. નર્મદામાં પોતાની સ્ત્રીઓ સાથે ક્રીડા કરતાં કરતાં લંકાપતિ રાવણને પોતાની સ્ત્રીઓને હાથે કેદ કરાવ્યો. એવી અનુપમ શક્તિથી ચોરાશી હજાર વર્ષ સુધી રાજ્ય કરતાં નિશ્ચિતરૂપથી વૈરાગ્યનો ઉદય થયો. (૩૭-૪૧). તેથી બારમા અધ્યાયમાં ફરી પાછો દત્તપ્રભુના ચરણે જ્ઞાન મેળવવા માટે જઇને અર્જુને ત્યારે સેવા કરી. (૪૨). તેર, ચૌદ અને પંદરમા અધ્યાયમાં બૃહસ્પતિએ સાત દષ્ટાંતો (કથા) દ્વારા એમ કહ્યું કે શાસ્ત્રનું તાત્પર્ય તો એક જ હોય છે. એમાં વિષ્ણુદત્તનું આખ્યાન એ તો કેવળ રસની ખાણ છે. જુદા જુદા પ્રકારનાં બધાં જ શાસ્ત્રો અંતે તો મોક્ષ તરફ જ લઇ જાય છે. (૪૩-૪૪).

સોળમા અધ્યાયમાં ગુરુભક્ત અર્જુનને શ્રીદત્તપ્રભુ જ્ઞાનામૃતનું પ્રેમથી સરસ પાન કરાવે છે. પંચીકરણ વગેરે અને જગતની ઉત્પત્તિ કહીને શ્રવણ વગેરેનો પ્રેમથી વિવેક બતાવ્યો છે. (૪૫-૪૬). સત્તરમા અધ્યાયમાં ષડ્લિંગ વગેરેનું વર્ણન કર્યું છે અને લક્ષણાવૃત્તિથી મહાવાક્યનું વિવરણ કર્યું છે. (૪૭). અઢારમા અધ્યાયમાં અષ્ટાંગ યોગ વિશે કહેવામાં આવ્યું છે અને પ્રાણાયામ વગેરેનું સ્પષ્ટ વિવેચન કરવામાં આવ્યું છે. (૪૮). માત્ર ક્રિયાયોગથી ભ્રાંતિનો નાશ થતો નથી અને બ્રહ્મ તથા આત્માની એકતાના જ્ઞાન વગર મોક્ષ મળતો નથી. એનું ઓગણીસમા અધ્યાયમાં વર્ણન કરી પછી યોગચર્યા વગેરેનું વર્ણન કરીને સહસ્રાર્જુન પાસે પ્રેમપૂર્વક શ્રીગુરુએ સર્વે અંગો સહિત યોગ સિદ્ધ કરાવ્યો. (૪૯-૫૦). વીસમા અધ્યાયમાં ગુરુની આશિષથી કૃતાર્થ થઇને પોતાના નગરમાં આવીને અર્જુને ઉદાસીન વૃત્તિથી રાજ્ય કરવા માંડ્યું. (૫૧-૫૨). એકવીસમા અધ્યાયમાં દેવોના કહેવાથી સૂર્યદેવ બ્રાહ્મણના વેશમાં યુક્તિપૂર્વક એનું સત્ત્વહરણ કરવા માટે એની પાસે વનસ્પતિનું દાન માગે છે. આશ્રમના ઝાડને બળતાં જોઇને વસિષ્ઠે શાપ આપ્યો કે તને જમદગ્નિનો પુત્ર મારશે. (૫૩-૫૪). બાવીસમા અધ્યાયમાં જમદગ્નિની જન્મકથા કહીને વિશ્વામિત્રનું સવિસ્તર આખ્યાન પણ કહ્યું. ચરુમાં થયેલ ઊલટસૂલટ ફેરફારની અતિશય રમ્ય કથા ત્યાં વર્ણવી જેથી વિશ્વામિત્ર આગળ ઉપર બ્રહ્મર્ષિ થયા અને જમદગ્નિ અને રેણુકાનો પુત્ર પરશુરામ વિષ્ણુનો અંશ હતો અને બ્રાહ્મણ હોવા છતાં ક્ષાત્રવૃત્તિનો થયો. (૫૫-૫૭). તેવીસમા અધ્યાયમાં પરશુરામના અવતારની કથા છે અને રેણુકા માનસપાપે દૂષિત થતાં પિતાની આજ્ઞાથી એને મારી નાંખીને પિતાજી પ્રસન્ન થતાં તરત જ ભાઇઓ સહિત માતાનું પુનર્જીવન માગી લીધું. (૫૮-૫૯). મારા કરતાં જેની વધારે ખ્યાતિ હોય તેવાના હાથે મારું મૃત્યુ થાય એવું જે વરદાન સહસ્રાર્જુને માગ્યું હતું તેને સાચું કરવા મહાન પરશુરામ કામધેનુનું નિમિત્ત કરીને સહસ્રાર્જુનને મારે છે એ કથા ચોવીસમા અધ્યાયમાં નિશ્ચિતરૂપથી કરી છે. (૬૦-૬૧). પચ્ચીસમા અધ્યાયમાં પરશુરામ જ્યારે આશ્રમમાં ન હતા ત્યારે ત્યાં આવીને અર્જુનના પુત્રોએ જમદગ્નિનો વધ કર્યો. ઘરે આવતાં એ બધી ક્રૂર વાતો સાંભળીને અર્જુનના દીકરાઓને એ સુંદર દેહધારી પરશુરામે મારી નાંખીને આ પૃથ્વીને એકવીસ વાર ક્ષત્રિય વિનાની કરવા માટે પ્રતિજ્ઞા કરી. પિતાના શબને અને માતાને કાવડમાં બેસાડીને પરશુરામ સહ્યાદ્રિ પર લઇ જાય છે. (૬૨-૬૫). છવ્વીસમા અધ્યાયમાં રેણુકા પતિની પાછળ સતી થાય છે અને ત્યાં ચિદ્ઘન શ્રીદત્તપ્રભુ રાજી થઇને બધી શાસ્ત્રવિધિ કરાવે છે. (૬૬). સત્તાવીસમા અધ્યાયમાં રેણુકાના મહિમાનું વર્ણન છે અને બ્રહ્માજીને વેદની સ્મૃતિ કરાવે છે એ વાત છે. ક્ષત્રિયોને મારીને પછી પરશુરામે ત્યાં એની પ્રતિજ્ઞા પૂર્ણ કરી અને દત્તને આચાર્ય તરીકે પસંદ કરી તરત જ સોમયાગ કર્યો. (૬૭-૬૮).

અઠ્ઠાવીસમા અધ્યાયમાં પાતાલકેતુને મારીને ઋતુધ્વજ મદાલસા સાથે લગ્ન કરે છે. (૬૯). ઓગણત્રીસમા અધ્યાયમાં ભાઇનું વેર વાળવા માટે તાલકેતુએ ઋષિના વેશમાં મદાલસાને કપટથી કેવી રીતે બાળી મુકાવી અને કુવલયાશ્વને કેવી રીતે શોકસાગરમાં ડુબાડી દીધો એ બધું વર્ણવ્યું છે. (૭૦-૭૧). નાગપુત્રના પ્રેમથી નાગ અશ્વતર શિવના વરદાનથી શ્વાસમાંથી પડેલા પિંડ દ્વારા મદાલસાને સજીવન કરીને કુવલયાશ્વને આનંદથી એનું કન્યાદાન કરે છે. એ મહાન પ્રસંગનું ત્રીસમા અધ્યાયમાં વર્ણન કર્યું છે. (૭૨-૭૩). ત્રણે પુત્રોને મદાલસા નિવૃત્તિમાર્ગે લઇ જાય છે. એ ત્રણેને જડ જેવા જોઇને રાજા મનથી ભાંગી પડે છે. ચોથા પુત્ર અલર્કને પ્રવૃત્તિમાં હોશિયાર બનાવવા

રાજા રાણીને વિનંતી કરે છે એ વાત એકત્રીસમા અધ્યાયમાં આવે છે. (૭૪-૭૫). રાજાની ઇચ્છા મુજબ મદાલસા બત્રીસમા અધ્યાયમાં પ્રવૃત્તિનું મહાન જ્ઞાન આપે છે. (૭૬). એને વિષયની ખીણમાં પડેલો જોઇને અલર્કને સમજાવવા માટે સુબાહુ કાશીરાજની મદદથી ત્યાં ચઢાઇ કરે છે અને હારી જતાં અલર્ક એકલો વનમાં નાસી જાય છે. ત્યાં એને માતાએ આપેલી પત્રિકાનું સ્મરણ થયું અને સત્સંગ માટેનું સૂચન તેત્રીસમા અધ્યાયમાં છે. (૭૭-૭૯). સહ્યાચલ પર્વત પર અલર્ક દત્તાશ્રમમાં આવ્યો અને દત્તપ્રભુના કેવળ પ્રશ્નમાત્રથી એને ઉત્તમ પ્રકારનું જ્ઞાન સ્ફુર્યું. એ જ્ઞાનને સુસ્થિર કરવા માટે શ્રીદત્ત ભગવાને એને ચોત્રીસમા અધ્યાયમાં ત્રિપુટીનો લય થાય ત્યાં સુધીનો સતત ધ્યાનનો અભ્યાસ કહ્યો. (૮૦-૮૧). પાંત્રીસમા અધ્યાયમાં આ અભ્યાસના ગુણદોષોનું વર્ણન કર્યું અને ઉપસર્ગ વગેરેથી કેવી રીતે સાવધ રહેવું તેનું વર્ણન છે. (૮૨). છત્રીસમા અધ્યાયમાં યોગચર્યાનું વર્ણન કરી યોગીજનોના ભિક્ષા વગેરેના નિયમોનું વર્ણન છે. (૮૩). સાડત્રીસમા અધ્યાયમાં ત્રિદંડ વિશે અને પ્રણવની ઉપાસના તથા નાદશ્રવણની વિધિ વિશે સવિસ્તર કહેવામાં આવ્યું છે. (૮૪). આડત્રીસ અને ઓગણચાળીસમા અધ્યાયમાં સ્વરોદયનું સૂક્ષ્મ જ્ઞાન અને તત્ત્વાદિકનાં ચિહ્નોનું વર્ણન કર્યું છે. (૮૫). ચાળીસમા અધ્યાયમાં મૃત્યુનાં ચિહ્નો કહીને મૃત્યુ આવતાં અનુસંધાન ચૂકવું નહીં એવું સારરૂપ કહ્યું છે. (૮૬).

એકતાળીસમા અધ્યાયમાં કૃતકૃત્ય થઇને શ્રીદત્તનું સ્તવન કરીને અલર્ક પ્રેમથી ગયો અને સુબાહુને મળીને નિરભિમાની થઇને તેનાં ચરણમાં વંદન કર્યાં એ વાત અને યુદ્ધ કરવાનો બધો હેતુ જાણીને કાશીરાજ પણ પોતાના પુત્રને રાજ્ય સોંપી દઇને, વનમાં સુબાહુ પાસે જઇને આત્મજ્ઞાન પામીને કૃતકૃત્ય થઇ ગયો અને અલર્ક પણ પુત્રને રાજ્ય સોંપીને મોક્ષને વર્યો એ વાત બેતાળીસમા અધ્યાયમાં છે. (૮૭-૯૦).

તેંતાલીસમા અધ્યાયમાં દત્તગુરુ આયુને વરદાન આપે છે અને ચુંવાળીસમા અધ્યાયમાં નહુષ નામના પુત્રનો જન્મ થયો એ વાત છે. (૯૧). એને પોતાનો કાળ માનીને હુંડ એને હરી જઇને એને મારવા માટે પોતાની રાણીને આપે છે અને રાણી રસોઇયાને આપે છે. દત્ત ભગવાનની ઇચ્છાથી રસોઇયાના મનમાં દયા આવી અને એ બાળકને વસિષ્ઠ ઋષિના આશ્રમમાં દ્વારમાં મૂકી આવ્યો એ કથા પિસ્તાળીસમા અધ્યાયમાં છે. (૯૨-૯૩). એ સુંદર દેહધારી નહુષ ભણી ગણીને ત્યાં ઋષિના આશ્રમમાં મોટો થયો. છેંતાળીસમા અધ્યાયમાં આયુ અને ઇંદુમતી શોકને કારણે મનમાં ખૂબજ આકુળવ્યાકુળ થઇને દત્ત ભગવાનનું સ્મરણ કરવા લાગ્યાં એ વાત છે. (૯૪-૯૫). દત્તની પ્રેરણાથી સુડતાળીસમા અધ્યાયમાં જલદી જલદી જઇને નારદે પુત્ર અંગે બધા સમાચાર કહીને અને તત્ત્વપ્રબોધ દ્વારા ક્ષણિક વૈરાગ્યની જ્યોતને પૂર્ણ વૈરાગ્યની જ્યોતમાં સતેજ કરીને બન્નેનો શોક દૂર કર્યો. (૯૬-૯૭). મુનિની આજ્ઞાથી હુંડને મારવા માટે નહુષ ઇંદ્રના રથમાં બેસીને નીકળ્યો એ વાત અડતાળીસમા અધ્યાયમાં છે. (૯૮). ઓગણપચાસમા અધ્યાયમાં જલદીથી હુંડને મારી નાંખીને અશોકસુંદરી સાથે લગ્ન કરીને એ પોતાના નગરમાં ગયો એ વાત છે. (૯૯). પચાસમા અધ્યાયમાં કચના શાપને કારણે બ્રાહ્મણની કન્યા દેવયાની ક્ષત્રિય યયાતિ સાથે પરણે છે. (૧૦૦). ત્યાં દીકરીની સાથે સેવામાં જે શર્મિષ્ઠાને રાખી હતી તેની સાથે શુક્રાચાર્યની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને યયાતિ રાજાએ વિષયભોગ ભોગવ્યો અને શુક્રાચાર્યના શાપથી તરત જ વૃદ્ધ થઇ જતાં એકાવનમા અધ્યાયમાં શર્મિષ્ઠાના પુત્ર પુરુને પોતાનું ઘડપણ આપીને પોતે યૌવન ગ્રહ્યું. અંતે વૈરાગ્ય

થતાં પાછું ઘડપણ સ્વીકારી લઇને પુરુને તરત જ રાજગાદી ઉપર બેસાડીને દેવયાની સાથે એ શ્રેષ્ઠ રાજા જંગલમાં ગયો. (૧૦૧-૧૦૪). દેવયાનીનો સૌથી મોટો પુત્ર યદુ દાસીપુત્રને સિંહાસન મળવાને કારણે વિરકત થઇને જંગલમાં જવા નીકળી ગયો. અર્ચનભક્તિમાં અત્યંત રુચિ ધરાવતા એ ભક્તે કાવેરીના કિનારે એ અવધૂતને જોયા. (૧૦૫-૧૦૬). બાવનથી પંચાવન સુધીના અધ્યાયમાં અવધૂત અને યદુનો સંવાદ કહ્યો જેમાં કેવળ ઉપનિષદના રહસ્યનું જ વર્ણન છે. ચોવીસ ગુરુની એ કથા કેવળ રસથી નીતરતી જ છે. એ સાંભળીને કૃતાર્થ થઇને યદુએ ઇચ્છા મુજબ વિહરવા માંડ્યું. (૧૦૭-૧૦૮).

આમ અહીં **જ્ઞાનકાંડ** પૂરો થયો. કર્મનો ઉદ્ધાર કરવા માટે શ્રીદત્ત ભગવાને શ્રીપાદશ્રીવલ્લભના નામે ફરી પાછો પીઠાપુરમાં બ્રાહ્મણ સ્ત્રીની કૂખે અવતાર લીધો એ વાત છપ્પનમા અધ્યાયમાં કહેવામાં આવી છે. (૧૦૯-૧૧૦).

સત્તાવનથી સાઠ અધ્યાય સુધી બદરિકાશ્રમનું આખ્યાન અને શ્રીપાદ પ્રભુ નરનારાયણનાં દર્શને ગયા એ વાત કહી છે. (૧૧૧). એકસઠમા અધ્યાયમાં રાવણ શિવલિંગ લઇને જતો હતો ત્યારે વિઘ્નેશ્વર ગણપતિએ ગોકર્ણમાં તેની સ્થાપના કેવી રીતે કરી તે વાત વર્ણવી છે. (૧૧૨). બાસઠમા અધ્યાયમાં ગોકર્ણના અપાર મહિમાનું વર્ણન કર્યું છે. ગૌતમે રાજાને ચાંડાલ સ્ત્રીના ઉદ્ધારની વાત કરી. (૧૧૩). માતા અને પુત્ર પ્રાણત્યાગ કરવા જતા હતા ત્યારે ત્રેસઠમા અધ્યાયમાં ગુરુએ પુત્રને જ્ઞાન આપ્યું અને માતાને શનિપ્રદોષની કથા કરી એ વાત કહી છે. (૧૧૪). ચોસઠમા અધ્યાયમાં ધોબીને રાજ્યનું વરદાન આપીને ગુરુદ્વાદશીએ શ્રીગુરુ કુરુપુરમાં ગુપ્ત થયા એ વાત છે. (૧૧૫).

પાંસઠમા અધ્યાયમાં બ્રાહ્મણ ભકતનો ચોરોએ વધ કર્યો ત્યારે ચોરોને મારી નાંખીને શ્રીગુરુએ એ બ્રાહ્મણ ભક્તને જીવતો કર્યો એ વાત છે. (૧૧૬). છાસઠમા અધ્યાયમાં કરંજપુરમાં અંબાની કુખે નૃસિંહસરસ્વતીના નામે ફરી પાછો અવતાર લીધો એ વાત છે. (૧૧૭). સડસઠમા અધ્યાયમાં પોતાની માતાને જ્ઞાન આપીને શ્રીગુરુએ કાશીમાં પ્રેમથી સંન્યાસ લીધો એ વાત છે. (૧૧૮). અડસઠમા અધ્યાયમાં ગૃહયાત્રા કરીને શ્રીગુરુ ગોદાવરીના કિનારે આવ્યા અને ત્યાં બ્રાહ્મણના પુત્રનું જીવલેણ ગંભીર શૂળ મટાડ્યું. (૧૧૯). ઓગણોતેરમા અધ્યાયમાં યવનરાજા પર ગુપ્ત પણે પોતાની સત્તા વાપરી અને સાયંદેવ સુભકતને ચિદ્ઘન સ્વરૂપે શ્રીગુરુએ વરદાન આપ્યું. (૧૨૦). શ્રીગુરુ રહ્યા વૈજનાથમાં અને શિષ્યો યાત્રા માટે ગયા. ગુરુદ્રોહી બ્રાહ્મણને ગુરુસેવાનો પરમાર્થ સમજાવ્યો. ધૌમ્યના શિષ્ય અરુણ વગેરેનું આખ્યાન કહીને એ બ્રાહ્મણને સિત્તેરમા અધ્યાયમાં જ્ઞાન આપ્યું. (૧૨૧-૧૨૨). એકોતેરમા અધ્યાયમાં શ્રીગુરુ ભિલ્લવડીમાં આવ્યા અને ત્યાં કપાયેલી જીભવાળા વિદ્વાન બ્રાહ્મણના બાળકનો ઉદ્ધાર કર્યો. (૧૨૩). બોતેરમા અધ્યાયમાં કૃષ્ણાવેણી સંગમે ગયા અને વાલોળની વેલ ઉખાડીને ફેંકી દીધી તો ત્યાં બ્રાહ્મણને ધનનો કુંભ (ઘડો) મળ્યો. (૧૨૪).

તોંતેરમા અધ્યાયમાં ઔદુંબરનો મહિમા કહ્યો અને યોગિનીને વરદાન આપીને શ્રીગુરુ ગાણગાપુર ગયા. (૧૨૫). ચુંમોતેરમા અધ્યાયમાં બ્રાહ્મણ સ્ત્રીનો પુત્ર મૃત્યુ પામતાં યોગીરૂપે પ્રગટ થઇને પ્રેમથી જ્ઞાનની વાતો કહી. (૧૨૬). પંચોતેરમા અધ્યાયમાં પ્રેત (શબ)ને ઔદુંબર પાસે આણ્યું અને ખાસ કૃપા કરીને શ્રીગુરુવરે

તે ઉઠાડ્યું. (૧૨૭). વંધ્યા ભેંસને દોહી એ વાત છોંતેરમા અધ્યાયમાં કરી અને સિત્તોતેરમા અધ્યાયમાં રાજા શ્રીગુરુને ગામમાં લઇ જાય છે એ વાત કહી. (૧૨૮). રાજાએ બનાવેલા મઠમાં શ્રીગુરુ ગાણગાપુરમાં રહ્યા ત્યારે ત્રિવિક્રમ ભારતી એમની નિંદા કરતો હતો એટલે કુમસીગામમાં આવીને વિશ્વરૂપ બતાવીને એ યતિને તાર્યો એ વાત ઇઠ્ઠોતેરમા અધ્યાયમાં કહેવાઇ. (૧૨૯-૧૩૦).

ઓગણ્યા એંસીમા અધ્યાયમાં અભિમાની બ્રાહ્મણો વાદ વિવાદ કરવા માટે ત્રિવિક્રમ ભારતી પાસે ગયા એટલે એ એમને શ્રીગુરુ પાસે ખાસ લઇ આવ્યો. (૧૩૧). એંશીમા અધ્યાયમાં શ્રીગુરુએ વેદનું વિવેચન કરીને ગર્વ છોડી દેવા કહ્યું પણ એ ઉન્મત્ત બ્રાહ્મણો એ વાત માન્યા નહીં. (૧૩૨).

એકયાસીમા અધ્યાયમાં અંત્યજને મોઢે વેદ બોલાવીને એ બ્રાહ્મણોને શ્રીગુરુવરે બ્રહ્મરાક્ષસો બનાવ્યા. (૧૩૩). બ્યાસીમા અધ્યાયમાં એ પતિતને કર્મવિપાકની વાતો કહીને એના શરીર પરની ભસ્મ ધોઇ કાઢીને એને એની સ્ત્રી સાથે જલદીથી ઘરે પાછો મોકલ્યો. (૧૩૪). ત્યાશીમા અધ્યાયમાં અધ્યાયમાં ભસ્મનો મહિમા કહીને વામદેવે બ્રહ્મરાક્ષસને કેવી રીતે તાર્યો એ વાત પ્રેમથી કરી. (૧૩૫). ચોરાશીમા અધ્યાયમાં પોતાના પતિનું મૃત્યુ થતાં તેની સ્ત્રી શોક કરવા લાગી ત્યારે બ્રહ્મચારીના વેશમાં શ્રીગુરુએ એને ઉપદેશ આપ્યો. (૧૩૬). પંચાશીમા અધ્યાયમાં પતિવ્રતા ધર્મનું વિવરણ સાંભળીને છાશીમા અધ્યાયમાં તરત જ સહગમન માટે જતાં પહેલાં ગુરુચરણમાં વંદન કરતાં આશીર્વાદ આપીને એ સાક્ષાત્ ત્રિમૂર્તિએ એના પતિને જીવતો કર્યો. (૧૩૭-૧૩૮). સત્યાશીમા અધ્યાયમાં રુદ્રાક્ષનો મહિમા કહ્યો અને કૂકડાની અને વાંદરાની કથા, વેશ્યાનું સતીત્વની કથા કહી. (૧૩૯). ઇઠ્ઠયાશીમા અધ્યાયમાં રુદ્રાધ્યાયનો મહિમા કહ્યો તે તું યાદ કર. રાજાના પુત્રને સજીવન કર્યો અને ઇતિહાસનું પ્રમાણ આપ્યું. (૧૪૦).

નેવ્યાશીમા અધ્યાયમાં સોમવારના વ્રતની વાત કરી અને સીમંતિનીનું આખ્યાન પ્રેમપૂર્વક દંપતીને કહી સંભળાવ્યું. (૧૪૧). નેવુમા અધ્યાયમાં પારકાના અન્નના દૂષણની વાત કહી. વિપ્ર સ્ત્રીને ઉપદેશ કર્યો અને જ્ઞાનની જ્યોતિરૂપ શ્રીગુરુએ વિપ્રનો આચાર કહ્યો. (૧૪૨). એકાણુમા અધ્યાયમાં બ્રહ્મકર્મ અને બ્રાહ્મણની દિનચર્યાની વાત કહી દૂષિત અન્નનું વિવેચન કર્યું. (૧૪૩). ભાસ્કર નામના બ્રાહ્મણે ત્રણ જણ પૂરતું અન્ન રાંધ્યું હતું તેમાંથી શ્રીગુરુએ પ્રસન્ન થઇને આખા ગામને જમાડ્યું એ વાત બાણુમા અધ્યાયમાં કરી. (૧૪૪). સાઠ વરસની વાંઝણી ગંગાને શ્રીગુરુએ દીકરો અને દીકરી એમ બે સંતાન આપ્યાં એ વાત ત્રાણુમા અધ્યાયમાં કરી. (૧૪૫). ચોરાણુમા અધ્યાયમાં સૂકાં લાકડાને પાંદડાં લાવીને નરહરિ બ્રાહ્મણને કુષ્ઠ રોગમાંથી જલદી મુકત કર્યો એ વાત કરી. (૧૪૬). શબર અને શબરીની ભક્તિનું રમ્ય દ્દષ્ટાંત કહીને ત્યાં અનન્ય નિષ્ઠા વગરની ભકિત સાચેસાચ નકામી છે એ વાત કહીને પંચાણુમા અધ્યાયમાં ગુરુભક્તિની વાત કરી. ઠંડી દૂર કરવા માટે સાયંદેવને અગ્નિ લાવવા માટે મોકલ્યો. (૧૪૭-૧૪૮). આ રીતે શ્રીગુરુ ભકતની દઢતા તપાસતા હતા. ત્વષ્ટ્રની ભક્તિનું વૃત્તાંત અને કાશીયાત્રાની વાત સાંભળીને સાયંદેવે છન્નુમા અધ્યાયમાં મ્લેચ્છની નોકરી મૂકી દીધી અને શ્રીગુરુની સેવામાં રહ્યો. (૧૪૯-૧૫૦). સત્તાણુમા અધ્યાયમાં અનંતવ્રતની વાત કહી. ધર્મરાજ-યુધિષ્ઠિર અને ભગવાન કૃષ્ણનો

સંવાદ તેમજ કૌણ્ડિણ્યની પૌરાણિક કથા કહી. (૧૫૧).

તંતુકને પલવારમાં શિવરાત્રિએ શ્રીશૈલ પર્વત પર લઇ ગયા એ વાત અઠ્ઠાણુમા અધ્યાયમાં કરી. (૧૫૨). પૂર્વે બની ગયેલી વિમર્ષણની કથા કહીને પછી શ્રીગુરુએ નંદીનો કોઢ દૂર કર્યો એ વાત નવ્વાણુમા અધ્યાયમાં કરી. (૧૫૩). કલ્લેશ્વરનો ભકત એવા નરહરિને દર્શન આપીને એને શિષ્ય બનાવ્યો એ વાત એક્સોમા અધ્યાયમાં કરી. (૧૫૪). એકસોને એકમા અધ્યાયમાં સાતરૂપો ધારણ કરીને સાત શિષ્યોના ગામમાં દિવાળીમાં જઇને રહ્યા અને આઠમા રૂપે મઠમાં પણ બિરાજ્યા એ વાત કરી. (૧૫૫). એકસોને બેમા અધ્યાયમાં શૂદ્રએ જુવાર કાપી અને એને સો ગણો પાક આપીને તરત જ દૈન્ય હરી લીધું એ વાત કરી. (૧૫૬). એકસોત્રણમાં ભીમા અમરજા સંગમનું માહાત્મ્ય કહીને રત્નાનું કુષ્ઠ શ્રીગુરુએ હરી લીધું. (૧૫૭). એકસોચારમા અધ્યાયમાં ચવનનો ફોલ્લો મટાડી દીધો અને પછી એના નગરમાં જઇને, હવે આપણે શ્રીશૈલ પર પાછા મળીશું એમ કહીને એકસો પાંચમા અધ્યાયમાં બધે કલિનો પ્રભાવ વધતો જોઇને શ્રીગુરુરાય નૃસિંહસરસ્વતી કદલીવનમાં જઇને ગુપ્ત થયા અને અદશ્યરૂપે ગાણગાપુરમાં રહ્યા એ વાત કરી. (૧૫૮-૧૬૦).

અહીં આ રીતે રસસભર **કર્મકાંડ પૂરો થયો** અને ઉપાસના (માર્ગ)ના ઉદ્ધાર માટે ત્રિમૂર્તિએ માણગાવમાં વાસુદેવાનંદ સરસ્વતીના નામે ફરી પાછો અવતાર લીધો એ વાત એકસો છમા અધ્યાયમાં કહી. (૧૬૧-૧૬૨). એકસો સાતમા અધ્યાયમાં બાલ્યકાળની લીલાનું વર્ણન કર્યું જેમાં મંત્રના પ્રભાવે ઉન્મત્ત ગાયને વશ કરી તે કથા કહેવામાં આવી. (૧૬૩). એકસો આઠમા અધ્યાયમાં સંન્યાસી નારાયણસ્વામીનું વર્ણન કર્યું જેમનો લોકો વાડીમાં મહોત્સવ કરે છે. (૧૬૪). એકસો નવમા અધ્યાયમાં દુર્ગાબાઇની કથા કહી અને વાસુદેવને સ્વપ્નમાં મંત્રનો ઉપદેશ થયો તે કહ્યું. (૧૬૫). એકસો દશમા અધ્યાયમાં યોગાભ્યાસનો પ્રકાર વર્ણવી ઢોરેશાસ્ત્રી અને આંજરેકર બુવાની રસભરી વાતો કહી. (૧૬૬).

એકસો અગિયારમા અધ્યાયમાં ફણસના વૃક્ષની વાત કહીને શ્રીગુરુએ વૃક્ષમાં સાક્ષાત્ દેવત્વ બતાવ્યું. (૧૬૭). એકસોને બારમા અધ્યાયમાં વાણિયાએ ભોળા બ્રાહ્મણની વાડી કપટથી લઇ લીધી એ વાત જાણીને શ્રીગુરુવરે એની પાસે અનુષ્ઠાન કરાવીને એને પાછી અપાવી એ વાત કરી. વળી ઘનશ્યામની નાસ્તિકતા અને એની શંકાનું નિવારણ કરીને અને રાજપુત્રીની પિશાચબાધા યંત્ર આપીને દૂર કરીને કરેલા આવા વિવિધ ચમત્કારોની વાત એ અધ્યાયમાં કરી. (૧૬૮-૧૭૦).

એકસોને તેરમા અધ્યાયમાં માણગાંવમાં દત્તાત્રેય ભગવાનની મૂર્તિની સ્થાપના કરીને લોકોના સંકટો દૂર કરતા હતા તે વાત કરી છે. (૧૭૧). એકસો ચૌદમા અધ્યાયમાં એક પટેલની કન્યાને ભૂત વળગતાં શ્રીગુરુએ એને એ ત્રાસમાંથી મુકત કરી અને વેંગુર્લેકરને ચોરીના આરોપમાંથી છોડાવ્યો અને દેવસેવા વગેરેનું ગુપ્ત રહસ્ય કહ્યું. (૧૭૨-૧૭૩). એકસો પંદરમા અધ્યાયમાં વિઠ્ઠલનો ગળતો કોઢ શ્રીગુરુએ દૂર કર્યો અને બ્રાહ્મણના છોકરાનું મૂગાપણું દૂર કર્યું. વળી આબાશાસ્ત્રીનું અભિમાન દૂર કર્યું અને વાલાવલીના ખૂનના આરોપમાંથી બ્રાહ્મણને

છોડાવ્યો. (૧૭૪-૧૭૫). એકસો સોળમા અધ્યાયમાં પોંઆની વાત છે અને એમાં સગુણ ઉપાસના તત્ત્વની સવિસ્તર વાત કરી છે. રાજાના કોપથી સોનીને ખાસ છોડાવી અને એણે આપેલી દત્તની મૂર્તિ પ્રવાસ માટે પોતાની પાસે રાખી. (૧૭૬-૧૭૭). એકસો સત્તરમા અધ્યાયમાં મામાનો પુત્ર મરી જતાં અમી દષ્ટિથી એને સજીવન કરવાનો ચમત્કાર કર્યો એ વાત કરી. (૧૭૮). એકસો અઢારમા અધ્યાયમાં સોહિરોબાની કથા કરી અને યાત્રાગમનની વાત વિસ્તારપૂર્વક કહી. (૧૭૯). એકસો ઓગણીસમા અધ્યાયમાં માતાનો શોક દૂર કરીને પત્ની સાથે સાક્ષાત્ દત્તના અવતાર શાસ્ત્રીબુવા પત્ની સાથે વાડીમાં આવ્યા. (૧૮૦). પુત્રના મૃત્યુને કારણે પત્નીને થયેલો શોક દૂર કરવા માટે કન્યા અને ગુરુના સંવાદનું વર્ણન એકસો વીસમા અધ્યાયમાં કરવામાં આવ્યું. (૧૮૧). એકસો એકવીસમા અધ્યાયમાં એ જ વાતનો વિસ્તાર કર્યો અને એકસો બાવીસમા અધ્યાયમાં પત્નીના ઉદ્ધારની રસાળ કથા કહી. શૂદ્રના શેકેલા ચણાની વાત પણ આ જ અધ્યાયમાં કહી. વૈજનાથ થઇને શ્રીગુરુ ગંગાખેડમાં આવ્યા. (૧૮૨-૧૮૩). નીચ કુળના માણસે બ્રાહ્મણની દીકરી સાથે લગ્ન કરતાં સતીએ કેવી રીતે વર્તવું જોઇએ એ અંગેની પૌરાણિક કથા એકસો ત્રેવીસમા અધ્યાયમાં સવિસ્તર કહી. પછી પત્નીનું મૃત્યુ થતાં શ્રીગુરુએ સંન્યસ્ત લીધો. (૧૮૪-૧૮૫).

એકસો ચોવીસમા અધ્યાયમાં વાસીમ ચોકી પર પોલીસોની હેરાનગતિ સહન કરીને શ્રીગુરુએ ઉજ્જનમાં દંડ ગ્રહણ કર્યો એ વાત કરી. (૧૮૬). એકસો પચ્ચીસમા અધ્યાયમાં ભિક્ષા નિમિત્તે કેશવરાવની નાસ્તિકતા તરત દૂર કરી અને અગ્નિહોત્રીના પુત્રને સીધો દોર કરી દીધો અને ભૂતબાધાથી ભાસ્કરને થયેલા અપસ્મારના ભયંકર રોગને દૂર કર્યો. (૧૮૭-૧૮૮). એકસો છવ્વીસમા અધ્યાયમાં જાલવણમાં શાસ્ત્રીજીનું સંસ્કૃત અંગેનું અભિમાન દૂર કર્યું. એ જ અધ્યાયમાં ભાલોદના બળવંતની પણ વાત કરીને સુગૂઢ સેવાધર્મનો ઉપદેશ કર્યો. ફરી પાછા નાસ્તિકોને શિક્ષણ આપતા શ્રીગુરુ ઉત્તરાખંડમાં બ્રહ્માવર્તમાં આવ્યા એ વાત કરી. (૧૮૯-૧૯૧). એકસો સત્તાવીસમા અધ્યાયમાં દોઢ રૂપિયા માટે પિશાચ થયેલાની અતિ ભયંકર વાત કહી. ગંગા કિનારો છોડીને પછી નર્મદાને તીરે આવ્યા એ વાત પણ હે ધીરજવાન નિરંજન ! એ જ અધ્યાયમાં કરી. (૧૯૨-૧૯૩). પગ લપસી જતાં નર્મદા માતાએ ભભૂતિ ચોળી અને ત્યાંથી શ્રીગુરુ નિમાવરમાં ભૂખા પેટે કેવી રીતે આવ્યા તે વાત એકસો અઠ્ઠાવીસમા અધ્યાયમાં વિસ્તારથી કરી. એ જ અધ્યાયમાં ધાવિડીકુંડની લીલા અને ચિખલદાની લીલાનું પણ વર્ણન કર્યું. સગુણ ભક્તિના રહસ્યની એ કેવળ ખાણ છે. એ બધાનું વર્ણન પણ આ જ અધ્યાયમાં કર્યું. તિલકવાડાના ભાવિક ભકત મણિશંકર બ્રાહ્મણને પ્રભુએ પંચમીનું વ્રત કરાવીને પુત્ર આપ્યો એ વાત પણ કરી. ગાંડાને સાથે લઇને ફરતાં ફરતાં શ્રીગુરુ આ જ અધ્યાયમાં સિદ્ધપુર આવ્યા. (૧૯૪-૧૯૮). એકસો ઓગણત્રીસમા અધ્યાયમાં માતૃગયાનું આખ્યાન કહ્યું અને એકસોત્રીસમા અધ્યાયમાં બોડાણાનું ગાન કર્યું. (૧૯૯). એકસો એકત્રીસમાં ગાંડાબુવા સાથે બીજા બેની જીભનું છેદન કરાવવાની વાત વિસ્તારથી કરી. વળી એ જ અધ્યાયમાં સુબેદારની ખરાબ સ્થિતિ, વિષ્ણુબુવાનો વૃત્તાંત અને નૃસિંહસરસ્વતીની અતિશય રમ્ય કથા કહી. (૨૦૦-૨૦૧). એકસો બત્રીસમા અધ્યાયમાં તાત્યા જાગીરદાર ઘડપણમાં દીકરી અને દીકરો પામ્યા એ વાત કરી. (૨૦૨). કરુણાત્રિપદી દ્વારા વાડીના

પૂજારીઓને અહીં સંકટમાંથી મુક્ત કર્યા અને નરસીગામે બાળરૂપ શ્રીદત્ત સાથે ક્રીડા કરી અને કુશોબા બ્રાહ્મણને દુ:ખમાંથી મુક્ત કર્યો. (૨૦૩-૨૦૪). એકસો તેત્રીસમા અધ્યાયમાં નાનાશાસ્ત્રીની વાત કરી અને વાડીમાં હતા ત્યારે ત્રણ રૂપ લઇને કરેલી લીલાની વાત કરી. (૨૦૫). એકસો ચોત્રીસમા અધ્યાયમાં વૈજનાથને નિમિત્ત કરીને ગુરુએ જે લીલા કરી તે નિશ્ચિતરૂપથી કહી. જનાર્દનને પિશાચપીડામાંથી મુક્ત કર્યો અને તાત્યામહાબળને કુટિલતાનું ફળ મળ્યું તે વાત કહી. (૨૦૬-૨૦૭). એકસો પાંત્રીસમા અધ્યાયમાં દક્ષિણયાત્રાની વાત કરી અને શૃંગેરી મઠના જગદ્ગુરુ શંકરાચાર્યની મુલાકાતનું વર્ણન કર્યું. (૨૦૮). એકસો છત્રીસમા અધ્યાયમાં સદાશિવેંદ્ર સ્વામીનું મનને હરી લે તેવું કથાનક વિસ્તારથી કહ્યું અને હે નિરંજન ! ક્ષૌર કર્મના નિમિત્તે કૃષ્ણા નદીના તટે જે લીલા કરી એનું વર્ણન પણ આ જ અધ્યાયમાં કર્યું. (૨૦૯-૨૧૦). એકસો સાડત્રીસમા અધ્યાયમાં શ્રદ્ધાના ફળનું વર્ણન કરી શાસ્ત્રીજીની બહેનને તે જ ક્ષણે ભૂતના ત્રાસમાંથી છોડાવી. પતિએ ત્યજી દીધેલી સ્ત્રીના ખળામાં વરસાદ પડતો રોકીને શ્રીગુરુએ એની રક્ષા કરી અને ધોંડોપંતના પિતાને પ્રભુએ તારી દીધો. ધન્ય છે એમની લીલાને. (૨૧૧-૨૧૨). એકસોને આડત્રીસમા અધ્યાયમાં દેવને ઈર્ષા આવે તેવી લીલા શ્રીગુરુએ પવનીમાં કરી. ત્યાં ભૈરવપ્રસાદ નામનો ભક્ત ગભરાઇને આવ્યો હતો તેને અનુષ્ઠાન બતલાવીને ભયમાંથી મુક્ત કર્યો. (૨૧૩-૨૧૪). એકસો ઓગણચાળીસમા અધ્યાયમાં ગોદાને કિનારે મરેલા આબા નામના બ્રાહ્મણને જીવતો કર્યો. (૨૧૫). એકસો ચાળીસમા અધ્યાયમાં પાંડુરંગનું આખ્યાન કહીને પંઢરપુરનો મહિમા વિસ્તારપૂર્વક કહ્યો. (૨૧૬).

એકસો એકતાળીસમા અધ્યાયમાં શિંદેની કરૂણ કથની વિસ્તારપૂર્વક કહી અને એ સુભક્તને કેવી રીતે તાર્યો તે પણ કહ્યું. (૨૧૭). કન્યામાંથી પુત્ર થયો એ રસમય વાત દ્વારા શ્રદ્ધાના ફળનું વર્ણન એકસો બેતાળીસમા અધ્યાયમાં કર્યું. મધ્વસંપ્રદાયના બ્રાહ્મણને શિવ મંત્રનો ઉપદેશ કરીને દ્વૈતદંશ દૂર કર્યો. હાવનૂરમાં શિક્ષકનું કષ્ટ દૂર કર્યું. (૨૧૮-૨૧૯). એકસો તેંતાલીસમા અધ્યાયમાં શ્રીગુરુ સામે ચાલીને છાશ માગવા ગયા તો પણ છાશ આપી નહીં એ પ્રારબ્ધની બલિહારીનું વર્ણન કર્યું છે. એ જ અધ્યાયમાં કુરુપુરની લીલા કહી છે અને કોથળાના પૂજનથી પિશાચ કેવી રીતે દૂર થયું એ વાત વર્ણવી છે. (૨૨૦-૨૨૧). એકસો ચુંવાળીસમા અધ્યાયમાં ગોડગામમાં મૃત્યુ પામેલી બ્રાહ્મણ બાળકીને કેવી રીતે જીવતી કરી તેનું સવિસ્તર વર્ણન કર્યું છે. રસ્તામાં આવતા ખેતરને ભૂતના ત્રાસમાંથી મુક્ત કર્યું અને ગોપેગાંવના લીમડાને વરદ (વરદાન આપનાર) બનાવ્યો. મંજરથ ગામમાં સ્ત્રીને સાપના દંશમાંથી મુક્ત કરી. એ બધી લીલાનું સંક્ષેપમાં વર્ણન કર્યું. (૨૨૨-૨૨૪). એકસો પિસ્તાળીસમા અધ્યાયમાં એકનાથની વાત કરી અને શ્રીગુરુના કહેવાથી પહેલાંની માફક જ મૂર્તિની સ્થાપના કરી એ વાત કહી. ચાળીસગાંવમાં ગાંડાબુવા પર કૃપા કરીને એને ગુરુવરે તરત જ ભરુચ મોકલી દીધો. એમણે દાજીબુવાને મોકલીને જિંતુરકરનું ગાયત્રીનું પુરશ્ચરણ પૂર્ણ કરાવ્યું. (૨૨૫-૨૨૭).

આમ લીલા કરતા કરતા શ્રીગુરુ ગરુડેશ્વરમાં આવ્યા. એ ગરુડેશ્વરના મહિમાનું વર્ણન એકસો છેંતાળીસમા અધ્યાયમાં કર્યું છે. એ જ અધ્યાયમાં દર્શનાર્થે આવેલા બન્ને બ્રહ્માનંદનાં રસમય વર્ણન છે. પારસીની મુશ્કેલીથી દૂર

થાય એવી જિંદની પીડા દૂર કરીને બ્રાહ્મણની સ્ત્રીનો ગુમ થયેલો પુત્ર શ્રીગુરુએ આણી આપ્યો એનું વર્ણન કર્યું છે. (૨૨૮-૨૩૦).

ત્યાં અપરંપાર લીલા કરીને હે શિષ્યશ્રેષ્ઠ નિરંજન ! એકસો સુડતાળીસમા અધ્યાયમાં શ્રીગુરુ અદશ્ય થયા એનું વર્ણન કર્યું છે. (૨૩૧).

જે સ્વયં દત્તાત્રેય (ત્રીશ) હતા તેની લીલાને કોણ જાણી શકે? સાગરમાં રહેલાં બિંદુ સમાન મેં તને આ અલ્પકથા કહી છે. (૨૩૨). આ કથાનું ભાવપૂર્વક પઠન કરતાં કે શ્રવણ કરતાં આ દુનિયામાં કઇ વસ્તુ દુર્લભ રહે? ગુરુનું આ ચરિત્ર કામધેનુ છે એમાં લેશમાત્ર શંકા નથી. (૨૩૩).

આ ગ્રંથનું ઔદુંબરની નીચે પારાયણ કરવાથી ચિત્ત તરત જ શાંત થઇ જાય છે. (૨૩૪). પિશાચનો ત્રાસ તરત જ દૂર થઇ જાય છે અને રોગની શાંતિ થતાં એ ચોક્કસ નીરોગી થઇ જાય છે. (૨૩૫). પુત્રની ઇચ્છાવાળાએ પીપળાની નીચે બેસીને આ ગ્રંથનું પારાયણ કરવું અને લક્ષ્મીની ઇચ્છાવાળાએ બીલીપત્રના વૃક્ષની નીચે બેસીને ગ્રંથનું પ્રેમથી પારાયણ કરવું. (૨૩૬). જ્ઞાનની ઇચ્છાવાળાએ વડની નીચે, વિદ્યાની પ્રાપ્તિ માટે પલાશ (ખાખરા)ની નીચે અને બધી કામનાની પ્રાપ્તિ માટે દેવમંદિરમાં બેસીને પારાયણ કરવું. (૨૩૭). સ્ત્રીની પ્રાપ્તિની ઇચ્છા હોય તો કેળની નીચે અને ઘરના દોષો દૂર કરવા માટે ઘરમાં બેસીને પારાયણ કરવું. (૨૩૮). ગાય વગેરે પશુની પ્રાપ્તિ માટે ગોશાળામાં અને વધુ પાક ઊતરે એવી ઇચ્છાવાળાએ ખેતરમાં બેસીને પારાયણ કરવું. (૨૩૯). રત્ન વગેરેની પ્રાપ્તિ માટે ભંડારગૃહમાં બેસીને અને રિદ્ધિ સિદ્ધિની તત્કાળ પ્રાપ્તિ માટે શમીના વૃક્ષ નીચે બેસીને પારાયણ કરવું. મોક્ષની પ્રાપ્તિ માટે તુલસીવનને ઉત્તમ ગણવામાં આવ્યું છે. વધારે તો શું કહું પણ ઔદુંબરમાં બધી સિદ્ધિઓનો વાસ રહેલો છે.(૪) (૨૪૦-૨૪૧).

પારાયણથી દુખિયાંનાં બધાં દુ:ખ દૂર થાય છે અને ધનની ઇચ્છાવાળો ધન પામીને બધાં સુખો મેળવે છે. (૨૪૨). જિજ્ઞાસુ ભકતે જ્ઞાનપ્રાપ્તિના હેતુથી હંમેશાં પારાયણ કરવું જેથી બધાં ભવબંધનો તૂટી જાય. (૨૪૩). જ્ઞાની પુરુષે લોકોના કલ્યાણ માટે પારાયણ કરવું. નિષ્કામ વૃત્તિથી પારાયણ કરનારને દિવસ-વારનું કોઇ બંધન નથી. (૨૪૪).

શુદ્ધ મન રાખીને દરરોજ પારાયણ કરવું અથવા પ્રેમથી સપ્તાહ પારાયણ કરવું. (૨૪૫). સકામ પારાયણ કરનારે શુદ્ધ દિવસ અવશ્યપણે જોવો અને પવિત્ર થઇને તથા સંયમી બનીને હંમેશાં પારાયણ માટે બેસવું. (૨૪૬). પારાયણ માટે બેસવાની જગ્યાને રંગોળી પૂરીને સુશોભિત કરવી અને પછી પારાયણની શરૂઆત કરવી. (૨૪૭). પોતાની શક્તિ પ્રમાણે ઘીનો અખંડ દીવો રાખવો અને પંચાંગ અથવા ગૂગળનો ધૂપ કરવો. (૨૪૮). દેશ (સ્થળ) અને કાળ (સમય)નો સંકલ્પ મૂકીને ભૂતશુદ્ધિ તથા ભૂશુદ્ધિ પણ અવશ્ય કરવાં. (૨૪૯). ત્રણ વાર ભૂમિતાડન કરી યથોપચાર ગ્રંથરૂપ શ્રીગુરુનું પૂજન કરવું. (૨૫૦).

પહેલા દિવસથી જ બેસવા માટે એક જ સ્થાન રાખવું અને જે તે દિવસનું વાંચવાનું પૂરું ન થાય ત્યાં સુધી મૌન રાખવું. (૨૫૧). બ્રહ્મચર્ય, સત્ય વગેરેનું સારી રીતે પાલન કરીને અને દેવ, બ્રાહ્મણ તથા ગુરુ વગેરેને

ભાવપૂર્વક વંદન કરીને પૂર્વ દિશામાં અથવા ઉત્તર દિશામાં મોં રાખીને બેસી પ્રફુલ્લ ચિત્તથી પારાયણની શરૂઆત કરવી. (૨૫૨-૨૫૩).

પહેલે દિવસે ઓગણીસ અધ્યાય સુધી વાંચવું. બીજા દિવસે ચાલીસ અધ્યાય સુધી અને ત્રીજા દિવસે બાસઠ અધ્યાય સુધી વાંચવું. (૨૫૪). ચોથા દિવસે ચોરાશી અધ્યાય સુધી વાંચવું અને પાંચમા દિવસે એકસો ત્રણ અધ્યાય સુધી વાંચવું. છઠ્ઠા દિવસે પ્રેમથી એકસો સત્તાવીસ અધ્યાય પૂરા કરવા અને બાકીના ગ્રંથ પૂરો થયા સુધીના એકસો અડતાલીસ સુધીના અધ્યાય સાતમા દિવસે વાંચવા.(૫) (૨૫૫-૨૫૬).

પારાયણ પૂરું થતાં ઉત્તરાંગ પૂજન કરી પોતાના આસન નીચે તરત જ થોડું જળ નાંખીને ત્યાં રહેલી માટી કપાળે લગાડીને પછી આસન ઉપરથી ઊઠીને ફલાહાર જેવું કંઇ લેવું. (૨૫૭-૨૫૮).

રાત્રે ભૂમિ ઉપર સૂવું અને સાત્ત્વિક ભજન કીર્તન કરવાં. શાસ્ત્રમાં જણાવ્યા મુજબ શુદ્ધ રીતે રહેવું. (૨૫૯). સાત દિવસ પૂરા થતાં બ્રાહ્મણને અને સૌભાગ્યવતી સ્ત્રીને એમની ઇચ્છા મુજબ મિષ્ટાન્ન વગેરે જમાડીને પ્રેમથી તૃપ્ત કરવાં. (૨૬૦). એમને વિધિ પ્રમાણે પાન સોપારી સહિત દક્ષિણા આપીને શ્રદ્ધાપૂર્વક સપ્તાહ પારાયણનું અનુષ્ઠાન પૂરું કરવું.(૬) (૨૬૧).

આ રીતે પારાયણ કરતાં ગુરુનાં દર્શન થાય છે અને ગ્રહની પીડા દૂર થઇને તરત જ સુખની પ્રાપ્તિ થાય છે. (૨૬૨). કલ્પતરુ પોતે જ જ્યારે પ્રસન્ન થાય ત્યારે પછી શું ઊણપ (ખામી) રહે? આ શ્રીગુરુલીલામૃત-ગ્રંથ ખરેખર અહીં કામધેનુ જ છે. (૨૬૩).

આ સાંભળીને અલખનાં ચરણમાં તરત જ પ્રણામ કરીને નિરંજને કહ્યું કે હે દેવ ! તમે આ બાળકની આશા પૂરી કરી. (૨૬૪). હું આપનો આ ઉપકાર કેવી રીતે ભૂલી શકું? એમ કહીને જ્યાં વારે વારે વંદન કરવા લાગ્યો ત્યાં જ અલખ અદૃશ્ય થઇ ગયા. (૨૬૫). થોડી વાર તો એ શિષ્ય મૂઢની જેમ દિંગમૂઢ થઇને જોઇ જ રહ્યો અને કહેવા લાગ્યો કે આ ખરેખર શ્રીદત્ત છે. એમાં લવલેશ પણ શંકા નથી. (૨૬૬).

મારું દુઃખ જાણીને એ દોડી આવ્યા. એ સ્મરણ કરતાં ખરેખર હાજર થાય છે એ વાત તદ્દન સાચી છે. એમણે મારા પર આમ ઉપકાર જ કર્યો છે. (૨૬૭). માત્ર એક બિંદુ માંગ્યું અને બદલામાં અમૃતનો સાગર મળી ગયો. એમ કહીને તરત જ દત્તપાદુકાને પ્રણામ કર્યા. (૨૬૮). અંતરમાં કૃતકૃત્યની લાગણી અનુભવતો અને ગુરુના યશોગાન ગાતો ગાતો ઘરે ગયો અને હે સુજ્ઞ ! એ ત્યાં તરત જ હરેક પ્રકારના સુખને પામ્યો. (૨૬૯).

રંગગુરુ કહે છે કે આ વાતમાં કોઇ શંકા કરશો નહીં. આ જગતમાં શ્રીગુરુલીલામૃત ખરેખર ચિંતામણિ છે. (૨૭૦). રેવાના ઉત્તર તીરે પુણ્યધામ નારેશ્વરમાં ગુરુદ્વાદશીના રોજ આ ગ્રંથ ધીરજપૂર્વક પૂર્ણ કર્યો. (૨૭૧). સંસારમાં જીવીને મોક્ષની પ્રાપ્તિ થશે અને પ્રવૃત્તિ કરતાં કરતાં પણ પ્રયત્ન વગર મોક્ષની પ્રાપ્તિ થશે. (૨૭૨).

હું રાંક તો નિમિત્તમાત્ર છું અને લખાવનારો તો એ વિશ્વંભર દત્ત છે કે જે જડચેતન બધામાં હર્યો ભર્યો છે. (૨૭૩). શ્રીપાદશ્રીવલ્લભ અને નૃસિંહસરસ્વતી ઉદ્ધાર કરનાર છે અને વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ બધાં પાપો હરી લેનાર છે. (૨૭૪).

નામમાત્ર જુદાં છે પરંતુ સઘળે એ અરૂપી જ ગુરુ તથા શિષ્ય વગેરેનાં વિધવિધ રૂપ લઇને ખેલી રહ્યો છે. (૨૭૫). તે પરબ્રહ્મના પદમાં, તેની જ પ્રેરણાથી રચાયેલો આ ગ્રંથ અર્પણ કરું છું. હે સંતો ! સંસારની ગ્રંથિઓ- બંધનો-માંથી મુકત કરનાર આ ગ્રંથનું શ્રદ્ધા ભક્તિથી પારાયણ કરો. (૨૭૬).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ગ્રંથસમાપ્તિ'** નામનો **એકસો અડતાળીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

## અધ્યાય : ૧૪૮

(૧) જ્ઞાનકાંડની સમાપ્તિમાં અને કર્મકાંડની સમાપ્તિમાં વકતા-અલખ-ને સમાધિ લાગી જાય છે અને નિરંજન સ્તુતિ કરીને એમને દેહભાન પર લાવે છે. ઉપાસનાકાંડની સમાપ્તિમાં આથી ઊલટું બને છે. અહીં ગુરુવકતવ્ય આત્મસાત્ કરતાં -શ્રોતાને-નિરંજનને સમાધિ લાગી જાય છે અને તેથી અલખને સ્વાભાવિક રીતે આનંદ થાય છે. શ્રોતાની આવી સ્થિતિ વકતા જુએ ત્યારે પોતે કરેલો શ્રમ સફળ થયો એવી એને અનુભૂતિ થાય. આપણે પણ નિરંજન જેવા બનીએ. તો પૂ.બાપજીને એવો જ આનંદ થાય.

(૨) સંત હંમેશાં 'બહુજન હિતાય અને બહુજન સુખાય' જીવે છે. એટલે અલખ નિરંજનને કહે છે કે તેં જ્ઞાન મેળવ્યું તેથી તું તો તરી ગયો પરંતુ સમાધિમાં જ રહેશે તો બીજાને લાભ નહીં મળે. તને જે મળ્યું તે બીજાને આપી, તેમનું કલ્યાણ કરી, તું રાજી થા. સ્વસુખમાંથી સર્વના સુખ તરફ ગતિ કર.

(૩) શ્રીગુરુલીલામૃતમાં વખતોવખત અલખે નિરંજનની પ્રશંસા કરી છે અને કહ્યું છે કે તારા જેવો પ્રશ્ન પૂછનાર મળે તો લીલા ગાવાનું પણ ગમે. અધ્યાય ૧૦૬માં અઢારમા દોહરામાં પણ એ વાત છે :

જીવન મારું ગુરુકથા, તેમાં તારો સાથ !
મળી શર્કરા દૂધમાં ! કયાં મિષ્ટતાવાત?

અહીં નિરંજન અલખનો ઉપકાર યાદ કરે છે અને કહે છે કે તમે તમારા સુખનો વિચાર કર્યા વગર મને આ કથા કહી, આ ઉપદેશ આપી મારાં દુઃખ અને કલેશનું નિવારણ કર્યું.

પૂ.બાપજીએ ખૂબ કષ્ટ વેઠીને આપણને સુખી કરવા માટે અનુપમ અને અદ્વિતીય એવા શ્રીગુરુલીલામૃત-ગ્રંથની રચના કરી છે. એનું સતત સ્મરણ રાખીએ અને આ મંગલમય ગ્રંથનું પઠન, પારાયણ કરતા રહીએ અને આપણું જીવન ધન્ય બનાવીએ.

(૪)

| | શું પ્રાપ્ત કરવું છે? | પારાયણ ક્યાં કરવું? |
|---|---|---|
| ૧. | ચિત્તની શાંતિ, સર્વસિદ્ધિ, પિશાચ બાધામાંથી મુક્તિ અને આરોગ્યની પ્રાપ્તિ. | ઔદુંબર નીચે. |
| ૨. | પુત્ર પ્રાપ્તિ. | પીપળાની નીચે. |
| ૩. | લક્ષ્મીની પ્રાપ્તિ. | બીલીપત્રની નીચે. |
| ૪. | જ્ઞાનપ્રાપ્તિ. | વડની નીચે. |
| ૫. | વિદ્યાની પ્રાપ્તિ. | પલાશ (ખાખરા)ની નીચે. |
| ૬. | સર્વકામનાની સિદ્ધિ. | દેવમંદિરમાં. |
| ૭. | સ્ત્રી (પત્ની) પ્રાપ્તિ. | કેળની નીચે. |
| ૮. | પશુધન પ્રાપ્તિ. | ગોશાળામાં. |
| ૯. | ધાન્યાદિ વૃદ્ધિ પ્રાપ્તિ. | ખેતરમાં. |
| ૧૦. | રત્નાદિ પ્રાપ્તિ. | ભંડારગૃહમાં. |
| ૧૧. | રિદ્ધિ સિદ્ધિની પ્રાપ્તિ. | શમીવૃક્ષ નીચે. |
| ૧૨. | મોક્ષની પ્રાપ્તિ. | તુલસીવનમાં. |
| ૧૩. | ઘરના દોષોનું નિવારણ. | ઘરમાં બેસી. |

(૫) **સપ્તાહ પારાયણ વાચન ક્રમ :**

| દિવસ | અધ્યાય |
|---|---|
| ૧ | ૧ થી ૧૯ |
| ૨ | ૨૦ થી ૪૦ |
| ૩ | ૪૧ થી ૬૨ |
| ૪ | ૬૩ થી ૮૪ |
| ૫ | ૮૫ થી ૧૦૩ |
| ૬ | ૧૦૪ થી ૧૨૭ |
| ૭ | ૧૨૮ થી ૧૪૮. |

**(૬) પારાયણ સમાપ્તિ પ્રસંગે:**

- પોતાના આસન નીચે થોડુંક જળ નાંખી, ત્યાંની માટી કપાળે લગાડવી.
- ફળાહાર કરવો. (દરરોજ પારાયણ દરમ્યાન)
- ભૂમિશયન કરવું. (દરરોજ પારાયણ દરમ્યાન)
- સાત્વિક વૃત્તિ કેળવવી. (દરરોજ પારાયણ દરમ્યાન)
- બ્રાહ્મણ અને સૌભાગ્યવતી સ્ત્રીને નિમંત્રિત કરી ભોજન કરાવવું, પાન સોપારી અને દક્ષિણા આપવી.

અવધૂત ચિંતન શ્રીગુરુદેવદત્ત
શ્રીમત્ પરમ સદ્‌ગુરુ શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજકી જય
શ્રીમત્ સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત મહારાજકી જય
નર્મદે હર
ૐ નમ: પાર્વતીપતયે હર હર મહાદેવ હર

●

## પૂ.શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ પ્રણીત સૂત્રો

- પરસ્પરદેવો ભવ ।
- શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ।
- ભક્તિર્દંભો વિના ભાવમ્ ।
- સ્વયમાશીસ્તુ સત્કર્મ ।
- માતા માતૈવ કેવલમ્ ।
- ન માતુ: પરદૈવતમ્ ।
- શ્રેય: પ્રેયસો વિશિષ્યતે ।
- સત્યમેવ પરં તપ: ।
- શ્રી દત્ત: શરણં મમ ।
- સર્વો દત્ત: સર્વરૂપસ્તવરૂપ: ।
- ગુરુકૃપા હિ કેવલં શિષ્ય પરમમંગલમ્ ।

# દત્તબાવની

જય યોગીશ્વર દત્ત દયાળ ! તું જ એક જગમાં પ્રતિપાળ,
અત્ર્યનસૂયા કરી નિમિત્ત પ્રગટ્યો જગકારણ નિશ્ચિત.
બ્રહ્માહરિહરનો અવતાર, શરણાગતનો તારણહાર;
અંતર્યામી સત્ ચિત્ સુખ, બહાર સદ્ગુરુ દ્વિભુજ સુમુખ.
ઝોળી અન્નપૂર્ણા કરમાંહ્ય, શાંતિ કમંડલ કર સોહાય.
ક્યાંય ચતુર્ભુજ ષડ્ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર. ૬.

આવ્યો શરણે બાળ અજાણ, ઊઠ દિગંબર ચાલ્યા પ્રાણ !
સૂણી અર્જુન[૧] કેરો સાદ, રીઝ્યો પૂર્વે તું સાક્ષાત્.
દીધી ઋદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર.
કીધો આજે કેમ વિલંબ તુજ વિણ મુજને ના આલંબ[૨] ! ૧૦.

વિષ્ણુશર્મ દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ.
જંભ દૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ.
વિસ્તારી માયા; દિતિસુત[૩] ઇંદ્રકરે હણાવ્યો તૂર્ત.
એવી લીલા કંઇ કંઇ શર્વ[૪] કીધી વર્ણવે કો તે સર્વ? ૧૪.

દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ;
બોધ્યા યદુ ને પરશુરામ સાધ્યદેવ પ્રહ્લાદ અકામ.
એવી તારી કૃપા અગાધ ! કેમ સૂણે ના મારો સાદ?
દોડ, અંત ના દેખ, અનંત ! મા કર અધવચ શિશુનો અંત ! ૧૮.

જોઇ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ થયો પુત્ર તું નિઃસંદેહ.
સ્મર્તૃગામી કલિતાર કૃપાળ ! તાર્યો ધોબી છેક ગમાર.
પેટપીડથી તાર્યો વિપ્ર, બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર.[૫]
કરે કેમ ના મારી વ્હાર, જો આણીગમ એક જ વાર !!
શુષ્ક કાષ્ઠને આણ્યા પત્ર ! થયો કેમ ઉદાસીન અત્ર?
જર્જર[૬] વંધ્યા કેરા સ્વપ્ન કર્યા સફળ તેં સુતના કૃત્સ્ન[૭].
કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ;
વંધ્યા ભેંસ દૂઝવી દેવ, હર્યું દારિદ્રય તેં તતખેવ. ૨૬.

૧. સહસ્રાર્જુન ૨. આશરો ૩. દૈત્ય ૪. શિવ સ્વરૂપ.
૫. ઝટ ૬. અતિવૃદ્ધ ૭. બધાં.

ઝાલર ખાઇ રીઝ્યો એમ, દીધો સુવર્ણઘટ સપ્રેમ,
બ્રાહ્મણ સ્ત્રીનો મૃત ભરથાર કીધો સજીવન તેં નિર્ધાર !
પિશાચ-પીડા કીધી દૂર વિપ્રપુત્ર ઊઠાડ્યો શૂર.
હરી વિપ્રમદ અંત્યજ હાથ, રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત ! ૩૦.

નિમેષમાત્રે તંતુક એક, પહોંચાડ્યો શ્રીશૈલે દેખ !
એકી સાથે આઠ સ્વરૂપ, ધરી દેવ બહુરૂપ અરૂપ;
સંતોષ્યા નિજ ભક્ત સુજાત, આપી પરચાઓ સાક્ષાત્.
યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ. ૩૪.

રામકૃષ્ણરૂપે તેં એમ; કીધી લીલાઓ કંઇ તેમ;
તાર્યાં પથ્થર ગણિકા વ્યાધ ! પશુપંખી પણ તુજને સાધ[૮] !!
અધમ ઓધારણ તારું નામ, ગાતાં સરે ન શાં શાં કામ?
આધિવ્યાધિ ઉપાધિ સર્વ ટળે સ્મરણમાત્રથી શર્વ[૯] ! ૩૮.

મૂઠચોટ ના લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ.
ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર;
નાસે મૂઠી દઇને તૂર્ત, દત્તધૂન સાંભળતાં મૂર્ત.
કરી ધૂપ ગાએ જે એમ, દત્તબાવની આ સપ્રેમ;
સુધરે તેના બંને લોક, રહે ન તેને ક્યાંયે શોક !
દાસી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્રય તેનાં જાય ! ૪૪.

બાવન ગુરુવારે નિત નેમ, કરે પાઠ બાવન સપ્રેમ;
યથાવકાશે નિત્ય નિયમ, તેને કદી ન દંડે યમ.
અનેક રૂપે એજ અભંગ, ભજતાં નડે ન માયા-રંગ.
સહસ્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક !! ૪૮.

વંદું તુજને વારંવાર, વેદ શ્વાસ તારા નિર્ધાર !
થાકે વર્ણવતાં જ્યાં શેષ કોણ રાંક હું બહુ કૃતવેષ?
અનુભવતૃપ્તિનો ઉદ્ગાર[૧૦] સૂણી હસે તે ખાશે માર !
તપસિ[૧૧] તત્ત્વમસિ એ દેવ બોલો જય જય શ્રીગુરુદેવ !૫૨.

૮. સાધુવૃત્તિવાળાં,સારાં ૯. શિવ. ૧૦. (1) ઓડકાર (2) વેણ
૧૧. અમૃતલાલ મોદી- મોદીકાકા.

## આરતી
## પૂ.શ્રીવાસુદેવાનંદસરસ્વતી સ્વામી મહારાજની

દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા;
આરતી કરું છું પ્રેમે પ્રભુજી, વાસુદેવ ગુરુવરા ! ધ્રુ.

પંચધાત[૧] દીવી અતિ સુંદર, ભક્તિઘૃતે[૨] ભરપૂર !
પંચપ્રાણ પ્રગટાવી અંદર, સોહં જ્યોતિ નૂર ! દિગંબરા.

સત્યચંદને કીધી પૂજા, સંયમઅક્ષત સાર;
મનફૂલડાં અરપી રઢિયાળાં નિ:સ્વન[૩] જયજયકાર ! દિગંબરા.

સંકલ્પવિકલ્પ બજાવી તાળી, અનહદ ઘંટાનાદ;
કામક્રોધ ભૂતો સહુ ભાગ્યાં, પ્રગટ થતાં શ્રુતિતાત ! દિગંબરા.

આપ ફેરવે આપ વિલોકે, ટળ્યો અહંઅંધકાર;
કાળોધોળો નાશ થતાં ત્યાં, વરત્યો એકાકાર ! દિગંબરા.

રંગરાગ સહુ શમિયાં પળમાં, મચ્યો અલૌકિક રંગ;
રંગ રહ્યો ના ધન્ય ગુરુવરા, ભલો તજાવ્યો સંગ !! દિગંબરા.

---

૧. પંચ ધાતુની (પંચભૂતોની) ૨. ભક્તિના ઘીથી
૩. શબ્દ વિનાનો, શાંત.

## આરતી
## પૂ.શ્રીરંગ અવધૂત ગુરુમહારાજની

જય દેવ જય દેવ !
જય પાંડુરંગ સ્વામી, ગુરુ રંગ અવધૂત સ્વામી (૨)
સહુના અંતરયામી, પૂરણ નિષ્કામી ...જય દેવ....૧

આરતી પ્રેમે ઉતારું, આણી ઉમંગ (૨);
દર્શનથી દુ:ખ ટાળો, બાળો ભવસંગ ...જય દેવ....૨

સગુણ સ્વરૂપે દેવ, ભકતની ભીડ ભાંગો (૨);
દુ:ખી હૃદયને જાણી, દયા દિલે આણો...જય દેવ....૩

પરમ કૃપાળુ ગુરુદેવ, સૌને સુખકર્તા (૨);
અંતરના આનંદથી વિમુખ નવ રહેતા...જય દેવ....૪

લેતાં આપનું નામ, સંકટ સહુ જાયે (૨);
જન્મમરણની ભીતિ, દેખતાં દૂર થાયે ...જય દેવ....૫

અખંડ બ્રહ્મસ્વરૂપ, બ્રહ્મચારી પોતે (૨);
પ્રથમ આશ્રમ પાળી રહ્યા, શુકદેવને જોટે ...જય દેવ....૬

કલિયુગમાં ગુરુદેવ, કષ્ટ સહન કરતા (૨);
દ્વૈતનિકંદન કાઢી, અદ્વૈતે રમતા ...જય દેવ....૭

ત્રિવિધ તાપના તાપ, તેનો ભય ટાળો (૨);
જ્ઞાનામૃત છાંટીને, શુદ્ધિમાં લાવો ...જય દેવ....૮

'શિષ્યા'[૧] કહે ગુરુદેવ ષડ્રિપુ સંહારો (૨);
સંશય સઘળા કાપી, સદ્બુદ્ધિ આપો ...જય દેવ....૯

રંગ અવધતૂની આરતી, જે કોઇ ગાશે, ગુરુ જે ભાવે ગાશે;
કૃપા દત્તપ્રભુની, કૃપા શ્રીરંગ અવધૂતની તેના પર થાશે...જયદેવ...૧૦

---

૧. પૂ. મૂળી ફોઇ.

# શ્રીગુરુલીલામૃતની આરતી

જય ગુરુલીલામૃત, ગુરુ જય ગુરુલીલામૃત !
ગુરુઆજ્ઞા શિરધરીને, દીધું જ્ઞાનામૃત ! ધ્રુવ.

પ્રથમે મંગલ કરીને, ગુરુએ ગ્રંથ લખ્યો; (૨)
અલખનિરંજન મળિયા, જ્ઞાનનો કાંડ કીધો...જય. ૧

દત્તપ્રભુની લીલા, વર્ણવી વિસ્તારી; (૨)
દત્ત દિગંબર અવધૂત ! સમજ દીધી સારી...જય. ૨

અર્જુન, આયુ, અલર્ક, વિષ્ણુ યદુરાયા; (૨)
ક્રમ મુક્તિ આપીને ભકતજનો તાર્યા !... જય. ૩

ચોવીસ ગુરુનું જ્ઞાન, અંતે સરસ દીધું; (૨)
દૈવી ભાવે સારું, સઘળું સર્વ લીધું !...જય. ૪

બીજો કર્મનો કાંડ, ન્યારી વાત કહી; (૨)
શ્રીપાદ ને નરસિંહની, લીલા ગ્રથિત કરી !...જય. ૫

શિવ-ગુરુભક્તિ-ગીત, ભસ્મરુદ્રાક્ષતણાં; (૨)
ગાયા પરચા પૂરા, શ્રીગુરુચરિતતણા !...જય. ૬

ત્રીજો ઉપાસનાકાંડ, વાતો નિજ ગુરુની; (૨)
ઝીણી ઝીણી વીણી, ભવને તરવાની !...જય. ૭
વાસુદેવકથા જે ચોગાનંદે કહી; (૨)
અર્પી ગુરુને ભાવે, ગુરુનો રંગ ગ્રહી !...જય. ૮

ગ્રંથ નર્યો સાદ્યંત, બ્રહ્મરસે ભરિયો; (૨)
વગાડી ગુરુનો ડંકો, રંગ નિર્ગ્રંથ ભર્યો !...જય. ૯

ગુરુલીલામૃત-પાન ભકતની ભીડ ભાંગે; (૨)
અંતે મુક્તિ આપી, હરિચરણે થાયે !...જય. ૧૦

ડૉ. હરિપ્રસાદ જોષી કૃત.

# પ.પૂ.સ્વામી મહારાજની જીવનતવારીખ

| | |
|---|---|
| નામ | : વાસુદેવ ગણેશ ટેંબે (અત્રિ ગોત્ર) |
| પિતા | : ગણેશ હરિભટ્ટ ટેંબે |
| માતા | : રમાબાઇ |
| પત્ની | : અન્નપૂર્ણાબાઇ |
| શ્વસૂર | : બાબાજીપંત ગોંડે |
| ભાઇઓ | : સીતારામ તથા હરિભટ્ટ |
| જન્મ | : રવિવાર, શ્રાવણ વદ પાંચમ તા. ૧૩-૮-૧૮૫૪, બપોરે ૪-૪૫ કલાકે. (સૂર્યોદય પછી ૨૬ ઘડી એટલે કે ૧૦ કલાક અને ૨૪ મિનિટ પછી) શક- ૧૭૭૬, સંવત : ૧૯૧૦ |
| જન્મ સ્થળ | : માણગાંવ (સાવંતવાડી) (મહારાષ્ટ્ર) |
| ઉપનયન સંસ્કાર | : માણગાંવ, ઇ.સ. ૧૮૬૨ |
| લગ્ન | : ઇ.સ. ૧૮૭૫ |
| દત્તમંદિર નિર્માણ | : માણગાંવ, ઇ.સ.૧૮૮૩, સંવત- ૧૯૩૯, વૈશાખ સુદ પાંચમ |
| માણગાંવથી પ્રયાણ | : ઇ.સ. ૧૮૮૯, સંવત-૧૯૪૫ |
| સંન્યસ્ત | : ઇ.સ. ૧૮૯૧, સંવત- ૧૯૪૭ ગંગાખેડમાં |
| દંડગ્રહણ | : ઇ.સ. ૧૮૯૧ સંવત- ૧૯૪૭ ઉજ્જૈનમાં નારાયણ સ્વામી દ્વારા વાસુદેવાનંદ સરસ્વતી નામાભિધાન |
| મહાનિર્વાણ | : અષાઢ સુદ ૧, સંવત- ૧૯૭૦ મંગળવાર, તા. ૨૪-૬-૧૯૧૪, ગરુડેશ્વર |

# પ.પૂ.શ્રીરંગ અવધૂત ગુરુમહારાજની જીવનતવારીખ

નામ : પાંડુરંગ વિઠ્ઠલ વળામે

માતા : રુકિમણી

લઘુબન્ધુ : નારાયણ

જન્મ : સંવત ૧૯૫૫, કારતક સુદ નોમ, સોમવાર, તા.૨૧-૧૧-૧૮૯૮, ગોધરા મુકામે

| સંવત | (ઇ.સ.) | વિગત |
|---|---|---|
| ૧૯૫૭ | (૧૯૦૧) | પિતાશ્રી દ્વારા રામમંત્ર મળ્યો. |
| ૧૯૬૦ | (૧૯૦૪) | પિતાશ્રીનો સ્વર્ગવાસ. |
| ૧૯૬૧ | (૧૯૦૫) | પોથી (શ્રીગુરુચરિત્ર) વાંચનો આદેશ. |
| ૧૯૬૩ | (૧૯૦૭) | પ.પૂ.વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજનાં પ્રથમ દર્શન. |
| ૧૯૭૮ | (૧૯૨૨) | આજન્મ અવિવાહીત રહેવાનો નિર્ણય. |
| ૧૯૮૦ | (૧૯૨૪) | ભરુચ મુકામે “શ્રીદત્તપુરાણ” ગ્રંથની પ્રાપ્તિ. |
| ૧૯૮૨ | (૧૯૨૫) | નારેશ્વરમાં પ્રથમ આસન મૂક્યું “શ્રીદત્તપુરાણના” ૧૦૮ પરાયણની શરૂઆત કરી. |
| ૧૯૮૩ | (૧૯૨૭) | પૂ.શ્રીગાંડા મહારાજ સાથે મિલન : વાંકડી ગામમાં. |
| ૧૯૮૩ | (૧૯૨૭) | નર્મદાપરિક્રમા |
| ૧૯૮૮ | (૧૯૩૨) | શ્રીગુરુલીલામૃતગ્રંથની રચના (નારેશ્વર) |
| ૧૯૯૧ | (૧૯૩૫) | દત્તબાવનીની રચના (સઇજ - કલોલ) |
| ૧૯૯૭ | (૧૯૪૦) | રંગજયંતીની જાહેરમાં પ્રથમ ઉજવણી, મુ.દિવેર. |
| ૨૦૧૪ | (૧૯૫૭) | સાઠમી રંગજયંતી, નારેશ્વર. |
| ૨૦૨૧ | (૧૯૬૪) | પ્રથમ સર્જીકલ કેમ્પ, નારેશ્વર. |
| ૨૦૨૨ | (૧૯૬૬) | રાયફલ કેમ્પ, નારેશ્વર. |
| ૨૦૨૩ | (૧૯૬૭) | ભાગવત વિદ્યાપીઠ, સોલાનું ખાતમુહૂર્ત. |
| ૨૦૨૩ | (૧૯૬૭) | પૂ.રુકમામ્બાનો દેહવિલય, નારેશ્વર. |
| ૨૦૨૩ | (૧૯૬૭) | પરદેશગમન (આફ્રિકા) |
| ૨૦૨૪ | (૧૯૬૭) | આફ્રિકામાં ૭૦મી રંગજયંતી. |
| ૨૦૨૫ | (૧૯૬૮) | ૭૧મી રંગજયંતી, જયપુર. |
| ૨૦૨૫ | (૧૯૬૮) | બ્રહ્મલીન, હરિદ્વાર. |
| ૨૦૨૫ | (૧૯૬૮) | અંત્યેષ્ટિ સંસ્કાર, નારેશ્વર. |

## એવો દિ દેખાડ

એવો દિ દેખાડ, વ્હાલા ! એવો દિ દેખાડ !!

દેખું તારું રૂપ બધે, એવો દિ દેખાડ !! -(ટેક.)
ભૂલાવી હું-મારું હું ને તારામાં ડૂબાડ;
વ્હાલા, તારામાં ડૂબાડ !
તું-તારામાં ભેદ ન દેખું, એવો દિ દેખાડ !! એવો. ૧

જુગજૂના બંધ નેનાં, કાંઇ તો સૂઝાડ;
વ્હાલા, કાંઇ તો સૂઝાડ !
અંદર બ્હારી તુંને દેખું, એવો દિ દેખાડ !! એવો. ૨

આપ્યું તેં તારાંને આપી, રાચું મન મોઝાર;
વ્હાલા, રાચું મન મોઝાર !
શેષે પૂર્ણતા પિછાનું, એવો દિ દેખાડ !! એવો. ૩

ધાર્યું તે થાવાનું મારી વ્યર્થ કાં પછાડ?
વ્હાલા, વ્યર્થ કાં પછાડ?
તારે શરણે થાઉં નચિંત, એવો દિ દેખાડ !! એવો. ૪

રૂપરૂપે તું અરૂપી રંગ એ નિર્ધાર;
વ્હાલા રંગ એ નિર્ધાર !
ગોત્યું જડે ન હું ક્યાંયે, એવો દિ દેખાડ !! એવો. ૫

-રંગ અવધૂત

## મારું નારેશ્વર છે રૂડું

(રાહ : મારું વનરાવન છે રૂડું)

મારું નારેશ્વર છે રૂડું, નંદનવન નહીં રે આવું,
હે...એનું આકર્ષણ કંઇ જુદું, હો અનસૂયાના લાલ !
નંદનવન નહીં રે આવું.

સ્વર્ગમહીં કલ્પવૃક્ષ કેરો નહીં તોટો,
હે...મારો ઝૂકેલો લીમડો શું ખોટો? હો અનસૂયાના.

સ્વર્ગમહીં અમૃતના કુંડ હોય એવાં,
હે...અહિંયાં તો અમૃતની રેવા, હો અનસૂયાના.

સ્વર્ગ મહીં દેવ તણાં દર્શન છે ક્ષણમાં,
હે...રંગ મારો અહીં કણકણમાં, હો અનસૂયાના.

પાપીગણુને તમે શીદને બોલાવો?
હે...તમે જાતે જ અહીં દોડી આવો, હો અનસૂયાના.

## અભંગ ગાન

દેહ તે ડાકોર આત્મા શ્રીરણછોડ |
ધર્મે મતિ સ્થિર, ગોમતી એ || ૐ ||

બોડાણો અનલ્પ, મન નિ:સંકલ્પ |
સમાધિ સકલ્પ, ગંગાબાઇ || શ્રીં ||

સત્કર્મને કુંડે, તુલસીમાંજર |
જ્ઞાનનિષ્ઠાંકુર, ભક્તિપુષ્ટ || હ્રીં ||

સ્વર્ણવાળી દાન, સર્વસમર્પણ |
અન્ય વિસ્મરણ નિશદિન || ક્લીં ||

શ્વાસે શ્વાસે સ્વાત્મ-સ્મરણ નિષ્કામ |
સેવા હરિનામ, સંતસંગ || ગ્લૌં ||

દ્વારકા પરોક્ષ, ડાકોર પ્રત્યક્ષ |
શરત્પૂર્ણપક્ષ, રંગ દિવ્ય || દ્રાં ||

**શ્રી રણછોડરાયકી જય**

-રંગ અવધૂત

## ચંદન નારેશ્વરની માટી

ચંદન નારેશ્વરની માટી, રેવા જળ અમૃત છે,
હર બાળા જ્યાં રુકમા અમ્બા, હર બાળક અવધૂત છે... ટેક

મેકલજાતા મનસિવિભાતા મા મનહર મંગલકારી,
દર્શન માત્રે સકલ જન્મના પાપો રેવા હરનારી,
જેનો હર એક કંકર શંકર, મહિમા પણ અદ્‌ભૂત છે...હર

મેના - પોપટ, ચાતક, કોયલ દિગંબરાની ધૂન ગાએ,
કરી કલાપી કેકારવ સૌ, દત્તબાવની સંભળાવે,
ભમરાના ગુન ગુન ગુંજનમાં શ્રીગુરુલીલામૃત છે... હર

ઝૂકી પડેલા લીમડાના હર પાને પાને રંગ છે,
ધૂણી ધખાવી, દત્તને લાવી રંગે રાખ્યો રંગ છે,
ધન્ય ધરા નારેશ્વરના કણ કણમાં રુકમા સપૂત છે... હર

સવારમાં જ્યાં સૂર્યદેવ આવીને શંખ બજાવે છે,
ચાંદ તારલાં શયન આરતી ગાવા દોડી આવે છે,
વાયુદેવ જ્યાં ઘંટ વગાડે, વેણુ શ્રીઅચ્યુત રે... હર


ચારધામ ને સાત પુરી વળી જ્યોતિર્લિંગો બાર છે,
સહુ યાત્રાનું પુણ્ય જ સઘળું નારેશ્વરને દ્વાર છે,
પાપીગણુ આ અમૃત ઉત્સવ રંગ-કૃપાનો સબૂત છે... હર



કુલીન ગણુ પર અંતરથી આશિષ વરસાવે પ્રેમ,
ગદ્યાંતરનું કાર્ય થયું તે રંગ-પ્રેમની રહેમ.

•

આ દિવ્યભાષા દોહરાની ના બધા સમજી શકે,
સત્વર રૂપાંતર ગદ્યમાં એનું કરી નાંખો તમે.
આજ્ઞા કરીને જે કરે કૃપા અમીના છાંટણા,
એ સદ્‌ગુરુ શ્રી પ્રેમના પાદાબ્જે હો મમ વંદના



# શ્રી દત્તાત્રેય ના ચોવીસ ગુરુ



## હમણાં હમણાં રંગ

હમણાં હમણાં રંગ ! તમે આવો છો ઝાઝા શમણામાં,
શમણું ક્યારે સાચું પડશે? એજ હવે રટણા મનમાં...ટેક

તોરણ બાંધ્યા, પૂર્યા સાથિયાં, ફૂલડાં વેર્યા પગથારે,
લઈ લાકડી, પહેરી પાવડી, અવધૂતજી આવ્યા દ્વારે,
ઘરમાં આનંદ મંગળ કેરા છંટાયા અમી છાંટણા...શમણું

ચરણ પખાળું, પૂજું પાદુકા, જ્યાં ઉતારું આરતી,
અશ્રુધારા લાગે વહેવા, નમન કરું જ્યાં ભાવથી,
વરદ હસ્ત પધરાવ્યો માથે, ભાગી ગઈ સઘળી ભ્રમણા...શમણું

તમને જોતાં જોતાં ગાઉં ધૂન તમારી ગુરુવરા,
'દિગંબરા, દિગંબરા, શ્રીરંગ અવધૂત દિગંબરા',
થાય ગર્જના ધૂનની ઘરમાં, જાય સઘળી વિટંબણા...શમણું

શમણું ક્યારે સાચું પડશે? એ જ તમન્ના જાગી છે,
શમણું વહેલું સાચું પાડો, એ જ ભાવના જાગી છે,
દેવ દયાળુ ! આ જ સ્વીકારો **પાપીગણુ**ના મનામણા...શમણું

## જાગો જાગો હે રણછોડ રાયા

જાગો જાગો હે રણછોડ રાયા !
રંગ ભક્તો સૌ મંદિરિયે આવ્યા...ટેક.
તારા પ્રેમની લગાડી તેં માયા...રંગ.

તમે ડાકોરના ઠાકોર ગણાઓ,
તમે રાજા મહારાજા મનાઓ,
જાગો જાગો જશોદાના જાયા...રંગ.
(ધૂન : ગોવિંદ જય જય ગોપાલ જય જય)

તમે દ્વારિકાથી ડાકોર આવ્યા,
તમે રણછોડરાય કહેવાયા,
તમે સવા વાલ વાળીથી તોલાયા...રંગ.
(ધૂન : ડાકોરમાં કોણ છે રાજા રણછોડ છે)

સૂણો **પાપીગણુ**ના કાલાવાલા,
જાગો જાગો હો નંદજીના લાલા,
પ્રભુ જાગ્યા ને ભક્તો હરખાયા...રંગ.
(શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારે)

## હાં હાં રે મને લાગ્યો અવધૂતજીનો રંગ

(રાહ : હાં હાં રે મને લાગ્યો કસુંબીનો રંગ)

હાં હાં રે મને લાગ્યો અવધૂતજીનો રંગ... ટેક.

હે... રેવાના નીરમાં ને લીમડાની ડાળમાં,
જોયો અવધૂતજીનો રંગ,
જાણે અજાણે મને લાગ્યો છે ક્યારથી,
જોયો અવધૂતજીનો રંગ...હાં હાં રે.

હે... આંખના અંબારથી આંજી દીધો મને,
સાચો અવધૂતજીનો રંગ,
જીવન તરંગની પૂરી રંગોળી,
એમાં ખીલ્યો અવધૂતજીનો રંગ...હાં હાં રે.

હે... આબાલ વૃદ્ધ એની પાદુકાને પૂજતા,
પામ્યા અવધૂતજીનો રંગ,
અંતરના ભાવથી ને શુદ્ધ સ્વભાવથી,
જોતા અવધૂતજીનો રંગ...હાં હાં રે.

હે... માતૃ સેવામાં દીઠા દત્ત અવધૂતને,
કહેવાયો અવધૂતનો રંગ,
રુકમાના, રેવાના, ગંગાના ખોળામાં,
ખીલ્યો અવધૂતજીનો રંગ...હાં હાં રે.

હે... સામે બેસીને એની મૂર્તિ નિહાળું ત્યારે,
જોઉં છું અવધૂતજીનો રંગ,
મનડાનો મોર મારો નાચી ઉઠે ત્યારે,
ગાઉં છું અવધૂતજીનો રંગ...હાં હાં રે.

હે... આખરીનો ફેંસલો સોપ્યો એના હાથમાં,
સાથમાં અવધૂતજીનો રંગ,
**પાપીગણુ** તો રંગ રાગમાં ફરતો ફરે,
ઝીલ્યો અવધૂતજીનો રંગ...હાં હાં રે.

## છોડી સોનાની દ્વારિકા કેમ?

છોડી સોનાની દ્વારિક કેમ ડાકોર તું દોડી આવ્યો?
રંગીલા રાજા ડાકોર કેમ દોડી આવ્યો?

દુઃખ એવું શું દ્વારિકામાં તૂટી પડ્યું રે તારે માથે,
ગાડું ચલાવ્યું જાતે ને વળી રાત લીધી આખી માથે...રંગીલા.

ગોમતીના જળમાં જદુનાથ તું તે દિ' શીદ સંતાયો?
ધરણીને તું તો ધ્રૂજાવનારો, ગૂગળીથી ગભરાયો...રંગીલા.

ભલ ભલાના પાણી ઉતારનાર હે વાંકા વનમાળી,
જાહેરમાં કેમ હલકો દેખાણો? ભારે બની ગઇ વાળી...રંગીલા.

હસીને ગાલમાં બોલ્યા ગિરિધારીલાલ સત્યવચન એક ભાખું,
ભક્તને રાજી રાખવા હું નહિ કરવાનું કરી નાંખું...રંગીલા.

**પાપીગણુ** કે' ભક્તોને કાજે વ્હાલો વેશ ધરે વનમાળી,
નારી બને, એ તો સાડી બને, અરે ઉચકે એઠી પતરાળી...રંગીલા.

❁

## આશા તણા મુજ તાંતણા

આશા તણા મુજ તાંતણા જો જો પ્રભુ! તૂટે નહિ,
તારી અને મારી પ્રીતિનાં બંધનો છૂટે નહિ;
માગું પ્રભુ હું એટલું દિન-રાત તુજને હું સ્મરું,
બસ, તું મને જોયા કરે ને હું તને જોયા કરું.

સ્હેવાય ના, કે'વાય ના, વળી વાત જાહેર થાય ના,
હૈયા તણા આ ઉમળકાનો કોયડો ઉકેલાય ના;
તુજ કાજ છોડું સર્વને તુજ કાજ છેવટમાં મરું,
બસ, તું મને જોયા કરે ને હું તને જોયા કરું.

હું-તું નથી જુદા છતાં, જુદાઇ છે માયા તણી,
સંસારની ભુલભુલવણી છે ભુલવણી કાયા તણી;
પણ ગુરુ-કૃપા મુજ પર થતાં જંજાળથી ઝટ નીસરું,
બસ, તું મને જોયા કરે ને હું તને જોયા કરું.

**પાપીગણુ** પાપી રહ્યો ને, પતિતપાવન તું રહ્યો,
સોંપ્યું જીવન તુજ હાથમાં હું બેફીકર ફરતો રહ્યો;
વીસરે નહિ તુજ નામ રસના સ્મરણ તુજ નવ વીસરું,
બસ, તું મને જોયા કરે ને હું તને જોયા કરું.

❁

## આ લીંચ તે ડાકોર

આ લીંચ તે ડાકોર, રંગરાજા શ્રી રણછોડ.
ભક્ત ભાવના દેખી દોડ્યો, વિઠ્ઠલ-નંદ કિશોર...આ લીંચ.

સેવાના સુંવાળા બંધન, સ્વીકારે છે રુકમાનંદન,
લીંચ જાણ '**મિનિ નારેશ્વર**' એ રંગાના બોલ...આ લીંચ.

દ્વારિકાથી પ્રભુ પધાર્યા, બચુભાઇને કહેવા લાગ્યાં,
'બોડાણા સમ મંતર મારો, સુવું તાણીને સોડ'...આ લીંચ.

ભક્ત(૧) પૂછે 'પ્રભુ હશો ન જ્યારે, શાંતિ કાજ જવું ક્યાં અમારે?'
લીંચ જજો ત્યાં શાંતિ મળશે એ રંગાનો કોલ...આ લીંચ.

હરિદ્વારમાં **રતિભાઇને**(૨), રંગ પૂછે શું આપું એને?
ભલું કરે ભગવાન જ એનું દે આશિષ અમોલ...આ લીંચ.
રંગ ગોકુળિયું ગામ લીંચ તો, રંગ ગુરુ જ્યાં પ્રાણ સિંચતો,
**રંગપ્રેમ** તો **કુલીનગણુ**ની કાળજડાની કોર...આ લીંચ.

---

૧. ડૉ. ભોંસલે ૨. ડૉ. રતિભાઇ પંડ્યા.

❁

❖

## વંદન

માલાકમંડલુરધ: કરપદ્મયુગ્મે
મધ્યસ્થપાણિયુગલે ડમરુત્રિશૂલે |
યસ્ય સ્ત ઉર્ધ્વકરયો: શુભશંખચક્રે
વંદે તમત્રિવરદં ભુજષટ્ક યુક્તમ્ || ૧ ||
કાષાયવાસસમજં કમલાક્ષમેકં
માલાકમંડલુધરં રમણીયલીલમ્ |
ગોશ્વાનક્રીડનપરં નિગમાન્તકેલિં
દેવત્રયાત્મકમહં સતતં નતોડસ્મિ || ૨ ||
ઔદુંબર: કલ્પવૃક્ષ: સંગમ: કામદાયક: |
ચિંતામણિર્ગુરો: પાદૌ દુર્લભં ભુવનત્રયે || ૩ ||

કૃતે જનાર્દનો દેવસ્ત્રેતાયાં રઘુનંદન:
દ્વાપરે રામકૃષ્ણૌ ચ કલૌ શ્રીપાદવલ્લભ: || ૪ ||

જે જે સ્થળે આ મન જાય મારું
તે તે સ્થળે સદ્ગુરુરૂપ તારું
જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે !
ત્યાં ત્યાં પદ દ્વંદ્વ તારા જ સોહે. || ૫ ||

### અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત |

શ્રીમદ્ પરમ સદ્ગુરુ શ્રીવાસુદેવાનંદ સરસ્વતી
સ્વામી મહારાજકી જય |
ભગવતી રૂક્મામ્બા માતકી જય |

શ્રીમદ્ સદ્ગુરુ શ્રીરંગ અવધૂત ગુરુ મહારાજકી જય |

**ગુરુદેવ દત્ત ! ગુરુદેવ દત્ત ! ગુરુદેવ દત્ત !**

### નર્મદે હર.

## રેવાગીતમ્

ગાયતિ રેવા રવ મધુરમ્ | (૨)
હર હર ૐ ૐ, હર હર ૐ ૐ
હર હર ૐ ૐ, હર હર ૐ |
સાયં પ્રાત: પ્રાત: સાયં
હર હર ૐ ૐ સતતમિતિ ||


મેકલજાતા મનસિ વિભાતા
રૌતિ કલમ્ કિમપીહ ચિરમ્ |
ત્વમહમહંત્વં ત્વમહમહંત્વં
ત્વમહમહંત્વં ત્વમહમિતિ || ગાયતિ.

તડિદુજ્જવલ-જલમુખત: સ્તૌતિ
નીરંગં નાના રંગમ્ |
બ્રહ્માહં ત્વં બ્રહ્મૈવેદં
જલશીકરવદભિન્નમિતિ || ગાયતિ.

### નર્મદા માતકી જય

# અગત્યની નોંધ





## ભજન

### શ્રીગુરુલીલામૃતસાર

(રાહ : અપની વાણીમેં અમૃત ઘોળ, રસના રાધે રાધે બોલ)

કર ગુરુલીલામૃત પાન, મનવા ! એમાં છે કલ્યાણ.
કર ગુરુલીલામૃત ગાન, મનવા ! એમાં છે કલ્યાણ

જ્ઞાનકાંડ તને શું સમજાવે ? બ્રહ્મસત્ય મિથ્યા જગ કહાવે,
દેહાધ્યાસ ત્યજીને જીવવું રાખી આતમજ્ઞાન...મનવા !

કર્મ કદી નથી બંધનકારી, કર્મવાસના છે દુઃખકારી,
ત્યાગ કર્મના ફળનો કરીને કરજે કર્મ મહાન...મનવા !

શ્રદ્ધા ગુરુમાં અનન્ય રાખી, ઉપાસનાનું લે ફળ ચાખી,
દૂર થશે વિક્ષેપ, કરી લે અક્ષય શાંતિ સ્નાન...મનવા !

ઘટ અમૃતના મૂક્યા રંગે, તું પી લે બેસી સત્સંગે,
પાપીગણુ તો પાતો પીતો ફરતો ફરે મસ્તાન...મનવા !

### ગ્રંથ ન્યારો

શ્રીગુરુલીલામૃત ગ્રંથ ન્યારો ન્યારો,
રચનારો અવધૂત રંગ ન્યારો ન્યારો...

જય ગણેશ ને વંદી શરદા
યૌગીશ્વર ગુરુસંતને સ્મરતાં,
રુકમા વિઠ્ઠલનો રંગ, ન્યારો ન્યારો...

દત્ત દયાળના સ્વપ્ને દર્શન
કરે ગિરનારે વિપ્ર નિરંજન,
વાગ્યો અગમ્ય ઘંટ, ન્યારો ન્યારો....

તું જ એક મુજ સ્વામી માનું,
જગમાં ગાવું તારું ગાણું,
પાપીગણુ'નો પ્રતિપાળ ન્યારો ન્યારો...

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય
અમદાવાદ

## (રંગપત્રમંજૂષામાંથી)

દત્ત કુટીર - નારેશ્વર

**ભાઈ અંબાલાલ,** તા. ૧૯-૫-૨૮

xxxxxxxxxxxxxxxx ચાતુર્માસ ભરુચમાં કરવાનું નક્કી થયું છે. સ્વામી શ્રીવાસુદેવાનંદ સરસ્વતીનું ચરિત્ર છપાવવાનું કામ મારે શિર નાંખવામાં આવ્યું છે. એટલે છ એક મહિના ભરુચ જ રહેવાનું થશે એમ લાગે છે. મને ધીરે ધીરે એવો નિશ્ચય થતો જાય છે કે મારે અનિકેત રહેવું એ જ સારું છે.

**પાંડુરંગના પ્રણામ**

◆

**ભાઈ મોદી,**

મુકામ ભાગાકોટને ઓવારે સામી ધર્મશાળાને મેડે છે. ભિક્ષા માટે કલ્યાણજીભાઈને ત્યાં એક વાર ગામમાં જાઉં છું. બાકી સ્નાનના કારણ વગર ભાગ્યે જ નીચે ઉતરતો હોઈશ.

શરીર સારું છે. છાપવાનું કામ શરૂ થયું છે. પ્રેસવાળો ભાવિક છે. એણે તદ્દ્ન નવા Types મંગાવ્યા છે ને બે ખાસ Compositors વડોદરાથી બોલાવી રોક્યા છે.

**પાંડુરંગ**

◆

**પ્યારે વ્યાસ,** ભરુચ, તા. ૧૬-૬-૨૮

xxxxxxxxxxxxx ગઈ કાલનો અહીં આવ્યો છું. મુકામ નર્મદા કિનારે ભાગાકોટને ઓવારે સામી ધર્મશાળાના મેડા ઉપર છે. ભિક્ષા માટે હંમેશાં કલ્યાણજીભાઈને ત્યાં જવાનું ઠેરવ્યું છે. ગુરુમૂર્તિચરિત્ર છપાવવાનું કામ શરૂ થઈ ગયું છે. ગાંડા મહારાજે પ્રુફ વાંચવા માટે મોકલેલા એક બ્રહ્મચારી તરીકે હું અહીંયા ઓળખાઉં છું ને એવી રીતે જ રહેવા માગું છું. xxxxxxxxxxxxx

લિ. સ્નેહાધીન

**પાંડુરંગના પ્રણામ**

◆

ભરુચ, તા. ૧૫-૮-૨૮

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી સોની વગેરે, xxxxxxxx તદ્દ્ન આનંદમાં છું. શરીર ઘણું જ સારું છે. (શ્રીગુરુમૂર્તિચરિત્ર) ગ્રંથના લગભગ ૫૦૦૦ શ્લોકો છપાઈ ગયા છે. હજી બેએક મહિના કામ ચાલશે. જાણે કાલે જ આવ્યો હોઉં તેમ વખત કેમ જાય છે તેની ખબરયે નથી પડતી. xxxxxxxxxxxxx અહીં સ્વતંત્ર ભાડાની ઓરડી મળી છે એટલે તદ્દ્ન ઉપાધિ વગર રહી શક્યો છું. સંભારે તે સર્વને હર નર્મદે કહેશો.

લિ. મહારાજની આશિષ

◆

ગામ રણાપુર મધ્યે સોની હરગોવનજી કાનજી વગેરે,

તમારો એક કાગળ મળેલો. આનંદમાં છું. (શ્રી ગુ.મૂ.ચ.) ગ્રંથમાં ૧૦૭ અધ્યાય છપાઈ ગયા છે. હજી ૨૮ બાકી છે. બધું પૂરું થતા હજી દોઢેક મહિનો થશે. ત્યાર પછી એ તરફ આવવાનું થાય. હાલ એ જ સંભારે તે સર્વેને ખબર પૂછશો.

**લિ. મહારાજની આશિષ**

◆

મા.શુ.૫. સોમવાર

ગામ લીલોડ મધ્યે ખુશાલભાઈ વગેરે, ભરુચ, તા. ૧૭-૧૨-૧૯૨૮

ભરુચથી લિ. મહારાજના હર નર્મદે વાંચશો. બાદ આનંદમાં છું. (શ્રી ગુ.મૂ.ચ.) ગ્રન્થનું કામકાજ કાલ રોજ પૂરું થશે. ત્યાર બાદ પૂનમ અહીંયા જ કરી પડવાએ કે બીજે એ તરફ આવવા નીકળું છું. xxxxxxxx

**લિ. મહારાજની આશિષ**

◆

ભરુચ મા.શુ.૮ ગુરુવાર,

ગામ રણાપુર મધ્યે સોની હરગોવન કાનજી વગેરે. તા. ૨૦-૧૨-૧૯૨૮

લખવાનું કે આનંદમાં છું. (શ્રીગુરુમૂર્તિચરિત્ર) ગ્રંથનું કામ પૂરું થયું છે. આજથી દેવ આગળ બધો ગ્રંથ વાંચી સંભળાવી દત્તજ્યંતી કરી પડવે-બીજે નારેશ્વર જવા નીકળું છું. અહીંની મંડળીનો ત્યાર પછી પણ થોડા દિવસ મને અહીં રોકવાનો વિચાર છે. છતાં બનશે ત્યાં સુધી હું ન રોકાતાં મોડામાં મોડો બીજે-સ્હાંજે ત્યાં આવી જઈશ. xxxxxxxx

**મહારાજની શુ. આ.**

◆

શ્રીગુરુમૂર્તિ ચરિત્રને આધારે ઉપાસના કાંડ તૈયાર થયો.

શ્રીગુરુમૂર્તિચરિત્રના અધ્યાય ૧૩૫. ઓંવી સંખ્યા : ૧૪૪૦૬ શ્લોકસ્તોત્રાદિ : ૪૭૭ કુલ્લે ૧૪૮૮૩.

પ.પૂ.ગાંડા મહારાજે શ્રી સ્વામી મહારાજની લીલા મરાઠીમાં ગદ્યમાં લખી હતી. તેનું એક સ્વજને મરાઠી ઓંવીમાં રૂપાંતર કર્યું હતું. આ ગ્રંથને મઠારવાનું અને છપાવવાનું કામ **પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજે** કર્યું.....